॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૮

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# સમવાય

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





## આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૮ માં છે...

૦ સંપૂર્ણ "સમવાય" અંગસૂત્ર-૪-ના

—૦— સમવાય-૧-થી

આરંભીને

૧૦૦ સમવાય

—૦— પ્રકીર્ણક સમવાય

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-3 નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૰ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૰**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૮ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૰ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૰દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૰ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૰મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૰ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૰ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંકચા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो
### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामक्कोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ७. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- ० चैत्यवन्दन पर्वमाला
- ० चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- ० चैत्यवन्दन चोविसी
- ० ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- ० શત્રુંજય ભક્તિ
- ० शत्रुञ्जय भक्ति
- ० સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- ० વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ० ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- ० શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- ० શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- ० અભિનવ જૈન પંચાંગ
- ० अभिनव जैन पञ्चाङ्ग
- ० અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- ० બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- ० શ્રી જ્ઞાનપદ પૂજા
- ० કાયમી સંપર્ક સ્થળ
- ० ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- ० જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- ० પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

નમો નમો નિમ્મલદંસણસ્સ

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૮ :-

# (૪) સમવાયાંગ સૂત્ર

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

**● ભૂમિકા :-**

આગમ સટીક અનુવાદ શ્રેણીમાં આ ચોથું આગમ છે, જે અગ્યાર અંગસૂત્રોમાં ચોથું અંગસૂત્ર છે ''સમવાય''. તે ''સમવાયાંગ'' નામે પ્રસિદ્ધ છે. પ્રાકૃતમાં 'समवाओ' નામથી છે. આ સૂત્રનું સંસ્કૃત નામ પણ આ જ પ્રમાણે છે. નાનું આગમ હોવાથી તેના કોઈ વિભાગો ન પાડતાં એક જ પુસ્તકમાં તેનો સમાવેશ કરેલ છે. જેમાં બધાં જ સમવાયો આવી જાય છે.

આ સૂત્રમાં એક જ શ્રુતસ્કંધ છે, તેમાં ૧ થી ૧૦૦ સમવાય અને પ્રકીર્ણક સમવાય એવા વિભાગો [અધ્યયનો] છે. આ સૂત્રમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ આદિ અનુયોગોની ઘણી વાતોને સંક્ષેપમાં સંખ્યાત્મક રીતે રજૂ કરી છે. જે પૂર્વે કહ્યા મુજબ ૧ થી ૧૦૦ + પ્રકીર્ણકમાં બોલસંગ્રહ રૂપે રજૂ કરાયેલ છે.

અમારી જાણ મુજબ સમવાયાંગ સૂત્રની કોઈ સ્વતંત્ર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ જોવા મળેલ નથી. શ્રી અભયદેવસૂરિજી કૃત્ વૃત્તિ હાલ ઉપલબ્ધ છે જેનો અનુવાદ અહીં કરાયેલ છે. પૂર્વેના સ્થાનાંગ સૂત્ર અને આ આગમની રજૂઆત પદ્ધતિમાં ઘણું જ સામ્ય જોવા મળે છે.

અમે આખી ''આગમશ્રેણિ'' રચેલી છે, જે બધામાં ક્રમાંકન એક સમાન જ છે. જો કોઈને આ અનુવાદની મૂળ ટીકા જોવાનું જરૂરી લાગે તો आगमसुत्ताणि-सटीकं જોઈ શકે, માત્ર મૂળ જોવા आगमसुत्ताणि मूलं જોવું. સૂત્રોના અનુવાદ માટે અમારા ગુજરાતી અને હિન્દી ભાષાનુવાદ છે જ. તે સિવાય શબ્દો અને નામોની અલગ-અલગ ડિક્ષનેરી તો જુદી - ઇત્યાદિ સાહિત્ય અમે પ્રકાશિત કર્યુ છે.

અહીં મૂલ સૂત્ર સાથે ટીકાનુવાદ લેતાં ક્યાંક કોઈક સંદર્ભો ઉમેરાયા છે, તો વ્યાકરણ, ન્યાયાદિ પ્રયોગો વગેરે કંઈક છોડેલ પણ છે - x - x -





## ❀ સમવાયાંગ સૂત્ર-ટીકાસહિત અનુવાદ ❀

-- x -- x -- x -- x -- x -- x --

**● ભૂમિકા :-**

શ્રી વર્ધમાનસ્વામીને નમીને સમવાયાંગની વૃત્તિ પ્રાયઃ અન્ય શાસ્ત્રોનો આશ્રય લઈને હું કરું છું. દુષ્ટ સંપ્રદાયથી કે ખોટા તર્ક કરવાથી અહીં મારાથી જે કંઈ ખોટું કહેવાય, તે મારા પર અનુકંપા કરીને બુદ્ધિમાનોએ શોધવું, એમ કરવાથી શાસ્ત્રસંમત અર્થની ક્ષતિ ન થાઓ.

અહીં સ્થાન નામક ત્રીજા અંગના અનુયોગ પછી આ સમવાય નામક ચોથા અંગનો અનુયોગ અનુક્રમે પ્રાપ્ત થયો છે, તેથી તેનો આરંભ કરાય છે. તેમાં ફળ આદિ દ્વારોનો વિચાર સ્થાનાંગ અનુયોગવત્ અનુક્રમથી જાણવો. વિશેષ એ – આનો સમુદાય અર્થ આ પ્રમાણે - सम - સમ્યક્ રીતે अव - અધિકપણે अय - પરિચ્છેદ અર્થાત્ જીવાજીવાદિ વિવિધ પદાર્થના સમૂહનું જ્ઞાન જેમાં છે તે 'समवाय' અથવા समवयन्ति - વિવિધ પ્રકારના જીવાદિ પદાર્થો જેમાં અભિધેયપણાએ કરીને એકઠા થાય છે તે સમવાય કહેવાય છે. તે પ્રવચનપુરુષનું અંગ હોવાથી ''સમવાયાંગ'' છે.

શ્રમણ ભગવંત મહાવીરસ્વામીના પાંચમાં ગણધર સુધર્માસ્વામી પોતાના શિષ્ય જંબૂને સમવાયાંગ સૂત્ર કહેવાને, પોતાના ધર્માચાર્ય ભગવંતનું બહુમાન પ્રગટ કરતા અને સ્વકીય વચનમાં સમસ્ત વસ્તુ વિસ્તારના સ્વભાવને પ્રગટ કરનાર કેવલજ્ઞાન સહિત મહાવીર પ્રભુના વચનનો આધાર હોવાથી આ મારું વચન નિર્વિવાદપણે પ્રમાણભૂત છે એમ શિષ્યની બુદ્ધિમાં આરોપણ કરતા સુધર્માસ્વામી આ અર્થ કહે છે.

## ❀ સમવાય-૧ ❀

-- x -- x --

**● સૂત્ર-૧ :-**

***હે આયુષ્યમાન્ ! મેં સાંભળ્યું છે, તે ભગવંતે આ પ્રમાણે કહ્યું છે –***

***આ જગતમાં શ્રમણ ભગવંત મહાવીરે [મહાવીર કેવા ?] આદિકર, તિર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવરપુંડરીક, પુરુષવરગંધહસ્તિ, લોકોત્તમ, લોકનાથ, લોકહિતકર, લોકપ્રદીપ, લોકપ્રદ્યોતકર, અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા, શરણદાતા, જીવનદાતા, ધર્મદાતા, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મસારથી, ધર્મવરચાતુરંતચક્રવર્તી, અપ્રતિહત-વર-જ્ઞાન-દર્શનધર, વિવૃત્તછદ્મ, જિન, જાપક, તિર્ણ, તારક, બુદ્ધ, બોધક, મુક્ત, મોચક, સર્વજ્ઞ, સર્વદર્શી, શિવ-અચલ-અરુજ-અનંત-અક્ષય-અવ્યાબાધ-અપુનરાવૃત્તિ એવી સિદ્ધિગતિ નામક સ્થાનને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા.***

***[તેઓએ] આ દ્વાદશાંગ ગણિપિટક પ્રરૂપ્યું, તે આ પ્રમાણે – આયાર, સૂયગડ, ઠાણ, સમવાય, વિવાહપન્નત્તિ, નાયાધમ્મકહા, ઉવાસગદસા, અંતગડદસા, અનુત્તરોવવાઈયદસા, પણ્હાવાગરણ, વિવાગસૂય, દૃષ્ટિવાદ... તેમાં જે તે ચોથું અંગ સમવાય કહ્યું, તેનો અર્થ આ છે–***

***(૧) આત્મા એક છે, (૨) અનાત્મા એક છે, (૩) દંડ એક છે,***

*(૪) અદંડ એક છે, (૫) ક્રિયા એક છે, (૬) અક્રિયા એક છે, (૭) લોક એક છે, (૮) અલોક એક છે, (૯) ધર્મ એક છે, (૧૦) અધર્મ એક છે, (૧૧) પુન્ય એક છે, (૧૨) પાપ એક છે, (૧૩) બંધ એક છે, (૧૪) મોક્ષ એક છે, (૧૫) આશ્રવ એક છે, (૧૬) સંવર એક છે. (૧૭) વેદના એક છે, (૧૮) નિર્જરા એક છે.*

*(૧) જંબૂદ્વીપ નામક દ્વીપ એક લાખ યોજન આયામ-વિષ્કંભથી છે. (૨) અપ્રતિષ્ઠાન નરક એક લાખ યોજન આયામ-વિષ્કંભથી છે. (૩) પાલક યાન વિમાન એક લાખ યોજન આયમ-વિષ્કંભથી છે. (૪) સર્વાર્થસિદ્ધ મહાવિમાન એક લાખ યોજન આયામ-વિષ્કંભથી છે... (૧) આર્દ્રા નક્ષત્ર એક તારક છે, (૨) ચિત્રા નક્ષત્ર એક તારક છે, (૩) સ્વાતિ નક્ષત્ર એક તારક છે.*

*(૧) આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાંક નારકોની સ્થિતિ એક પલ્યોપમ છે. (૨) આ રત્નપ્રભા પૃથ્વીના નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમ છે. (૩) બીજી નરક પૃથ્વીના નારકોની જઘન્ય સ્થિતિ એક સાગરોપમ છે.*

*(૪) અસુર કુમાર દેવોમાં કેટલાકની સ્થિતિ એક પલ્યોપમ છે. (૫) અસુરકુમાર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક એક સાગરોપમ છે, (૬) અસુરકુમારેન્દ્ર સિવાયના કેટલાંક ભવનપતિ દેવોની સ્થિતિ એક પલ્યોપમ છે.*

*(૭) અસંખ્યાત વર્ષાયુવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યચયોનિકોમાં કેટલાકની સ્થિતિ એક પલ્યોપમ છે, (૮) અસંખ્ય વર્ષાયુવાળા ગર્ભ વ્યુત્ક્રાંતિક સંજ્ઞી મનુષ્યોમાં કેટલાંકની સ્થિતિ એક પલ્યોપમ છે.*

*(૯) વાણવ્યંતર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ છે, (૧૦) જ્યોતિષ્ક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક લાખ વર્ષાધિક એક પલ્યોપમ છે. (૧૧) સૌધર્મકલ્પના દેવોની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ છે. (૧૨) સૌધર્મકલ્પે દેવોમાં કેટલાંકની એક સાગરોપમ સ્થિતિ છે, (૧૩) ઈશાન કલ્પે દેવોની જઘન્યસ્થિતિ સાધિક પલ્યોપમ છે (૧૪) ઈશાનકલ્પે કેટલાંક દેવોની સ્થિતિ એક સાગરોપમ છે.*

*(૧૫) જે દેવો સાગર, સુસાગર, સાગરકંત, ભવ, મનુ, માનુષોત્તર, લોકહિત વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા હોય, તેમની સ્થિતિ ઉત્કૃષ્ટથી સાગરોપમ છે. (૧૬) તે દેવો એક પખવાડીએ આન-પ્રાણ કે ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. (૧૭) તે દેવોને ૧૦૦૦ વર્ષે આહારની ઈચ્છા થાય છે. (૧૮) જેની સિદ્ધિ થવાની છે એવા કેટલાક દેવો છે, તેઓ એક ભવ ગ્રહણથી સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત થઈને સર્વે દુઃખોનો અંત કરશે.*

● વિવેચન-૧ :-

મારા વડે સાંભળેલ છે, હે દીર્ઘાયુ ! જંબૂ ! તે રાગદ્વેષાદિ વિષમ ભાવશત્રુના સૈન્યને મૂળ સહિત ઉખેડી નાંખવાથી, ત્રણ ભુવનના સમગ્ર પદાર્થોના પ્રકાશક કેવલજ્ઞાન વડે સ્વાનુભવસહ અવિસંવાદી વચનતાથી ત્રિભુવનરૂપી ગૃહાંગણમાં જેનો અમૃત જેવો ઉજ્જ્વલ યશરાશિ પ્રસરેલો છે તેવા આ ભગવંત-સમગ્ર ઐશ્વર્યાદિયુક્ત



મહાવીરસ્વામીએ કહેવાનાર આત્માદિ વસ્તુ તત્ત્વને કહ્યું છે - અથવા -

આउसंतेण - એવું આખું પદ ભગવંતનું વિશેષણ છે. ચિરકાળ જીવિતવાળા એવા ભગવંતે - અથવા - પાઠાંતરથી આવસતા પદને मया નું વિશેષણ કરવું. ગુરુકુળમાં વસતા કે વિનયનિમિત્તે બે કરતલ વડે ગુરુના ચરણકમળને સ્પર્શતા એવા મેં - અથવા - પ્રીતિયુક્ત મનથી સેવતા એવા મેં...

[ભગવંતે] જે કહ્યું છે, તે હવે કહેવાય છે—

અન્ય કોઈ વાચનામાં બીજું પણ સંબંધસૂત્ર જોવામાં આવે છે. જેમકે — इह खलु समणेणं भगवया આદિ, તે વાચના મોટી હોવાથી અમે તેની વ્યાખ્યા કરીએ છીએ. આ બીજું સૂત્ર સંગ્રહરૂપ પહેલા સૂત્રનો વિસ્તાર જાણવો. તેની વ્યાખ્યા આ રીતે — આ લોકમાં કે નિર્ગ્રન્થતીર્થમાં જ અર્થાત્ આ જ જિનપ્રવચનમાં, શાક્યાદિ પ્રવચનમાં નહીં, શ્રમણ એટલે તપ કરનાર. આ અંતિમ જિનનું સાથે જ ઉત્પન્ન થયેલ બીજું નામ છે. કહ્યું છે કે — સહ સંમતિ વડે શ્રમણ. ભગવંત પૂર્વવત્. મહાન્ એવા વીર તે મહાવીર.

મહાવીર નામ મહાસાત્ત્વિકતાથી પ્રાણનો નાશ કરવામાં સમર્થ પરીષહ-ઉપસર્ગો પ્રાપ્ત થવા છતાં અપ્રકંપત્વથી દેવેન્દ્રોએ પ્રસિદ્ધ કર્યુ. કહ્યું છે કે — ભય ભૈરવથી અચલ, પરિષહ-ઉપસર્ગ પ્રાપ્ત થવા છતાં ક્ષમાગુણ ધારણ કરવામાં સમર્થ, પ્રતિજ્ઞા પારગામીત્વથી દેવોએ તેમનું મહાવીર એવું નામ કર્યુ. તે ભગવાન્ કેવા છે ? તેના વિશેષણો કહે છે—

પ્રથમ આચાર આદિ શ્રુતધર્મને તેનો અર્થ કહેનાર હોવાથી અને રચવાના સ્વભાવવાળા હોવાથી આદિકર. જેના વડે સંસાર સાગરને તરે તે તીર્થ એટલે પ્રવચન, તેનાથી ભિન્ન નહીં હોવાથી અહીં સંઘ એ જ તીર્થ છે. તે તીર્થને કરવાના સ્વભાવવાળા હોવાથી તીર્થકર, તેમનું તીર્થકરત્વ બીજાના ઉપદેશપૂર્વક બોધ પામ્યા નથી તેથી કહે છે — સ્વયંસંબુદ્ધ — બીજાના ઉપદેશ વિના આપમેળે જ હેયોપાદેય વસ્તુતત્ત્વને સમ્યક્ પ્રકારે જાણનારા.

તેમનું સ્વયંસંબુદ્ધત્વ સામાન્ય પુરુષની જેમ સંભવતું નથી, તેથી તેમનું પુરુષોત્તમત્વ છે, તેથી કહે છે — પુરુષોની મધ્યે તેવા તેવા અતિશય રૂપાદિ વડે સર્વથી ઉપર વર્તનાર હોવાથી ઉત્તમ, તેથી પુરુષોત્તમ. હવે સિંહાદિ ત્રણ ઉપમા વડે ભગવંતનું પુરુષોત્તમપણું સિદ્ધ કરતા કહે છે — સિંહ જેવા. પુરુષ એવા આ સિંહ તે પુરુષસિંહ, લોકોમાં સિંહને પ્રકૃષ્ટ શૌર્યવાળો માનેલો છે. તેથી તેમને શૌર્યના ઉપમાનથી કરાયા. શૌર્ય—

ભગવંતને બાલ્યપણામાં પ્રત્યનિક દેવ બીવડાવવા આવેલો, તો પણ ભય ન પામ્યા, ક્રીડા સમયે વૃદ્ધિ પામતા દેવના શરીરને વજ્ર જેવી મુષ્ઠિના પ્રહારથી હણીને કુબ્જ કરી દીધુ, તેનાથી તેમનું શૂરવીરપણું છે શ્રેષ્ઠ એવું કમળ તે વરપુંડરીક-શ્વેત સહસ્રપત્ર. પુરુષરૂપ વરપુંડરીક તે પુરુષવરપુંડરીક, કેમકે ભગવંત સર્વ અશુભ એવા મલિનપણાથી રહિત છે સર્વ શુભ અનુભાવો વડે શુદ્ધ છે. શ્રેષ્ઠ એવો જે ગંધહસ્તી તે વરગંધહસ્તિ કહેવાય. પુરુષરૂપ વરગંધહસ્તી તે પુરુષવરગંધહસ્તી. જેમ ગંધહસ્તીની

ગંધથી જ સર્વ હસ્તી ભાગી જાય તેમ ભગવંતના તે તે દેશના વિહાર વડે જ સ્વસૈન્ય, પરસૈન્ય, દુકાળ, મરકી આદિ ઉપદ્રવો સો યોજન સુધીમાં નાશ પામે છે, તેથી તે પુરુષવરગંધહસ્તી છે.

ભગવંત પુરુષોમાં જ ઉત્તમ છે, તેમ નહીં, સમગ્ર જીવલોકમાં પણ ઉત્તમ છે, તેથી કહે છે – તિર્યંચાદિ લક્ષણ લોકમાં ઉત્તમ-૩૪ અતિશયાદિ અસાધારણ ગુણવાળા, સર્વે સુર-અસુર-મનુષ્યાદિના સમૂહને નમવા લાયક હોવાથી લોકોત્તમ. વળી – સંજ્ઞીભવ્ય જીવ રૂપ લોકના સ્વામી હોવાથી લોકનાથ છે. યોગ-ક્ષેમને કરનારા હોવાથી નાથ એવું શાસ્ત્ર વચન છે, તેથી નહીં પામેલ સમ્યગ્દર્શનાદિનો યોગ કરવાથી અને પ્રાપ્તનું પાલન કરવાથી આ લોકનાથપણું સિદ્ધ થાય છે. વળી લોકનું હિત કરવાથી જ તેનું સાચું નાથપણું સંભવે છે તેથી કહે છે – એકેન્દ્રિયાદિ પ્રાણિગણ રૂપ લોકના હિત - અત્યંત રક્ષાનો પ્રકર્ષ થાય તેવી પ્રરૂપણાથી અનુકૂળવર્તીતાથી લોકહિતકર.

વળી આ નાથત્વ અને હિતત્વ, તે ભવ્ય જીવોના યથાવસ્થિત સમગ્ર વસ્તુ સમૂહને દીપાવવાથી સંભવે છે, અન્યથા નહીં, તેથી કહે છે – વિશિષ્ટ તિર્યંચ, નર, દેવરૂપ લોકના આભ્યંતર અંધકારના સમૂહને નાશ કરવાપૂર્વક ઉત્કૃષ્ટ પદાર્થોને પ્રકાશકારીત્વથી પ્રદીપની જેમ પ્રદીપ હોવાથી લોક પ્રદીપ છે. આ વિશેષણ દૃષ્ટલોકને આશ્રીને કહ્યું, તેથી હવે કહે છે – જે જોવામાં આવે તે લોક એમ વ્યુત્પત્તિથી સંપૂર્ણ સૂર્યમંડલ જેવા સમગ્ર પદાર્થોના સ્વભાવને પ્રગટ કરવામાં સમર્થ એવા કેવલજ્ઞાનપૂર્વક પ્રવચનરૂપી પ્રભાના સમૂહને પ્રવર્તાવવાથી લોકાલોકરૂપ સર્વ વસ્તુસમૂહના સ્વભાવને પ્રગટ કરવાના સ્વભાવ વડે લોકપ્રદ્યોતકર છે.

અહીં શંકા કરે કે – લોકનાથત્વ આદિ તો વિષ્ણુ, શંકર, બ્રહ્માદિને પણ તે તે તીર્થિકોના મતે સંભવે છે, આ શંકા નિવારવા કહે છે કે – પ્રાણનો નાશ કરવામાં રસિક એવા ઉપસર્ગકારી પ્રાણીને પણ અભય દેનારા હોવાથી અભયદય છે. અથવા સર્વે પ્રાણીના ભયને દૂર કર્તા દયા હોવાથી અભયદય છે. હરિ-હરાદિ દેવો તેવા નથી.

વળી ભગવંત અપકારકર્તાનો પણ અનર્થ દૂર કરે છે અને અર્થની પ્રાપ્તિને પણ કરે છે, તે દર્શાવે છે – શુભાશુભ પદાર્થનો વિભાગ કરનાર હોવાથી ચક્ષુવત્ શ્રુતજ્ઞાનને આપે છે, તે ચક્ષુર્દય છે. વળી લોકમાં ચક્ષુ આપીને વાંછિત સ્થાન માર્ગ દેખાડનાર મહાઉપકારી હોય છે, તે દેખાડતા કહે છે – સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક પરમપદ માર્ગને દેખાડે છે માટે માર્ગદય છે. વળી જેમ લોકમાં ચક્ષુનું ઉઘાડવું, માર્ગનું દેખાડવું કહીને ચૌરાદિથી ઉપદ્રવ પામતાં પ્રાણીને ઉપદ્રવરહિત સ્થાનને પમાડનાર પરમોપકારી થાય છે, તે દર્શાવતા કહે છે–

શરણ-અજ્ઞાનરૂપ ઉપદ્રવથી હત પ્રાણીને રક્ષા સ્થાન, એવા તે પરમાર્થથી નિર્વાણ તેને દેનારા હોવાથી શરણદય છે. જેમ લોકમાં ચક્ષુ-માર્ગ-શરણ દાનથી દુઃખીને જીવિતવ્ય આપ્યુ કહેવાય તેમ અહીં પણ કહે છે – જીવ એટલે ભાવપ્રાણનું ધારણ કરવું અર્થાત્ અમરણધર્મત્વ એવા જીવનને આપે તે જીવદય કહેવાય. આવા વિશેષણ ભગવંતને ધર્મમય મૂર્તિ હોવાથી પ્રાપ્ત થાય, તેથી - x - કહે છે –



દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારી રાખે તે ધર્મ-શ્રુત ચારિત્રાત્મક છે. તે ધર્મને આપે માટે ધર્મદય. તે દાન દેશનાથી થાય, તેથી કહે છે – ધર્મને કહે છે, માટે ધર્મદેશક છે. આ ધર્મદેશકત્વ, ધર્મસ્વામીત્વથી થાય છે પણ નટની જેમ નથી, તે બતાવે છે – ક્ષાયિક જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધર્મના નાયક એટલે યથાર્થ પાલન કરનાર - સ્વામી તે ધર્મનાયક છે. ધર્મના સારથી છે, જેમ રથના સારથી રથ, રથિક, અશ્વોનું રક્ષણ કરે છે, તેમ ભગવંત ચારિત્ર ધર્મના અંગભૂત એવા સંયમ, આત્મા અને પ્રવચનના રક્ષણના ઉપદેશથી ધર્મસારથી કહ્યા.

વળી ત્રણ સમુદ્ર અને ચોથો હિમવંત તે ચારેના અંત સુધી, જેનું સ્વામીપણું છે, તે ચાતુરંત કહેવાય, એવા ચાતુરંત જે ચક્રવર્તી તે - x - અને શ્રેષ્ઠ એવા જે પૃથ્વીના ચાતુરંત ચક્રવર્તી તે વરચાતુરંત ચક્રવર્તી છે. તે ધર્મના વિષયમાં કહેવાથી ભગવંત ધર્મવર-ચાતુરંત-ચક્રવર્તી કહેવાય છે. જેમ પૃથ્વી પર સર્વ રાજાઓથી ચડીયાતા વરચાતુરંત ચક્રવર્તી હોય, તેમ ધર્મના વિષયમાં શેષ પ્રણેતાથી ભગવંત અતિશયવાળા હોવાથી ધર્મવરચાતુરંતચક્રવર્તી કહેવાય.

આ ધર્મદાયકાદિ પાંચ વિશેષણો પ્રકૃષ્ટ જ્ઞાનાદિ યોગે સંભવે છે, તેથી કહે છે – અપ્રતિહત એટલે કટ, ભીંત, પર્વતાદિથી અસ્ખલિત અથવા અવિસંવાદિ અથવા ક્ષાયિકત્વથી પ્રધાન એવા કેવલજ્ઞાન-દર્શન ધારક હોવાથી અપ્રતિહત-વર-જ્ઞાન દર્શનધર કહેવાય. આવી સંપદા વડે સહિત હોવા છતાં પણ જો તે છદ્મવાન્ - મિથ્યોપદેશકારી હોય તો ઉપકારી થતા નથી, તેથી છદ્મસ્થરહિતતા જણાવવા વ્યાવૃત્તછદ્મ કહ્યા. અથવા તેમને અપ્રતિહત સંવેદન કેમ પ્રાપ્ત થયું ? તે કહે છે – આવરણ અભાવથી, એ જ વાત કહે છે – વ્યાવૃત્ત એટલે નાશ પામ્યું છે અશઠત્વરૂપ આવરણ-છદ્મત્વ જેનું તે વ્યાવૃત્તછદ્મ છે. વળી તેમને માયા અને આવરણનો અભાવ રાગાદિનો જય કરવાથી થયો છે, તેથી કહે છે કે –

રાગદ્વેષાદિ શત્રુઓને જે જિતે છે – દૂર કરે છે, તે જિન છે, રાગાદિનો જય તેના સ્વરૂપને જાણીને અને તેના જયના ઉપાયોને જાણીને જ કર્યો છે, તેથી કહે છે – છાદ્મસ્થાદિ ચાર જ્ઞાનો વડે જે જાણે છે, તે જ્ઞાપક છે. આ વિશેષણોથી ભગવંતની સ્વાર્થ સંપત્તિનો ઉપાય કહ્યો, હવે સ્વાર્થસંપત્તિ પૂર્વક પરાર્થસંપત્તિપણાને છ વિશેષણો વડે કહે છે –

તીર્ણ-સંસાર સાગરને તરવાથી તથા તારક-ઉપદેશવર્તી બીજાને પણ તારે છે, તે તારક છે. બુદ્ધ-જીવાદિ તત્ત્વોને જાણનાર, બીજા જીવોને જીવાદિ તત્ત્વો જણાવનાર હોવાથી બોધક છે, મુક્ત-બાહ્ય અભ્યંતર ગ્રંથિ બંધનથી રહિત અને બીજાને પણે તેમજ મૂકાવનાર. મુક્તત્વ છતાં પણ સર્વજ્ઞ અને સર્વદર્શી એવા પણ અન્યદર્શનીઓએ મુક્તાવસ્થામાં આત્માને જડ માન્યો છે, તેવા નહીં. તથા સિદ્ધિગતિ નામક જે સ્થાન તે –

સર્વબાધારહિત હોવાથી શિવ, સ્વાભાવિક કે પ્રાયોગિક ચલન હેતુ અભાવથી-અચલ, શરીર અને મન ન હોવાથી રોગરહિત-અરુજ, અનંત અર્થના વિષયવાળા

જ્ઞાનસ્વરૂપ હોવાથી-અનંત, સાદિ અનંત સ્થિતિત્વથી નાશરહિત-અક્ષય, અથવા પરિપૂર્ણ પૂર્ણિમાચંદ્રમંડલવત્ હોવાથી-અક્ષત, પીડાકારી ન હોવાથી-અવ્યાબાધ, પૂનર્ભવના બીજભૂત કર્મના અભાવથી-અપુનરાવર્તક, એવા સિદ્ધિગતિ નામક જે સ્થાન, જેમાં કર્મે કરેલા વિકારના રહિતપણે નિરંતર અવસ્થિત રહે તે સ્થાન-ક્ષીણકર્મવાળા જીવનું સ્વરૂપ અથવા લોકાગ્ર સ્થાન. અહીં સર્વ વિશેષણો જીવ સ્વરૂપના છે, તે લોકાગ્રના આધેય ધર્મનો આધારમાં આરોપ કર્યો છે એમ જાણવું.

આવા પ્રકારના સ્થાનને પામવાની ઈચ્છાવાળા, પણ હજુ પામેલા નથી, તે પ્રાપ્તિના અકારણત્વથી પ્રરૂપણા કરી શકે નહીં. અહીં પામવાની ઈચ્છાવાળા એમ જે કહ્યું તે ઉપચારથી કહ્યું, કેમકે ભગવંત નિરભિલાષ જ હોય છે. કહ્યું છે – ઉત્તમ મુનિ મોક્ષ અને સંસારમાં સર્વત્ર નિસ્પૃહ જ હોય છે. આ પ્રમાણે અગણિતગુણગણ સંપત્તિથી સહિત ભગવંતે આ હવે કહેવાનાર હોવાથી પ્રત્યક્ષ, સમીપે રહેલ-જેમાં બાર અંગ રહેલા છે એવા ગણિ-આચાર્યની પિટક જેવી તે ગણિપિટક છે–

જેમ વણિકની પેટી સર્વસ્વના આધારભૂત હોય છે, તેમ આચાર્યને દ્વાદશાંગરૂપી પેટી જ્ઞાનાદિ ગુણરત્નરૂપ સર્વસ્વના આધારભૂત છે, આવું ગણિપિટક ભગવંતે કહ્યું છે – તીર્થંકર નામકર્મ ઉદયમાં વર્તતુ હોવાથી પ્રાયઃ કૃતાર્થ હોવા છતાં પરોપકારીને માટે પ્રકાશેલ છે. - x - 'આચાર' આદિ બાર પદાર્થોની વૃત્તિ આગળ કહેવાશે, અર્થ સુગમ છે.

તે બાર અંગોને વિશે જે ચોથું 'સમવાય' નામે કહ્યું, તેનો આ અર્થ છે. આત્માદિ શબ્દો તેના અભિધેય છે, એમ અધ્યાહાર જાણવો. તદ્યથા શબ્દ વાચનાંતરના બીજા સંબંધના સૂત્રની વ્યાખ્યા જણાવવા છે.

અહીં પદાર્થના સમૂહને કહેનારા વિદ્વાને અનુક્રમે જ આ સમવાય કહેવો જોઈએ એ ન્યાય છે. તેમાં આચાર્ય એકત્વ આદિ સંખ્યાના ક્રમ સંબંધવાળા અર્થો કહેવાની ઈચ્છાથી પ્રથમ એકત્વ વિશિષ્ટ એવા સર્વ પદાર્થોનો ભોગી આત્મા હોવાથી - તેના પ્રધાનત્વથી આત્માદિ પદાર્થોને, સર્વ વસ્તુ પ્રતિપક્ષસહિત હોવાથી સપ્રતિપક્ષ આત્માદિકને ''આત્મા એક છે'' આદિ અઢાર સૂત્રો વડે કહે છે, તે સ્થાનાંગમાં પ્રાયઃ કહેલા છે, તો પણ કંઈક કહે છે - કથંચિત્ - કોઈ પ્રકારે કે કોઈ અપેક્ષાએ.

(૧) જીવ પ્રદેશાર્થપણે અસંખ્યાતપ્રદેશી છે, તો પણ દ્રવ્યાર્થપણે એક છે. અથવા પ્રતિક્ષણે પૂર્વ સ્વભાવનો ક્ષય અને પછીના સ્વરૂપની ઉત્પત્તિના યોગે અનંત ભેદ છે, તો પણ ત્રણે કાળમાં અનુગામી એક ચૈતન્ય માત્રની અપેક્ષાએ આત્મા એક જ છે. અથવા પ્રતિસંતાન ચૈતન્ય ભેદત્વથી અનંત આત્મા છતાં સંગ્રહ નયથી સામાન્યરૂપે આત્મા એક છે.

(૨) આત્મા નહીં તે અનાત્મા-ઘટાદિ પદાર્થ. તે પણ પ્રદેશાર્થતાથી સંખ્યાતા, અસંખ્યાતા. અનંતપ્રદેશ છે, તો પણ તથાવિધ એક પરિણામરૂપ દ્રવ્યાર્થ અપેક્ષાએ એક જ છે. એ પ્રમાણે સંતાન અપેક્ષાએ પણ જાણવું. તુલ્યરૂપ અપેક્ષાએ ધર્માસ્તિકાયાદિ અનાત્મા કથંચિત્ ભિન્ન સ્વરૂપ છે, તો પણ તેમનું અનુપયોગરૂપ લક્ષણ એકસરખું



હોવાથી એકપણું જાણવું.

(૩) દંડ એક છે – દુષ્પ્રયુક્ત મન-વચન-કાયા લક્ષણ કે હિંસામાત્ર. આનું એકત્વ સામાન્ય નયાદેશથી છે, એ પ્રમાણે સર્વત્ર એકપણું છે.

(૪) અદંડ-પ્રશસ્ત મન, વચન, કાય યોગ કે અહિંસા માત્ર.

(૫-૬) ક્રિયા એક છે, કાયિકી આદિ કે આસ્તિક્યમાત્ર. અક્રિયા પણ એક છે - યોગનિરોધ કે નાસ્તિકત્વ... (૭-૮) લોક ત્રણ પ્રકારે કે અસંખ્યપ્રદેશ છતાં દ્રવ્યાર્થતાથી એક છે, અલોક અનંતપ્રદેશ છતાં દ્રવ્યાર્થપણે એક છે અથવા આ બે સૂત્રો લોકાલોકનું બહુત્વ દૂર કરવા માટે છે. કેમકે કેટલાંક અન્યદર્શની બહુલોક કે વિલક્ષણથી બહુ અલોક માને છે.

(૯ થી ૧૮) ઉક્ત રીતે સર્વત્ર ગમનિકા કરવી. વિશેષ એ કે – ધર્મ એટલે ધર્માસ્તિકાય. અધર્મ-અધર્માસ્તિકાય, પુણ્ય-શુભકર્મ, પાપ-અશુભકર્મ, બંધ-જીવને કર્મપુદ્ગલનો સંયોગ, તે સામાન્યથી એક છે અથવા સર્વ કર્મબંધ વ્યવચ્છેદ પછી ફરી બંધના અભાવે એક બંધ છે. - - - આ રીતે જ મોક્ષ, આશ્રવ, સંવર, વેદના, નિર્જરાનું એકત્વ જાણવું.

અહીં પહેલા અનાત્મ શબ્દનું ગ્રહણ કરી સર્વે અનુપયોગ પદાર્થોનું એકપણું કહીને ફરી લોકાદિનું જે એકત્વ કહ્યું, તે સામાન્ય વિશેષની અપેક્ષાએ જાણવું. આ રીતે સર્વ શાસ્ત્રોમાં વિસ્તારથી કહેલા આત્માદિનું એકત્વ કહીને પોતાની મેળે પરિણામિત પદાર્થોને કહે છે–

અહીં જંબૂદ્વીપાદિ સાત સૂત્રો આશ્રય વિશેષનાં છે તથા ''આ રયણપ્રભા'' આદિ અઢાર સૂત્રો સ્થિત્યાદિ ધર્મવાળાં છે, તે સુગમ છે. વિશેષ એ – જંબૂદ્વીપ સૂત્રમાં ક્યાંક આયામ-વિષ્કંભ વડે એવો પાઠ દેખાય છે અને ક્યાંક ચક્રવાલ વિષ્કંભથી એવો પાઠ છે. તેમાં પહેલા પાઠ અન્યત્ર પણ તેવું સંભળાતું હોવાથી સંભવે છે, તે સુગમ છે. બીજાનો અર્થ આ છે – ચક્રવાલ વિષ્કંભ એટલે ગોળ વિસ્તાર વડે.

અહીં પ્રમાણાંગુલ યોજન જાણવા. કહ્યું છે – વસ્તુનું માન આત્માંગુલે, શરીરનું માન ઉત્સેધાંગુલે અને પર્વત-પૃથ્વી-વિમાનનું માન પ્રમાણાંગુલે કરવું.. પાલક યાનવિમાન સૌધર્મેન્દ્રના આભિયોગિક પાલક નામના દેવે વિકુર્વેલું છે. યાન-ગમન, તેને માટે જે વિમાન તે યાન વિમાન અથવા જેના વડે જવાય તે યાન - x - પારિયાતિક.

(૧) અસ્તિ - છે, કેટલાક નારકોની એક પલ્યોપમ સ્થિતિ, એમ મેં તથા અન્ય જિનેશ્વરે કહેલ છે. તે ચોથા પ્રસ્તટે મધ્યમ સ્થિતિ છે.

(૨) એ રીતે ઉત્કૃષ્ટ સાગરોપમ સ્થિતિ તેરમાં પ્રસ્તટે જાણવી.

(૩ થી ૬) ચમર અને બલિ સિવાયના બાકીના ભવનવાસીની - રત્નપ્રભા પૃથ્વી-ભૂમિમાં થવાથી ભવનવાસીની એક પલ્યોપમ મધ્યમ સ્થિતિ છે, કેમકે તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન બે પલ્યોપમની કહી છે. કહ્યું છે – દક્ષિણનિકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ દોઢ પલ્યોપમ, ઉત્તરની દેશોન બે પલ્યોપમની છે. (૭) અસંખ્યાત વર્ષાયુષ્ક

સંજ્ઞી-સમનસ્ક પંચેન્દ્રિય તિર્યંચોમાંના કેટલાક, તે હૈમવત-ઐરણ્યવત ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા યુગલિક, તેઓની સ્થિતિ એક પલ્યોપમની છે.

(૮) એ પ્રમાણે મનુષ્યસૂત્ર જાણવું પણ વિશેષ એ – ગર્ભાશયમાં જેમની ઉત્પત્તિ તે ગર્ભવ્યુત્ક્રાંતિક-સંમૂર્છન નહીં. (૯) વાણવ્યંતર દેવ એટલે દેવી નહીં, કેમકે દેવીની સ્થિતિ અર્ધપલ્યોપમની છે.

(૧૦) જ્યોતિષ્ક દેવોમાં ચંદ્રવિમાનના દેવો છે, સૂર્યાદિ દેવો નહીં, ચંદ્રાદિ દેવી પણ નહીં, કેમકે ચંદ્રવિમાનના દેવોનું જ આયુ સાધિક પલ્ય છે.

(૧૧) સૌધર્મકલ્પે દેવ-દેવી બંને લેવા, કેમકે સૌધર્મકલ્પે જઘન્યથી પણ પલ્યોપમથી ઓછી સ્થિતિ નથી. આ સ્થિતિ પ્રથમ પ્રસ્તટે જાણવી.

(૧૨) સૌધર્મ કલ્પે કેટલાંક દેવોની સ્થિતિ સાગરોપમ છે, ત્યાં દેવીનું ગ્રહણ ન જાણવું, કેમકે તેણીની ઉત્કૃષ્ટ સ્થિતિ ૫૦-પલ્યોપમ છે. દેવોની સાગરોપમ સ્થિતિ મધ્યમ સ્થિતિ અપેક્ષાએ છે, કેમકે ઉત્કૃષ્ટથી ત્યાં બે સાગરોપમ સ્થિતિ છે. આ મધ્યમ સ્થિતિ સાતમા પ્રસ્તટે છે.

(૧૩) ઈશાન કલ્પે જઘન્ય સ્થિતિ સાધિક પલ્યોપમ કહી તે દેવ-દેવી બંનેની જાણવી, કેમકે તે સિવાયની જઘન્ય સ્થિતિ નથી.

(૧૪) ઈશાનકલ્પે કેટલાક દેવોની સાગરોપમ સ્થિતિ કહી તે દેવોની જ કહેવી, દેવીની નહીં કેમકે દેવીની ઉત્કૃષ્ટ ૫૫-પલ્ય છે.

(૧૫) જે દેવો સાગર, સુસાગર - x - આદિ નામે છે, આ નામના વિમાન-દેવ નિવાસ સ્થાન પામીને - x - જેઓ દેવપણે ઉપજ્યા છે. પણ દેવીપણે નહીં, કેમકે દેવીઓની સાગરોપમ સ્થિતિ સંભવતી નથી. તે દેવોની સાગરોપમ સ્થિતિ છે, આ સર્વ વિમાનો સાતમા પ્રસ્તટે છે.

(૧૬) સ્થિતિ અનુસાર દેવોને ઉચ્છ્વાસાદિ હોય છે. તેથી તેને બતાવે છે – જે દેવોની સ્થિતિ સાગરોપમ છે, તે દેવો અર્ધમાસાંતે આનપ્રાણ લે છે. આ શબ્દોનું જ ક્રમશઃ વ્યાખ્યાન કરતા કહે છે – ઉચ્છ્વાસ કે નિઃશ્વાસ લે છે.

(૧૭) તે જ દેવોને ૧૦૦૦ વર્ષને અંતે આહારનું પ્રયોજન છે એટલે કે આભોગથી આહાર પુદ્‌ગલોનું ગ્રહણ થાય છે, અનાભોગથી તો વિગ્રહગતિ સિવાય અન્યત્ર દરેક સમયે આહારનું ગ્રહણ થાય છે. કહ્યું છે – જેની જેટલી સ્થિતિ તેને તેટલા પખવાડીએ ઉચ્છ્વાસ અને તેટલા હજાર વર્ષે આહાર હોય... (૧૮) જેમની સિદ્ધિ થવાની છે તે ભવસિદ્ધિક જીવોમાંના કેટલાંક, જેઓ એક મનુષ્યભવના ગ્રહણ વડે આઠ પ્રકારે સમૃદ્ધિ પામીને સિદ્ધ થશે, કેવળજ્ઞાનથી તત્વને જાણશે, કર્મરાશિથી મુક્ત થશે, કર્મવિકાર રહિત થતાં શીતળ થશે.

**સમવાય-૧-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૨ ❀

— x — x —

● **સૂત્ર-૨ :-**

***(૧) દંડ બે કહ્યા છે – અર્થદંડ, અનર્થદંડ, (૨) રાશિ બે કહી છે – જીવરાશિ, અજીવરાશિ, (૩) બંધન બે છે – રાગબંધન, દ્વેષબંધન.***

***(૪) પૂર્વા ફાલ્ગુની નક્ષત્રના બે તારા છે, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના બે તારા છે, પૂર્વાભાદ્રપદનક્ષત્રના બે તારા છે, ઉત્તરાભાદ્રપદના પણ બે છે.***

***આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાંક નૈરયિકની બે પલ્યોપમ સ્થિતિ છે... બીજી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ બે સાગરોપમ છે.***

***કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ બે પલ્યોપમ છે... અસુરકુમારેન્દ્રને વર્જીને બીજા ભવનવાસી દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે પલ્યોપમ છે.***

***અસંખ્યાતા વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાંના કેટલાકની બે પલ્યોપમ સ્થિતિ છે... અસંખ્યાત વર્ષાયુષ્ક સંજ્ઞી [પંચેન્દ્રિય ગર્ભજ કેટલાક] મનુષ્યોની સ્થિતિ બે પલ્યોપમ છે.***

***સૌધર્મકલ્પે કેટલાક દેવોની સ્થિતિ બે પલ્યોપમ છે... ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ બે પલ્યોપમ છે... સૌધર્મકલ્પે કેટલાક કેટલાક દેવોની સ્થિતિ બે સાગરોપમ છે... ઈશાનકલ્પે દેવોની સ્થિતિ સાધિક બે સાગરોપમ છે... સનત્કુમારકલ્પે દેવોની જઘન્ય સ્થિતિ બે સાગરોપમ છે... માહેન્દ્રકલ્પે દેવોની જઘન્ય સ્થિતિ સાધિક બે સાગરોપમ છે... જે દેવો શુભ, શુભકાંત, શુભવર્ણ, શુભગંધ, શુભલેશ્ય, શુભસ્પર્શ, સૌધર્માવતંસક વિમાનમાં દેવપણે ઉપન્યા, તેની બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે..... તે દેવો બે અર્ધમાસાંતે આન-પ્રાણ એટલે શ્વાસોચ્છ્વાસ લે છે.... તેમને ૨૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.***

***કેટલાક ભવસિદ્ધિક જીવો છે જે બે ભવગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત થશે, પરિનિર્વાણ પામશે, સર્વ દુઃખનો અંત કરશે.***

● **વિવેચન-૨ :-**

ઉક્ત બધાં સૂત્રો સુગમ છે. વિશેષ એ – દંડ, રાશિ, બંધનાર્થ ત્રણ સૂત્ર છે, નક્ષત્રાર્થ ચાર સૂત્રો છે, સ્થિતિ અર્થવાળા ૧૩ સૂત્રો, ઉચ્છ્વાસ આદિના ત્રણ સૂત્રો છે.. તેમાં અર્થથી સ્વ-પર ઉપકાર લક્ષણથી પ્રયોજન વડે જે દંડ-હિંસા તે અર્થદંડ, તેથી વિપરીત તે અનર્થદંડ છે.

રત્નપ્રભામાં બે પલ્યોપમ સ્થિતિ ચોથા પ્રસ્તટમાં મધ્યમ છે, બીજીમાં બે સાગરોપમ છઠ્ઠા પ્રસ્તટમાં મધ્યમા છે, અસુરેન્દ્ર વર્જીને બીજા ભવનવાસીની દેશોન બે પલ્યોપમ સ્થિતિ ઉત્તર તરફના નાગકુમારાદિને આશ્રીને જાણવી. - x - અસંખ્યાત વર્ષાયુષ્ક પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યો હરિવર્ષ અને રમ્યક્ વર્ષના જન્મેલાની બે પલ્યોપમ સ્થિતિ છે.

**સમવાય-૨-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❁ સમવાય-3 ❁
-- x -- x --

હવે ત્રણ સ્થાનક કહે છે—

● સૂત્ર-3 :-

*૧-દંડ ત્રણ કહ્યા – મનદંડ, વચનદંડ, કાયદંડ. ૨-ગુપ્તિ ત્રણ છે – મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ. ૩-શલ્યો ત્રણ છે – માયાશલ્ય, નિદાન શલ્ય, મિથ્યાદર્શન શલ્ય.. ૪-ગારવ ત્રણ છે – રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ. ૫-વિરાધના ત્રણ છે – જ્ઞાન, દર્શન, ચારિત્ર-વિરાધના.*

*૧-મૃગશીર્ષ નક્ષત્રના ત્રણ તારા કહ્યા, ૨-પુષ્યનક્ષત્રના, ૩-જ્યેષ્ઠા નક્ષત્રના, ૪-અભિજિત્ નક્ષત્રના, ૫-શ્રવણ નક્ષત્રના, ૬-અશ્વિની નક્ષત્રના ૭-ભરણી નક્ષત્રના... પુષ્યાદિ પ્રત્યેકના ત્રણ-ત્રણ તારા કહ્યા છે.*

*(૧) રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકોની સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. (૨) બીજી પૃથ્વીના નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમ છે. (૩) ત્રીજી પૃથ્વીના નારકોની જઘન્યસ્થિતિ ત્રણ સાગરોપમ છે. (૪) કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. (૫) અસંખ્ય વર્ષાયુષ્ક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. (૬) અસંખ્ય વર્ષાયુષ્ક સંજ્ઞી ગર્ભજ મનુષ્યોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ છે.*

*(૭) સૌધર્મ-ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમ છે. (૮) સનત્કુમાર-માહેન્દ્ર કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ત્રણ સાગરોપમ છે. (૯) જે દેવો આભંકર, પ્રભંકર, આભંકરપ્રભંકર, ચંદ્ર, ચંદ્રાવર્ત, ચંદ્રપ્રભ, ચંદ્રકાંત, ચંદ્રવર્ણ, ચંદ્રલેશ્ય, ચંદ્રધ્વજ, ચંદ્રશ્રૃંગ, ચંદ્રસૃષ્ટ, ચંદ્રકૂટ, ચંદ્રોત્તરાવતંસક વિમાને દેવપણે ઉત્પન્ન થયા હોય તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગ૦ છે.*

*તે દેવો ત્રણ અર્ધમાસે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તેમને ૩૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કેટલાંક ભવસિદ્ધિક જીવો એવા છે કે જેઓ ત્રણ ભવને અંતે સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-દુખાંતકારી થશે.*

● વિવેચન-૩ :-

સૂત્રો સુગમ છે વિશેષ એ – દંડ, ગુપ્તિ આદિ અર્થવાળા પાંચ સૂત્રો છે, નક્ષત્રાર્થ સાત, સ્થિત્યર્થક નવ, ઉચ્છ્વાસાદિ અર્થક ત્રણ છે.

(૧) જેના વડે આત્મા ચારિત્રરૂપ ઐશ્વર્યનો વિનાશ કરી અસાર કરે છે તે દંડ. એટલે દુષ્ટ પ્રયુક્ત મન વગેરે. મન એ જ દંડ તે મનોદંડ અથવા કુમાર્ગે પ્રવર્તાવેલા મન વડે આત્માને દંડવો તે મનોદંડ, એ રીતે બીજા બે જાણવા.

(૨) ગોપવવું તે ગુપ્તિ-મન વગેરેની અશુભ પ્રવૃત્તિનો નિરોધ અને શુભપ્રવૃત્તિનું કરવું તે. (૩) તોમર આદિ શલ્ય જેવા શલ્ય દુઃખદાયક હોવાથી માયાદિ શલ્ય છે. તેમાં માયા-કપટ, તે જ શલ્ય તે માયાશલ્ય. એ રીતે બીજા બે જાણવા. વિશેષ એ – નિદાન એટલે દેવાદિની ઋદ્ધિના દેખવા કે સાંભળવાથી તે વિચારે કે મને આ



બ્રહ્મચર્યાદિનું અનુષ્ઠાન કરવાથી આવી ઋદ્ધિ મળો તે, મિથ્યાદર્શન-અતત્ત્વાર્થ શ્રદ્ધા.

(૪) ગૌરવ-અભિમાન અને લોભ વડે આત્માને અશુભ ભાવની મોટાઈ, તે સંસારચક્રમાં ભમવાના હેતુરૂપ કર્મબંધ-કારણરૂપ છે, તેમાં નરેન્દ્રાદિ અને પૂજ્ય આચાર્યાદિની સમૃદ્ધિ વડે તેના અભિમાન થકી અને અપ્રાપ્ત ઋદ્ધિ માટે પ્રાપ્તિની પ્રાર્થના દ્વારા આત્માને જે અશુભ ભાવ ગૌરવ થાય તે ઋદ્ધિ ગારવ, એ રીતે રસ ગૌરવ, શાતાગૌરવ છે.

(૫) વિરાધના એટલે ખંડણા, તેમાં જ્ઞાનની વિરાધના તે જ્ઞાનવિરાધના એટલે જ્ઞાનની શત્રુતા, નિહ્નવાદિરૂપ, એમ બીજી પણ જાણવી. વિશેષ એ - દર્શન એટલે ક્ષાયિકાદિ સમ્યક્ત્વ, ચારિત્ર-સામાયિકાદિ.

તથા અસંખ્યાત વર્ષાયુષ્ક પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યોની ત્રણ પલ્યોપમની સ્થિતિ દેવકુરુ-ઉત્તરકુરુમાં જન્મેલાની જાણવી.

આભંકર, પ્રભંકર, ઈત્યાદિ નામનાં વિમાનો છે. તે જાણવું.

**સમવાય-૩-ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ સમવાય-૪ ❁
-- x -- x --

● સૂત્ર-૪ :-

*(૧) કષાયો ચાર કહ્યા – ક્રોધ કષાય, માન કષાય, માયા, કષાય, લોભ કષાય. (૨) ધ્યાન ચાર છે – આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન. (૩) ચાર વિકથા છે – સ્ત્રીકથા, ભક્તકથા, રાજકથા, દેશકથા. (૪) ચાર સંજ્ઞા છે – આહાર, ભય, મૈથુન, પરિગ્રહ. (૫) બંધ ચાર છે – પ્રકૃતિબંધ, સ્થિતિ બંધ, અનુભાવ બંધ, પ્રદેશ બંધ. (૬) ચાર ગાઉનો એક યોજન છે.*

*(૧) અનુરાધા નક્ષત્રના ચાર તારા છે, (૨) પૂર્વાષાઢા નક્ષત્રના ચાર તારા છે, (૩) ઉત્તરાષાઢા નક્ષત્રના ચાર તારા છે.*

*(૧) આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ચાર પલ્યોપમ છે. (૨) ત્રીજી નારકીમાં કેટલાંક નારકોની સ્થિતિ ચાર સાગરોપમ છે. (૩) કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ચાર પલ્યોપમ છે. (૪) સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ચાર પલ્યોપમ છે. (૫) સનત્કુમારમાહેન્દ્ર કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ચાર સાગરોપમ છે. (૬) જે દેવો કૃષ્ટિ, સુકૃષ્ટિ, કૃષ્ટિકાવર્ત, કૃષ્ટિપ્રભ, કૃષ્ટિયુક્ત, કૃષ્ટિવર્ણ, કૃષ્ટિલેશ્ય, કૃષ્ટિધ્વજ, કૃષ્ટિશ્રૃંગ, કૃષ્ટિશિષ્ટ, કૃષ્ટિકૂટ, કૃષ્ટ્યુત્તરાવતંસક વિમાને દેવપણે ઉત્પન્ન થયા હોય તે દેવોની ઉત્કૃષ્ટ ચાર સાગરોપમ સ્થિતિ કહી છે.*

*તે દેવો ચાર અર્ધ માસે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે.. તેમને ૪૦૦૦ વર્ષ આહારેચ્છા થાય છે, એવા કેટલાંક ભવસિદ્ધિક જીવો છે જે ચાર ભવે સિદ્ધ થશે યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.*

● **વિવેચન-૪ :-**

સૂત્ર સુગમ છે. વિશેષ એ — કષાય, ધ્યાન, વિકથા, સંજ્ઞા, બંધ અને યોજનના છ સૂત્રો કહ્યા. નક્ષત્રના ત્રણ, સ્થિતિના છ, શેષ ત્રણ પૂર્વવત્ છે.

(૧) અંતર્મુહૂર્ત્ત સુધી ચિત્તની એકાગ્રતા અને યોગનિરોધ તે ધ્યાન. તેમાં મનોજ્ઞ-અમનોજ્ઞનો વિયોગ-સંયોગાદિ કારણે ચિત્ત વિક્ષેપ તે આર્ત્ત. હિંસા, અસત્ય, ચોરી, ધનસંરક્ષણાદિ લક્ષણ તે રૌદ્ર. આજ્ઞાદિ પદના અર્થના સ્વરૂપના વિચારમાં ચિત્ત એકાગ્રતા તે ધર્મ અને પૂર્વગત શ્રુતના અવલંબન વડે મનની અત્યંત સ્થિરતા અને યોગનિરોધ તે શુક્લધ્યાન છે.

(૨) ચારિત્ર વિરોધી સ્ત્રી આદિ વિષયક કથા તે વિકથા. (૩) અસાતા વેદનીય અને મોહનીય કર્મોદય પ્રાપ્ત આહાર અભિલાષાદિ ચેતના તે સંજ્ઞા.

(૪) સકષાયત્વથી જીવ કર્મને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે તે બંધ, તેમાં પ્રકૃતિ-કર્મના ભેદ - જ્ઞાનાવરણીયાદિ આઠ, તેનો બંધ તે પ્રકૃતિ બંધ, સ્થિતિ-તેનું જે રહેવું - જઘન્યાદિ ભેદે, તેનો બંધ તે સ્થિતિ બંધ, તીવ્રાદિ ભેદવાળો જે વિપાક તે અનુભાવ-રસ, તેના બંધ તે અનુભાવબંધ તથા જીવના પ્રદેશોમાં કર્મના અનંતાનંત પ્રદેશો જે પ્રત્યેક કર્મપ્રકૃતિએ નિયત પરિમાણવાળા છે તેનો બંધ-સંબંધ તે પ્રદેશ બંધ.

કૃષ્ટિ, સુકૃષ્ટિ આદિ બારે વિમાનો પૂર્વોક્ત વિમાન મુજબ જાણવા.

**સમવાય-૪-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૫ ❀

— x — x —

● **સૂત્ર-૫ :-**

***(૧) પાંચ ક્રિયાઓ કહી છે — કાયિકી, આધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી, પ્રાણાતિપાતિકી. (૨) પાંચ મહાવ્રતો છે — સર્વથા પ્રાણાતિપાત વિરમણ, સર્વથા મૃષાવાદ વિરમણ, સર્વથા અદત્તાદાન વિરમણ, સર્વથા મૈથુન વિરમણ, સર્વથા પરિગ્રહ વિરમણ. (૩) પાંચ કામગુણ છે — શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. (૪) પાંચ આશ્રવદ્વારો છે — મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ. (૫) પાંચ સંવર દ્વારો છે — સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય, અયોગ. (૬) પાંચ નિર્જરા સ્થાનો છે :- પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહ [પાંચેથી] વિરમવું તે. (૭) પાંચ સમિતિઓ છે :- ઈર્યા-ભાષા-એષણા-આદાનભાંડમાત્રનિક્ષેપણા - ઉચ્ચારપ્રશ્રવણ-ખેલસિંઘાણ-જલ્લ પારિષ્ઠાપનિકા [એ પાંચે] સમિતિ. (૮) પાંચ અસ્તિકાયો કહ્યા — ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવ અને પુદ્ગલાસ્તિકાય.***

***(૧) રોહિણી નક્ષત્રના પાંચ તારા છે, (૨) પુનર્વસુ, (૩) હસ્ત, (૪) વિશાખા અને (૫) ધનિષ્ઠા [એ બધાં] નક્ષત્રના પાંચ-પાંચ તારા છે.***

***(૧) આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાંક નારકીઓની પાંચ પલ્યોપમ સ્થિતિ છે. (૨) ત્રીજી પૃથ્વીમાં કેટલાક નારકીઓની પાંચ સાગરોપમ સ્થિતિ છે. (૩) કેટલાક અસુરકુમાર દેવોની પાંચ પલ્યોપમ સ્થિતિ છે. (૪) સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની પાંચ પલ્યોપમ સ્થિતિ છે. (૫) સનત્કુમારમાહેન્દ્ર કલ્પે કેટલાક દેવોની સ્થિતિ પાંચ સાગરોપમ છે. (૬) જે દેવો વાત, સુવાત, વાતાવર્ત, વાતપ્રભ, વાતકાંત, વાતવર્ણ, વાતલેશ્ય, વાતધ્વજ, વાતશ્રૃંગ, વાતશિષ્ટ, વાતકૂટ, વાતોત્તરાવતંસક, સૂર, અસૂર, સૂરાવર્ત્ત, સૂરપ્રભ, સૂરકાંત, સૂરવર્ણ, સૂરલેશ્ય, સૂરધ્વજ, સૂરશ્રૃંગ, સૂરશિષ્ટ, સૂરકૂટ, સૂરોત્તરાવતંસક નામક વિમાને દેવ થાય તેની પાંચ સાગરોપમ સ્થિતિ છે.***

***તે દેવો પાંચ અર્ધમાસે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે, ૫૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે, કેટલાંક ભવસિદ્ધિક જીવો પાંચ ભવગ્રહણ કરીને સિદ્ધ થશે યાવત્ દુઃખોનો અંત કરશે.***



● **વિવેચન-૫ :-**

સૂત્રો સુગમ છે. વિશેષ એ — ક્રિયા, મહાવ્રત, કામગુણાદિ - x - આઠ સૂત્રો, નક્ષત્રના પાંચ, સ્થિતિના છ અને ઉચ્છ્વાસાદિ ત્રણ સૂત્રો છે.

ક્રિયા-વ્યાપાર વિશેષ, તેમાં કાયા વડે નીપજે તે કાયિકી-કાય ચેષ્ટા. આધિકરણિકી-જેના વડે આત્મા નરકાદિમાં જાય તે અધિકરણ, તે અધિકરણથી નીપજતી ક્રિયા-ખડ્ગાદિ બનાવવા. પ્રદ્વેષ-મત્સર, તેના વડે નીપજતી ક્રિયા તે પ્રાદ્વેષિકી. તાડનાદિ દુઃખ વિશેષ વડે નીપજતી ક્રિયા તે પારિતાપનિકી. પાંચમી પ્રાણાતિપાતિકી ક્રિયા પ્રસિદ્ધ છે.

કામના કરાય-ઈચ્છાય તે કામ, ગુણો-શબ્દાદિ પુદ્ગલ ધર્મો તે કામગુણો. અથવા કામ-મદનને ઉદ્દીપન કરનારા ગુણો તે કામગુણો.

આશ્રવદ્વાર-કર્મને ગ્રહણ કરવાના મિથ્યાત્વાદિ ઉપાયો. સંવરદ્વાર-કર્મને ગ્રહણ ન કરવાના ઉપાયો, મિથ્યાત્વાદિ સંવરદ્વારથી વિપરીત સમ્યક્ત્વાદિ. નિર્જરા-દેશથી કર્મક્ષય, તેના કારણો તે નિર્જરા સ્થાન એટલે પ્રાણાતિપાતવિરમણાદિ. આ પ્રાણાતિપાતાદિ વિરમણ સ્થાનો જ સર્વ શબ્દથી વિશેષિત કરતા મહાવ્રતો થાય છે. સ્થૂલ શબ્દ લગાડતા તે અણુવ્રતો થાય છે. આ પાંચેને નિર્જરા સ્થાન સાધારણથી કહ્યા.

સમિતિ-સંગત પ્રવૃત્તિ. ઈર્યાસમિતિ - ચાલતા, જીવહિંસા ન થાય તે રીતે પ્રવૃત્તિ. ભાષાસમિતિ-નિરવદ્ય વચન પ્રવૃત્તિ. એષણા સમિતિ-૪૨ દોષવર્જિત ભોજનાદિ ગ્રહણમાં પ્રવૃત્તિ. ભાંડ, પાત્ર, વસ્ત્રાદિને આદાન - ગ્રહણ કરવા, નિક્ષેપણ - મૂકવામાં સમિતિ-સારી રીતે જોઈને સંગતપ્રવૃત્તિ તે ચોથી. પાંચમી સમિતિ તે उच्चार - વિષ્ઠા, પ્રશ્રવણ - મૂત્ર, खेल - થૂંક, सिंधाण - નાકનો મેલ, जल्ल - શરીરનો મેલ તેને પરઠવવામાં સ્થંડિલાદિ દોષ દૂર કરવાપૂર્વકની પરિત્યાગ પ્રવૃત્તિ.

અસ્તિકાય-પ્રદેશોની રાશિ. ધર્માસ્તિકાયાદિ પાંચ — ગતિ, સ્થિતિ, અવગાહ, ઉપયોગ અને સ્પર્શાદિ અનુક્રમે છે - - - સ્થિતિ સૂત્રોમાં—

સાતે નરકમાં અનુક્રમે ઉત્કૃષ્ટ સ્થિતિ એક, ત્રણ, સાત, દશ, સત્તર, બાવીશ,

તેત્રીશ સાગરોપમ છે. પહેલીમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી તે બીજીમાં જઘન્ય જાણવી... એમ ઉત્તરોત્તર કહેવું. પહેલીમાં જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિ.

દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ બે, સાધિક બે, સાત, સાધિક સાત, દશ, ચૌદ, સત્તર, એમ સાતમાં સુધી છે, પછી ક્રમશઃ એક એક સાગરોપમ વૃદ્ધિ છે. જઘન્ય સ્થિતિ અનુક્રમે — એક, સાધિક એક પલ્યોપમ, પછી-પછી પૂર્વની ઉત્કૃષ્ટ તે જઘન્ય સ્થિતિ છે. એમ ગ્રૈવેયક પર્યન્ત જાણવું.

વાત, સુવાત આદિ બાર નામો, સૂર આદિ બાર નામો જાણવા.

**સમવાય-૫-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૬ ❀

— x — x —

● સૂત્ર-૬ :-

*(૧) લેશ્યાઓ છ કહી — કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લલેશ્યા. (૨) જીવનિકાય છ છે — પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, ત્રસ-કાય. (૩) બાહ્ય તપ છ ભેદે છે — અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા. (૪) અભ્યંતર તપ છ ભેદે છે — પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, ઉત્સર્ગ. (૫) છાદ્મસ્થિક સમુદ્ઘાતો છ છે — વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક-સમુદ્ઘાત. (૬) અર્થાવગ્રહ છ ભેદે કહ્યો — શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, જિહ્વા, સ્પર્શ, નો-ઈન્દ્રિય અર્થાવગ્રહ.*

*કૃતિકા નક્ષત્રના છ તારા છે, આશ્લેષા નક્ષત્રના છતારા છે.*

*(૧) આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની છ પલ્યોપમ સ્થિતિ છે, (૨) ત્રીજી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ છ સાગરોપમ છે. (૩) કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ છ પલ્યોપમ છે. (૪) સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાંક દેવોની સ્થિતિ છ પલ્યોપમ છે. (૫) સનત્કુમાર-માહેન્દ્ર કલ્પે કેટલાક દેવોની સ્થિતિ છ સાગરોપમ છે. (૬) ત્યાં જે દેવો સ્વયંભૂ, સ્વયંભૂરમણ, ઘોષ, સુઘોષ, મહાઘોષ, કૃષ્ટિઘોષ, વીર, સુવીર, વીરગત, વીરશ્રેણિક, વીરાવર્ત્ત, વીરપ્રભ, વીરકાંત, વીરવર્ણ, વીરલેશ્ય, વીરધ્વજ, વીરશ્રૃંગ, વીરશીષ્ટ, વીરકૂડ, વીરોત્તરાવતંસક નામે વિમાનમાં દેવ થાય તેની ઉત્કૃષ્ટ સ્થિતિ છ સાગર છે.*

*તે દેવો છ અર્ધમાસે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તેમને ૬૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. એવા કોઈક ભવસિદ્ધિક જીવો છે જેઓ છ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખનો અંત કરશે.*

● વિવેચન-૬ :-

સૂત્રો સુગમ છે. વિશેષ એ — લેશ્યા, જીવનિકાય, તપ આદિ છ સૂત્રો, નક્ષત્રના બે, સ્થિતિના છ, ઉચ્છ્વાસાદિના ત્રણ સૂત્રો છે.

(૧) લેશ્યા—કૃષ્ણાદિ દ્રવ્યના સામીપ્યથી સ્ફટિક જેવો નિર્મળ આત્મ પરિણામ



તે અહીં લેશ્યા શબ્દથી પ્રવર્તે છે. (૨) બાહ્ય શરીરના શોષણ વડે જે કર્મક્ષયનો હેતુ તે બાહ્ય તપ. (૩) ચિત્તનિરોધ પ્રાધાન્યથી કર્મક્ષયનો હેતુ તે આભ્યંતર તપ. (૪) છાદ્મસ્થિક-અકેવલી અવસ્થામાં થતો સમુદ્ઘાત - सम - એકીભાવથી, उत् - પ્રાબલ્યથી, ઘાત - નિર્જરણ, તે સમુદ્ઘાત. કેમકે વેદનાદિ પરિણત જીવ વેદનીયાદિ કર્મના કાલાંતરે અનુભવ યોગ્ય પ્રદેશોને ઉદીરણા વડે ખેંચી ઉદયમાં લાવી, અનુભાવ કરીને નિર્જરણ કરે છે. અર્થાત્ આત્મપ્રદેશોથી બંધાયેલ કર્મને ખેરવે છે.

ઉક્ત સમુદ્ઘાત વેદનાદિ ભેદથી છ કહ્યા. (૧) વેદના સમુદ્ઘાત-અસાતા વેદનીય કર્માશ્રીત છે. (૨) કષાય સમુદ્ઘાત-કષાય ચારિત્ર મોહનીય કર્માશ્રીત છે. (૩) મારણાંતિક સમુદ્ઘાત-અંતર્મુહૂર્ત્ત શેષાયુકર્માશ્રીત છે. વૈક્રિય-તૈજસ-આહારક સમુદ્ઘાત શરીરનામ કર્માશ્રીત છે. તેમાં વેદના સમુદ્ઘાત વડે વ્યાપ્ત જીવ વેદનીય કર્મ પુદ્ગલોને ખેરવે છે. કષાય સમુદ્ઘાત વડે વ્યાપ્ત જીવ કષાય પુદ્ગલોને, મારણાંતિક સમુદ્ઘાત વડે આયુષ્યકર્મ પુદ્ગલોને ખેરવે છે. વૈક્રિય સમુદ્ઘાતમાં આત્મપ્રદેશોને શરીરથી બહાર કાઢીને શરીર જેટલી ઉંચાઈ-જાડાઈ હોય તેટલા પ્રમાણમાં અને લંબાઈમાં સંખ્યાતા યોજન પ્રમાણ દંડ બનાવીને પૂર્વે બાંધેલ વૈક્રિય શરીર નામકર્મના પુદ્ગલોને યથા સ્થૂલ ખેરવે છે. એ રીતે બાકીના કહેવા.

अर्थ - સામાન્યથી જેનું સ્વરૂપ ન કહી શકાય એવા શબ્દાદિનું. अव - પ્રથમ, વ્યંજનાવગ્રહ પછી તુરંત ગ્રહણ - જાણવું તે અર્થાવગ્રહ. તે નિશ્ચયથી એક સમયનો, વ્યવહારથી અસંખ્ય સમયનો હોય છે. તે છ ભેદે છે — શ્રોત્રાદિ પાંચ ઈન્દ્રિયો અને મન વડે ઉત્પન્ન.

**સમવાય-૬-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૭ ❀

— x — x —

● સૂત્ર-૭ :-

*(૧) સાત ભયસ્થાનો છે — ઈહલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માતભય, આજીવિકાભય, મરણભય, અશ્લોકભય. (૨) સમુદ્ઘાત સાત છે — વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ, આહારક, કેવલી. (૩) શ્રમણ ભગવંત મહાવીર સાત હાથ ઉંચા હતા. (૪) આ જંબૂદ્વીપ દ્વીપમાં સાત વર્ષધર પર્વતો છે — ક્ષુલ્લહિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત, રુકમી, શિખરી, મેરુ. (૫) આ જંબૂદ્વીપ દ્વીપમાં સાત વર્ષ ક્ષેત્રો છે — ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક, ઐરણ્યવત, ઐરવત. (૬) મોહનીય કર્મ ક્ષીણ થયું છે એવા ભગવંતને મોહનીય સિવાય સાત કર્મને વેદે છે.*

*મઘા નક્ષત્રના સાત તારા છે, કૃતિકાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિક છે. [પાઠાંતરથી અભિજિત્ આદિ સાત નક્ષત્રો કહેવા.] મઘાદિ સાત દક્ષિણદ્વારિક. અનુરાધાદિ સાત પશ્ચિમદ્વારિક, ધનિષ્ઠાદિ સાત ઉત્તરદ્વારિક છે.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ સાત પલ્યોપમ છે, ત્રીજી પૃથ્વીના નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમ છે. ચોથી પૃથ્વીના નારકોની જઘન્ય સ્થિતિ સાત સાગરોપમ છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ સાત પલ્યોપમ છે. સૌધર્મ-ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ સાત પલ્યોપમ છે. સનત્કુમાર કલ્પે કેટલાક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમ છે. માહેન્દ્ર કલ્પે દેવોની ઉત્કૃષ્ટ સાત સાગરોપમ સ્થિતિ છે. બ્રહ્મલોક કલ્પે કેટલાક દેવોની સ્થિતિ સાધિક સાત સાગરોપમ છે. જે દેવો સમ, સમપ્રભ, મહાપ્રભ, પ્રભાસ, ભાસુર, વિમલ, કંચનકૂટ, સનત્કુમારાવતંસક વિમાને દેવ થાય છે તેની સ્થિતિ સાત સાગરોપમ છે.*

*તે દેવો સાત અર્ધમાસે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તેમને ૭૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કેટલાક ભવસિદ્ધિક જીવો સાત ભવને ગ્રહણ કરીને સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.*

● વિવેચન-૭ :-

સૂત્રો સુગમ છે. વિશેષ એ — ભય, સમુદ્ઘાતાદિ છ સૂત્રો છે, પાંચ નક્ષત્રના, નવ સ્થિતિના અને ઉચ્છ્વાસાદિના ત્રણ સૂત્રો છે—

(૧) સજાતિયથી થાય તે ઈહલોક ભય, (૨) વિજાતિયથી થાય તે પરલોકભય, (૩) દ્રવ્ય આશ્રીત તે આદાનભય, (૪) બાહ્ય નિમિત્ત વિના સ્વવિકલ્પથી થાય તે અકસ્માતભય, બાકીના ત્રણ સુગમ છે. વિશેષ એ કે — અશ્લોક એટલે અપકીર્તિ... સમુદ્ઘાતો પૂર્વે કહ્યા છે. વિશેષ-કેવલિ સમુદ્ઘાત વેદનીય-નામ-ગોત્ર કર્માશ્રિત છે. રત્નિ - લાંબી આંગળીવાળો હાથ. તે ઉર્ધ્વ ઉચ્ચત્વ લેવું, તિર્છુ ઉચ્ચત્વ નહીં.

અભિજિતાદિ સાત નક્ષત્રોમાં પૂર્વ દિશામાં જતા શુભ થાય છે. એ રીતે અશ્વિની આદિ સાત દક્ષિણદ્વારિક, પુષ્યાદિ સાત પશ્ચિમદ્વારિક છે સ્વાતિ આદિ સાત ઉત્તરદ્વારિક છે. પણ અહીં મતાંતરને આશ્રીને કૃતિકાદિ સાત-સાત નક્ષત્રો પૂર્વાદિદ્વારિક કહ્યા છે. ચંદ્રપ્રજ્ઞપ્તિમાં તો બહુતર મતો દર્શાવ્યા છે... સ્થિતિસૂત્રમાં આઠ વિમાનોના નામ છે.

**સમવાય-૭-ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## ❀ સમવાય-૮ ❀

-- x -- x --

● સૂત્ર-૮ :-

*(૧) આઠ મદસ્થાનો કહ્યા — જાતિમદ, કુલમદ, બલમદ, રૂપમદ, તપમદ, શ્રુતમદ, લાભમદ, ઐશ્વર્યમદ. (૨) આઠ પ્રવચન માતાઓ છે — ઈર્યા-ભાષા-એષણા-આદાન ભાંડ માત્ર નિક્ષેપણા-ઉચ્ચાર પ્રસવણ ખેલ જલ્લ સિંઘાણ પારિષ્ઠાપનિકા સમિતિ, મન-વચન-કાયગુપ્તિ. (૩) વાણવ્યંતર દેવોના ચૈત્યવૃક્ષો આઠ યોજન ઉર્ધ્વ ઉંચા છે. (૪) જંબૂ-સુદર્શના આઠ યોજન ઉર્ધ્વ ઉંચું છે. (૫) ગરુડાવાસરૂપ કૂટ શાલ્મલી વૃક્ષ આઠ યોજન ઉંચુ છે. (૬) જંબૂદ્વીપની જગતી આઠ યોજન ઉર્ધ્વ ઉંચી છે.*

*(૭) કેવલી સમુદ્ઘાત આઠ સમયનો છે. — પહેલા સમયે દંડ કરે, બીજા સમયે કપાટ કરે, ત્રીજા સમયે મંથ કરે, ચોથા સમયે મંથના આંતરાઓ પૂરે, પાંચમાં સમયે મંથના આંતરા સંહરે, છટ્ઠે સમયે મંથને સંહરે, સાતમા સમયે કપાટને સંહરે, આઠમા સમયે દંડને સંહરે, પછી આત્મા શરીરસ્થ થાય.*

*(૮) પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્‌ને આઠ ગણો, આઠ ગણધરો હતા. તે આ પ્રમાણે—*

● સૂત્ર-૯ :-

*શુભ, શુભઘોષ, વશિષ્ઠ, બ્રહ્મચારી, સોમ, શ્રીધર, વીરભદ્ર, યશ.*

● સૂત્ર-૧૦ :-

*આઠ નક્ષત્રો ચંદ્રની સાથે પ્રમર્દ યોગ જોડે છે. તે આ — કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા.*

*આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકોની આઠ પલ્યોપમ સ્થિતિ છે. ચોથી પૃથ્વીમાં કેટલાક નારકોની આઠ સાગરોપમ સ્થિતિ છે. અસુરકુમાર દેવોમાં કેટલાકની આઠ પલ્યોપમ સ્થિતિ છે. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાંક દેવોની સ્થિતિ આઠ પલ્યોપમ છે. બ્રહ્મલોક કલ્પે કેટલાક દેવોની આઠ સાગરોપમ સ્થિતિ છે. જે દેવો અર્ચિ, અર્ચિમાલિ, વૈરોચન, પ્રભંકર, ચંદ્રાભ, સૂર્યાભ, સુપ્રતિષ્ઠાભ, અગ્નિચાભ, રિષ્ટાભ, અરુણાભ, અરુણોત્તરાવતંસક વિમાને દેવ થયેલ દેવોની સ્થિતિ આઠ સાગરોપમ છે.*

*તે દેવો આઠ અર્ધમાસાંતે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તેઓને ૮૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કોઈ ભવસિદ્ધિક જીવો આઠ ભવને ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, યાવત્ સર્વ દુઃખાંત કરશે.*

● વિવેચન-૮ થી ૧૦ :-

સૂત્ર સુગમ છે. વિશેષ એ - મદસ્થાન - x - આદિ નક્ષત્ર પર્યન્ત નવ સૂત્રો છે. સ્થિતિઅર્થક છ અને ઉચ્છ્વાસાદિ ત્રણ સૂત્રો છે.

મદ-અભિમાનના આશ્રયો તે મદસ્થાનો. - x - જાતિ વડે જે મદ કરવો તે જાતિમદ, એ રીતે બીજા સ્થાનો છે. અથવા મદના ભેદો તે મદસ્થાન. - x - પ્રવચન-

દ્વાદશાંગ કે તેનો આધાર સંઘ, તેની માતા તે પ્રવચનમાતા-ઇર્યાસમિતિ આદિ છે. કેમકે તેને આશ્રીને જ દ્વાદશાંગી સાક્ષાત્‌પણે કે પ્રસંગોપાત વર્તે છે અર્થાત્ જેનાથી જે પ્રવર્તે તેને આશ્રીને માતાની કલ્પના છે. સંઘ પક્ષે - જેમ બાળક માતાને છોડ્યા વિના જ આત્મા લાભ પામે, તેમ સંઘ પણ માતાને ન મૂકીને સંઘપણાને પામે અન્યથા નહીં, તેથી ઈર્યાસમિતિ આદિને પ્રવચન માતા કહે છે.

વ્યંતર દેવોના ચૈત્યવૃક્ષો તેમના નગરોમાં સુધર્માદિ સભાની પાસે મણિપીઠિકા ઉપર સર્વ રત્નમય, છત્ર-ચામર-ધ્વજાદિથી અલંકૃત હોય છે. તેને બે શ્લોકોથી જાણવા – ચૈત્યવૃક્ષોમાં પિશાચોનું કલંબ, યક્ષોનું વડ, ભૂતોનું તુલસી, રાક્ષસોનું કંડક, કિન્નરોનું અશોક, કિંપુરુષનું ચંપક, ભુજંગનું નાગ અને ગંધર્વોનું તુંબરુ છે...

ઉત્તરકુરુમાં પૃથ્વિપરિણામ જંબૂ સુદર્શના વૃક્ષ છે... એ રીતે દેવકુરુમાં કૂટશાલ્મલી વૃક્ષવિશેષ છે. ત્યાં ગરુડ જાતિય વેણુદેવનો આવાસ છે... જગતી જંબૂદ્વીપનગરના કિલ્લા જેવી પાળ છે.

પુરુષો મધ્યે આદેય એવા ત્રેવીશમાં તીર્થકર પાર્શ્વ અર્હત્‌ને આઠ ગણ-સમાન વાચના-ક્રિયાવાળો સાધુ સમુદાય હતો. આઠ ગણધરો-તે નામના સૂરિઓ હતા. આ પ્રમાણ-આઠ સંખ્યા સ્થાનાંગ, પર્યુષણા કલ્પમાં દેખાય છે, આવશ્યક સૂત્રમાં - x - પાર્શ્વનાથના દશ ગણ અને ગણધરો કહ્યા. બે ગણધરો અલ્પાયુ આદિ કારણે અવિવક્ષિત જાણવા. શુભ આદિ આઠ છે.

આઠ નક્ષત્રો ચંદ્ર સાથે પ્રમર્દ - ચંદ્ર તેમની મધ્યે થઈને ગતિ કરે છે. એવા પ્રકારના યોગને કરે છે. લોકશ્રી ગ્રંથમાં કહ્યું છે – પુનર્વસુ, રોહિણી, ચિત્રા, મઘા, જયેષ્ઠા, અનુરાધા, કૃત્તિકા, વિશાખા આ આઠ નક્ષત્રો ઉભયયોગવાળા છે. ચંદ્રની ઉત્તર-દક્ષિણ દિશાએ સંબંધ પામે છે. કદાચિત્ ચંદ્ર વડે ભેદને પણ પામે છે. - x -

**સમવાય-૮-ટીકાસહિત અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૯ ❀

— x — x —

● **સૂત્ર-૧૧ :-**

*બ્રહ્મચર્ય ગુપ્તિઓ નવ કહી છે – (૧) સ્ત્રી, પશુ, નપુંસક સંસક્ત શય્યા-આસનને ન સેવે, (૨) સ્ત્રી કથા ન કહે, (૩) સ્ત્રી સમૂહને ન સેવે. (૪) સ્ત્રીઓની મનોહર, મનોરમ ઈન્દ્રિયોને જોનાર અને ધ્યાન કરનાર ન થાય, (૫) પ્રણીતરસ ભોજી ન થાય, (૬) અતિ માત્રાએ પાન-ભોજન ન કરે, (૭) પૂર્વરત-પૂર્વક્રીડિત સ્ત્રીનું સ્મરણ ન કરે. (૮) શબ્દ-રૂપ-ગંધ-રસ-સ્પર્શ અને શ્લાઘાનો અનુસરનાર ન થાય. (૯) શાતાસુખ પ્રતિબદ્ધ ન થાય.*

*બ્રહ્મચર્યની અગુપ્તિઓ પણ નવ કહી છે – સ્ત્રી, પશુ, નપુંસક સંસક્ત શય્યા-આસનને સેવે યાવત્ શાતા-સુખ પ્રતિબદ્ધ થાય.*

● **સૂત્ર-૧૨ :-**

*શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય, શીતોષ્ણીય, સમ્યક્ત્વ, યાવંતી, ધુત, વિમોહાયણ, ઉપધાનશ્રુત અને મહાપરિજ્ઞા આ નવ બંભચેર અધ્યયન છે.*

● **સૂત્ર-૧૩ :-**

*પુરુષાદાનીય પાર્શ્વઅર્હત્ નવ હાથ ઉર્ધ્વ ઉચ્ચત્વથી હતા. અભિજિત્ નક્ષત્ર સાધિક નવ મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે. અભિજિતાદિ નવ નક્ષત્રો ચંદ્ર સાથે ઉત્તરથી યોગને પામે છે. તે – અભિજિત, શ્રવણ યાવત્ ભરણી... આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગથી ૯૦૦ યોજન ઉર્ધ્વ-ઉપરના ભાગે તારાઓ ચારને ચરે છે.*

*જંબૂદ્વીપ દ્વીપમાં નવ યોજનના મત્સ્યો પ્રવેશ્યા હતા-છે-હશે. વિજયદ્વારની એક-એક બાહાને વિશે નવ નવ ભૌમ છે. વાણવ્યંતર દેવોની સુધર્માસભા નવ યોજન ઉર્ધ્વ ઉંચી છે.. દર્શનાવરણીય કર્મની નવ ઉત્તર પ્રકૃત્તિઓ છે – નિદ્રા, પ્રચલા, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ, ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવલદર્શનાવરણ.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની નવ પલ્યોપમની સ્થિતિ છે, ચોથી નારકીમાં કેટલાક નારકીની સ્થિતિ નવ સાગરોપમ છે. કેટલાક અસુરકુમારોની નવ પલ્યોપમ સ્થિતિ છે. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ નવ પલ્યોપમ છે. બ્રહ્મલોકકલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ નવ સાગરોપમ છે. જે દેવો પક્ષ્મ, સુપક્ષ્મ, પક્ષ્માવર્ત, પક્ષ્મપ્રભ, પક્ષ્મકાંત, પક્ષ્મવર્ણ, પક્ષ્મલેશ્ય, પક્ષ્મધ્વજ, પક્ષ્મશ્રૃંગ, પક્ષ્મશિષ્ટ, પક્ષ્મકૂટ, પક્ષ્મોત્તરાવતંસક, સૂર્ય, સુસૂર્ય, સૂર્યાવર્ત, સૂર્યપ્રભ સૂર્યકાંત, સૂર્યવર્ણ, સૂર્યલેશ્ય, સૂર્યધ્વજ, સૂર્યશ્રૃંગ, સૂર્યશિષ્ટ, સૂર્યકૂટ, સૂર્યોત્તરાવતંસક, રુચિર, રુચિરાવર્ત, રુચિરપ્રભ, રુચિરકાંત, રુચિરવર્ણ, રુચિરલેશ્ય, રુચિરધ્વજ, રુચિરશ્રૃંગ, રુચિરશિષ્ટ, રુચિરકૂટ, રુચિરોત્તરાવતંસક વિમાને દેવ થયેલાની નવ સાગરોપમની સ્થિતિ છે.*

*તે દેવો નવ અર્ધમાસાંતે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે, તે દેવોને*

*૯૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કેટલાક ભવસિદ્ધિક જીવો છે જેઓ નવ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખાંત કરશે.*

● **વિવેચન-૧૧ થી ૧૩ :-**

સૂત્ર સુગમ છે. વિશેષ એ – બ્રહ્મગુપ્તિ આદિ ચાર સૂત્રો છે. જ્યોતિષ્કના ત્રણ, મત્સ્યાદિ ચાર, સ્થિત્યાદિના તેટલા જ છે.

બ્રહ્મચર્ય ગુપ્તિ-મૈથુન વિરતિ રક્ષણના ઉપાયો – (૧) સ્ત્રી, પશુ, નપુંસક વડે સંસક્ત-વ્યાપ્ત, શય્યા અને આસન અથવા વસતિ અને આસનને સેવે નહીં. (૨) સ્ત્રીની કથા ન કહે. (૩) સ્ત્રી ગણ-સમુદાયને સેવનાર-ઉપાસક ન થાય. (૪) સ્ત્રીના નેત્ર, નાસિકાદિ આકર્ષણ કરનાર હોવાથી મનોહર અને રમણીયત્વથી મનોરમ ઈન્દ્રિયોને જોનાર અને એકાગ્રચિત્તપણે જોનાર ન હોય. (૫) પ્રણીત રસ-ઘી પ્રચુર ભોજનને ન કરે.

(૬) પાન ભોજનનું અતિ પ્રમાણ જેમ હોય તેમ સદા આહાર ન કરે. (૭) પૂર્વની ક્રીડાને સ્મરણ ન કરે, रत - મૈથુન, સ્ત્રી સાથે ક્રીડા કરેલ. (૮) શબ્દાનુપાતી - x - આદિ ન હોય. કામને ઉદ્દીપન કરનાર શબ્દાદિ, પોતાની પ્રશંસાને અનુસરનાર. (૯) સાત વેદનીય કર્મથી પ્રાપ્ત સુખના પ્રતિબંધવાળો ન હોય. આમ કહીને પ્રશમ સુખનો નાશ ન કહ્યો. - x - x -

કુશલ અનુષ્ઠાન તે બ્રહ્મચર્ય, તેને પ્રતિપાદક અધ્યયન. તે પણ બ્રહ્મચર્ય કહેવાય, તે આચારાંગમાં પ્રથમ શ્રુતસ્કંધમાં કહેલા છે.

અભિજિત નક્ષત્ર સાધિક નવ મુહૂર્ત્ત ચંદ્રની સાથે યોગ કરે છે. - x - અભિજિતાદિ નવ નક્ષત્રો ચંદ્રની ઉત્તર દિશાએ સંબંધ કરે છે, એટલે કે ઉત્તર દિશા સ્થિત તે નક્ષત્રો દક્ષિણ સ્થિત ચંદ્ર સાથે યોગ કરે છે.

અત્યંત સમ ભાગ તે બહુસમ કહેવાય, તેથી જ રમણીય એવા ભૂમિભાગ થકી એટલે કે પર્વત અથવા નરક અપેક્ષાએ નહીં, પણ આઠ રૂચકની અપેક્ષાએ છે. अबाहाए - અંતર કરીને, उवरिल्ल - ઉપર રહેલ, तारारूप - તારાની જાતિ, चार - ભ્રમણ... નવ યોજન લાંબા જ મત્સ્યો જંબૂદ્વીપમાં પ્રવેશે છે. જો કે લવણસમુદ્રમાં ૫૦૦ યોજન લાંબા મત્સ્યો સંભવે છે. તો પણ નદીના મુખમાં જગતીના છેદની યોગ્યતાથી આમ કહ્યું છે. અથવા આ લોક સ્વભાવ છે... જંબૂદ્વીપમાં પૂર્વ દિશામાં રહેલ વિજયદ્વારની એક એક બાહાએ ભૂમિસ્થ નગરો કે અન્યમતે વિશિષ્ટ સ્થાનો છે... વ્યંતરોની સુધર્માસભા નવ યોજન ઉંચી છે... પક્ષ્મ આદિ - x - વિમાનો છે.

**સમવાય-૯-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૧૦ ❀

— x — x —

● **સૂત્ર-૧૪ :-**

*દશ ભેદે શ્રમણધર્મ કહ્યો – ક્ષાંતિ, મુક્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, બ્રહ્મચર્યવાસ... ચિત્ત સમાધિ સ્થાનો દશ કહ્યા – (૧) સર્વ ધર્મ જાણવાને પૂર્વે અસમુત્પન્ન ધર્મચિંતા ઉત્પન્ન થવી. (૨) સ્વપ્નદર્શન પૂર્વે અસમુત્પન્ન હોય તે ઉત્પન્ન થાય, યથાતથ્ય સ્વપ્ન જુએ. (૩) પૂર્વે અસમુત્પન્ન સંજ્ઞીજ્ઞાન ઉત્પન્ન થતાં પૂર્વભવનું સ્મરણ થાય. (૪) પૂર્વે અસમુત્પન્ન દેવદર્શન ઉત્પન્ન થતાં દિવ્ય-દેવર્દ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાવ જુએ. (૫) પૂર્વે અસમુત્પન્ન અવધિજ્ઞાન ઉપજતા અવધિ વડે લોકને જાણે. (૬) પૂર્વે અસમુત્પન્ન અવધિદર્શન ઉપજતા તેના વડે લોકને જુએ છે. (૭) પૂર્વે અસમુત્પન્ન મનઃપર્યવજ્ઞાન ઉપજતા મનોગત ભાવને જાણે. (૮) અસમુત્પન્ન કેવલજ્ઞાન ઉપજતાં સર્વ લોકને જાણે. (૯) પૂર્વે અસમુત્પન્ન કેવલદર્શન ઉપજતા સર્વલોકને જુએ. (૧૦) સર્વ દુઃખના ક્ષય માટે કેવલિમરણે મરણ પામે. [સિદ્ધ થાય]*

*મેરુ પર્વતનો વિષ્કંભ મૂલમાં ૧૦,૦૦૦ યોજન છે... અરિષ્ટનેમિ અર્હત્ દશ ધનુષ્ ઉંચા હતા... કૃષ્ણ વાસુદેવ દશ ધનુષ્ ઉંચા હતા.... રામ બલદેવ દશ ધનુષ્ ઉંચા હતા... દશ નક્ષત્રો જ્ઞાનવૃદ્ધિકર છે–*

● **સૂત્ર-૧૫ :-**

*મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, ત્રણ પૂર્વા, મૂલ, આશ્લેષા, હસ્ત, ચિત્રા.*

● **સૂત્ર-૧૬,૧૭ :-**

*[૧૬] અકર્મ ભૂમિમાં મનુષ્યોને ઉપભોગને માટે દશવિધ વૃક્ષો ઉપસ્થિત છે, તે આ – [૧૭] મત્તાંગક, ભૃંગ, ત્રુટિતાંગ, દીપશિખ, જ્યોતિ, ચિત્રાંગ, ચિત્રરસ, મણ્યંગ, ગેહાકાર, અનગ્ન.*

● **સૂત્ર-૧૮ :-**

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નૈરયિકોની જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિ છે..રત્નપ્રભામાં કેટલાક નૈરયિકોની દશ પલ્યોપમ સ્થિતિ છે.. ચોથી નરકમાં દશ લાખ નરકાવાસ છે.. ચોથી પૃથ્વીમાં નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમ છે.. પાંચમી નરકમાં નારકોની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમ છે.. અસુરકુમારોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે.. અસુરેન્દ્ર સિવાયના ભવનપતિ દેવોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે.. કેટલાક અસુરકુમારોની સ્થિતિ દશ પલ્યોપમ છે.. બાદર વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે.. વાણવ્યંતરોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાંક દેવોની સ્થિતિ દશ પલ્યોપમ છે.. બ્રહ્મલોક કલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમ છે.. લાંતક કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમ છે.. જે દેવો ઘોષ, સુઘોષ, મહાઘોષ, નંદિઘોષ, સુસ્વર, મનોરમ, રમ્ય, રમ્યક, રમણીય, મંગલાવર્ત, બ્રહ્મલોકાવતંસક વિમાને દેવ થયા હોય, તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમ છે.*

***તે દેવો દશ અર્ધમાસે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તે દેવોને ૧૦,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કેટલાક ભવસિદ્ધિક જીવો દશ ભવ ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વદુખાંતકર થશે.***

**● વિવેચન-૧૪ થી ૧૮ :-**

સુબોધ છે, તો પણ કંઈક કહીએ — અહીં ૨૫ સૂત્રો છે. તેમાં (૧) લાઘવ-દ્રવ્યથી અલ્પ ઉપધિ અને ભાવથી ગૌરવ ત્યાગ. સર્વ સંગોનો ત્યાગ અથવા સંવિગ્ન અને મનોજ્ઞ સાધુને દાન તથા બ્રહ્મચર્ય વડે જે રહેવું તે બ્રહ્મચર્યવાસ. (૨) चित्त - મનની समाधि - સમાધાન, પ્રશાંતતા તેનો સ્થાનો-ભેદો તે ચિત્ત સમાધિ સ્થાનો. તેમાં ધર્મો-જીવાદિ દ્રવ્યોનો ઉપયોગ, ઉત્પત્તિ આદિ સ્વભાવો, તેમનો વિચાર અથવા સર્વજ્ઞ ભાષિત શ્રુતચારિત્રાત્મક ધર્મ હરિહરાદિ કથિત ધર્મથી ઉત્તમ છે, એમ વિચારવું તે ધર્મચિંતા.

से - કલ્યાણભાગી, તે સાધુને પૂર્વે અનાદિ અતીત કાળમાં ન ઉત્પન્ન થયેલ ધર્મચિંતા ઉત્પન્ન થાય, તો અપાર્ધ પુદ્ગલ પરાવર્તમાં તેનું અવશ્ય કલ્યાણ થાય. - x - શા માટે આ ધર્મચિંતા ઉત્પન્ન થાય ? સમગ્ર ધર્મ-જીવાદિ દ્રવ્ય સ્વભાવ, ઉપયોગ, ઉત્પાદાદિ કે શ્રુતાદિરૂપ ધર્મને જ્ઞ પરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાજ્ય કર્મને ત્યાગ કરવાને માટે અર્થાત્ ધર્મના જ્ઞાનના કારણભૂત ધર્મચિંતા થાય છે. આ ધર્મચિંતા ઉક્ત સમાધિનું ઉક્તલક્ષણ સ્થાન તે પહેલું સ્થાન.

નિદ્રાધીનને વિકલ્પ જ્ઞાનનું દર્શન-સંવેદન તે સ્વપ્નદર્શન છે. આવું કલ્યાણ પ્રાપ્તિ સૂચક પૂર્વે અનુત્પન્ન સ્વપ્નદર્શન ઉત્પન્ન થાય છે જેમ ભગવંત મહાવીરને અસ્થિક ગામે શૂલપાણી યક્ષે કરેલ ઉપસર્ગને અંતે જોયેલ. આવું સ્વપ્નદર્શન કેમ થાય ? જે પ્રકારે સત્ય હોય તે પ્રકારે સર્વથા નિર્વ્યભિચાર એવા તે સ્વપ્નફળને જોવા-જાણવાને, અવશ્ય થનાર મુક્તિ આદિ શુભ સ્વપ્નફળને જોવા માટે સાધુને સ્વપ્નદર્શન થાય. ક્યાંક सुजाण પાઠ છે. सुजाण - સત્ય અને અવશ્ય થનાર. सुयान - સુગતિને જોવા-જાણવાને. सुज्ञान - થનાર શુભાર્થને અનુભવવાને, કલ્યાણસૂચક સત્ય સ્વપ્ન દર્શનથી ચિત્તસમાધિ થાય તે બીજું.

સંજ્ઞાન એટલે સંજ્ઞા. જો કે તે હેતુવાદ-દૃષ્ટિવાદ-દીર્ઘકાલિક ઉપદેશ ભેદથી અનુક્રમે વિકલેન્દ્રિય-સમ્યગ્દૃષ્ટિ-સમનસ્કને હોવાથી ત્રણ ભેદે છે. તો પણ અહીં દીર્ઘકાલિકોપદેશ સંજ્ઞા ગ્રાહ્ય છે. તે જેને છે તે સંજ્ઞી-સમનસ્ક છે. તે સંજ્ઞીનું જ્ઞાન તે સંજ્ઞીજ્ઞાન. તે અધિકૃત સૂત્રમાં બીજી રીતે ન ઘટી શકે તેથી જાતિ સ્મરણ જ્ઞાન જ લેવું. તે પૂર્વે ઉત્પન્ન ન થયેલું સાધુને ઉત્પન્ન થાય. શા માટે ? પૂર્વભવોને સ્મરણ કરવા માટે. પૂર્વ ભવ સ્મરણથી સંવેગ થતાં સમાધિ ઉપજે તે ત્રીજી.

પૂર્વે અનુત્પન્ન દેવદર્શન થાય. દેવો તેના ગુણીત્વથી દર્શન દે છે. તેનું ફળ શું? દિવ્ય દેવર્દ્ધિ-ઉત્તમ પરિવારાદિરૂપ, દેવદ્યુતિ-વિશિષ્ટ શરીર-આભરણાદિ દીપ્તિ. દેવાનુભાવ-ઉત્તમ વૈક્રિયકરણાદિ પ્રભાવ જોવા માટે. આ સર્વ દેખાડવાને. દેવદર્શનથી આગમના અર્થોમાં દૃઢ શ્રદ્ધા અને ધર્મનું બહુમાન થતાં ચિત્તસમાધિ થવી તે ચોથું સ્થાન.



પૂર્વે અનુત્પન્ન અવધિજ્ઞાન ઉત્પન્ન થાય. નિયત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ અવધિ-મર્યાદાથી લોકને જાણવા માટે. વળી વિશિષ્ટ જ્ઞાનથી ચિત્તની સમાધિ થાય તે પાંચમું... અવધિદર્શન છટ્ઠું.

પૂર્વે અનુત્પન્ન મનઃપર્યવજ્ઞાન થાય. શા માટે ? અઢીદ્વીપ, બે સમુદ્રમાં રહેલા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને જાણવા માટે. મનના જ્ઞાન માટે. આ સાતમું સ્થાન જાણવું.

પૂર્વે અનુત્પન્ન કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. શા માટે ? તેના વડે પરિપૂર્ણ જોવાય તે લોક-લોકાલોક સ્વરૂપને જાણવાને. કેવળજ્ઞાન ચિત્તસમાધિનો ભેદ હોવાથી ચિત્ત સમાધિનું સ્થાન છે. કેવલીને મન હોતું નથી, તેથી ચિત્ત એટલે ચૈતન્ય તે આઠમું... કેવલદર્શન નવમું.

કેવલી મરણ કરે. શા માટે ? સર્વ દુઃખના નાશ માટે. આ કેવલી મરણ સર્વ સ્થાનોમાં ઉત્તમ સમાધિ સ્થાન છે, એ દશમું છે.

(૩) અકર્મભૂમિ-ભોગભૂમિમાં ઉત્પન્ન મનુષ્યોને દશ પ્રકારના કલ્પવૃક્ષો ઉપભોગપણાને પ્રાપ્ત થયા છે. તેમાં મત્તાંગ-મદ્યના કારણભૂત છે. ભૃંગાંગ-વાસણ આપે છે, ત્રુટિતાંગ-તૂર્યાંગ આપે છે, દીપશીખ-પ્રદીપનું કાર્ય કરે છે, જ્યોતિ-અગ્નિનું કાર્ય કરે છે, ચિત્રાંગ-પુષ્પ આપે છે, ચિત્રરસ-ભોજન આપે છે. મણ્યંગ-આભરણ આપે છે, ગેહાકાર-ભવનપણાથી ઉપકાર કરે છે, અનગ્નત્વ-વસ્ત્ર સહિતપણાનું કારણ છે.

ઘોષ આદિ અગ્યાર વિમાનનાં નામો છે.

**સમવાય-૧૦-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૧૧ ❀

-- x -- x --

● સૂત્ર-૧૯ :-

*(૧) ઉપાસક પ્રતિમા-૧૧-કહી-દર્શનશ્રાવક, કૃતવ્રતકર્મા, કૃતસામાયિક, પૌષધોપવાસ તત્પર, દિવસે બ્રહ્મચારી અને રાત્રે પરિમાણકૃત્, દિવસે અને રાત્રે પણ બ્રહ્મચારી, સ્નાનરહિત, પ્રકાશમાં ભોજનકર્તા, કાછડી ન મારનાર, સચિત્ત ત્યાગી, આરંભત્યાગી, પ્રેષ્યત્યાગી, ઉદ્દિષ્ટભક્ત ત્યાગી, શ્રમણભૂત - x -*

*(૨) લોકાંતથી અબાધા વડે ૧૧૧૧ યોજને જ્યોતિષ્ક કહ્યા. (૩) જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતથી ૧૧૨૧ યોજને જ્યોતિષ્ ચક્ર ચાર ચરે છે. (૪) શ્રમણ ભગવંત મહાવીરને ૧૧ ગણધરો હતા. તે આ — ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ.*

*(૫) મૂલ નક્ષત્રના ૧૧-તારાઓ છે, (૬) નીચેના ત્રણ ગ્રૈવેયકમાં દેવોના ૧૧૧-વિમાનો છે. (૭) મેરુ પર્વત ઉપર પૃથ્વીતલથી ઉંચાઈ ૧૧ ભાગ પરિહીન ઉચ્ચત્વથી છે... (૧) આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૧૧-પલ્યોપમ સ્થિતિ છે, (૨) પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકોની ૧૧-સાગરોપમ સ્થિતિ છે. (૩) કેટલાક અસુરકુમારોની સ્થિતિ-૧૧-પલ્યોપમ છે, (૪) સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ-૧૧-પલ્યોપમ છે. (૫) લાંતક કલ્પે કેટલાક દેવોની સ્થિતિ-૧૧-સાગરોપમ છે. (૬) જે દેવો બ્રહ્મ, સુબ્રહ્મ, બ્રહ્માવર્ત, બ્રહ્મપ્રભ, બ્રહ્મકાંત, બ્રહ્મવર્ણ, બ્રહ્મલેશ્ય, બ્રહ્મધ્વજ, બ્રહ્મસૃષ્ટ, બ્રહ્મકૂટ, બ્રહ્મોત્તરાવતંસક વિમાને દેવ થાય, તેમની ૧૧-સાગરોપમ સ્થિતિ છે.*

*તે દેવો ૧૧-અર્ધમાસાંતે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તેમને ૧૧,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૧-ભવોને ગ્રહણ કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત થઈ સર્વે દુઃખોનો અંત કરશે.*

● વિવેચન-૧૯ :-

અર્થ સુગમ છે. વિશેષ આ — પ્રતિમાદિ અર્થના સાત અને સ્થિતિ આદિના નવ સૂત્રો છે. તેમાં સાધુની જે ઉપાસના-સેવા કરે તે ઉપાસક-શ્રાવક. તેમની પ્રતિમા-અભિગ્રહ તે ઉપાસક પ્રતિમા. તેમાં દર્શન-સમ્યક્ત્વ, તેને સ્વીકારનાર શ્રાવક તે દર્શનશ્રાવક. - x - પ્રતિમા અને પ્રતિમાવાન્‌ના અભેદ ઉપચારથી પ્રતિમાવાન્‌નો નિર્દેશ છે. એ રીતે પછીના બધા પદોમાં જાણવું.

ભાવાર્થ આ છે — અણુવ્રતાદિ વ્રત રહિત જે શંકાદિ શલ્યરહિત એવા માત્ર સમ્યગ્દર્શનનો સ્વીકાર તે પહેલી પ્રતિમા.. જેણે અણુવ્રતાદિનું શ્રવણ કર્યુ છે - જ્ઞાન ઈચ્છા અને સ્વીકારરૂપ કર્મ કર્યુ છે જેણે, તે સમકિત પામેલા શ્રાવક તે કૃતવ્રતકર્મા-અણુવ્રતાદિ ધારણ કરનાર તે બીજી પ્રતિમા.

સામાયિક-સાવધ યોગ ત્યાગ, નિરવધ યોગનું સેવન જેણે દેશથી કર્યુ છે, તે 'સામાયિકકૃત' કહેવાય - x - આ રીતે પૌષધવ્રત ન સ્વીકારીને સમ્યક્ત્વ-વ્રત



યુક્ત એવો શ્રાવક પ્રતિદિન ઉભયસંધ્યા ત્રણ માસ સામાયિક કરવું તે ત્રીજી પ્રતિમા.. કુશલધર્મની પુષ્ટિ અને આહારત્યાગાદિને ધારણ કરે તે પૌષધ. પૌષધ વડે ઉપવસન-એક અહોરાત્ર રહેવું તે અથવા પૌષધ-અષ્ટમી આદિ પર્વતિથિમાં ઉપવાસ તેને પૌષધોપવાસ કહે છે. આ માત્ર વ્યુત્પત્તિ કહી, પ્રવૃત્તિથી આહાર, શરીર સત્કાર, અબ્રહ્મ, વ્યાપારનો ત્યાગ છે. આવા પૌષધોપવાસમાં આસક્ત તે ''પૌષધોપવાસનિરત'' આ ચોથી પ્રતિમા છે. તેમાં આઠમ, ચૌદસ, પૂનમ, અમાસે આહાર પૌષધાદિ ચાર પ્રકારના પૌષધનો સ્વીકાર, ચાર માસ પર્યન્ત કરે છે.

પાંચમી પ્રતિમામાં અષ્ટમી આદિ પર્વોમાં એકરાત્રિકી પ્રતિમા કરે. આ અર્થવાળું સૂત્ર અધિકૃત સૂત્ર પુસ્તકોમાં દેખાતું નથી, ઉપાસકદશાદિમાં દેખાય છે. તેને આધારે આ અર્થ કહ્યો છે. પર્વ સિવાયની બીજી તિથિઓમાં દિવસે બ્રહ્મચારી રહે, રાત્રિમાં સ્ત્રીઓનું કે તેમના ભોગોનું પ્રમાણ જેણે કર્યુ હોય તે પરિમાણકૃત કહેવાય - અર્થાત્ - દર્શન, વ્રત, સામાયિક, પર્વતિથિએ પૌષધ સહિત શ્રાવક પાંચ માસ સુધી પર્વતિથિમાં એકરાત્રિકી પ્રતિમા ધારણ કરે અને શેષ તિથિમાં દિવસે બ્રહ્મચારી રહી રાત્રિએ મૈથુન પરિમાણ કરે, સ્નાન ન કરે, કછોટો ન મારે, એમ કરવાથી પાંચમી પ્રતિમા થાય - *ઉક્ત વ્યાખ્યાને જણાવતો એક-શ્લોક પણ વૃત્તિકારે મૂકેલ છે.*

દિવસે અને રાત્રે પણ બ્રહ્મચારી, સ્નાનરહિત. ક્વચિત્ પાઠ છે - अनिशादि - રાત્રિમાં ભોજન ન કરે. वियडभोई દિવસના પ્રગટ પ્રકાશમાં, રાત્રે નહીં, દિવસે પણ અપ્રકાશપ્રદેશે ભોજન ન કરે તે વિકટભોજી છે. मोलिकड - ધોતીને કચ્છ ન બાંધે. આ છટ્ઠી પ્રતિમા છે. પૂર્વોક્ત પાંચે પ્રતિમાના અનુષ્ઠાન સહિત છ માસ સુધી બ્રહ્મચારી રહી આને આરાધે.

સચિત્ત આહારના સ્વરૂપાદિ જાણવા થકી ત્યાગ કરે તે શ્રાવક સચિત્તાહાર પરિજ્ઞાન છે. આ સાતમી પ્રતિમા. પૂર્વોક્ત છ એ પ્રતિમાના અનુષ્ઠાન સહિત સાતમાસ સુધી પ્રાસુક આહાર થકી આનું આરાધન થાય.

આરંભ-પૃથિવ્યાદિ ઉપમર્દન લક્ષણ. જાણીને તજે તે આરંભ પરિજ્ઞાત છે. આ આઠમી પ્રતિમા. પૂર્વોક્ત સાતે પ્રતિમા સહિત આરંભ વર્જન કરવું.

પ્રેષ્ય-આરંભકાર્યમાં પ્રેરવા યોગ્યને જાણીને તજે તે પ્રેષ્યપરિજ્ઞાત શ્રાવક અને નવમી પ્રતિમા છે. પૂર્વોક્ત સર્વે અનુષ્ઠાન સહિત શ્રાવક નવ માસ સુધી બીજા પાસે આરંભ ન કરાવે... ઉદ્દિષ્ટ-પ્રતિમા વાહક શ્રાવકને ઉદ્દેશીને કરેલ ઓદનાદિ તે ઉદ્દિષ્ટ ભક્ત. તે જાણીને તજે તે ઉદ્દિષ્ટ ભક્ત-પરિજ્ઞાત પ્રતિમા. પૂર્વોક્ત નવે સહિત દશ માસ સુધી આધાકર્મી ભોજનનો ત્યાગ કરે, અસ્ત્રાથી મુંડન કરાવે કે શિખાવાળો રહે, કોઈ કંઈ ઘરનો વૃત્તાંત પૂછે ત્યારે જાણતો હોય તો 'હું જાણું છું' કહે, ન જાણતો હોય તો 'જાણતો નથી' એમ કહે. આ રીતે દશ માસ સુધી ઉત્કૃષ્ટપણે વિચરે તે દશમી પ્રતિમા.

શ્રમણ-નિર્ગ્રન્થ, તેનું અનુષ્ઠાન કરવાથી તે સાધુતુલ્ય કહેવાય. - x - આવો સાધુતુલ્ય શ્રાવક, હે આયુષ્યમાન્ શ્રમણ ! અગ્યારમી પ્રતિમા ધારક છે, એમ

સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને સંબોધીને કહ્યું - અર્થાત્ - પૂર્વોક્ત સર્વે ગુણે સહિત, અસ્ત્રાથી મુંડન કરે કે લોચ કરે, સાધુવેષ ધારણ કરે, ઈર્યાસમિતિ આદિ સાધુ ધર્મને પાળે, ભિક્ષાર્થે ગૃહસ્થકુળમાં પ્રવેશે ત્યારે ‘‘પ્રતિમા પ્રતિપન્ન શ્રાવકને (મને) ભિક્ષા આપો.’’ એમ બોલે. કોઈ પૂછે — ‘‘તું કોણ છે ?’’ કહે કે — ‘‘હું પ્રતિમા પ્રતિપન્ન શ્રાવક છું.’’ આ રીતે ૧૧-માસ સુધી કરે તે અગ્યારમી પ્રતિમા છે. - - પુસ્તકાંતરમાં વાચના - -

(૧) દર્શન શ્રાવક, (૨) કૃતવ્રતકર્મા, (૩) કૃત સામાયિક, (૪) પૌષધોપવાસ-નિરત, (૫) રાત્રિભક્ત પરિજ્ઞાત, (૬) સચિત્ત પરિજ્ઞાત, (૭) દિવા બ્રહ્મચારી રાત્રે પરિમાણકૃત, (૮) દિવસે અને રાત્રે પણ બ્રહ્મચારી-સ્નાનરહિત-કેશ રોમ નખ ન ઉતારે, (૯) આરંભ પરિજ્ઞાત-પ્રેષણ પરિજ્ઞાત, (૧૦) ઉદ્દિષ્ટભક્તવર્જક, (૧૧) શ્રમણભૂત - x - ક્વચિત્ (૯) આરંભપરિજ્ઞાત (૧૦), પ્રેષ્યારંભ પરિજ્ઞાત અને (૧૧) ઉદ્દિષ્ટભક્તવર્જક શ્રમણભૂત કહી છે.

જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતથી ૧૧૨૧ અધિક યોજન અંતરે જ્યોતિષ્ ચક્ર ચાર - પરિભ્રમણ, चरति - કરે છે. - x - લોકાંતથી ૧૧૧૧ યોજન બાધારહિત-અંતરે કરીને જ્યોતિષ્ ચક્ર પર્યન્ત કહ્યો છે. આ વાંચનાંતર વ્યાખ્યા છે. કહ્યું છે - ૧૧૨૧ અને ૧૧૧૧ યોજન મેરુ અને અલોકની અબાધાએ જ્યોતિષ્ ચક્ર ચાર ચરે છે અને રહેલું છે.

અધિકૃત્ વાચનામાં આ હમણાં વ્યાખ્યાન કરેલ બે આલાવા ઉલટા પણ દેખાય છે. - x - ૧૧૧ વિમાન હોય છે એમ જાણીને એટલે ભગવંતે તથા બીજા કેવલીઓએ કહ્યું છે, એવું સુધર્માસ્વામીનું વચન છે.

મેરુના ભૂતલથી આરંભી શિખરના ઉપરના ભાગ સુધી વિષ્કંભ અપેક્ષાએ અંગુલાદિના ૧૧-૧૧મા ભાગે હાનિ પામતો ઉપર-ઉપર છે. અહીં એમ કહે છે — મેરુ પર્વતનો વિષ્કંભ ભૂમિતલે ૧૦,૦૦૦ યોજન છે, ત્યાંથી એક અંગુલ ઉંચે જતા તેનો ૧૧મો ભાગ ઓછો થાય છે. એ રીતે ગણતાં ૧૧ અંગુલ ઉંચે જતા એક આંગળ ઘટે છે. આ ન્યાયે ૧૧-યોજન જતાં એક યોજન ઘટે છે. એ રીતે ૧૧,૦૦૦ યોજને ૧૦૦૦ યોજન ઘટે છે અને ૯૯૦૦૦ યોજને ૯૦૦૦ યોજન ઘટે છે. તેથી શિખરે ૧૦૦૦ યોજન વિષ્કંભ રહે છે. ઇત્યાદિ - x - બ્રહ્મ આદિ બાર વિમાનો છે.

**સમવાય-૧૧-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૧૨ ❀

— x — x —

● **સૂત્ર-૨૦ :-**

*બાર ભિક્ષુ પ્રતિમાઓ કહી છે — માસિકી ભિક્ષુપ્રતિમા, બે માસની ભિક્ષુપ્રતિમા, ત્રણ માસની ભિક્ષુપ્રતિમા, ચઉમાસી ભિક્ષુપ્રતિમા, પંચમાસી ભિક્ષુ પ્રતિમા, છમાસી ભિક્ષુપ્રતિમા, સત્તમાસી ભિક્ષુપ્રતિમા, પહેલી સાત રાત-દિનની ભિક્ષુપ્રતિમા, બીજી સાત રાત-દિનની ભિક્ષુપ્રતિમા, ત્રીજી સાત રાત-દિનની ભિક્ષુપ્રતિમા, અહોરાત્રિક ભિક્ષુપ્રતિમા, એકરાત્રિકી ભિક્ષુપ્રતિમા.*

● **સૂત્ર-૨૧,૨૨ :-**

*[સંભોગ બાર ભેદે કહ્યો —] [૨૧] ઉપધિ, શ્રુત, ભક્તપાન, અંજલિપ્રગ્રહ, દાન, નિકાય, અભ્યુત્થાન... [૨૨] કૃતિકર્મકરણ, વૈયાવચ્ચકરણ, સમવસરણ, સંનિષધા, કથાપ્રબંધ.*

● **સૂત્ર-૨૩,૨૪ :-**

*[૨૩] બાર આવર્ત્તવાળું કૃતિકર્મ કહ્યું છે... [૨૪] બે અર્ધનમન, યથાજાત, દ્વાદશાવર્ત્ત કૃતિકર્મ, ચાર શિરોનમન, ત્રણ ગુપ્ત, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણ [આ રીતે ૨૫-આવશ્યક થાય છે.]*

● **સૂત્ર-૨૫ :-**

*(૧) વિજયા રાજધાની લંબાઈ-પહોળાઈથી ૧૨,૦૦૦ યોજન કહી છે — (૨) રામ બલદેવ ૧૨૦૦ વર્ષનું સર્વાયુ પાળીને દેવપણું પામ્યા. (૩) મેરુ પર્વતની ચૂલિકા વિષ્કંભથી મૂળમાં ૧૨-યોજન છે. (૪) જંબૂદ્વીપની વેદિકા મૂળમાં વિષ્કંભથી ૧૨ યોજન છે. (૫) સર્વ જઘન્ય રાત્રિ બાર મુહૂર્ત્તની છે. (૬) એ જ પ્રમાણે દિવસ પણ જાણવો. (૭) સર્વાર્થસિદ્ધ મહાવિમાનથી ઉપરની સ્તૂપના અગ્ર ભાગથી ૧૨-યોજન ઉંચે જતા ઇષત્ પ્રાગ્ભારા પૃથ્વી છે. (૮) ઈષત્પ્રાગ્ભાર પૃથ્વીના બાર નામ કહ્યા છે - (૯) ઈષત્, ઈષત્ પ્રાગ્ભાર, તનુ, તનુકતર, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય, બ્રહ્મ, બ્રહ્માવતંસક, લોકપ્રતિપૂરણા, લોકાગ્રચૂલિકા.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ બાર પલ્યોપમ છે.. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકોની બાર સાગરોપમ સ્થિતિ છે.. કેટલાક અસુરકુમારોની બાર પલ્યોપમ સ્થિતિ છે.. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની બાર પલ્યોપમ સ્થિતિ છે.. લાંતક કલ્પે કેટલાક દેવોની બાર સાગરોપમ સ્થિતિ છે.. જે દેવો માહેન્દ્ર, માહેન્દ્ર ધ્વજ, કંબુ, કંબુગ્રીવ, પુંખ, સુપુંખ, મહાપુંખ, પુંડ, સુપુંડ, મહાપુંડ, નરેન્દ્ર, નરેન્દ્રકાંત, નરેન્દ્રાવતંસક વિમાને દેવ થયેલાની સ્થિતિ બાર સાગરોપમ છે.*

*તે દેવો બાર અર્ધમાસે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તે દેવોને ૧૨,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો બાર ભવ વડે સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.*

● **વિવેચન-૨૦ થી ૨૫ :-**

સૂત્ર સુગમ છે. વિશેષ એ – સ્થિતિ સૂત્રો પૂર્વે ૧૧ સૂત્રો કહ્યા છે. તેમાં વિશિષ્ટ સંહનનવાળા અને શ્રુતવાન્ ભિક્ષુની જે પ્રતિમા-અભિગ્રહો તે ભિક્ષુપ્રતિમા.. તેમાં એક માસથી સાત માસ સુધીની પ્રતિમા ઉત્તરોત્તર એક માસની વૃદ્ધિવાળી એક એક ભાત-પાણીની દત્તિ વડે વૃદ્ધિવાળી જાણવી. તથા સાત-સાત રાત્રિદિવસની ત્રણ પ્રતિમા છે. - x - આ ત્રણેમાં ક્રિયા વડે તફાવત છે. તે આ – આઠમી પ્રતિમામાં ચોથભક્ત તપ, ગ્રામાદિની બહાર રહેવું, ઉત્તાન આસનાદિ છે.. નવમી પ્રતિમામાં ઉત્કટુકાદિ આસન એ વિશેષ છે. દશમીમાં વીરાસન એ વિશેષ છે. એક અહોરાત્રિકી અગ્યારમીમાં છઠ્ઠભક્ત તપ છે. બારમી એકરાત્રિકીમાં અઠ્ઠમભક્ત તપ, છેલ્લી રાત્રિએ હાથ લાંબા રાખી, બે પગ ભેગા રાખી, કાયાને કંઈક નમાવી, નિર્નિમેષ રહેવું.

સમ - એકીભૂત સમાન સમાચારવાળા સાધુનું ભોજન તે સંભોગ. તે ઉપધિ આદિ લક્ષણ વિષય ભેદથી બાર પ્રકારે છે - x - તેમાં ઉપધિ - વસ્ત્ર, પાત્રાદિ તે સાંભોગિક સાધુ બીજા સાંભોગિક સાથે ઉદ્‌ગમ, ઉત્પાદન, એષણા દોષરહિત વિશુદ્ધને ગ્રહણ કરે તો શુદ્ધ અને અશુદ્ધ ગ્રહે કે પ્રેરે તો પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે. આ રીતે ત્રણ વખત સુધી પ્રાયશ્ચિત્ત લે તો સંભોગને લાયક છે, ચોથી વખતે પ્રાયશ્ચિત્ત લેવા છતાં વિસંભોગને યોગ્ય જ છે.

વળી વિસંભોગિક સાથે કે પાર્શ્વસ્થાદિ સાથે અથવા સાધ્વી સાથે રહીને નિષ્કારણ શુદ્ધ કે અશુદ્ધ ઉપધિ ગ્રહણ કરે કે બીજાને પ્રેરીને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે તો પણ ત્રણવાર પછી અસંભોગ્ય થાય. એ રીતે ઉપધિનું પરિકર્મ કે પરિભોગકર્તા માટે જાણવું. કહ્યું છે કે ત્રણ વખત આલોચના કરે તેનું પ્રાયશ્ચિત્ત થાય, પછી તો તે અસંભોગ્ય જ થાય છે.

સાંભોગિક સાધુ અન્ય સાંભોગિક સાધુ શ્રુત ભણવા આવે ત્યારે વિધિપૂર્વક વાચના, પૃચ્છનાદિ કરે તો તે શુદ્ધ છે, પણ તે અવિધિથી ઉપસંપન્ન થયો હોય અથવા અનુપસંપન્ન હોય, પાસત્થો કે સ્ત્રી હોય, તેને વાચનાદિ આપે તો તે તેજ પ્રમાણે ત્રણ વાર પછી અસંભોગ્ય થાય.

ભક્ત-પાનના વિષયમાં ઉપધિ પ્રમાણે જાણવું. વિશેષ એ – ત્યાં પરિકર્મ અને પરિભોગ કહ્યા, અહીં ભોજન અને દાન કહેવા.

અંજલિ પ્રગ્રહ - x - x - હાથ જોડવા, અર્થાત્ વંદનાદિ. સાંભોગિક કે અન્ય સાંભોગિક સંવિગ્નને વંદન, અંજલિ જોડવી, ક્ષમા શ્રમણને નમસ્કાર એમ બોલે, આલોચના-સૂત્રાર્થ નિમિત્તે નિષધા કરે તે શુદ્ધ પણ પાર્શ્વસ્થાદિને કરે તો ઉપર મુજબ સંભોગ્ય-વિસંભોગ્ય જાણવા.

દાન-સાંભોગિક પોતાના સાંભોગિકને શિષ્ય-ગણ સોંપે અથવા શિષ્યગણને વસ્ત્રાદિ ઉપગ્રહમાં અસમર્થ હોય તો સોંપે. તો તે શુદ્ધ છે. પણ નિષ્કારણ વિસંભોગિક કે પાસત્થા કે સાધ્વીને સોંપે તો પૂર્વવત્ જાણવો.

નિકાચન-છંદન કે નિમંત્રણ, તેમાં શય્યા, ઉપધિ, આહાર વડે તથા



શિષ્યગણપ્રદાન અને સ્વાધ્યાય વડે સાંભોગિક અન્ય સાંભોગિકને નિમંત્રણ કરે તો શુદ્ધ છે. શેષ સર્વે પૂર્વવત્ જાણવું.

અભ્યુત્થાન-આસન ત્યાગરૂપ, તે બીજું સંભોગ-અસંભોગ સ્થાન છે. તેમાં પાસત્થાદિ સામે જો પોતે અભ્યુત્થાન કરે તો અસંભોગ્ય. અભ્યુત્થાનના ઉપલક્ષણથી પ્રાઘુર્ણક કે ગ્લાનાદિ અવસ્થામાં - હું તમારી શું વિશ્રામણાદિ કરું ? એ રીતે પ્રશ્ન સ્વરૂપ કિંકરપણું કરે તથા પાર્શ્વસ્થાદિનો ધર્મ જોઈ સ્વધર્મથી ચ્યુત થાય તો ફરીથી સ્વધર્મમાં જ સ્થાપવો તથા અવિભક્ત-અભેદપણાને કરતો સાધુ અશુદ્ધ અને અસંભોગ્ય થાય છે. પરંતુ આ સર્વે આગમાનુસાર કરે તો તે શુદ્ધ અને સંભોગ્ય જાણવો.

કૃતિકર્મ-વંદન, તેને કરવું. તે વિધિથી કરે તો શુદ્ધ અન્યથા અસંભોગ્ય. તેનો વિધિ આ છે – જે સાધુ વાયુ વડે સ્તબ્ધ શરીરી હોવાથી ઉઠવા વગેરેમાં અશક્ત હોય, તે અસ્ખલિતાદિ ગુણયુક્ત એવા સૂત્રનો જ માત્ર ઉચ્ચાર કરે, આવર્ત્ત-શિરોનમનાદિ જે શક્તિ હોય તે કરે. આ રીતે અશઠ પ્રવૃત્તિ કરવી એ જ વંદનવિધિ છે.

વૈયાવૃત્યકરણ-આહાર-ઉપધિ દાનાદિથી, માતૃ માટે માત્રક આપવા વગેરેથી, અધિકરણ દોષના ઉપશમનથી, સહાયદાન કે ટેકો આપવો તે. આ વિષયમાં સંભોગ-અસંભોગ થાય છે.

સમોસરણ-જિનેશ્વરનું સ્નાત્ર, રથનું અનુગમન આદિમાં ઘણાં સાધુનું એકઠું થવું તે સમોસરણ. ક્ષેત્રને આશ્રીને અહીં સર્વ સાધુને સાધારણ અવગ્રહ હોય, વસતિને આશ્રીને સાધારણ-અસાધારણ બંને હોય. એ રીતે ઉપલક્ષણથી બીજા પણ અવગ્રહો જાણવા. તે અનેક છે – વર્ષાવગ્રહ, ઋતુબદ્ધાવગ્રહ, વૃદ્ધવાસાવગ્રહ. આ દરેકના સાધારણ અને પ્રત્યેકાવગ્રહ બે ભેદ છે. તેમાં જે ક્ષેત્ર વર્ષાકલ્પાદિ માટે એકસાથે ભિન્ન ગચ્છવાળા બે વગેરે સાધુ અનુજ્ઞાથી ગ્રહણ કરે તે સાધારણ, પણ જે ક્ષેત્રનો કેટલાક સાધુઓએ અનુજ્ઞા લઈ આશ્રય કર્યો તે પ્રત્યેક.

આ રીતે અવગ્રહમાં હિંસા અને અકલ્પ્ય એવા શિષ્યરૂપ સચિત્ત કે વસ્ત્રાદિ અચિત્તને ગ્રહણ કરે કે અનાભોગે ગૃહિતને પરત ન કરે તે સમનોજ્ઞ-અમનોજ્ઞ કહેવાય. તથા પ્રાયશ્ચિત્તવાળા-અસંભોગ્ય થાય. પાર્શ્વસ્થાદિમાં ક્ષેત્ર નાનું હોય તો ત્યાગ કરે, મોટું હોય તો ત્યાં રહી શકે અને સચિત્ત શિષ્યાદિને ગ્રહણ કરે, તો પ્રાયશ્ચિત્તવાળા થતાં નથી.- x -

સન્નિષધા-આસન વિશેષ. તે સંભોગ-અસંભોગનું કારણ થાય. તે આ રીતે - સંનિષધાગત આચાર્ય નિષધાગત સાંભોગિક આચાર્ય સાથે શ્રુતપરિવર્તના કરે તે શુદ્ધ પણ અમનોજ્ઞ-પાસત્થાદિ સાધ્વી કે ગૃહસ્થ સાથે કરે તો પ્રાયશ્ચિત્તી થાય. તથા અક્ષનિષધા વિના અનુયોગ કરે કે સાંભળે તો પ્રાયશ્ચિત્ત (શિષ્ય) આસને બેસીને સૂત્રાર્થ પૂછે કે અતિચાર આલોવે તો પ્રાયશ્ચિત્તી થાય.

કથા-વાદાદિ પાંચ પ્રકારે, તેનું જે કરવું તે કથા પ્રબંધન. તેમાં સંભોગ-અસંભોગ થાય છે. પાંચ પ્રકારે વાદ આ પ્રમાણે – (૧) કોઈ મતનો સ્વીકાર કરીને

તે મતને સિદ્ધ કરવો, તે છલજાતિ રહિત સત્યાર્થનું અન્વેષણ કરનાર વાદ. (૨) તે જ વાદ છળજાતિ નિગ્રહરૂપે હોય તો જલ્પ, (૩) બે પક્ષમાંથી એક પક્ષને ગ્રહણ કર્તા હાજર હોય અને બીજા પક્ષને ગ્રહણ કર્તા હાજર ન હોય તો વિતંડા, (૪) ચોથી પ્રકીર્ણકથા છે તે ઉત્સર્ગ કે દ્રવ્યાસ્તિક નય કથા છે, (૫) નિશ્ચય કથા - અપવાદ માર્ગ કે પર્યાય નયની છે. પહેલી ત્રણ કથા સાધ્વી વિના કરવી અન્યથા પ્રાયશ્ચિત્ત. ઇત્યાદિ - x - તે બધાંનો વિસ્તારાર્થ નિશીથ ભાષ્યથી જાણવો.

દ્વાદશાવર્ત કૃતિકર્મ-વંદનક કહ્યું. આ દ્વાદશાવર્તનો જ અનુવાદ કરતા બીજા તેની સમાન ધર્મવાળા વંદનોને કહેવાને જણાવે છે - अवनत - મસ્તક નમાવવું તે. જેમાં બે વાર અવનત હોય તે દ્વયવનત કહેવાય. (૧) ઈચ્છામિ ખમાસમણો૦ બોલતા અવગ્રહ અનુજ્ઞા લેવા માટે નમન કરે. (૨) એ રીતે બીજી વખત અવગ્રહ અનુજ્ઞા માટે નમન કરે. यथाजात - શ્રમણત્વ ભવન લક્ષણ જન્મને અને યોનિ નિષ્ક્રમણ લક્ષણને આશ્રીને. તેમાં રજોહરણ, મુખવસ્ત્રીકા, ચોલપટ્ટ વડે જ સાધુ થયો હતો. બે હાથને જોડીને જ યોનિમાંથી નીકળ્યો હતો. તેથી આવા પ્રકારે જ વાંદે. અથવા આટલી વસ્તુ વિના જન્મ ન થાય તેથી તે યથાજાત કહેવાય છે.

कृतिकर्म - વંદનક, તે બાર આવર્ત્તવાળું છે - x - જે વિશિષ્ટ પ્રકારે કાયચેષ્ટારૂપ છે, સાધુજનમાં પ્રસિદ્ધ છે.

चउसिरं - ચાર શિર [નમન] છે જેમાં તે. પહેલા પ્રવેશ કરે ત્યારે ક્ષામણાકાલે શિષ્ય અને આચાર્ય સંબંધી બે, ફરી નીકળીને પ્રવેશ કરે ત્યારે પણ તે જ બે એમ ચાર શિરોનમન. તથા-ત્રણ ગુપ્તિથી ગુપ્ત પાઠાંતરથી ત્રણ શ્રદ્ધા વડે. दुपवेस - જેમાં બે પ્રવેશ છે તે. (૧) અવગ્રહની અનુજ્ઞા લઈ પ્રવેશે (૨) ફરી પ્રવેશે ત્યારે. એક વખત નિષ્ક્રમણ તે. જે અવગ્રહ થકી 'આવસ્સહી' કહીને બહાર નીકળે. બીજી વખતનો વંદનમાં બહાર નીકળવાનું નથી, પગમાં પડીને જ સૂત્ર સમાપ્ત કરવાનું છે.

વિજયા રાજધાની-જંબૂદ્વીપમાં વિજય નામે પૂર્વદ્વારાધિપતિ, એક પલ્યોપમ સ્થિતિક દેવ છે, તેની વિજયા રાજધાની અસંખ્યાતા દ્વીપ પછી આવતા જંબૂદ્વીપમાં છે... રામ, નવમો બલદેવ, પાંચમા કલ્પે દેવત્વ પામ્યા... સર્વ જઘન્ય રાત્રિ તે ઉત્તરાયણના છેલ્લા અહોરાત્રની રાત્રિ, તે બાર મુહૂર્ત્ત એટલે ચોવીશ ઘડી છે... એ પ્રમાણે દિવસ પણ સર્વ જઘન્ય બાર મુહૂર્ત્ત છે, તે દક્ષિણાયનનો છેલ્લો દિવસ છે.

માહેન્દ્ર, માહેન્દ્રધ્વજ આદિ તેર નામ વિમાનોના છે.

**સમવાય-૧૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૧૩ ❀

— x — x —

● **સૂત્ર-૨૬ :-**

*ક્રિયા સ્થાનો તેર કહ્યા છે — અર્થદંડ, અનર્થદંડ, હિંસાદંડ, અકસ્માતદંડ, દૃષ્ટિવિપર્યાસ દંડ, મૃષાવાદ પ્રત્યયિક, અદત્તાદાન પ્રત્યયિક, આધ્યાત્મિક, માન પ્રત્યયિક, મિત્રદ્વેષ પ્રત્યયિક, માયા પ્રત્યયિક, લોભ પ્રત્યયિક અને તેરમનું ઈર્યાપથિક [ક્રિયા સ્થાન]*

*સૌધર્મ-ઈશાન કલ્પે તેર વિમાન પ્રસ્તટો છે.. સૌધર્માવતંસક વિમાન અર્ધ તેરસ યોજન લાંબુ-પહોળું છે.. એ રીતે ઈશાનાવતંસક પણ જાણવું.. જલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોની જાતિ કુલકોટિ યોનિ પ્રમુખ અર્ધતેરસ લાખ છે.. પ્રાણાયુ પૂર્વમાં તેર વસ્તુ છે.. ગર્ભ વ્યુત્ક્રાંતિક પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળાને પ્રયોગ તેર ભેદે કહ્યો છે, તે આ—*

*સત્ય મનપ્રયોગ, મૃષા મનપ્રયોગ, સત્ય-મૃષામનપ્રયોગ, અસત્યા મૃષામનપ્રયોગ, સત્ય વચનપ્રયોગ, મૃષા વચનપ્રયોગ, સત્યમૃષા વચનપ્રયોગ, અસત્યામૃષા વચનપ્રયોગ, ઔદારિક શરીર કાયપ્રયોગ, ઔદારિકમિશ્ર કાયપ્રયોગ, વૈક્રિય શરીર કાયપ્રયોગ, વૈક્રિય-મિશ્ર કાયપ્રયોગ, કાર્મણશરીર કાયપ્રયોગ... સૂર્યમંડલ એકયોજનમાંથી યોજનના એકસઠીયા તેર ભાગ ઓછું કરીએ તેટલું છે.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૧૩-પલ્યોપમની છે.. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૧૩-સાગરોપમ છે.. કેટલાક અસુર કુમાર દેવોની સ્થિતિ ૧૩-પલ્યોપમ છે.. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાંક દેવોની સ્થિતિ ૧૩-પલ્યોપમ છે.. લાંતક કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૩-સાગરોપમ છે. જે દેવો વજ્ર, સુવજ્ર, વજ્રાવર્ત્ત, વજ્રપ્રભ, વજ્રકાંત, વજ્રવર્ણ, વજ્રલેશ્ય, વજ્રરૂપ, વજ્રશ્રૃંગ, વજ્રસૃષ્ટ, વજ્રકૂટ, વજ્રોત્તરાવતંસક, વઈર, વઈરાવર્ત્ત, વઈરપ્રભ, વઈરકાંત, વઈરવર્ણ, વઈરલેશ્ય, વઈરરૂપ, વઈરશ્રૃંગ, વઈરસૃષ્ટ, વઈરકૂટ, વઈરોત્તરાવતંસક, લોક, લોકાવર્ત્ત, લોકપ્રભ, લોકકાંત, લોકવર્ણ, લોકલેશ્ય, લોકરૂપ, લોકશ્રૃંગ, લોકસૃષ્ટ, લોકકૂટ, લોકોત્તરાવતંસક વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા હોય, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ તેર સાગરોપમ છે.*

*તે દેવો તેર અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે, તે દેવોને ૧૩,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો તેર ભવગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.*

● **વિવેચન-૨૬ :-**

તેરમાં સ્થાન વિશે કંઈક કહે છે — સ્થિતિ સૂત્રો પૂર્વે અહીં ૮ સૂત્રો છે. તેમાં करण - ક્રિયા - કર્મબંધના કારણભૂત ચેષ્ટા, તેના સ્થાનો-ભેદો કહે છે — (૧) अर्थ - શરીર, સ્વજન, ધર્માદિ પ્રયોજન માટે दण्ड - ત્રસ સ્થાવર હિંસા, તે અર્થ દંડ, (૨) તેનાથી વિપરીત તે અનર્થદંડ, (૩) હિંસાને આશ્રીને - આ વૈરીઓએ મારી હિંસા

કરેલી - કરે છે કે કરશે એમ ધારીને જે દંડ-વિનાશ, તે હિંસાદંડ.

(૪) અકસ્માત-ધાર્યા વિના અન્યના વધ માટે પ્રવૃત્તિ કરી, અન્યનો વધ થઈ જવો તે અકસ્માતદંડ, (૫) દૃષ્ટિ-બુદ્ધિનું - x - વિપર્યાસપણું તે દૃષ્ટિ વિપર્યાસિકા-મતિભ્રમથી જે દંડ-પ્રાણિવધ તે દૃષ્ટિવિપર્યાસ દંડ. એટલે – મિત્રાદિને અમિત્રાદિની બુદ્ધિથી હણવો. (૬) પોતાને માટે - બીજા માટે કે ઉભયને માટે અસત્ય વચન, તે જ હિંસાનું કારણ તે મૃષાવાદ પ્રત્યય. (૭) એ પ્રમાણે અદત્તાદાન પ્રત્યય પણ કહેવું.

(૮) મનમાં થયેલ તે આધ્યાત્મિક - બાહ્ય નિમિત્તની અપેક્ષા વિના શોકાદિથી ઉત્પન્ન, (૯) માન પ્રત્યય-જાત્યાદિ મદ હેતુક... (૧૦) મિત્ર દ્વેષ પ્રત્યય-માતા, પિતાદિના અલ્પ અપરાધ છતાં મોટો દંડ કરવો. (૧૧) માયાપ્રત્યય-માયાને આશ્રીને, (૧૨) એ જ પ્રમાણે લોભપ્રત્યય, તથા (૧૩) ઐર્યાપથિક-કેવલ યોગ પ્રત્યય કર્મબંધ, સાતા વેદનીય બંધક.

વિમાનના ઉપર-નીચે રહેલા પ્રસ્તટ તેર છે... સૌધર્મ દેવલોક અર્ધચંદ્રાકાર છે, તે પૂર્વ-પશ્ચિમ લાંબો, દક્ષિણ-ઉત્તર પહોળો છે, તેના મધ્યે તેરમાં પાથડામાં શક્રના આવાસભૂત વિમાન છે, તે સૌધર્મ અવતંસક એટલે મુગટની જેમ પ્રધાન હોવાથી સૌધર્માવતંસક એ નામ સાર્થક છે. તે વિમાન અર્ધત્રયોદશ અર્થાત્ સાડા બાર લાખ યોજન આયામ-વિષ્કંભવાળું છે.

જાતિ-જલચર પંચેન્દ્રિય તિર્યગ્‌ગતિમાં કુલકોટિ યોનિ પ્રમુખ એટલે ઉત્પત્તિસ્થાનમાં થયેલ તે સાડા બાર લાખ કુલકોટિ છે... જેમાં પ્રાણીનું આયુ વિધાન ભેદસહિત કહ્યું છે, તે પ્રાણાયુ નામે બારમું પૂર્વ, તેમાં તેર વસ્તુ-અધ્યયનવત્ વિભાગો છે... ગર્ભ-ગર્ભાશયમાં જેની ઉત્પત્તિ હોય તે ગર્ભવ્યુત્ક્રાંતિક, એવા પંચેન્દ્રિય તિર્યંચયોનિક, મન-વચન-કાયાનો વ્યાપાર તે પ્રયોગ. તે ૧૩ ભેદે છે. કુલ ૧૫-પ્રયોગમાં આહારક, આહારકમિશ્ર એ બે કાય પ્રયોગ તિર્યંચોને હોતા નથી, તે સંયમીને જ સંભવે છે, સંયમ સંયત મનુષ્યોને જ હોય, તિર્યંચોને નહીં. તે ૧૩ છે. તેમાં મનના-૪, વચનના-૪, ઔદારિકાદિ કાયપ્રયોગ-૫ છે.

સૂર્યમંડલ-સૂર્યવિમાનનો વૃત્ત ભાગ, તેનું એક યોજન, તે સૂરમંડલ યોજન. એક યોજનના ૬૧-ભાગ કરવા. તેમાંથી ૧૩-ભાગ ન્યૂન એટલે ૪૮ ભાગ, એમ એકસઠીયા અડતાલીશ ભાગ સૂર્યમંડલ છે.

વજાદિ-૧૨, વઈરાદિ-૧૧, લોક-૧૧ એમ-૩૪ વિમાનો કહ્યા.

**સમવાય-૧૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## ❀ સમવાય-૧૪ ❀

-- x -- x --

● **સૂત્ર-૨૭ :-**

*ચૌદ ભૂતગ્રામો કહ્યા છે – સૂક્ષ્મ અપર્યાપ્તા, સૂક્ષ્મ પર્યાપ્તા, બાદર અપર્યાપ્તા, બાદર પર્યાપ્તા, બેઈન્દ્રિય અપર્યાપ્તા, બેઈન્દ્રિય પર્યાપ્તા, તેઈન્દ્રિય અપર્યાપ્તા, તેઈન્દ્રિય પર્યાપ્તા, ચઉરિન્દ્રિય અપર્યાપ્તા, ચઉરિન્દ્રિય પર્યાપ્તા, પંચેન્દ્રિય અસંજ્ઞી અપર્યાપ્તા, પંચેન્દ્રિય અસંજ્ઞી પર્યાપ્તા, પંચેન્દ્રિય સંજ્ઞી અપર્યાપ્તા, પંચેન્દ્રિય સંજ્ઞી પર્યાપ્તા... પૂર્વો ચૌદ કહ્યા છે–*

● **સૂત્ર-૨૮ થી ૩૦ :-**

*[૨૮] ઉત્પાદ, અગ્રાણીય, વીર્યપ્રવાદ, અસ્તિનાસ્તિપ્રવાદ, જ્ઞાનપ્રવાદ, – [૨૯] સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, [૩૦] વિદ્યાનુપ્રવાદ, અવંધ્યપ્રવાદ, પ્રાણાયુ, ક્રિયાવિશાલ, બિંદુસારપૂર્વ.*

● **સૂત્ર-૩૧ :-**

*અગ્રાણીય પૂર્વની ચૌદ વસ્તુ છે... શ્રમણ ભગવંત મહાવીરની ૧૪,૦૦૦ શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા હતી... કર્મવિશોધિ માર્ગણાને આશ્રીને ચૌદ જીવસ્થાનો કહ્યા :– મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદનસમ્યગ્‌દૃષ્ટિ, સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ, અવિરતસમ્યગ્‌દૃષ્ટિ, વિરતાવિરત, પ્રમત્તસંયત, અપ્રમતસંયત, નિવૃત્તિબાદર, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મ-સંપરાય ઉપશામક કે ક્ષપક, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગીકેવલી અને અયોગીકેવલી. ભરત અને ઐરવતની જીવાનો આયામ ૧૪,૪૭૧ યોજન તથા એક યોજનના ૬/૧૯ ભાગ છે.*

*એક એક ચાતુરંત ચક્રવર્તીને ચૌદ રત્નો હોય – સ્ત્રી, સેનાપતિ, ગાથાપતિ, પુરોહિત, વર્ધકી, અશ્વ, હસ્તિ [એ સાત અને] ખડ્‌ગ, દંડ, ચક્ર, છત્ર, ચર્મ, મણિ, કાકણી [એ સાત]...*

*જંબૂદ્વીપમાં ચૌદ મહાનદી પૂર્વ-પશ્ચિમ લવણસમુદ્રને મળે છે. તે – ગંગા, સિંધુ, રોહિતા, રોહિતાંશા, હરી, હરીકાંતા, સીતા, સીતોદા, નરકાંતા, નારીકાંતા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલા, રક્તા રક્તવતી.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીની સ્થિતિ ૧૪-પલ્યોપમ છે.. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકીની ચૌદ સાગરોપમ સ્થિતિ છે... કેટલાક અસુરકુમારોની ચૌદ પલ્યોપમ સ્થિતિ છે.. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની ચૌદ પલ્યોપમ સ્થિતિ છે.. લાંતક કલ્પે દેવોની ઉત્કૃષ્ટ ૧૪-સાગરોપમ સ્થિતિ છે.. મહાશુક્ર કલ્પે દેવોની જઘન્યસ્થિતિ ૧૪-સાગરોપમ છે.. જે દેવો શ્રીકાંત, શ્રીમહિત, શ્રીસૌમનસ, લાંતક, કાપિષ્ઠ, મહેન્દ્ર, મહેન્દ્રકાંત, મહેન્દ્રોત્તરાવતંસક વિમાને થયેલ દેવની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૪-સાગરોપમ છે.*

*તે દેવો ચૌદ અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસ લે છે, તે દેવોને ૧૪,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૪ ભવને ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.*

● **વિવેચન-૨૭ થી ૩૧ :-**

ચૌદ સ્થાન સુબોધ છે. વિશેષ એ — સ્થિતિ સૂત્રો પૂર્વે ૮ સૂત્રો છે. તેમાં ચૌદ ભૂતગ્રામો છે. ભૂત-જીવો, ગ્રામ-સમૂહ. તેમાં (૧) સૂક્ષ્મનામ કર્મના ઉદયમાં વર્તવાપણાથી પૃથ્વી આદિ એકેન્દ્રિયો, અપર્યાપ્તા-અપર્યાપ્ત નામ કર્મોદયથી પોતાની પર્યાપ્તિ અપરિપૂર્ણ હોય તેવા. (૨) એ રીતે પરિપૂર્ણ સ્વકીય પર્યાપ્તિવાળા તે પર્યાપ્તા. (૩,૪) બાદર નામ કર્મોદયથી પૃથ્વી આદિ. — તે પણ પર્યાપ્ત-અપર્યાપ્ત બે ભેદે જાણવા. આ પ્રમાણે બેઈન્દ્રિયાદિ જાણવા. પંચેન્દ્રિય બે ભેદે-સંજ્ઞી, અસંજ્ઞી-મનઃપર્યાપ્તિથી.

ત્રણ ગાથામાં ચૌદ પૂર્વો કહ્યા. તેમાં (૧) ઉત્પાદપૂર્વ-ઉત્પત્તિને આશ્રીને દ્રવ્ય-પર્યાયોની પ્રરૂપણા છે. (૨) તે દ્રવ્યાદિના જ અગ્ર-પરિણામને આશ્રીને તેની પ્રરૂપણા છે તે અગ્રાણીય પૂર્વ. (૩) જેમાં જીવાદિનું વીર્ય કહ્યું છે તે વીર્યપ્રવાદ. (૪) જે વસ્તુ જે પ્રકારે લોકમાં છે અને નથી, તે પ્રમાણે જેમાં કહી છે તે અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વ. (૫) જેમાં મત્યાદિ જ્ઞાન તેના સ્વરૂપ અને ભેદો સહિત કહ્યું છે તે જ્ઞાનપ્રવાદ પૂર્વ. (૬) જેમાં સત્ય-સંયમ અથવા સત્ય વચન સભેદ, સપ્રતિપક્ષ કહેવાયેલ છે, તે સત્યપ્રવાદ. (૭) જેમાં આત્મા-જીવો અનેક નયો વડે કહ્યા છે, તે આત્મપ્રવાદ પૂર્વ છે. (૮) જેમાં જ્ઞાનાવરણાદિ કર્મો કહ્યા છે, તે કર્મપ્રવાદ પૂર્વ.

(૯) જેમાં પ્રત્યાખ્યાન સ્વરૂપ વર્ણવેલ છે, તે પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ, (૧૦) જેમાં અનેક પ્રકારે વિદ્યાના અતિશયો વર્ણવ્યા છે, તે વિદ્યાનુપ્રવાદ પૂર્વ, (૧૧) જેમાં સમ્યગ્જ્ઞાનાદિ અવંધ્ય-સફળ વર્ણવ્યા છે તે અવંધ્ય પૂર્વ, (૧૨) જેમાં પ્રાણ-જીવ અને આયુષ્ય અનેક પ્રકારે વર્ણવ્યુ છે તે પ્રાણાયુ પૂર્વ, (૧૩) જેમાં વિશાળ એવી કાયિકી આદિ ક્રિયા ભેદ સહિત કહી છે, તે ક્રિયાવિશાલપૂર્વ. (૧૪) - x - લોકના સારભૂત-સર્વોત્તમ જે છે તે લોકબિંદુસાર પૂર્વ.

બીજા પૂર્વની વસ્તુ-વિભાગ વિશેષ, તે ચૌદ મૂલ વસ્તુ છે, પણ ચૂલાવસ્તુ બાર છે.. સહસ્રો જે તે સાહસ્ર્ય.. કર્મવિશોધિ માર્ગણાને એટલે જ્ઞાનાવરણાદિ કર્મ વિશુદ્ધિની ગવેષણાને આશ્રીને જીવના ચૌદ ગુણસ્થાનકો કહ્યા —

(૧) જેની દૃષ્ટિ મિથ્યા-વિપરીત હોય તે મિથ્યાદૃષ્ટિ અર્થાત્ જેને ઉદયમાં આવેલું અમુક પ્રકારનું મિથ્યાત્વ મોહનીય હોય તે.

(૨) તત્વશ્રદ્ધાના રસના આસ્વાદ સહિત હોય તે સાસ્વાદન છે. - x - પરિત્યક્ત સમ્યકત્વના ઉત્તરકાલે છ આવલિકા તેનો સ્વાદ રહે છે. કહ્યું છે — ઉપશમ સમ્યકત્વથી પડીને મિથ્યાત્વ ન પામેલને વચ્ચે છ આવલિકા સુધી સાસ્વાદન સમ્યકત્વ હોય. આવા આસ્વાદસહિત જે સમ્યગ્દૃષ્ટિ તે સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

(૩) જેની સમ્યક્ અને મિથ્યા દૃષ્ટિ છે તે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે, અર્થાત્ ઉદિત દર્શન મોહનીય વિશેષ.. (૪) અવિરતિ સમ્યગ્દૃષ્ટિ-દેશ વિરતિ રહિત.. (૫) વિરતાવિરત-દેશવિરત અર્થાત્ શ્રાવક.

(૬) પ્રમત્ત સંયત - કંઈક પ્રમાદી સર્વવિરત. (૭) અપ્રમત્ત સંયત સર્વ પ્રમાદરહિત



સાધુ. (૮) ક્ષપક શ્રેણી કે ઉપશમ શ્રેણિને પામેલ જીવ કે જેના દર્શનસપ્તક ક્ષીણ કે ઉપશાંત થયા હોય તે નિવૃત્તિ બાદર કહેવાય તેમાં નિવૃત્તિ - જે ગુણસ્થાનકે સમકાલ પ્રતિપન્ન જીવોનો અધ્યવસાય ભેદ, તત્પ્રધાન બાદર સમ્પરાય તે નિવૃત્તિ બાદર કહેવાય છે.

(૯) અનિવૃત્તિબાદર-કષાય અષ્ટક ખપાવવાના આરંભથી, નપુંસક વેદના ઉપશમનના આરંભથી લઈને બાદર લોભના ખંડને ખપાવે-ઉપશમાવે ત્યાં સુધી હોય છે... (૧૦) સૂક્ષ્મ સંપરાય-સંજ્વલન લોભનો અસંખ્યાતમો અંશરૂપ, જે કષાય તે સૂક્ષ્મ સંપરાય-લોભાનુવેદ, તે બે પ્રકારે છે — ઉપશમક અર્થાત્ ઉપશમ શ્રેણિને પામેલો, ક્ષપક-ક્ષપક શ્રેણિને પામેલો.

(૧૧) જેનું મોહનીય કર્મ સર્વથા ઉદયાવસ્થાને પામેલ નથી તે ઉપશાંત મોહ એટલે ઉપશમ વીતરાગ, આ ઉપશ્રમ શ્રેણીની સમાપ્તિ વખતે અંતર્મુહૂર્ત્ત સુધી હોય, પછી અવશ્ય ત્યાંથી પડે જ.. (૧૨) જેનો મોહ સર્વથા ક્ષીણ થયો છે, એટલે સત્તામાં રહ્યો નથી તે ક્ષીણ મોહ- ક્ષય વીતરાગ. આ પણ અંતર્મુહૂર્ત્ત જ હોય.. (૧૩) સયોગીકેવલી-મન વગેરે વ્યાપારવાન્ કેવલજ્ઞાની... (૧૪) અયોગી કેવલી-મન વગેરે યોગને રુંધનાર, શૈલેશી કરણ પામેલા, માત્ર પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચાર કાળ સુધી રહેનાર-ગુણસ્થાન.

ભરત અને ઐરવતની જીવા. અહીં ભરત-ઐરવત એ બે ક્ષેત્ર પ્રત્યંચા ચડાવેલા ધનુષને આકારે છે, તેથી તેમની જીવા હોય. તેમાં હિમવંતની દક્ષિણ તરફની આંતરારહિત પ્રદેશની જે શ્રેણિ તે ભરતની જીવા છે અને શિખરી પર્વતની ઉત્તર તરફની જે આંતરારહિત પ્રદેશની શ્રેણિ તે ઐરવતની જીવા છે.. જે પૃથ્વીને વિશે ચાર અંત છે તે ચતુરંત ભૂમિ, તેને વિશે સ્વામીપણે થયેલા તે ચાતુરંત કહેવાય. એવા તે ચક્રવર્તી. રત્નો-પોતપોતાની જાતિમાં ઉત્કૃષ્ટપણાને પામેલ વસ્તુ. - x - તેમાં —

ગૃહપતિ-કોઠારી, પુરોહિત-શાંતિકર્માદિ કરનાર, વર્ધકિ-રથાદિ બનાવનાર, મણિ-પૃથ્વી પરિણામ, કાકિણી-સુવર્ણમય એરણના સંસ્થાનવાળી. આ ચૌદ રત્નોમાં પહેલા સાત પંચેન્દ્રિય, બીજા સાત એકેન્દ્રિય છે.

શ્રીકાંત આદિ આઠ વિમાનોના નામો છે.

**સમવાય-૧૪-ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૧૫ ❀

-- x -- x --

● **સૂત્ર-૩૨ થી ૩૪ :-**

*[૩૨] પંદર પરમાધાર્મિક કહ્યા — [૩૩] અંબ, અંબરિષ, શ્યામ, શબલ, રૌદ્ર, ઉપરૌદ્ર, કાલ, મહાકાલ. [૩૪] અસિપત્ર, ધનુ, કુંભ, વાલુક, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ [આ પંદર પરમાધામી છે.]*

● **સૂત્ર-૩૫ થી ૩૭ :-**

*અરહંત નમિ ૧૫-ધનુષ્ ઉંચા હતા.. ધ્રુવ રાહુ કૃષ્ણપક્ષની એકમથી રોજ ચંદ્રની લેશ્યાનો પંદરમો-પંદરમો ભાગ આવરીને રહે છે, તે આ રીતે — એકમે પહેલો પંદરમો ભાગ, બીજે બે ભાગ, ત્રીજે ત્રણ ભાગ, ચોથે ચાર ભાગ, પાંચમે પાંચ ભાગ, છટ્ઠે છ ભાગ, સાતમે સાત ભાગ, આઠમે આઠ ભાગ, નોમે નવ ભાગ, દશમે દશ ભાગ, અગ્યારશે ૧૧-ભાગ, બારશે ૧૨-ભાગ, તેરશે ૧૩-ભાગ, ચૌદશે ૧૪-ભાગ, અમાસે ૧૫-ભાગ આવરીને રહે છે.. તથા શુક્લપક્ષમાં તેજ ભાગોને દેખાડતો દેખાડતો રહે છે. તે આ — એકમે પહેલો ભાગ યાવત્ પૂનમે પંદરે ભાગ.. છ નક્ષત્રો ૧૫-મુહૂર્ત્તવાળા છે—*

*[૩૬] શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ, જયેષ્ઠા. આ છ.*

*[૩૭] ચૈત્ર અને આસો માસમાં ૧૫ મુહૂર્ત્તવાળો દિવસ હોય છે, એ રીતે જ ૧૫-મુહૂર્ત્તવાળી રાત્રિ હોય છે.. વિદ્યાનુપ્રવાદ પૂર્વમાં ૧૫-વસ્તુ છે.*

*મનુષ્યને ૧૫-ભેદે પ્રયોગ કહ્યા :— સત્ય મનપ્રયોગ, મૃષા મનપ્રયોગ, સત્યમૃષા મનપ્રયોગ, અસત્યામૃષા મનપ્રયોગ, સત્ય વચનપ્રયોગ, મૃષા વચનપ્રયોગ, સત્યમૃષા વચનપ્રયોગ, અસત્યામૃષા વચનપ્રયોગ, ઔદારિકશરીર કાયપ્રયોગ, ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગ, વૈક્રિય શરીર કાયપ્રયોગ, વૈક્રિયમિશ્ર શરીરકાય પ્રયોગ, આહારક શરીર કાયપ્રયોગ, આહારકમિશ્ર શરીર કાયપ્રયોગ, કાર્મણશરીર કાયપ્રયોગ.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાંક નારકોની સ્થિતિ ૧૫-પલ્યોપમ છે.. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૧૫-સાગરોપમ છે.. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ૧૫-પલ્યોપમ છે.. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૫-પલ્યોપમ છે.. મહાશુક્ર કલ્પે કેટલાંક દેવોની સ્થિતિ ૧૫-સાગરોપમ છે.. જે દેવો નંદ, સુનંદ, નંદાવર્ત, નંદપ્રભ, નંદકાંત, નંદવર્ણ, નંદલેશ્ય, નંદધ્વજ, નંદશ્રૃંગ, નંદસૃષ્ટ, નંદકૂટ, નંદોત્તરાવતંસક વિમાને દેવ થયેલાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૫-સાગરોપમ છે.*

*તે દેવો પંદર અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તેમને ૧૫,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૫-ભવ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.*

● **વિવેચન-૩૨ થી ૩૭ :-**

આ ૧૫-મું સ્થાન સુગમ છે, તો પણ કંઈક લખાય છે - અહીં સ્થિતિસૂત્રો



પૂર્વે સાત સૂત્રો છે. તેમાં પરમ એવા અધાર્મિક-સંક્લિષ્ટ પરિણામવાળા હોવાથી પરમાધાર્મિક-અસુર વિશેષ છે. તેઓ ત્રણ નારકીમાં નારકોની કદર્થના કરે છે. તેમના નામો બે ગાથામાં કહે છે, તેના ૧૫-ભેદો છે.

(૧) અંબ - જે પરમાધાર્મિક દેવ નારકોને હણે છે, પાડે છે, બાંધે છે, ઉપાડીને આકાશમાં ફેંકે છે, તે અંબ કહેવાય છે... (૨) અંબરિસ-જે નારકોને અંબે હણ્યા, તેના શસ્ત્રથી કકડા કરીને કડાઈમાં ભુંજવા યોગ્ય કરે છે.. (૩) શામ-જે દોરડા અને હાથના પ્રહારાદિ વડે શાતન-પાતનાદિ કરે છે અને વર્ણથી કાળો હોવાથી શ્યામ કહ્યો છે... (૪) શબલ-પરમાધામી, આંતરડા-ચરબી-કાળજુ આદિ ઉખેડી નાંખે છે, વર્ણ વડે પણ શબલ છે.

(૫) રુદ્ર-શક્તિ, ભાલાદિમાં નારકોને પરોવે છે, તે રૌદ્ર હોવાથી રુદ્ર કહ્યો.. (૬) ઉપરુદ્ર-નારકોના અંગોપાંગને ભાંગી નાંખે છે, તે અતિ રૌદ્ર હોવાથી ઉપરુદ્ર કહેવાય છે.. (૭) કાલ-જે કડાઈ આદિમાં નારકોને રાંધે છે, વર્ણ વડે કાળો છે તે.. (૮) મહાકાલ-તે નારકોના ચીકણા માંસના કકડા કરીને તેને જ ખવડાવે છે, વર્ણથી અતિ કાળો હોય છે.

(૯) અસિપત્ર-ખડ્ગના આકારવાળા પાંદડાઓનું વન વિકુર્વીને તે વનમાં આવેલ નારકોને અસિપત્ર પાડીને તલ-તલ જેવા ટુકડા કરે છે. (૧૦) ધનુ-ધનુષ્યથી મૂકેલા અર્ધચંદ્રાદિ બાણો વડે તેમના કર્ણ આદિ અંગોનું છેદન-ભેદન કરે છે અને (૧૧) કુંભ-નારકોને કુંભાદિમાં પકાવે છે.

(૧૨) વાલુક-કદંબના પુષ્પ સમાન લાલ, વજ્ર જેવી તપાવેલી વૈક્રિય વાલુકામાં ચણાની જેમ નારકોને શેકે છે.. (૧૩) વૈતરણી - તે અત્યંત તપાવવાથી ઉકળતા એવા પરુ, લોહી, સીસુ, તાંબુ આદિના રસથી ભરેલ તથા જેનું પ્રયોજન સામે પૂરે તરવાનું છે, તેવી વૈતરણી નદી વિકુર્વીને તેમાં નારકોને તરાવીને કદર્થના પમાડે છે.

(૧૪) ખરસ્વર-વજ્રના કાંટાવાળા શાલ્મલીવૃક્ષ ઉપર નારકીને ચડાવીને પછી કઠોર શબ્દ કરતા તેને કે પોતે કઠોર શબ્દો કરી ખેંચે છે.. (૧૫) મહાઘોષ-ભયભીત અને નાશતા નારકોને પશુની જેમ મોટો ઘોષ કરવાપૂર્વક વાડામાં રુંધે છે. એ રીતે જિનેશ્વરે આ પરમાધાર્મિક કહ્યા.

રાહુ બે પ્રકારે છે - પર્વરાહુ અને ધ્રુવરાહુ. જે પર્વ-પૂનમ અને અમાસમાં ચંદ્ર કે સૂર્યનો ઉપરાગ કરે તે પર્વરાહુ કહેવાય. જે હંમેશા ચંદ્રની સમીપે ચાલે તે ધ્રુવરાહુ કહેવાય. કહ્યું છે — કાળું રાહુ વિમાન નિત્યચંદ્ર સાથે રહેલું હોય છે તે ચંદ્ર નીચે ચાર આંગળ દૂર ચાલે છે. તે ધ્રુવરાહુ. બહુલ-કૃષ્ણપક્ષ. તેની પ્રતિપદા-એકમે. આરંભીને. પંદર-પંદરમો ભાગ, અહીં વીપ્સાર્થે બે વખત બોલાય છે. જેમ પગલે-પગલે જાય છે. હંમેશા પંદરમો-પંદરમો ભાગ ચંદ્રની લેશ્યા-કાંતિ મંડલ, તે ચંદ્રમંડલને આચ્છાદન કરીને ધ્રુવરાહુ રહે છે. તે જ કહે છે —

જેમ એકમની તિથિમાં ચંદ્રની લેશ્યાના ૧૫-માં ભાગને આવરીને રહે છે. આ

જ ક્રમે યાવત્ પંદરમાં દિવસે (અમાસે) પંદરીયા પંદર ભાગને આવરીને રહે છે. તથા શુક્લપક્ષની એકમે ચંદ્રલેશ્યાનો તે જ પંદરમો ભાગ દેખાડતો દેખાડતો એટલે પોતે દૂર જઈને પ્રગટ કરતો-કરતો ધ્રુવરાહુ રહે છે.

ચંદ્રમંડલના ૧૬-ભાગ કરવા, સોળમો એક ભાગ કાયમ ઉઘાડો રહે છે. બાકીના ૧૫-ભાગમાં રાહુ એક એક ભાગને કૃષ્ણ પક્ષમાં આવરે છે અને શુક્લપક્ષમાં એક એક ભાગને છોડે છે. જ્યોતિષ્ કરંડકમાં પણ આ હકીકત કહેલી છે. - x - [શંકા] ચંદ્ર વિમાન ૫૬/૬૧ યોજન છે અને રાહુવિમાન ગ્રહવિમાન હોવાથી અર્ધયોજન પ્રમાણ છે. તો પંદર દિવસ વડે મોટા ચંદ્ર વિમાનને નાનું રાહુવિમાન કઈ રીતે આવરણ કરી શકે ? [સમાધાન] ગ્રહ વિમાનોનું અર્ધ યોજન પ્રમાણ પ્રાયઃ કહ્યું છે. રાહુ ગ્રહનું વિમાન યોજન પ્રમાણ પણ સંભવે છે અથવા રાહુવિમાન નાનું છે, તો પણ તેના અંધકારના કિરણોનો સમૂહ મોટો છે તેથી તેના આવરણમાં દોષ નથી...

તથા છ નક્ષત્રો ૧૫-મુહૂર્ત સુધી ચંદ્ર સાથે સંયોગ કરનારા હોવાથી ૧૫-મુહૂર્તના સંયોગવાળા કહ્યા. તે શતભિષા આદિ.

સ્થૂળનય-ન્યાયને આશ્રીને ચૈત્ર અને આસો માસમાં ૧૫-મુહૂર્તનો દિવસ અને ૧૫-મુહૂર્તની રાત્રિ છે. નિશ્ચયથી ચૈત્રમાસમાં મેષ સંક્રાંતિદિને અને આસોમાસમાં તુલા સંક્રાંતિ દિને આ પ્રમાણે જોવા મળે છે.

પ્રકર્ષે કરીને જે યોજન-જોડવું તે પ્રયોગ, નિશ્ચળપણે આત્માનો ક્રિયા કરવાના પરિણામવાળો વ્યાપાર અથવા ક્રિયા પરિણામવાળા કર્મની સાથે આત્મા જોડાય તે પ્રયોગ. તેમાં સત્ય વસ્તુના વિચારના કારણભૂત જે મન તે સત્ય મન, તેનો જે પ્રયોગ તે સત્ય મનપ્રયોગ. એ રીતે બીજામાં જાણવું. વિશેષ એ —

ઔદારિક શરીરકાય પ્રયોગ — ઔદારિક શરીર જે તે જ પુદ્‌ગલ સ્કંધના સમુદાયરૂપપણે ઉપનીયમાન-વૃદ્ધિ પામતું હોવાથી કાય, તેનો જે પ્રયોગ - - એમ વિગ્રહ કરવો. આ પ્રયોગ પર્યાપ્તા જીવનો જ જાણવો તથા ઔદારિક મિશ્ર કાય પ્રયોગ અપર્યાપ્તાનો જાણવો. અહીં ઉત્પત્તિને આશ્રીને પ્રારંભ કરેલ ઔદારિકના પ્રધાનત્વથી કાર્મણ સાથે મિશ્ર થાય છે.

જ્યારે મનુષ્ય કે પંચેન્દ્રિયતિર્યંચ કે બાદર વાયુકાય વૈક્રિયને કરે છે, ત્યારે પ્રારંભ કરનાર ઔદારિકના પ્રધાનત્વથી જ્યાં સુધી તે વૈક્રિયપર્યાપ્તિ વડે પર્યાપ્તપણાને ન પામે ત્યાં સુધી ઔદારિક વૈક્રિયની સાથે મિશ્ર કહેવાય છે. એ રીતે આહારક સાથે પણ ઔદારિકની મિશ્રતા જાણવી. તથા વૈક્રિય શરીરકાય પ્રયોગ વૈક્રિય પર્યાપ્તિવાળાને હોય. વૈક્રિય મિશ્ર શરીરકાયપ્રયોગ, જેની પર્યાપ્તિ પૂરી ન થઈ હોય એવા દેવ કે નારકીને કાર્મણની સાથે મિશ્રતા જાણવી, અથવા લબ્ધિ વૈક્રિયનો ત્યાગ કરતા ઔદારિકમાં પ્રવેશ સમયે ઔદારિક ગ્રહણ કરવા માટે પ્રવૃત્તિ હોવાથી વૈક્રિયના પ્રધાનપણાથી ઔદારિક સાથે પણ મિશ્રતા થઈ શકે છે.

આહારકશરીર કાય પ્રયોગ તે આહારક શરીરની નિષ્પત્તિ થાય ત્યારે તેનું જ પ્રધાનપણું હોવાથી થાય છે. તથા આહારક મિશ્રશરીર કાયપ્રયોગ, આહારકનો



ત્યાગ કરવાપૂર્વક અન્યને ગ્રહણ કરવાને ઉદ્યમવંત થયેલાને ઔદારિકની સાથે મિશ્રતા થાય છે. - x - x - x - તથા કાર્મણશરીર કાય પ્રયોગ વિગ્રહગતિમાં અને સમુદ્‌ઘાત અવસ્થામાં કેવલીને ત્રીજા, ચોથા, પાંચમાં સમયમાં હોય છે.

**સમવાય-૧૫-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૧૬ ❀

— x — x —

● **સૂત્ર-૩૮ થી ૪૧ :-**

*[૩૮] સૂયગડાંગમાં સોળમું ગાથા ષોડશક અધ્યયન છે. તે આ — સમય, વૈતાલિક, ઉપસર્ગપરિજ્ઞા, સ્ત્રીપરિજ્ઞા, નરકવિભક્તિ, મહાવીરસ્તુતિ, કુશીલ પરિભાષિત, વીર્ય, ધર્મ, સમાધિ, માર્ગ, સમોસરણ, યાથાતથ્ય, ગ્રંથ, યમકીય, સોળમું ગાથાષોડશક છે.*

*સોળ કષાયો કહ્યા છે — અનંતાનુબંધીક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા, અનંતાનુબંધી લોભ, અપ્રત્યાખ્યાન કષાય ક્રોધ, અપ્રત્યાખ્યાન કષાય માન, અપ્રત્યાખ્યાન કષાય માયા, અપ્રત્યાખ્યાન કષાય લોભ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, પ્રત્યાખ્યાનાવરણ માન, પ્રત્યાખ્યાન-નાવરણ માયા, પ્રત્યાખ્યાનાવરણ લોભ, સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા અને સંજ્વલન લોભ.. ૦ મેરુ પર્વતના ૧૬-નામો છે—*

*[૩૯] મંદર, મેરુ, મનોરમ, સુદર્શન, સ્વયંપ્રભ, ગિરિરાજ, રત્નોચ્ચય, પ્રિયદર્શન, લોકમધ્ય, લોકનાભિ. [૪૦] અર્થ, સૂર્યાવર્ત, સૂર્યાવરણ, ઉત્તર, દિગાદિ અને સોળમું અવતંસક.*

*[૪૧] પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્‌ને ૧૬,૦૦૦ સાધુની ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા હતી.. આત્મપ્રવાદ પૂર્વમાં સોળ વસ્તુ છે.. ચમર અને બલીના અવતારિકાલયન આયામ-વિષ્કંભથી ૧૬,૦૦૦ યોજન છે.. લવણસમુદ્રમાં ઉત્સેધની પરિવૃદ્ધિ ૧૬,૦૦૦ યોજન કહી છે.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીની સ્થિતિ ૧૬-પલ્યોપમ છે. પાંચમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૧૬-સાગરોપમ છે. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૧૬-પલ્યોપમ છે. સૌધર્મ-ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૬-પલ્યોપમ છે. મહાશુક્ર કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૬-સાગરોપમ છે. જે દેવો આવર્ત, વ્યાવર્ત, નંદાવર્ત, મહાનંદાવર્ત, અંકુશ, અંકુશપ્રલંબ, ભદ્ર, સુભદ્ર, મહાભદ્ર, સર્વતોભદ્ર, ભદ્રોત્તરાવતંસક વિમાને દેવપણે ઉત્પન્ન થાય તેમની ૧૬-સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.*

*તે દેવો સોળ અર્ધ માસે આન-પ્રાણ, ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસ લે છે. તે દેવોને ૧૬,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૬-ભવ ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.*

● **વિવેચન-૩૮ થી ૪૧ :-**

સોળમું સ્થાન કહે છે, તે સુગમ છે. વિશેષ એ - સ્થિતિ સૂત્રોની પૂર્વે ગાથાષોડશકાદિ સાત સૂત્રો છે, તેમાં સૂત્રકૃતાંગના પહેલા શ્રુતસ્કંધમાં સોળ અધ્યયનો છે, તેમાં ગાથા નામે ૧૬-મું અધ્યયન છે, તે ગાથાષોડશક કહેવાય છે. તેમાં સમય - નાસ્તિકાદિના સમયને પ્રતિપાદન કરનાર અધ્યયન ''સમય'' જ કહેવાય છે. વૈતાલીય છંદની જાતિ વડે રચેલ અધ્યયન 'વૈતાલીય'' છે. એ રીતે બીજા અધ્યયનો સ્વનામાનુસાર જાણવા. તેમાં ''સમવસરણ'' - ૩૬૩ પ્રવાદીઓના મતનો સમૂહ. ''યાથાતથ્ય'' - વસ્તુ જેવી હોય તેવી પ્રતિપાદન કરવી. ગ્રંથને કહેનારું તે ''ગ્રંથ'', યમકીય એટલે યમકની જેમાં રચના કરી હોય તે સૂત્ર. પૂર્વના ૧૫-અધ્યયનોનો અર્થ જેમાં ગાયો છે તે ગાથા અથવા ૧૫-અધ્યયનોમાં પ્રતિષ્ઠાભૂત હોવાથી ગાથા.

મેરુ પર્વતના નામ સૂત્રોમાં ગાથા અને શ્લોક છે. તેમાં લોકમધ્ય અને લોકનાભિ કહ્યા છે. 'ઉત્તર' એવું નામ ભરતાદિની ઉત્તરે મેરુ છે માટે કહ્યું. કહ્યું છે કે – સર્વ ક્ષેત્રાદિની ઉત્તરે મેરુ છે. સર્વે દિશાઓનો આદિભૂત તે દિગાદિ એવું નામ છે. અવતંસ-શેખરની જેવો હોવાથી આ નામ છે.

પુરુષાદાનીય-પુરુષો મધ્યે આદેય.. આત્મપ્રવાદ સાતમું પૂર્વ.. ચમર અને બલિ એ દક્ષિણ અને ઉત્તરના અસુરકુમારના ઈન્દ્રો છે. તેમની ચમરચંચા અને બલિચંચા રાજધાની મધ્યે તેમના બે ભવનોમાં બે અવતારિકાલયન-મધ્યભાગે ઉંચા અને પછી ચોતરફ પાર્શ્વભાગે અનુક્રમે બે પીઠ છે, તે આયામ-વિષ્કંભથી ૧૬,૦૦૦ યોજન વૃત્તત્વથી છે.

લવણસમુદ્રમાં મધ્યે ૧૦,૦૦૦ યોજનમાં નગરના કિલ્લાની જેમ જળ ઉંચુ રહે છે, તેની ઉંચાઈ ૧૬,૦૦૦ યોજન છે, તેથી લવણસમુદ્ર ઉત્સેધની વૃદ્ધિ વડે ૧૬,૦૦૦ યોજન કહ્યો... આવર્ત્તાદિ ૧૧-વિમાનોના નામો છે.

**સમવાય-૧૬-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૧૭ ❀

— x — x —

● **સૂત્ર-૪૨ :-**

*(૧) અસંયમ ૧૭-ભેદે કહ્યો છે – પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, અજીવકાય, પ્રેક્ષા, ઉપેક્ષા, અપહૃત્ય, અપ્રમાર્જન, મન, વચન, કાયા એ ૧૭ નો અસંયમ.*

*(૨) સંયમ ૧૭-ભેદે કહ્યો છે – પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, અજીવકાય, પ્રેક્ષા, ઉપેક્ષા, અપહૃત્ય, પ્રમાર્જના, મન, વચન, કાયા એ ૧૭નો સંયમ.*

*(૩) માનુષોત્તર પર્વત ૧૭૨૧ યોજન ઉર્ધ્વપણે ઉંચો કહ્યો છે.*

*(૪) સર્વે વેલંધર, અનુવેલંધર નાગરાજાઓના આવાસપર્વતો ૧૭૨૧ યોજન ઉર્ધ્વપણે ઉંચા છે... (૫) લવણ સમુદ્ર ૧૭,૦૦૦ યોજન ઉંચો છે.*

*(૬) આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય ભૂમિ ભાગથી કંઈક અધિક ૧૭,૦૦૦ યોજન ઉંચે ઉડીને ચારણ મુનિની તિર્છી ગતિ કહી છે.*

*(૭) અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો તિગિંછિકૂટ ઉત્પાત પર્વત ૧૭૨૧ યોજન ઉર્ધ્વપણે ઉંચો છે.. (૮) અસુરેન્દ્ર બલિનો રુચકેન્દ્ર ઉત્પાત પર્વત પણ ૧૭૨૧ યોજન ઉર્ધ્વપણે ઉંચો છે.*

*(૯) મરણ ૧૭ ભેદે કહ્યું છે – આવીચિ, અવધિ, આત્યંતિક, વલન્, વશાર્ત્ત, અંતઃશલ્ય, તદ્ભવ, બાળ, પંડિત, બાળપંડિત, છદ્મસ્થ, કેવલિ, વૈહાયસ, ગૃધપૃષ્ઠ, ભક્તપ્રત્યાખ્યાન, ઇંગિની, પાદોપગમન, એ ૧૭-મરણ.*

*(૧૦) સૂક્ષ્મ સંપરાય ભગવન્ સૂક્ષ્મ સંપરાયના ભાવમાં વર્તતા ૧૭-કર્મ પ્રકૃતિને બાંધે છે - આભિનિબોધિક જ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ, કેવલજ્ઞાનાવરણ, ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવલદર્શનાવરણ, સાતા વેદનીય, યશઃકીર્તિનામ, ઉચ્ચગોત્ર, દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકીઓની ૧૭ પલ્યોપમ સ્થિતિ છે.. પાંચમી પૃથ્વીમાં નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭-સાગરોપમ છે.. છટ્ઠી પૃથ્વીમાં નારકોની જઘન્ય સ્થિતિ ૧૭-સાગરોપમ છે.. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૧૭-પલ્યોપમ છે.. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની ૧૭-પલ્યોપમ સ્થિતિ છે.. મહાશુક્ર કલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭-સાગરોપમ છે.. સહસ્રાર કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ ૧૭-સાગરોપમ છે.. જે દેવો સામાન, સુસામાન, મહાસામાન, પદ્મ, મહાપદ્મ, કુમુદ, મહા કુમુદ, નલિન, મહાનલિન, પૌંડરીક, મહાપૌંડરીક, શુક્લ, મહાશુક્લ, સિંહ, સિંહકાંત, સિંહવીય, ભાવિય વિમાને થયેલ દેવની સ્થિતિ ૧૭-સાગરોપમ છે.*

*તે દેવો ૧૭ અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તેમને ૧૭,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૭-ભવ ગ્રહણ*

*કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિર્વૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.*

● વિવેચન-૪૨ :-

૧૭મું સ્થાનક છે, તે વ્યક્ત છે. વિશેષ એ – સ્થિતિસૂત્ર પૂર્વે દશ સૂત્રો છે - તેમાં અજીવકાય અસંયમ - સુંદર સુવર્ણ બહુમૂલ્ય વસ્ત્ર, પાત્ર, પુસ્તક આદિ ગ્રહણ કરવા તે.. પ્રેક્ષામાં અસંયમ તે પ્રેક્ષા અસંયમ, તે સ્થાન અને ઉપકરણાદિનું પ્રત્યુપેક્ષણ ન કરવું કે અવિધિએ પ્રત્યુપેક્ષણ કરવું તે.. ઉપેક્ષા અસંયમ એટલે અસંયમના યોગોમાં વ્યાપાર કે સંયમયોગોમાં અવ્યાપાર. અપહૃત્ય અસંયમ એટલે ઉચ્ચારાદિનું અવિધિએ પરિષ્ઠાપન કરવું તે. અપ્રમાર્જના અસંયમ એટલે પાત્રાદિની અપ્રમાર્જના કે અવિધિથી પ્રમાર્જના. મન-વચન-કાયા સંબંધી અસંયમ એટલે તેની અકુશલ ઉદીરણા કરવી.

અસંયમથી વિપરીત તે સંયમ, કહેવાય છે.

વેલંધર, અનુવેલંધર દેવોના આવાસ પર્વતોનું સ્વરૂપ ક્ષેત્રસમાસની આ ગાથા વડે જાણવું. – લવણશિખા ચક્રવાલથી ૧૦,૦૦૦ યોજન વિસ્તીર્ણ છે, તથા ૧૬,૦૦૦ યોજન ઉંચી અને ૧૦૦૦ યોજન અવગાઢ છે. લવણશિખાની ઉપર દેશોન અર્ધયોજન પ્રમાણ જળ બંને કાળ વધે છે અને ઘટે છે. લવણસમુદ્રની અભ્યંતર વેળાને ૪૨,૦૦૦ નાગકુમારો અને બાહ્ય વેળાને ૭૨,૦૦૦ નાગકુમારો ધારી રાખે છે. સમુદ્રનું અગ્રોદક ૬૦,૦૦૦ નાગકુમારો ધારી રાખે છે. વેલંધર દેવોના આવાસો લવણસમુદ્રની ચારે દિશામાં એક-એક છે. તેના નામ-પૂર્વદિશાના અનુક્રમથી ગોસ્તૂભ, દકભાસ, શંખ, દકસીમા. તેમના અધિપતિ દેવો અનુક્રમે ગોસ્તૂભ, શિવ, શંખ અને મનઃશીલ નાગરાજ છે. અનુવેલંધર આવાસ પર્વતો લવણસમુદ્રમાં વિદિશામાં એક એક હોવાથી કુલ ચાર છે, તે અનુક્રમે કર્કોટક, વિદ્યુત્પ્રભ, કૈલાસ અને અરુણપ્રભ છે. તેમના અધિપતિ કર્કોટક, કર્દમ, કૈલાસ અને અરુણપ્રભ નામના નાગરાજ છે. આ સર્વે આવાસ પર્વતો ૪૨,૦૦૦ યોજન લવણસમુદ્રમાં જતાં આવે છે. આ સર્વે પર્વતો ૪૩૦ યોજન અને કોશ ભૂમિમાં છે, ૧૭૨૧ યોજન ઉંચા છે.

चारण - જંઘાચારણ, વિદ્યાચારણ મુનિઓ તિર્છું રુચકાદિ દ્વીપમાં જવા માટે, તિગિંછિકૂટ ઉત્પાત પર્વતે આવીને મનુષ્ય ક્ષેત્ર પ્રતિ જવાને ગતિ કરે છે, તે પર્વત અહીંથી અસંખ્યાતમા અરુણોદય સમુદ્રમાં દક્ષિણે ૪૨,૦૦૦ યોજન જતાં છે... રુચકેન્દ્ર ઉત્પાત પર્વત અરુણોદય સમુદ્રમાં ઉત્તર દિશાએ તેટલો જ દૂર રહેલો છે.

આવીચી મરણ - आ - ચોતરફથી, वीचि - આયુષ્ય દળિયા ખરી જાય તેવી અવસ્થા જે મરણમાં હોય તે. અથવા वीचि - વિચ્છેદ, તેનો અભાવ તે अवीचि - X - પ્રતિક્ષણે આયુષ્યના દળીયા ખરતા જાય, તે રીતે જે મરણ થાય તે આવીચીમરણ કહેવાય છે.

अवधि - મર્યાદા, તેનાથી મરણ તે અવધિમરણ. નારકાદિ ભવના કારણપણે કરીને જે આયુકર્મના દળિયા અનુભવીને જે મરે છે, ફરીથી તેને અનુભવીને મરશે, ત્યાં સુધીનું અવધિમરણ કહેવાય, કેમકે તે દ્રવ્યની અપેક્ષાએ તે જ દ્રવ્યનું ફરીથી



ગ્રહણ થાય ત્યાં સુધી જીવનું મરણ થાય તે અવધિ કહેવાય છે.

આત્યંતિક મરણ-નારકાદિના આયુષ્કપણે કર્મદલિકોને અનુભવીને મરણ પામ્યો, મરીને ફરી તેને જ અનુભવીને મરવાનો નથી આવું જે મરણ તે, તે દ્રવ્યાપેક્ષાથી અત્યંત હોવાથી આત્યંતિક છે.

વલાયમરણ - સંયમ યોગથી ભગ્નવ્રત પરિણતીથી વળતાં એવા સાધુઓનું જે મરણ તે વલન્મરણ કહેવાય.

વશાર્ત્તમરણ - ઈન્દ્રિય વિષયોની પરતંત્રતા વડે જે બાધિત હોય તે વશાર્ત્ત, તેલવાળા દીવાની કલિકાને જોવાથી પતંગીયુ વશાર્ત છે.

અંતઃશલ્ય-મનમાં કોઈ શલ્ય-અપરાધ હોય તે. લજ્જા કે ગર્વાદિના કારણે અતિચાર ન આલોચ્યા હોય તેવાનું મરણ.

તિર્યંચ, મનુષ્ય સંબંધી કોઈ ભવમાં વર્તતો જંતુ ફરીથી તે જ ભવને યોગ્ય આયુ બાંધીને પછી આયુક્ષયથી મરે તે તદ્ભવમરણ. આ મરણ તિર્યંચ, મનુષ્યને જ હોય, દેવો અને નારકોને નહીં.

બાળ-અવિરત, તેમનું મરણ તે બાળમરણ... પંડિત-સર્વવિરત, તેઓનું મરણ તે પંડિતમરણ. બાલપંડિતમરણ - દેશવિરતનું જે મરણ. છદ્મસ્થ-અકેવલિમરણ, કેવલી મરણ પ્રસિદ્ધ છે... વેહાયસ-આકાશમાં જે મરણ અર્થાત્ વૃક્ષની શાખાએ લટકીને મરવું તે.. ગૃદ્ધ-ગીધ આદિ પક્ષી વડે સ્પર્શ કરાયેલ તે ગૃદ્ધસ્પૃષ્ટ. અથવા ગીધ આદિને ખાવાલાયક પીઠ, ઉદરાદિ તે ગૃદ્ધપૃષ્ઠ. કોઈ મહાસત્ત્વી હાથી કે ઉંટના શરીરમાં પ્રવેશી ગીધ આદિ પાસે પોતાનું ભક્ષણ કરાવે તે આ મરણ છે.

યાવજ્જીવ ભોજનનું પ્રત્યાખ્યાન તે ભક્તપરિજ્ઞા, આ પ્રત્યાખ્યાન ત્રિવિધ કે ચતુર્વિધ આહારના ત્યાગથી થઈ શકે છે. તે નિયમરૂપ સપ્રતિકર્મ છે... જે અનશનમાં નિયત દેશમાં ફરી શકે તે ઈંગિની મરણ છે, તેવા ઈંગિની મરણમાં ચતુર્વિધ આહારત્યાગ અને શરીરનું નિષ્પ્રતિકર્મ ઈંગિત પ્રદેશમાં જ રહેનારાને હોય... જેમાં પાદપ-વૃક્ષની જેમ ઉપગમન-રહેવું હોય તે પાદપોપગમન મરણ કહેવાય. જેમ કોઈ વૃક્ષ કોઈ પ્રકારે પડ્યું હોય તે કંઈપણ સમ-વિષમ સ્થાનને વિચાર્યા વિના નિશ્ચલ રહે તે રીતે.

સૂક્ષ્મસંપરાય, ઉપશમક કે ક્ષપક હોય. તે સૂક્ષ્મલોભ કષાયની કિટ્ટિકાને વેદનાર પૂજ્ય એવા સાધુ સૂક્ષ્મસંપરાય ભાવમાં વર્તતા, તે જ ગુણસ્થાનકમાં રહેલા સમજવા. પણ અતીત-અનાગત સૂક્ષ્મ સંપરાય પરિણામવાળા નહીં, તે ૧૨૦માંથી ૧૭ કર્મપ્રકૃત્તિને બાંધે છે, બાકીની નહીં કેમકે પૂર્વ-પૂર્વના ગુણસ્થાનકોમાં બંધને આશ્રીને તે પ્રકૃતિ વિચ્છેદ પામી છે. વળી આ ૧૭-માં પણ એક સાતા વેદનીય ઉપશાંત મોહાદિમાં પ્રાપ્ત થાય છે બાકીની ૧૬-નો અહીં જ વિચ્છેદ થાય છે. જે ૧૬નો ઉલ્લેખ સૂત્રમાં છે.

સામાન આદિ ૧૭-વિમાનોના નામો છે.

**સમવાય-૧૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૧૮ ❀

-- x -- x --

● સૂત્ર-૪૩ થી ૪૫ :-

*[૪૩] બ્રહ્મચર્ય ૧૮-ભેદે છે. તે આ — ઔદારિક કામભોગને પોતે મનથી સેવે નહીં, બીજાને મન વડે સેવડાવે નહીં, મન વડે સેવતા અન્યને અનુમોદે નહીં, ઔદારિક કામભોગ વચન વડે પોતે ન સેવે, બીજા પાસે ન સેવડાવે, વચનથી સેવતા અન્યને ન અનુમોદે. ઔદારિક કામભોગ કાયાથી સ્વયં ન સેવે, બીજાને કાયા વડે ન સેવડાવે, કાયા વડે સેવનારને ન અનુમોદે.*

*દિવ્યકામભોગ પોતે મનથી ન સેવે, બીજાને કાયા વડે ન સેવડાવે, સેવતા એવા બીજાને ન અનુમોદે. દિવ્યકામભોગ વચન વડે પોતે ન સેવે, બીજાને વચન વડે ન સેવડાવે, વચનથી સેવતા એવા બીજાને ન અનુમોદે, દિવ્ય કામભોગને કાયા વડે પોતે ન સેવે, કાયા વડે બીજાને ન સેવડાવે, કાયાથી સેવતા એવા બીજાને ન અનુમોદે. [આ અઢાર ભેદ છે.]*

*અરહંત અરિષ્ટનેમિને ૧૮,૦૦૦ સાધુઓની ઉત્કૃષ્ટ શ્રમણસંપદા હતી.*

*શ્રમણ ભગવંત મહાવીરે બાલ, સ્થવિરાદિ શ્રમણ નિર્ગ્રન્થોને ૧૮ સ્થાનો કહ્યા છે — [૪૪] છ વ્રત, છ કાય [રક્ષા], અકલ્પ્ય, ગૃહીભાજન, પલ્યંક, નિષધા, સ્નાન, શોભા એ છ નું વર્જન [છ + છ + છ]*

*[૪૫] ચૂલિકા સહિત "આચાર" સૂત્રના ૧૮,૦૦૦ પદો કહ્યા છે... બ્રાહ્મી લિપિના લેખવિધાનના ૧૮ ભેદ કહ્યા — બ્રાહ્મી, યાવનીલિપિ, દોષઉપરિકા, ખરોષ્ટ્રિકા, ખરસાવિકા, પહારાતિકા, ઉચ્ચતરિકા, અક્ષરપૃષ્ટિકા, ભોગવતિકા, વૈણકિયા, નિન્હવિકા, અંકલિપિ, ગણિતલિપિ, ગંધર્વલિપિ, [ભૂતલિપિ] આદર્શલિપિ, માહેશ્વરીલિપિ, દામિલિપિ, બોલિંદિલિપિ.*

*અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વમાં ૧૮ વસ્તુઓ છે... ધૂમપ્રભા પૃથ્વી ૧,૧૮,૦૦૦ યોજન વિસ્તારથી છે... પોષ અને અષાઢ માસમાં એક વખત ઉત્કૃષ્ટપણે ૧૮ મુહૂર્તનો દિવસ અને એક વખત ઉત્કૃષ્ટ ૧૮-મુહૂર્તની રાત્રિ થાય.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાંક નારકીઓની સ્થિતિ ૧૮-પલ્યોપમ છે.. છટ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકીઓની સ્થિતિ ૧૮ સાગરોપમની છે.. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૧૮ પલ્યોપમ છે.. સૌધર્મ-ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૮ પલ્યોપમ છે.. સહસ્રાર કલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮ સાગરોપમ છે.. પ્રાણતકલ્પે દેવોની જઘન્યસ્થિતિ ૧૮ સાગરોપમ છે..*

*જે દેવો કાળ, સુકાળ, મહાકાળ, અંજન, રિષ્ટ, શાલ, સમાન, દ્રુમ, મહાદ્રુમ, વિશાલ, સુશાલ, પદ્મ, પદ્મગુલ્મ, કુમુદ, કુમુદગુલ્મ, નલિન, નલિનગુલ્મ, પૌંડરીક, પૌંડરીકગુલ્મ, સહસ્રારાવતંસક વિમાનમાં ઉત્પન્ન થયેલા છે, તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮-સાગરોપમની કહી છે.*

*તે દેવો અઢાર અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તેમને ૧૮,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૮ ભવ ગ્રહણ*



*કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વદુઃખાંત કર થશે.*

● વિવેચન-૪૩ થી ૪૫ :-

૧૮-સ્થાનક કહે છે. સ્થિતિ સૂત્રો પૂર્વે આઠ સૂત્રો છે, તે સુગમ છે.

વિશેષ એ કે - बंभ - બ્રહ્મચર્ય. ઔદારિક કામભોગ-મનુષ્ય અને તિર્યંચસંબંધી વિષયો, દિવ્યકામભોગો-દેવસંબંધી વિષયો.

ક્ષુદ્રક અને વ્યક્તસહિત. તેમાં ક્ષુદ્રક-વય કે શ્રુતથી નાના, વ્યક્ત એટલે વય અને શ્રુતથી પરિણત. સ્થાનાનિ - પરિહાર, સેવાશ્રય વસ્તુઓ.

છ વ્રત-મહાવ્રત અને રાત્રિભોજનવિરતિ. છ કાય-પૃથ્વીકાયાદિ, અકલ્પ્ય-અકલ્પનીય પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્રાદિ પદાર્થ.. ગૃહિભાજન-થાળી આદિ.. પર્યંક-માંચી આદિ, નિષધા-સ્ત્રીઓ સાથે બેસવું, સ્નાન-શરીર ક્ષાલન [ધોવું તે]. શોભાવર્જન-પ્રસિદ્ધ છે.

ચૂલિકાસહિત-ચૂડાયુક્ત પ્રથમ અંગ 'આચાર'. બીજા શ્રુતસ્કંધમાં પિન્ડૈષણાદિ પાંચ ચૂલાઓ છે. પહેલા શ્રુતસ્કંધમાં નવ બ્રહ્મચર્ય અધ્યયનો છે, તેના જ ૧૮,૦૦૦ પદ પ્રમાણ છે, પણ ચૂલાના પદની સંખ્યા કહી નથી. કહ્યું છે — નવ બ્રહ્મચર્ય અધ્યયનરૂપના ૧૮,૦૦૦ પદો જાણવા, પાંચ ચૂલા સાથે લઈએ તો ઘણાં પદો થાય છે. અહીં મૂલસૂત્રમાં "સચૂલિકા" વિશેષણ છે. તે ચૂલિકા સત્તા જણાવવા માટે છે. પદનું પ્રમાણ જણાવવા નહીં. જેમકે નંદીસૂત્રના ટીકાકારે કહ્યું છે — નવ બ્રહ્મચર્યરૂપ પ્રથમ શ્રુતસ્કંધનું પ્રમાણ ૧૮,૦૦૦ પદ છે. સૂત્રોના અર્થ વિચિત્ર હોય છે, તે ગુરુ ઉપદેશથી જાણવા યોગ્ય છે. અહીં જે ૧૮,૦૦૦ પદ કહ્યા તે પદ અર્થની પ્રાપ્તિવાળા સમજવા. પદાગ્રેણ - એટલે પદના પરિમાણ વડે, તેમ જાણવું.

બ્રાહ્મી-ભગવંત આદિનાથની પુત્રી અથવા સંસ્કૃતાદિ ભેદવાળી વાણી, તેને આશ્રીને તે આદિનાથે જે અક્ષર લેખન પ્રક્રિયા કહીને બ્રાહ્મીલિપિ. તે બ્રાહ્મી લિપિના લેખનું વિધાન ૧૮-ભેદે કહ્યું છે. તે આ રીતે - બ્રાહ્મી આદિ. આ લિપિનું સ્વરૂપ જોવા મળતું નથી, માટે અમે કહ્યું નથી.

લોકમાં જે પ્રકારે છે અથવા નથી અથવા સ્યાદ્વાદના અભિપ્રાયથી જે વસ્તુ, જે પ્રકારે છે કે જે પ્રકારે નથી, એમ જેમાં કહ્યું તે અસ્તિનાસ્તિપ્રવાદ નામે ચોથું પૂર્વ છે, તેમાં અઢાર વસ્તુઓ કહી છે.

ધૂમપ્રભા નામે પાંચમી પૃથ્વી ૧૮,૦૦૦ યોજન અધિક લાખયોજન છે.

પોસાસાઢે - અષાઢ માસમાં એક દિવસ-કર્કસંક્રાંતિમાં ઉત્કર્ષથી ૧૮-મુહૂર્તનો દિવસ, પોષ માસમાં-મકરસંક્રાંતિમાં એ રીતે રાત્રિ છે.

કાલ, સુકાલાદિ વીશ નામો વિમાનના છે.

**સમવાય-૧૮-ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૧૯ ❀

-- x -- x --

● સૂત્ર-૪૬ થી ૪૯ :-

[૪૬] જ્ઞાત સૂત્રના ૧૯-અધ્યયનો કહ્યા છે – [૪૭] ઉત્ક્ષિપ્તજ્ઞાન, સંઘાટક, અંડ, કૂર્મ, શૈલક, તુંબ, રોહિણી, મલ્લી, માકંદી અને ચંદ્રિકા.. [૪૮] દાવદવ, ઉદકજ્ઞાત, મંડુક્ક, તેતલી, નંદીફલ, અપરકંકા, આકીર્ણ, સુંસમા અને છેલ્લું-ઓગણીસમું પુંડરીકજ્ઞાત.

[૪૯] જંબૂદ્વીપ દ્વીપમાં બે સૂર્ય છે. તે ઉત્કૃષ્ટથી ૧૯૦૦ યોજન ઉંચે-નીચે તાપે છે.. શુક્ર મહાગ્રહ પશ્ચિમમાં ઉદય પામી ૧૯ નક્ષત્ર સાથે ચાર ચરીને પશ્ચિમે અસ્ત પામે છે.. જંબૂદ્વીપ દ્વીપના ગણિતમાં ૧૯ કળા આવે છે.. ૧૯ તીર્થંકર ગૃહવાસ મધ્યે વસીને મુંડ થઈને ગૃહવાસથી નીકળી અણગારીક પ્રવ્રજ્યા લીધી [રાજ્ય ભોગવીને દીક્ષા લીધી.]

આ રત્નપ્રભામાં કેટલાંક નારકોની ૧૯ પલ્યોપમ સ્થિતિ છે.. છટ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૧૯-સાગરોપમ છે.. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૧૯-પલ્યોપમ છે.. સૌધર્મ-ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૧૯-પલ્યોપમ છે.. આનતકલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૯-સાગરોપમ છે.. પ્રાણતકલ્પે દેવોની જઘન્યસ્થિતિ ૧૯-સાગરોપમ છે.. જે દેવો આનત, પ્રાણત, નત, વિનત, ઘન, સુષિર, ઈન્દ્ર, ઈન્દ્રકાંત, ઈન્દ્રોત્તરાવતંસક વિમાને થયેલ દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૯-સાગરોપમ છે.

તે દેવો ૧૯ અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તે દેવોને ૧૯,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૧૯ ભવ ગ્રહણ કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વદુઃખાંતકર થશે.

● વિવેચન-૪૬ થી ૪૯ :-

હવે ૧૯-મું સ્થાન - તેમાં સ્થિતિસૂત્ર પૂર્વે પાંચ સૂત્રો છે, સુગમ છે.

વિશેષ એ - જ્ઞાત - દૃષ્ટાંત, તેને કહેનારા અધ્યયનો, છટ્ઠા અંગના પ્રથમ શ્રુતસ્કંધમાં રહેલા છે. 'ઉત્ક્ષિપ્ત' આદિ નામોની અઢી ગાથા છે. આ વિશેનું સર્વ વૃત્તાંત છટ્ઠા અંગથી જાણી લેવું... જંબૂદ્વીપ સૂત્રમાં - બંને સૂર્યો સ્વસ્થાનથી ઉપર ૧૦૦ યોજન, નીચે ૧૮૦૦ યોજન તપે છે. તેમાં સમભૂતલથી ૮૦૦ યોજન ઉંચો છે અને બાકીના ૧૦૦૦ યોજન, પશ્ચિમ મહાવિદેહમાં જગતીની પાસેના પ્રદેશમાં છે, કેમકે જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહમાં આરંભથી નીચે નીચે થતું ક્ષેત્ર છેવટે વિજયદ્વાર પાસે અધોલોક પ્રદેશમાં પ્રાપ્ત થયું છે. પણ બીજા દ્વીપોના સૂર્યો ઉંચે ૧૦૦ અને નીચે ૮૦૦ એમ કુલ ૯૦૦ યોજન પ્રકાશે છે, કેમકે ત્યાં ક્ષેત્રનું સમત્વ છે.

શુક્ર સૂત્રમાં – ''નક્ષત્રોની સાથે ચાર ચરીને'' એવો અર્થ કરવો.

કલા - ભરતક્ષેત્રનો વિસ્તાર ૫૨૬ યોજન, ૬ કલા છે. ઇત્યાદિ. જંબૂદ્વીપના ગણિતમાં જે કલા કહી છે, તે એક યોજનના ૧૯મા ભાગે છે.

અગાર - ઘરમાં, ચિરકાળ રાજ્યના પરિપાલનથી અધિકપણાએ. આ - નીતિની મર્યાદાથી, ઘરમાં વાસ કરીને, અધ્યેષ્ટ્યા - પ્રવ્રજિત થયા છે. બાકીના પાંચ [રાજ] કુમારપણે જ પ્રવ્રજિત થયા છે. કહ્યું છે – વીર, અરિષ્ટનેમિ, પાર્શ્વ, મલ્લિ, વાસુપૂજ્યને છોડીને બીજા જિનો રાજાઓ હતા.



**સમવાય-૧૯-ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૨૦ ❀

-- x -- x --

● સૂત્ર-૫૦ :-

અસમાધિ સ્થાનો ૨૦ કહ્યા – (૧) અત્યંત જલ્દી ચાલે, (૨) પ્રમાર્જ્યા વિના ચાલે, (૩) ખરાબ રીતે પૂંજીને ચાલે, (૪) અતિરિક્ત શય્યા, આસન રાખે, (૫) રત્નાધિકનો પરાભવ કરે, (૬) સ્થવિરનો ઉપઘાત કરે, (૭) પ્રાણી ઉપઘાત કરે, (૮) ક્ષણેક્ષણે ક્રોધ કરે, (૯) અતિક્રોધ કરે, (૧૦) પીઠ પાછળ અવર્ણવાદ બોલે, (૧૧) વારંવાર નિશ્ચયવાળી ભાષા બોલે, (૧૨) અનુત્પન્ન નવા કલેશને ઉદીરે, (૧૩) જૂના કલેશને ખમાવીને શાંત કર્યા પછી ફરી ઉદીરે, (૧૪) રજસહિત હાથપગ રાખે, (૧૫) અકાળે સ્વાધ્યાય કરે, (૧૬) કલહ કરે, (૧૭) શબ્દ કરે (રાત્રે), (૧૮) ઝંઝા-ખટપટ કરે, (૧૯) સૂર્ય હોય ત્યાં સુધી ખાય. (૨૦) એષણા અસમિત.

મુનિસુવ્રત અરિહંત ૨૦ ધનુષ્ ઊંચા હતા.. સર્વે ઘનોદધિઓ બાહલ્યથી ૨૦,૦૦૦ યોજન છે.. પ્રાણતકલ્પે દેવેન્દ્ર દેવરાજને ૨૦,૦૦૦ સામાનિક દેવો છે.. નપુંસકવેદરૂપ કર્મની બંધ સમયથી આરંભી વીશ સાગરોપમ કોડાકોડી બંધ સ્થિતિ છે.. પ્રત્યાખ્યાન પૂર્વની ૨૦ વસ્તુઓ છે.. ઉત્સર્પિણી-અવસર્પિણી મળીને ૨૦ સાગરોપમ કોડાકોડિ કાલ કહ્યો છે.

આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૦ પલ્યોપમ છે. છટ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૦ સાગરોપમ સ્થિતિ છે.. કેટલાક અસુર કુમારોની સ્થિતિ ૨૦-પલ્યોપમ છે.. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાંક દેવોની ૨૦-પલ્યોપમની સ્થિતિ છે.. પ્રાણત કલ્પે દેવોની ઉત્કૃષ્ટ ૨૦-સાગરોપમ સ્થિતિ છે.. આરણ કલ્પે દેવોની જઘન્ય સ્થિતિ ૨૦-સાગરોપમ છે.. જે દેવો સાત, વિસાત, સુવિસાત, સિદ્ધાર્થ, ઉત્પલ, ભિત્તિલ, તિગિચ્છ, દિશા સૌવસ્તિક, પ્રલંબ, રુચિર, પુષ્પ, સુપુષ્પ, પુષ્પાવર્ત્ત, પુષ્પપ્રભ, પુષ્પકાંત, પુષ્પવર્ણ, પુષ્પલેશ્ય, પુષ્પધ્વજ, પુષ્પશૃંગ, પુષ્પસિદ્ધ, પુષ્પોત્તરાવતંસક, વિમાને દેવપણે ઉત્પન્ન થાય તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦-સાગરોપમ છે.

તે દેવો વીશ અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે, તેઓને ૨૦,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૦ ભવ ગ્રહણ કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.

● વિવેચન-૫૦ :-

વીશમાં સ્થાનને વીશે કંઈક લખે છે. સ્થિતિ સૂત્રો પૂર્વે સાત સૂત્રો છે.

સમાધાન એટલે સમાધિ-ચિત્તનું સ્વાસ્થ્ય, મોક્ષમાર્ગમાં રહેવું તે. આવી સમાધિ જેને ન હોય તે અસમાધિ. તેના સ્થાનો-આશ્રય ભેદો કે પર્યાયો. તે અસમાધિ સ્થાનો કહેવાય છે. તેમાં (૧) જે જલ્દી જલ્દી ચાલે તે દવદવચારી કહેવાય છે. - x - x - તે સાધુ શીઘ્રશીઘ્ર સંયમ અને આત્માની અપેક્ષા રાખ્યા વિના ચાલતા પોતાના આત્માને પડતા વગેરે અસમાધિમાં જોડે છે બીજા પ્રાણીને હણતો, તેમને પણ અસમાધિમાં જોડે છે. પ્રાણીહિંસાથી ઉત્પન્ન કર્મ વડે પરલોકમાં પણ પોતાના આત્માને અસમાધિમાં જોડે છે. આ રીતે શીઘ્રગમન અસમાધિનું કારણ હોવાથી અસમાધિ સ્થાન કહ્યું છે.

(૨,૩) અપ્રમાર્જિતચારી અને દુષ્પ્રમાર્જિતચારી-સ્થાન, બેસવું, પડખું ફેરવવું આદિ ક્રિયા કરતાં આત્માદિની વિરાધના પામે છે.

(૪) અતિ પ્રમાણવાળા વસતિ, પીઠફલકાદિ જેને છે તે અતિરિક્ત શય્યાસનિક. આવો સાધુ ઘંઘશાલાદિ અધિક પ્રમાણવાળી વસતિમાં બીજા પણ ભિક્ષુકો રહે છે, તેની સાથે અધિકરણનો સંભવ હોવાથી પોતાના આત્માને અને બીજાને પણ અસમાધિમાં જોડે છે, એવું આસનમાં જાણવું.

(૫) આચાર્યાદિ પૂજ્ય પુરુષનો પરાભવકારી પોતાને અને બીજાને અસમાધિમાં જોડે છે.. (૬) સ્થવિર-આચાર્યાદિ ગુરુજનો, તેમને આચાર અને શીલતા દોષોથી અથવા જ્ઞાનાદિના હણવાના સ્વભાવવાળો.

(૭) ભૂત-એકેન્દ્રિયો, તેમને પ્રયોજન વિના હણે તે ભૂતોપઘાતિક.

(૮) સંજ્વલન-ક્ષણે ક્ષણે રોષ કરે.. (૯) ક્રોધન-એક વખત ક્રોધ કરે ત્યારે અત્યંત ક્રોધી થાય.. (૧૦) પરોક્ષમાં અન્યનો અવર્ણવાદ કરે.

(૧૧) વારંવાર અવધારણ કરનાર-શંકાવાળી બાબત છતાં પણ "આ એમજ છે" એમ નિઃશંકપણે બોલે અથવા પરનાગુણોનો નાશ કરનાર જેમકે સામો મનુષ્ય દાસ કે ચોર ન હોય છતાં તું દાસ-ચોર છે તેમ કહે.

(૧૨) અધિકરણ-કલહ કે યંત્રાદિનો ઉત્પાદક.. (૧૩) પૂર્વના જૂના કલહોને ખમાવીને શાંત કર્યા હોય તેની ફરીથી ઉદીરણા કરનાર.

(૧૪) સચિત્તાદિ રજ વડે ખરડાયેલા હાથે દેવાતી ભિક્ષાને જે ગ્રહણ કરે, એક સ્થંડિલાદિથી બીજી સ્થંડિલાદિ ભૂમિમાં જતો પગને ન પ્રમાર્જે અથવા તથાવિધ કારણે સચિત્તાદિ પૃથ્વી પર કપડાદિનાં આંતર રાખ્યા વિના બેસે, ઇત્યાદિ કરે તે સરજસ્કપાણિપાદ કહેવાય.

(૧૫) અકાળે સ્વાધ્યાયાદિ કરે.. (૧૬) કલહ હેતુભૂત કર્તવ્ય કરે.. (૧૭) રાત્રે મોટા અવાજે વાતચીત, સ્વાધ્યાયાદિ કરે, ગૃહસ્થભાષા બોલે.. (૧૮) ઝંઝાકર - જે જે કાર્યથી ગચ્છમાં ભેદ થાય તેવા કાર્યો કરે અથવા જે વચનથી ગચ્છને મનોદુઃખ થાય તે વચન બોલે.. (૧૯) સૂર્યના ઉદયથી અસ્ત સુધી અશન, પાન આદિ કરનાર.. (૨૦) એષણાની અસમિતિવાળો એટલે અનેષણીય વસ્તુનો ત્યાગ ન કરે, બીજા સાધુએ પ્રેરણા કરતા તેમની સાથે કલહ કરવા લાગે, અનેષણીયનો





ત્યાગ ન કરતો જીવનો ઉપરોધ કરવામાં પ્રવર્તે, આ રીતે પોતાને-પરને અસમાધિનું કારણ થાય.

ઘનોદધિ-સાતે નરકપૃથ્વીના પ્રતિષ્ઠાનભૂત... સામાનિક-ઈન્દ્રસમાન ઋદ્ધિવાળા, સાહસ્રય-હજાર, બંધતઃ-બંધ સમયથી આરંભીને બંધની સ્થિતિ એટલે સ્થિતિબંધ... સાત વગેરે વિમાનના નામો છે.

સમવાય-૨૦-નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ❀ સમવાય-૨૧ ❀

— x — x —

● સૂત્ર-૫૧ :-

*શબલ-૨૧ કહ્યા — (૧) હસ્તકર્મ કરનાર, (૨) મૈથુન સેવનાર, (૩) રાત્રિભોજન કરનાર, (૪) આધાકર્મને ખાતો, (૫) સાગારિક પિંડ ખાતો, (૬) ઔદ્દેશિકક્રીત-આહૃત આપેલ આહારને ખાતો, (૭) વારંવાર પ્રત્યાખ્યાન કરીને ખાતો, (૮) છ માસમાં એક ગણથી બીજા ગણમાં જતો, (૯) એક માસમાં ત્રણ વખત ઉદકલેપ કરતો, (૧૦) એક માસમાં ત્રણ વખત માયા સ્થાનને સેવતો.*

*(૧૧) રાજપિંડનું ભોજન કરતો, (૧૨) આકુટ્ટિ વડે પ્રાણાતિપાતને કરતો, (૧૩) આકુટ્ટિ વડે મૃષાવાદને બોલતો, (૧૪) આકુટ્ટિથી અદત્તાદાન ગ્રહણ કરતો, (૧૫) આકુટ્ટિથી આંતરા રહિત પૃથ્વી ઉપર સ્થાન કે શયનાદિને કરતો, (૧૬) આકુટ્ટિથી સચિત્ત પૃથ્વી-સચિત્તશિલા-ઘુણના આવાસવાળા કાષ્ઠ ઉપર શય્યા કે નિષધાને કરતો. (૧૭) સજીવ-સપ્રાણ-સબીજ-સહરિત-સઉત્તિંગ-પણગ દગ માટી કરોળીયાના જાળાવાળી, તેવા પ્રકારની ભૂમિમાં સ્થાન, નિષધા કરતો. (૧૮) આકુટ્ટિથી મૂલ-કંદ-ત્વચા-પ્રવાલ, પુષ્પ-ફળ-હરિતનું ભોજન કરતો. (૧૯) વર્ષમાં દશવાર ઉદકલેપ કરતો, (૨૦) વર્ષમાં દશવાર માયા સ્થાનને સેવતો, (૨૧) વારંવાર શીતોદકથી ખરડાયેલા હાથ વડે અશન-પાન-ખાદિમ-સ્વાદિમ ગ્રહણ કરી ભોજન કરતો. [એ ૨૧ કાર્યોથી] શબલ દોષ થાય છે.*

*જેની સાત પ્રકૃતિઓ ક્ષય પામી છે એવા નિવૃત્તિ બાદરને મોહનીય કર્મની ૨૧-પ્રકૃતિ સત્તામાં રહેલી હોય છે. તે આ — અપ્રત્યાખ્યાન કષાય ક્રોધ, અપ્રત્યાખ્યાન કષાય માન, અપ્રત્યાખ્યાન કષાય માયા, અપ્રત્યાખ્યાન કષાય લોભ, પ્રત્યાખ્યાનાવરણ કષાય ક્રોધ, પ્રત્યાખ્યાનાવરણ કષાય માન, પ્રત્યાખ્યાનાવરણ કષાય માયા, પ્રત્યાખ્યાના-વરણ કષાય લોભ, સંજ્વલન ક્રોધ યાવત્ લોભ, સ્ત્રી-પુરુષ-નપુંસક વેદ, હાસ્ય, અરતિ, રતિ, ભય, શોક, દુગંછા.*

*એક એક અવસર્પિણીનો પાંચમો અને છઠ્ઠો આરો કાલે કરીને ૨૧-૨૧ હજાર વર્ષનો કહ્યો છે. તે આ — દુષમાઆરો, દુષમાદુષમા આરો. એક-એક ઉત્સર્પિણીનો પહેલો અને બીજો આરો કાલથી ૨૧-૨૧ હજાર વર્ષનો કહ્યો છે.*

*તે આ – દુષમદુષમા, દુષમા.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૧-પલ્યોપમ સ્થિતિ છે.. છટ્ઠી પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૧-સાગરોપમ સ્થિતિ છે.. કેટલાક અસુર કુમારોની ૨૧-પલ્યોપમની સ્થિતિ છે.. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની ૨૧-પલ્યોપમ સ્થિતિ છે.. આરણકલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૧-સાગરોપમ છે.. અચ્યુત કલ્પે દેવોની જઘન્યસ્થિતિ ૨૧-સાગરોપમ છે.. જે દેવો શ્રીવત્સ, શ્રીદામગંડ, માલ્ય, કૃષ્ટિ, ચાપોન્નત, આરણાવતંસક વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયેલાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૧-સાગરોપમ છે.*

*તે દેવો ૨૧-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે, તેમને ૨૧,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૧-ભવને ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વદુઃખાંતકર થશે.*

**● વિવેચન-૫૧ :-**

હવે ૨૧-મું સ્થાનક-તેમાં સ્થિતિસૂત્ર સિવાયના ચાર સૂત્રો સુગમ છે. વિશેષ એ - શબલ - કાબરચીતરું, જે ક્રિયા વિશેષ વડે થાય તે શબલ, તેના યોગે સાધુ પણ શબલ કહેવાય. તે આ પ્રમાણે –

(૧) હસ્તકર્મ-વેદવિકાર વિશેષ, કરતો કે કરાવતો, સાધુશબલ થાય. (૨) અતિક્રમાદિ ત્રણ પ્રકારે મૈથુન સેવતો.. (૩) રાત્રિભોજન-દિવસે ગૃહીત દિવસે ખાધું ઈત્યાદિ ચાર ભાંગે અથવા અતિક્રમાદિ વડે ભોજન કરનાર.

(૪) આધાકર્મ, (૫) સાગારિક-સ્થાનદાતાનું પિંડ, (૬) ઔદ્દેશિક, ક્રીત, લાવેલું આપનારને ખાનાર, ઉપલક્ષણથી પ્રામિત્ય, આછેદ્ય, અનિસૃષ્ટ લેવું.

(૭) યાવત્-થી ગ્રહણ કરેલ પદોનો અર્થ આ છે – વારંવાર પ્રત્યાખ્યાન કરીને અશનાદિ ખાનાર, (૮) છ માસમાં એક ગણમાંથી બીજા ગણમાં જતો, (૯) એક માસમાં ત્રણ વખત નાભિપ્રમાણ જળમાં અવગાહ કરનાર. (૧૦) એક માસમાં ત્રણ માયાસ્થાન-ભેદ કરનાર. (૧૧) રાજપિંડખાનાર-શબલ થાય.

આકુટ્ટિ-જાણી જોઈને, (૧૨) પૃથ્વી આદિની હિંસાને કરતો. (૧૩) જુઠું બોલતો, (૧૪) અદત્તાદાન ગ્રહણ કરતો, (૧૫) આસન પાથર્યા વિના સ્થાન કે કાયોત્સર્ગ અને સ્વાધ્યાય ભૂમિને કરતો, (૧૬) સ્નિગ્ધ અને સચિત્ત રજવાળી પૃથ્વી ઉપર, શિલા કે ઢેફા ઉપર, ધુણાવાળા કાષ્ઠ ઉપર, (૧૭) તેવા પ્રકારના પ્રાણ-બીજાદિ સહિતના સ્થાને બેસવું આદિ કરતો. (૧૮) મૂળ-કંદ વગેરેને ખાતો *[આ બધું આકુટ્ટિથી કરતા શબલ દોષ થાય છે.]*

(૧૯) વર્ષમાં દશ વખત નાભિપ્રમાણ જળમાં અવગાહન કરતો તથા (૨૦) વર્ષમાં દશ વખત માયા સ્થાનને કરતો. (૨૧) વારંવાર શીતોદકલક્ષણ જળ વડે વ્યાપ્ત થયેલા હાથથી અશનને ગ્રહણ કરતો સાધુ શબલ થાય.

નિવૃત્તિબાદર-અપૂર્વકરણ નામે આઠમા ગુણઠાણે વર્તનાર. ક્ષીણસપ્તક-અનંતાનુબંધી ચતુષ્ક અને ત્રણ દર્શન લક્ષણ, તેને મોહનીય કર્મની ૨૧ પ્રકૃત્તિ



એટલે અપ્રત્યાખ્યાનાદિ ૧૨ અને નોકષાય-૯ રૂપ ઉત્તર પ્રકૃતિઓ સત્કર્મ-સત્તા અવસ્થાવાળું કર્મ કહેલું છે.

શ્રીવત્સ, શ્રીદામગંડ આદિ છ વિમાનોના નામો છે.

**સમવાય-૨૧-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૨૨ ❀

— x — x —

**● સૂત્ર-૫૨ :-**

*બાવીશ પરીષહો કહ્યા – (૧) ક્ષુધા, (૨) પિપાસા, (૩) શીત, (૪) ઉષ્ણ, (૫) દંશમશક, (૬) અચેલ, (૭) અરતિ, (૮) સ્ત્રી, (૯) ચર્યા, (૧૦) નૈષેધિકી, (૧૧) શય્યા, (૧૨) આક્રોશ, (૧૩) વધ, (૧૪) યાચના, (૧૫) અલાભ, (૧૬) રોગ, (૧૭) તૃણસ્પર્શ, (૧૮) જલ્લ, (૧૯) સત્કાર-પુરસ્કાર, (૨૦) પ્રજ્ઞા, (૨૧) અજ્ઞાન, (૨૨) દર્શન [આ બાવીસ પરીષહો જાણવા]*

*દૃષ્ટિવાદમાં ૨૨ સૂત્રો છિન્નછેદ નયવાળા, સ્વસમય સૂત્ર પરિપાટીમાં છે... ૨૨-સૂત્રો અચ્છિન્નછેદ નયવાળા, આજીવિક સૂત્ર પરિપાટીમાં છે... ૨૨-સૂત્રો ત્રણ નયવાળા, ત્રૈરાશિક સૂત્ર પરિપાટીમાં છે, ૨૨-સૂત્રો ચાર નયવાળા સમય સૂત્ર પરિપાટીમાં છે.*

*પુદ્ગલ પરિણામ ૨૨ ભેદે છે – (૧ થી ૫) કૃષ્ણ-નીલ-લોહિત-હાલિદ્ર-શુક્લવર્ણ પરિણામવાળા. (૬,૭) સુરભિગંધ-દુરભિગંધ પરિણામવાળા. (૮ થી ૧૨) તિક્ત-કટુક-કષાય-અંબિલ-મધુર રસ પરિણામવાળા. (૧૩ થી ૨૨) કર્કશ-મૃદુ-ગુરુ-લઘુ-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રુક્ષ સ્પર્શ પરિણામી.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાંક નારકોની ૨૨-પલ્યોપમ સ્થિતિ છે.. છટ્ઠી પૃથ્વીમાં નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨-સાગરોપમ છે.. અધઃ સપ્તમી પૃથ્વીમાં નારકોની જઘન્ય સ્થિતિ ૨૨-સાગરોપમ છે.. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૨૨-પલ્યોપમ છે.. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૨૨-પલ્યોપમ છે.. અચ્યુત કલ્પે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨-સાગરોપમ છે.. હેટ્ઠિમ હેટ્ઠિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ-૨૨-સાગરોપમ છે.. જે દેવો મહિત, વિશ્રુત, વિમલ, પ્રભાસ, વનમાલ અને અચ્યુતાવતંસક વિમાને દેવ થાય છે, તેમની સ્થિતિ ૨૨-સાગરોપમ છે.*

*તે દેવો ૨૨-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તે દેવોને ૨૨,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૨-ભવના ગ્રહણ વડે સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વદુઃખાંતકર થશે.*

**● વિવેચન-૫૨ :-**

૨૨-મું સ્થાન પ્રસિદ્ધાર્થ છે. વિશેષ એ – સ્થિતિ પૂર્વે છ સૂત્રો છે. તેમાં માર્ગથી ભ્રષ્ટ ન થઈને નિર્જરાર્થે સહન કરાય તે પરીષહ કહેવાય.

(૧) બુભૂક્ષા-ભુખ, તે રૂપી પરિષહ, તે દિગિંછા પરીષહ, મર્યાદાને ઓળંગ્યા વિના તેને સહેવો તે. આ રીતે બધાં પરીષહોમાં જાણવું.

(૨) પિપાસા-તરસ, (૩,૪) શીત-ઉષ્ણપ્રસિદ્ધ છે. (૫) દંશ અને મશક, એ બંને ચતુરિન્દ્રિય છે. તેમાં દંશ, મોટા છે અને મશક, નાના છે. દંશ-ભક્ષણ, કરડવું. તે છે પ્રધાન જેને તે મશક એ દંશમશક. એમ કહેતા જૂ, માંકડ, મંકોડા, માખી પણ જાણવા.. (૬) ચેલ - વસ્ત્ર, બહુમૂલ્ય-નવા-નિર્મળ-સારા પ્રમાણવાળાનો અભાવ હોવો તે અચેલત્વ જાણવું.

(૭) અરતિ-મનનો વિકાર, (૮) સ્ત્રી-પ્રસિદ્ધ છે, (૯) ચર્યા-ગ્રામ આદિમાં અનિયમિત વિહાર કરવો તે, (૧૦) નૈષેધિકી-ઉપદ્રવ સહિત કે રહિતભૂમિ, (૧૧) શય્યા-મનોજ્ઞ, અમનોજ્ઞ વસતિ કે સંસ્તારક.

(૧૨) આક્રોશ-દુર્વચન, (૧૩) વધ-લાકડી આદિથી મારવું, (૧૪) યાચના-ભિક્ષા કે તથાવિધ પ્રયોજને શોધવું તે. (૧૫,૧૬) અલાભ, રોગ પ્રસિદ્ધ છે. (૧૭) તૃણસ્પર્શ-સંસ્તારક અભાવે તૃણમાં શયન કરનારને તૃણ વાગે તે.

(૧૮) જલ્લ-શરીર, વસ્ત્રાદિનો મેલ. (૧૯) સત્કાર-વસ્ત્રાદિથી પૂજા, પુરસ્કાર-ઉભા થવું આદિ વિનય અથવા સત્કાર વડે સન્માન કરવું તે.

(૨૦) જ્ઞાન-સામાન્યથી મતિ આદિ, ક્યાંક 'અજ્ઞાન' એવો પાઠ છે. (૨૧) દર્શન-સમકિત દર્શન, સહેવું તે - ક્રિયાવાદી આદિના વિચિત્ર મતને શ્રવણ કર્યા છતાં નિશ્ચલ ચિત્તે સમ્યક્ત્વ ધારણ કરવું. (૨૨) પ્રજ્ઞા-સ્વયં વિમર્શપૂર્વક વસ્તુને જણાવનાર મતિજ્ઞાનના વિશેષ ભેદરૂપ.

દૃષ્ટિવાદ-બારમું અંગ, તે પાંચભદે-પરિકર્મ, સૂત્ર, પૂર્વગત, પ્રથમાનુયોગ, ચૂલિકા. તેમાં દૃષ્ટિવાદના બીજા પ્રસ્થાનમાં ૨૨-સૂત્રો છે, તેમાં સર્વ દ્રવ્ય, પર્યાય, નય આદિના અર્થના સૂચનથી સૂત્ર કહેવાય. છિન્ન છેદ-જે નય છેદથી છિન્ન સૂત્રને ઈચ્છે-જેમ ધમ્મો મંગલમુક્કુટ્ઠ આદિ શ્લોક સૂત્ર અને અર્થથી છેદનયમાં રહીને બીજા વગેરે શ્લોકની અપેક્ષા ન કરે. આ રીતે જે સૂત્રો છિન્નછેદનયવાળા હોય તે છિન્નછેદનયિક. આવા સૂત્રો સ્વસમય-જિનમત આશ્રિત જે સૂત્રોની પરિપાટિ-પદ્ધતિ, તેમાં સ્વસમય પરિપાટિમાં હોય છે. અથવા તેના વડે સ્વસમયપરિપાટી હોય છે.

અછિન્નછેદનયિક - અહીં જે નય અચ્છિન્ન સૂત્રને છેદ વડે ઈચ્છે છે. જેમ-ધમ્મો મંગલમુક્કટ્ઠ આદિ શ્લોકાર્થથી બીજા આદિ શ્લોકની અપેક્ષા કરતો હોય તેવા જે સૂત્રો અછિન્ન છેદ નયવાળા હોય તે અછિન્ન છેદનયિક. આવા સૂત્રો આજીવિક સૂત્ર પરિપાટીમાં-ગોશાલકમત સૂત્ર પદ્ધતિમાં કે પદ્ધતિ વડે હોય અર્થાત્ સૂત્રો અક્ષરરચના વડે જુદા રહેલા હોય, તો પણ અર્થથી પરસ્પરની અપેક્ષા રાખનારાં હોય છે.

ત્રિકનયિક-જે સૂત્રો ત્રણ નયના અભિપ્રાયથી ચિંતવાય તે.

ત્રૈરાશિક સૂત્ર પરિપાટી - અહીં ત્રૈરાશિક-ગોશાલક મતાનુસારી કહેવાય છે. કેમકે તેઓ સર્વ વસ્તુ ત્રણ સ્વરૂપવાળી ઈચ્છે છે. જેમકે - જીવ, અજીવ, જીવાજીવ



આદિ. નય વિચારથી પણ તેઓ ત્રિવિધ નયને ઈચ્છે છે જેમકે – દ્રવ્યાસ્તિક, પર્યાયાસ્તિક, ઉભયાસ્તિક, ત્રણેને આશ્રીને ત્રિકનયિક.

ચતુષ્કનયિક – જે સૂત્રો ચાર નયના અભિપ્રાયથી ચિંતવાય તે. ચાર નય આ રીતે - નૈગમનય બે રીતે – સામાન્યગ્રાહી, વિશેષગ્રાહી. તેમાં સામાન્યગ્રાહી છે, તે સંગ્રહનયમાં સમાય છે અને વિશેષગ્રાહી તે વ્યવહારનયમાં સમાય છે. આ રીતે સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર ત્રણ અને શબ્દાદિ ત્રણ મળીને એક એમ ચાર નય છે.. સ્વ સમયાદિનો અર્થ પૂર્વવત્.

પુદ્ગલ-અણુ આદિનો, પરિણામ-ધર્મ, તે પુદ્ગલ પરિણામ. તે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શના ભેદો મળીને ૨૦ ભેદ છે. તથા ગુરુલઘુ, અગુરુલઘુ ઉમેરતા ૨૨ થાય છે. તેમાં વાયુ આદિ તિર્યગ્ગામી હોય તે ગુરુલઘુ અને સિદ્ધિ ક્ષેત્રાદિ સ્થિરદ્રવ્ય તે અગુરુલઘુ છે.

મહિત આદિ છ વિમાનોના નામો છે.

**સમવાય-૨૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૨૩ ❀

— x — x —

● **સૂત્ર-૫૩ :-**

*સૂયગડના ૨૩-અધ્યયનો છે – સમય, વૈતાલિક, ઉપસર્ગપરિજ્ઞા, સ્ત્રીપરિજ્ઞા, નરકવિભક્તિ, મહાવીરસ્તુતિ, કુશીલપરિભાષિત, વીર્ય, ધર્મ, સમાધિ, માર્ગ, સમવસરણ, યાથાતથ્ય, ગ્રંથ, યમકીય, ગાથા, પુંડરીક, ક્રિયાસ્થાન, આહારપરિજ્ઞા, અપ્રત્યાખ્યાનક્રિયા, અનગારશ્રુત, આર્દ્રકીય, નાલંદીય...*

*જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ૨૩-જિનેશ્વરોને સૂર્યોદય મુહૂર્તે શ્રેષ્ઠ કેવલજ્ઞાન-દર્શન ઉત્પન્ન થયા.*

*જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ૨૩ તિર્થંકરો પૂર્વભવમાં અગિયાર અંગના જ્ઞાતા હતા. તે આ – અજિત યાવત્ વર્ધમાન. કેવલ કૌશલિક ઋષભ અર્હત્ ચૌદપૂર્વી હતા... જંબૂદ્વીપમાં આ અવસર્પિણીમાં ૨૩-તીર્થંકરો પૂર્વ ભવે માંડલિક રાજા હતા, તે આ – અજિત યાવત્ વર્ધમાન. કેવલ કૌશલિક અર્હત્ ઋષભ પૂર્વ ભવે ચક્રવર્તી હતા.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૩-પલ્યોપમસ્થિતિ છે.. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નૈરયિકોની સ્થિતિ ૨૩-સાગરોપમ છે.. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૨૩-પલ્યોપમ છે.. સૌધર્મ-ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૨૩-પલ્યોપમ છે.. હેટ્ઠિમ મજ્ઝિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ ૨૩-સાગરોપમ છે.. હેટ્ઠિમ હેટ્ઠિમ ગ્રૈવેયકે ઉત્પન્ન દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૩-સાગરોપમ છે.*

*તે દેવો ૨૩-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તેમને*

*૨૩,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાંક ભવસિદ્ધિક જીવો ૨૩ ભવ ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.*

● **વિવેચન-૫૩ :-**

૨૩મું સ્થાનક સુગમ છે. વિશેષ એ — સ્થિતિ સૂત્રો પૂર્વે ચાર સૂત્રો છે, તેમાં સૂયગડાંગના પહેલા શ્રુતસ્કંધમાં-૧૬, બીજા શ્રુતસ્કંધમાં-૭-અધ્યયનો છે. તેમના અન્વર્થ નામ પ્રમાણે જાણવો.

**સમવાય-૨૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૨૪ ❀

— x — x —

● **સૂત્ર-૨૪ :-**

*દેવાધિદેવો ચોવીશ કહ્યા છે — ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લી, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ અને વર્ધમાન... ચુલ્લહિમવંત અને શિખરી એ બે વર્ષધર પર્વતની જીવા ૨૪,૯૩૨ યોજન તથા એક યોજનનો ૩૮મો ભાગ કંઈક અધિક છે.*

*દેવોના ૨૪ સ્થાનો ઈન્દ્રસહિત છે, બાકીના અહમિન્દ્ર, ઈન્દ્ર અને પુરોહિત રહિત છે... ઉત્તરાયણમાં રહેલ સૂર્ય ૨૪ અંગુલ પોરિસીની છાયા કરીને પાછો વળે છે... ગંગા અને સિંધુ મહાનદી પ્રવાહમાં સાધિક ૨૪-કોશ વિસ્તારમાં છે... રક્તા-રક્તવતી મહાનદી પણ તેટલી જ વિસ્તૃત છે.*

*આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકોની ૨૪-પલ્યોપમ સ્થિતિ છે, અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૪-સાગરોપમ છે.. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૨૪-પલ્યોપમ છે.. સુધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૨૪-પલ્યોપમ છે.. હેટ્ઠિમ ઉવરિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ ૨૪-સાગરોપમ છે.. જે દેવો હેટ્ઠિમ મજ્ઝિમ ગ્રૈવેયક વિમાને દેવપણે ઉત્પન્ન થાય છે તેમની ઉત્કૃષ્ટ ૨૪-સાગરોપમ સ્થિતિ છે.*

*તે દેવો ૨૪-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે, તેમને ૨૪,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૪-ભવે ગ્રહણ કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત થઈ સર્વ દુઃખનો અંત કરશે.*

● **વિવેચન-૫૪ :-**

૨૪માં સ્થાનકમાં સ્થિતિની પૂર્વે છ સૂત્રો છે, તે સુગમ છે. વિશેષ એ કે — ઈન્દ્રાદિક દેવો મધ્યે જે પૂજ્યત્વથી અધિક હોય તે દેવાધિદેવ કહેવાય.

જંબૂદ્વીપ લક્ષણ વૃત્તક્ષેત્ર મધ્યે જે ક્ષેત્રો અને પર્વતો હોય તેની સીધી સીમાને જીવા કહે છે. ધનુષ્ ઉપર ચડાવેલ પ્રત્યંચા સદૃશ હોવાથી જીવા કહે છે. તેમાં ચુલ્લ હિમવંત અને શિખરી બંને પર્વતની જીવા ૨૪,૯૩૨ યોજન અને એક યોજનનો ૩૮મો ભાગ અધિક છે. તેની ગાથા - ૨૪,૯૩૨ યોજન અને અર્ધી કલા એટલી ચુલ્લહિમવંતની



જીવા છે. અર્ધીકલા એટલે ઓગણીશ ભાગનું અડધું.

દેવોના ભેદો ૨૪-આ પ્રમાણે — ભવનપતિના ૧૦, વ્યંતરના ૮, જ્યોતિષ્કના-૫, કલ્પોપન્ન વૈમાનિકોનો એક, એ સર્વે મળી ૨૪-થાય. આ ૨૪-સ્થાનો ઈન્દ્રસહિત-ચમરેન્દ્રાદિથી અધિષ્ઠિત છે. બાકીના-ગ્રૈવેયક અને અનુત્તર દેવોમાં તેઓ અહમિન્દ્ર છે, તેઓ પોતે જ ઈન્દ્રો છે - પોતાના આત્માને ઈન્દ્ર માનનારા છે, તેથી તે સ્થાનો ઈન્દ્ર-નાયક રહિત છે, ત્યાં શાંતિકર્મકર પુરોહિત નથી. ઉપલક્ષણથી સેવકજનો આદિ કંઈપણ નથી.

ઉત્તરાયણમાં રહેલો - કર્ક સંક્રાંતિ દિવસે સર્વાભ્યંતર મંડલમાં રહેલો સૂર્ય, એક હસ્તપ્રમાણ શંકુની ૨૪ અંગુલપ્રમાણ પોરિસિની છાયા કરીને પાછો ફરે છે એટલે સર્વ અભ્યંતર મંડલથી બીજા મંડલમાં આવે છે. કહ્યું છે કે — અષાઢ માસે બે પાદની છાયા ઇત્યાદિ... જે સ્થાનથી નદી વહે તે પ્રવાહ. અહીં પદ્મદ્રહથી તેના તોરણ દ્વારા તેની નીચે થઈને તેનો નિર્ગમ સંભવે છે. અન્ય સ્થળે ''પ્રવહ'' શબ્દથી મકરના મુખની પ્રનાલમાંથી નીકળવું અથવા પ્રપાત કુંડમાંથી નિર્ગમ કહ્યો છે, તે અહીં ઈષ્ટ નથી. કેમકે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં અને અહીં-૨૫-કોશ પ્રમાણ ગંગાદિ નદીનો પ્રવાહ કહ્યો છે.

**સમવાય-૨૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૨૫ ❀

— x — x —

● **સૂત્ર-૫૫ થી ૫૯ :-**

*[૫૫] પહેલા, છેલ્લા તીર્થંકરના સમયમાં પાંચ મહાવ્રતોની ૨૫-ભાવના કહી છે. તે આ — (૫) ઈર્યાસમિતિ, મનગુપ્તિ, વચનગુપ્તિ, પાત્ર જોઈને ભોજન કરવું, આદાનભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ. (૫) વિચારીને બોલવું, ક્રોધ વિવેક, લોભ વિવેક, ભય વિવેક, હાસ્ય વિવેક. (૫) અવગ્રહ અનુજ્ઞા, અવગ્રહ સીમા જાણવી, અવગ્રહ અનુગ્રહણ કરવું, સાધર્મિક અવગ્રહને તેની આજ્ઞા લઈને પરિભોગ કરવો. સાધારણ ભાત-પાણીનો પરિભોગ અનુજ્ઞા લઈને કરવો. (૫) સ્ત્રી-પશુ-નપુંસક સંસક્ત શયન-આસન વર્જવા, સ્ત્રી કથાવર્જવી, સ્ત્રી ઈન્દ્રિયો આલોકજ વર્જવું, પૂર્વરત-પૂર્વક્રીડિતનું સ્મરણ ન કરવું, પ્રણીત આહાર ત્યાગ. (૫) શ્રોત્રેન્દ્રિય-ચક્ષુરિન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-જિહ્વેન્દ્રિય-સ્પર્શેન્દ્રિય રાગનો ત્યાગ.*

*અર્હત્ મલ્લી ૨૫-ધનુષ્ ઉંચા હતા.. સર્વે દીર્ઘવૈતાઢ્ય પર્વતો ૨૫-યોજન ઊંચા, ૨૫ ગાઉ પૃથ્વીમાં છે.. બીજી પૃથ્વીમાં ૨૫-લાખ નરકાવાસ છે. ''આચાર''ના ચૂલિકા સહિત ૨૫-અધ્યયનો છે. તે આ પ્રમાણે —*

*[૫૬] શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય, શીતોષ્ણીય, સમ્યક્ત્વ, આવંતી, ધૂત, વિમોક્ષ, ઉપધાનશ્રુત, મહાપરિજ્ઞા, પિન્ડૈષણા, શય્યા, ઈર્યા, ભાષા, વસ્ત્રૈષણા, પાત્રૈષણા, અવગ્રહપ્રતિમા, સપ્તસપ્તૈકકા-એ સાત, ભાવના, વિમુક્તિ. [૫૯]*

***વિમુક્તિ અધ્યયન, નિશીથ અધ્યયન સહિત ૨૫-મું જાણવું.***

***અપર્યાપ્ત, સંક્લિષ્ટ પરિણામી, મિથ્યાદૃષ્ટિ વિકલેન્દ્રિય જીવ નામકર્મની ૨૫-ઉત્તર પ્રકૃત્તિને બાંધે. તે આ - તિર્યગ્ગતિનામ, વિકલેન્દ્રિય જાતિ નામ, ઔદારિક શરીર, તૈજસશરીર, કાર્મણશરીર, હુંડક સંસ્થાન, ઔદારિક શરીર અંગોપાંગ, છેવટ્ટુ સંઘયણ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, તિર્યગાનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, ત્રસ, બાદર, અપર્યાપ્તક, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય, અયશઃકીર્તિ અને નિર્માણનામ.***

***ગંગા, સિંધુ મહાનદી ૨૫ ગાઉ પૃથક્ પ્રવાહથી બંને દિશામાં ઘટના મુખથી પડીને, મુક્તાવલી હાર સંસ્થાનવાળા પ્રપાતે પોતપોતાના કુડમાં પડે છે... રક્તા, રક્તવતી મહાનદી ૨૫-ગાઉ પૃથક્ પ્રવાહથી એ રીતે જ પડે છે... લોકબિંદુસાર પૂર્વમાં ૨૫-વસ્તુઓ કહી છે.***

***આ રત્નપ્રભામાં કેટલાક નારકીની સ્થિતિ ૨૫-પલ્યોપમની છે.. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૫-સાગરોપમ છે.. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૨૫-પલ્યોપમ છે.. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની ૨૫-પલ્યોપમ સ્થિતિ છે.. મજ્ઝિમહેટ્ઠિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ ૨૫-સાગરોપમ છે.. હેટ્ઠિમઉવરિમ ગ્રૈવેયકે ઉત્પન્ન દેવોની સ્થિતિ ઉત્કૃષ્ટથી ૨૫-સાગરોપમ છે... આ દેવો ૨૫-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વસા લે છે. તેઓને ૨૫,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૫ ભવ કરી યાવત્ દુઃખાંત કરશે.***

**● વિવેચન-૫૫ થી ૫૯ :-**

૨૫-મું સ્થાનક સુગમ છે. વિશેષ આ - સ્થિતિ પૂર્વે ૯ સૂત્રો છે.

પાંચ યામ-મહાવ્રતોનો સમુદાય તે પંચયામ. તેની ભાવનાઓ — પ્રાણાતિપાતાદિ નિવૃત્તિરૂપ મહાવ્રતના રક્ષણાર્થે કરાય તે ભાવનાઓ છે. તે ભાવના દરેક મહાવ્રતની પાંચ-પાંચ છે. તેમાં ઈર્યાસમિતિ આદિ પાંચ પહેલા મહાવ્રતની છે. આલોક ભાજન ભોજન - જોવાપૂર્વક ભાજન-પાત્ર, ભોજન-ભાત, પાણીનો આહાર કરવો તે, કેમકે અનાલોક્ય ભાજનમાં ભોજન કરવાથી પ્રાણી હિંસા સંભવે છે.. વિચારીને બોલવું આદિ બીજા વ્રતની પાંચ ભાવના છે. તેમાં વિવેક - પરિત્યાગ. અવગ્રહ અનુજ્ઞાપનાદિ ત્રીજા વ્રતની પાંચ ભાવના છે. તેમાં (૧) અવગ્રહની અનુજ્ઞા લેવી. (૨) પછી તેની હદને જાણવી. (૩) જાણીને અવગ્રહને ગ્રહણ કરવો, (૪) ગીતાર્થ સમુદાયમાં વિચરતા સંવિગ્ન સાધુઓનો અવગ્રહ, કાલાદિથી માસ આદિ, ક્ષેત્રથી પાંચ ગાઉ આદિ સાધર્મિકોની અનુજ્ઞા લઈને જ રહેવું, (૫) આણેલ સામાન્ય ભોજનાદિ આચાર્યાદિની અનુજ્ઞા લઈને વાપરવું તે.. સ્ત્રી આદિ સંસક્ત આસન-શયનાદિ વર્જન તે ચોથા વ્રતની,. તેમાં પ્રણીત - અતિસ્નેહ વાળો, શ્રોત્રાદિ ઈન્દ્રિયના રોગનો ત્યાગ તે પાંચમા મહાવ્રતની ભાવા છે — જે જીવ જેમાં આસક્ત થાય, તેને તેનો પરિગ્રહ લાગે, તેથી શબ્દાદિનો રાગ કરતા તેનો પરિગ્રહ થાય, તેથી પરિગ્રહ વિરતિની વિરાધના થાય.



આ સર્વે ભાવનાઓ વાચનાંતરમાં આવશ્યકાનુસાર દેખાય છે.

મિથ્યાદૃષ્ટિ જ તિર્યગ્ગતિ આદિ કર્મપ્રકૃતિ બાંધે, સમ્યગ્દૃષ્ટિ નહીં. કેમકે તે પ્રકૃતિઓ મિથ્યાત્વપ્રત્યય છે. તેથી મિથ્યાદૃષ્ટિ ગ્રહણ કર્યા. વિકલેન્દ્રિય — બે, ત્રણ, ચાર ઈન્દ્રિયવાળામાંથી કોઈ એક. પર્યાપ્તો બીજી પણ કર્મપ્રકૃતિ બાંધે માટે અહીં અપર્યાપ્તકો કહ્યા. અપર્યાપ્તક જ આ અપ્રશસ્ત પરાવર્તમાન પ્રકૃતિને બાંધે. વળી તે સંક્લિષ્ટ પરિણામી હોય તો જ બાંધે. તેથી સંક્લિષ્ટ પરિણામી કહ્યું. તે પણ બેઈન્દ્રિયાદિ અપર્યાપ્તકને યોગ્ય જ બાંધે તેમાં કોઈ વખત બેઈન્દ્રિય જાતિ સહ, કોઈ વખત તેઈન્દ્રિય જાતિ સાથે અને કદાચિત્ ચતુરિન્દ્રિય જાતિ સાથે પચીશ પ્રકૃતિઓ જાણવી.

ગંગા આદિ ૨૫ ગાઉના વિસ્તારવાળો પ્રપાત એમ જાણવું. બંને દિશામાં એટલે પૂર્વમાં ગંગા અને પશ્ચિમમાં સિંધુ. તે બંને પદ્મદ્રહમાંથી નીકળી ૫૦૦ યોજન પર્વત ઉપર જઈને પછી દક્ષિણાભિમુખ વળે છે. ત્યાં ઘટના મુખ જેવી ૨૫-કોશ પહોળી જિહ્વાવાળા મકરમુખરૂપી પરનાળામાંથી પ્રવર્તેલ મોતીના હાર જેવા સંસ્થાનવાળા પ્રપાત વડે ૧૦૦ યોજન ઉંચા હિમવંત પર્વત નીચે રહેલા પોત-પોતાના પ્રપાતકુંડમાં પડે છે... એ જ પ્રમાણે રક્તા અને રક્તવતી જાણવી. વિશેષ આ — શિખરી વર્ષધર ઉપર રહેલા પુંડરીક દ્રહથી નીકળીને પડે છે... લોકબિંદુસાર એ ચૌદમું પૂર્વ છે.

**સમવાય-૨૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૨૬ ❀

— x — x —

**● સૂત્ર-૬૦ :-**

***દશા, કલ્પ, વ્યવહારના ૨૬ ઉદ્દેશનકાળ કહ્યા — દશાના દશ, કલ્પના છ અને વ્યવહારના દશ... અભવસિદ્ધિક જીવોને મોહનીયકર્મની ૨૬ કર્મ પ્રકૃતિઓ સત્તામાં રહેલી છે. તે આ — મિથ્યાત્વ મોહનીય, ૧૬ કષાયો, ૩-વેદ, હાસ્ય, અરતિ, રતિ, ભય, શોક, દુગંછા. [૧૬ કષાય, ૯-નોકષાય, મિથ્યાત્વ]***

***આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાંક નારકોની ૨૬-પલ્યોપમ સ્થિતિ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાંક નારકોની ૨૬-સાગરોપમ સ્થિતિ છે. કેટલાક અસુરકુમારોની ૨૬-પલ્યોપમ સ્થિતિ છે. સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૨૬-પલ્યોપમ છે. મજ્ઝિમહેટ્ઠિમ ગ્રૈવેયક વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા હોય તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૬-સાગરોપમ છે.***

***તે દેવો ૨૬-અર્ધ માસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તે દેવોને ૨૬,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૬-ભવગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વદુઃખાંતકર થશે.***

**● વિવેચન-૬૦ :-**

૨૬મું સ્થાન વ્યક્ત છે. વિશેષ - ઉદ્દેશનકાલ એટલે જે શ્રુતસ્કંધમાં અને

અધ્યયનમાં જેટલા અધ્યયન કે ઉદ્દેશા કહ્યા હોય તેમાં તેટલા જ ઉદ્દેશન કાળ-શ્રુતોપચારરૂપ હોય છે. અભવ્યોને ત્રણ પુંજ કરણ અભાવથી સમ્યક્ત્વ અને મિશ્રરૂપ બે પ્રકૃતિ સત્તામાં ન હોવાથી ૨૬-કર્મપ્રકૃતિ છે.

**સમવાય-૨૬-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૨૭ ❀

-- x -- x --

● સૂત્ર-૬૧ :-

*સાધુના ૨૭-ગુણો કહ્યા – પ્રાણાતિપાતથી વિરમવું, મૃષાવાદથી વિરમવું, અદત્તાદાનથી વિરમવું, મૈથુનથી વિરમવું, પરિગ્રહથી વિરમવું, શ્રોત્રેન્દ્રિય-ચક્ષુરિન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-જિહ્વેન્દ્રિય-સ્પર્શેન્દ્રિયોનો નિગ્રહ. ક્રોધ-માન-માયા-લોભનો ત્યાગ, ભાવ-કરણ-યોગ સત્ય, ક્ષમા, વિરાગતા, મન-વચન-કાયાની સમાહરણતા, જ્ઞાન-દર્શન-ચારિત્રસંપન્નતા, વેદના અને મારણાંતિક [ઉપસર્ગોનું] સહન કરવાપણું.*

*જંબૂદ્વીપમાં અભિજિત્ સિવાયના બીજા ૨૭-નક્ષત્રોથી વ્યવહાર ચાલે છે.. એક એક નક્ષત્ર માસ રાત્રિ-દિવસની અપેક્ષાએ ૨૭-રાત્રિ દિવસે પૂર્ણ કરાય છે.. સૌધર્મ-ઈશાનકલ્પે વિમાનની પૃથ્વી ૨૭-યોજન જાડી છે.. વેદક સમકિતના બંધથી વિરત જીવને મોહનીયની ૨૭-ઉત્તરપ્રકૃતિઓ સત્તામાં રહેલ છે.. શ્રાવણ સુદ સાતમે સૂર્ય ૨૭-અંગુલ પોરિસી છાયા નીપજાવીને પછી દિવસના ક્ષેત્રને હાનિ પમાડતો અને રાત્રિ ક્ષેત્રને વૃદ્ધિ પમાડતો ચાર ચરે છે.*

*આ રત્નપ્રભામાં કેટલાક નારકોની ૨૭-પલ્યોપમની સ્થિતિ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૭-સાગરોપમ સ્થિતિ છે.. કેટલાક અસુરકુમારોની ૨૭-પલ્યોપમ સ્થિતિ છે. સૌધર્મ-ઈશાનકલ્પે કેટલાક દેવોની ૨૭-પલ્યોપમ સ્થિતિ છે. મજ્ઝિમઉવરિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ ૨૭-સાગરોપમ છે. જે દેવો મજ્ઝિમમજ્ઝિમ ગ્રૈવેયકે દેવપણે ઉત્પન્ન થયા હોય, તે દેવોની ઉત્કૃષ્ટ ૨૭-સાગરોપમ સ્થિતિ છે.*

*તે દેવો ૨૭-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તે દેવોને ૨૭,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૭-ભવ ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વદુઃખાંતકર થશે.*

● વિવેચન-૬૧ :-

૨૭-મું સ્થાનક વ્યક્ત જ છે. સ્થિતિ પૂર્વે છ સૂત્રો છે. તે વિશેષ છે.

તેમાં સાધુના ચારિત્ર વિશેષ ગુણો તે અનગાર ગુણો. તેમાં મહાવ્રતો, પાંચ ઈન્દ્રિય નિગ્રહ, ક્રોધાદિ ૪-નો વિવેક, ૩-સત્યો, તેમાં ભાવસત્ય-શુદ્ધ અંતરાત્મતા, કરણસત્ય-પ્રતિલેખનાદિ ક્રિયા, શાસ્ત્રોક્ત રીતે સમ્યક્પણે ઉપયોગપૂર્વક કરવી, યોગસત્ય-મન વગેરેનું સત્યપણું. *[આ ૧૭ ગુણ તથા]*

ક્ષમા-અનભિવ્યક્ત ક્રોધ, માન સ્વરૂપ દ્વેષ સંજ્ઞક સર્વ અપ્રીતિનો અભાવ અથવા ક્રોધ અને માનના ઉદયનો નિરોધ. ક્રોધ, માન વિવેક શબ્દથી તેને ઉદયમાં



ન આવવા દેવા તે ક્ષમા, તે પૂર્વે કહેલ છે, ફરી કહેતા નથી.

વિરાગતા - આસક્તિ માત્રનો અભાવ અથવા માયા, લોભનો અનુદય. માયા, લોભ વિવેક શબ્દથી તેના ઉદય પ્રાપ્તિનો નિરોધ પૂર્વે કહ્યો છે.

મન, વચન, કાયાની સમાહારણતા - અકુશલ એવા ત્રણેનો નિરોધ... જ્ઞાનાદિ ત્રણેની પ્રાપ્તિ.. શીતાદિ વેદનાને સહન કરવી.. કલ્યાણમિત્રબુદ્ધિએ મરણ પર્યન્તના ઉપસર્ગો સહન કરવા તે. *[એમ ૨૭-ગુણો જાણવા.]*

માત્ર જંબૂદ્વીપમાં ધાતકીખંડમાં નહીં, અભિજિત વર્જીને ૨૭-નક્ષત્રો વડે વ્યવહાર પ્રવર્તે છે. કેમકે ઉત્તરાષાઢાના ચોથા પાદમાં તેનો સમાવેશ છે.

નક્ષત્ર-ચંદ્ર-અભિવર્ધિત-ઋતુ-સૂર્ય એમ પાંચ ભેદે માસ છે તેમ બીજે કહ્યું છે. તેમાં અહીં નક્ષત્ર માસ એટલે ચંદ્રનો નક્ષત્રમંડલ ભોગકાળ. તે ૨૭-અહોરાત્રનો કહ્યો છે.. આ કાળ-રાત્રિદિવસ પરિમાણાપેક્ષાએ કહ્યો. પણ સર્વથા એટલો છે જ એમ નહીં, કેમકે કંઈક અધિક છે. અહોરાત્રના ૬૭ ભાગ કરીને તેમાંથી ૨૧-ભાગ અધિક છે. વિમાનપુઢવી-વિમાનોની પૃથ્વી.

વેદક સમ્યક્ત્વ બંધ-ક્ષાયોપશમિક સમ્યક્ત્વના હેતુભૂત શુદ્ધદલિકના પુંજરૂપ જે દર્શનમોહનીય પ્રકૃતિ, તેનો વિયોગ કરનાર પ્રાણીને ૨૮ ઉત્તર પ્રકૃતિવાળા મોહનીય કર્મની ૨૭-ઉત્તરપ્રકૃતિ સત્તામાં હોય છે.

શ્રાવણ માસની શુક્લ સાતમે સૂર્ય, હસ્તપ્રમાણ શંકુની સત્તાવીશ આંગળ પોરિસિછાયાને કરીને દિવસક્ષેત્ર-સૂર્યકિરણના પ્રકાશવાળા આકાશક્ષેત્રને પ્રકાશની હાનિ વડે હાનિ પમાડતો અને રાત્રિક્ષેત્ર-અંધકારથી વ્યાપ્ત આકાશ ક્ષેત્રને પ્રકાશની હાનિથી વૃદ્ધિ પમાડતો ભ્રમણ કરે છે. આનો ભાવાર્થ એ છે – અહીં સ્થૂળ ન્યાયને આશ્રીને આષાઢીએ ૨૪ અંગુલ પ્રમાણ પૌરુષિ છાયા હોય છે. પછી સાત દિવસે સાતિરેક અંગુલ છાયા વધે છે. આ પ્રમાણે શ્રાવણ સુદ-૭ સુધી સાધિક ૨૧- દિવસ જતાં ત્રણ અંગુલ છાયા વધે છે. એ રીતે આષાઢીએ કુલ ૨૭-અંગુલ થાય છે. નિશ્ચયથી - કર્ક સંક્રાંતિથી આરંભીને સાતિરેક ૨૧-દિવસે આ કહેલી પોરિસિની છાયા થાય છે.

**સમવાય-૨૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૨૮ ❀

-- x -- x --

● **સૂત્ર-૬૨ :-**

*આચાર પ્રકલ્પ ૨૮-ભેદે છે — માસિક આરોપણા, એક માસ અને પાંચ દિવસની આરોપણા, એક માસ દશ દિવસની આરોપણા, ૪૫-દિવસની આરોપણા, ૫૦ દિવસની આરોપણા, ૫૫-દિવસની આરોપણા, બે માસની આરોપણા, બે માસને પાંચ દિવસની આરોપણા, એ જ પ્રમાણે ત્રણ માસની આરોપણા. એ જ પ્રમાણે ચાર માસની આરોપણા, ઉપઘાતિકા આરોપણા, અનુપઘાતિકા આરોપણા, કૃત્સ્ન આરોપણા, અકૃત્સ્ન આરોપણા. એટલો આચારપ્રકલ્પ છે.*

*કેટલાક ભવસિદ્ધિક જીવોને મોહનીય કર્મની ૨૮-પ્રકૃતિ સત્તામાં છે. તે આ — સમ્યકત્વ - મિથ્યાત્વ - સમ્યગ્‌મિથ્યાત્વ વેદનીય એ ત્રણ, કષાય ૧૬ અને નોકષાય-૯ એમ ૨૮... આભિનિબોધિક જ્ઞાન-૨૮ ભેદે છે. તે આ :- શ્રોત્રેન્દ્રિય - ચક્ષુરિન્દ્રિય - ઘ્રાણેન્દ્રિય - જિહ્વેન્દ્રિય - સ્પર્શેન્દ્રિય - નોઈન્દ્રિય એ છે અર્થાવગ્રહ, શ્રોત્રેન્દ્રિય - ઘ્રાણેન્દ્રિય - જિહ્વેન્દ્રિય - સ્પર્શેન્દ્રિય એ ચાર વ્યંજનાવગ્રહ, શ્રોત્રેન્દ્રિય - ચક્ષુરિન્દ્રિય - ઘ્રાણેન્દ્રિય - જિહ્વેન્દ્રિય - સ્પર્શેન્દ્રિય - નોઈન્દ્રિય એ છ ઈહા, શ્રોત્રેન્દ્રિય - ચક્ષુરિન્દ્રિય - ઘ્રાણેન્દ્રિય - જિહ્વેન્દ્રિય - સ્પર્શેન્દ્રિય - નોઈન્દ્રિય એ છ અવાય, શ્રોત્રેન્દ્રિય - ચક્ષુરિન્દ્રિય - ઘ્રાણેન્દ્રિય - જિહ્વા ઈન્દ્રિય - સ્પર્શેન્દ્રિય - નોઈન્દ્રિય એ છ ધારણા. [એ રીતે કુલ-૨૮]*

*ઈશાન કલ્પે ૨૮ લાખ વિમાનાવાસ છે.. દેવગતિને બાંધતો જીવ નામકર્મની ૨૮-ઉત્તરપ્રકૃતિ બાંધે છે. તે આ — દેવગતિ, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિય શરીર, તૈજસશરીર, કાર્મણશરીર, સમચતુરસ્ર સંસ્થાન, વૈક્રિયશરીરઅંગોપાંગ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, દેવાનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્‌વાસ, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક શરીર, સ્થિર અને અસ્થિર, શુભ-અશુભ, આદેય-અનાદેય, યશોકીર્તિ, નિર્માણ [તથા સુભગ અને સુસ્વર] નામકર્મ... આ પ્રમાણે નૈરયિક પણ ૨૮ પ્રકૃતિ બાંધે. પણ તફાવત એ કે — અપ્રશસ્ત વિહાયોગતિ, હુંડક સંસ્થાન, અસ્થિર, દુર્ભગ, અશુભ, દુઃસ્વર, અનાદેય, અપયશઃકીર્તિ નામ છે.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૮-પલ્યોપમ છે, અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૮-સાગરોપમ છે. કેટલાક અસુરકુમારોની ૨૮-પલ્યોપમ સ્થિતિ છે.. સૌધર્મ-ઈશાનકલ્પે કેટલાક દેવોની ૨૮-પલ્યોપમ સ્થિતિ છે.. ઉવરિમ હેટ્ઠિમ ગ્રૈવેયકના દેવોની જઘન્ય સ્થિતિ ૨૮-સાગરોપમ છે.. જે દેવો મજ્ઝિમ ઉવરિમ ગ્રૈવેયકે દેવપણે ઉત્પન્ન થયા હોય, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૮-સાગરોપમ છે.*

*તે દેવો ૨૮-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસ લે છે. તેમને ૨૮,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૮ ભવને ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.*



● **વિવેચન-૬૨ :-**

૨૮-મું સ્થાનક સ્પષ્ટ છે. વિશેષ - સ્થિતિ પૂર્વે પાંચ સૂત્રો છે.

તેમાં આચાર - પહેલું અંગ, તેનો પ્રકલ્પ - અધ્યયન વિશેષ, જેનું અપરનામ 'નિશીથ' છે. અથવા આચાર - જ્ઞાનાદિ વિષયક સાધુ આચાર, પ્રકલ્પ - વ્યવસ્થા, તે આચારપ્રકલ્પ. તેમાં (૧) કોઈ જ્ઞાનાદિ આચારના વિષયમાં કોઈ સાધુએ અપરાધ કર્યો હોય તેને પ્રાયશ્ચિત્ત આપ્યું હોય, પછી ફરીને તે સાધુ કોઈ અપરાધ કરે, ત્યારે પહેલાના પ્રાયશ્ચિત્તમાં વધારો કરી માસવહન યોગ્ય માસિક પ્રાયશ્ચિત્ત આપવું તે માસિકી આરોપણા કહેવાય છે.

(૨) પંચરાત્રિક શુદ્ધિ યોગ્ય અને માસિક શુદ્ધિ યોગ્ય બે અપરાધને કોઈ કરે તો પૂર્વ દત્ત પ્રાયશ્ચિત્તમાં પાંચ રાત્રિસહિત માસિક પ્રાયશ્ચિત્તરોપણ વડે બીજો ભેદ કહ્યો... એ પ્રમાણે છ પ્રકારે માસિકી આરોપણા જાણવી.

એ પ્રમાણે બે માસની ૬, ત્રણ માસની-૬, ચાર માસની-૬ મળીને કુલ ૨૪-આરોપણા થઈ તથા અઢી દિવસ અને એક પક્ષના ઉપઘાતથી લઘુમાસાદિ પૂર્વના પ્રાયશ્ચિત્તમાં આરોપણ કરવું તે ઉપઘાતિકારોપણા. કહ્યું છે — અર્ધનું છેદ કરવાથી જે શેષ રહે, તેને પૂર્વના અર્ધની સાથે સંયોગ કરીને લઘુ પ્રાયશ્ચિત્તનું દાન કહેવાય. જેમકે — માસાર્દ્ધ તે ૧૫ દિન અને ૨૫નું અર્ધ તે ૧૨॥ દિન. તે સર્વે મલી ૨૭॥ દિવસ, તે લઘુમાસ.

બે માસનું અર્દ્ધ ૧-માસ, માસનું અર્દ્ધ તે પક્ષ એટલે દોઢ માસ. તથા ઉપર કહ્યા મુજબ ૨॥ દિવસાદિ બાદ કર્યા વિના તે જ ગુરુમાસાદિ આરોપણા તે અનુદ્‌ઘાતિક આરોપણા... તથા જે જેટલા અપરાધને પામ્યો હોય, તેને તેટલી જ શુદ્ધિની આરોપણા તે કૃત્સ્નારોપણા છે. તથા ઘણાં અપરાધને પામ્યો હોય છતાં છ માસનો જ તપ અપાય છે. એમ કરીને છ માસથી અધિક તપનો તેમાં જ અંતર્ભાવ કરી શેષ તપનું આરોપણ કરાય તે અકૃત્સ્નારોપણ કહેવાય છે.

આ સર્વે નિશીથ સૂત્રના ૨૦માં ઉદ્દેશાથી જાણવું. હવે નિગમન કહે છે — આટલો જ આચારપ્રકલ્પ, આ સ્થાને આરોપણાને આશ્રીને કહ્યો. અન્યથા તેથી વધુ ઉદ્‌ઘાતિક, અનુદ્‌ઘાતિકરૂપ આચારપ્રકલ્પ પણ છે. તેથી આટલો જ આચારપ્રકલ્પ છે, બાકીનો તેમાં જ સમાવેશ થાય છે. તથા આટલું જ આચારવા લાયક છે એમ પણ જાણવું.

દેવગતિ સૂત્રમાં સ્થિર-અસ્થિર, શુભ-અશુભ આદિ પરસ્પર વિરોધીપણું હોવાથી એક સાથે બંનેનો બંધ ન હોવાથી બેમાંથી એક બાંધે એમ કહ્યું - x - ... નરકગતિના સૂત્રમાં ૨૦ પ્રકૃત્તિઓ તે જ રાખવી અને આઠને સ્થાને બીજી આઠ બાંધે છે, તે અહીં જણાવી.- x -

**સમવાય-૨૮-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૨૯ ❀

— x — x —

● સૂત્ર-૬૩ :-

*પાપશ્રુત પ્રસંગ-૨૯-ભેદે કહ્યો છે — ભોમ, ઉત્પાદ, સ્વપ્ન, અંતરિક્ષ, અંગ, સ્વર, વ્યંજન, લક્ષણ એ આઠ પ્રકારના શાસ્ત્ર છે.*

*ભૂમિ સંબંધી શાસ્ત્ર ત્રણ પ્રકારે — સૂત્ર, વૃત્તિ, વાર્તિક. એ રીતે ભોમાદિના ત્રણ-ત્રણ ભેદ થતા ૨૪ ભેદ થયા. વિકથાનુયોગ, વિદ્યાનુયોગ, મંત્રાનુયોગ, યોગાનુયોગ, અન્યતીર્થિકે પ્રવર્તાવેલ અનુયોગ [૨૯]*

*આષાઢ માસ રાત્રિદિનના પરિણામથી ૨૯-રાત્રિદિવસનો છે. ભાદ્રપદ માસ, કાર્તિકમાસ, પોષમાસ, ફાગણમાસ, વૈશાખમાસ એ ચંદ્ર માસનો દિવસ મુહૂર્તાપેક્ષાએ સાધિક ૨૯-મુહૂર્ત કહ્યો છે.*

*પ્રશસ્તાધ્યવસાયવાળો સમ્યગ્દૃષ્ટિ ભવ્ય જીવ તીર્થંકર નામકર્મ સહિત ૨૯-ઉત્તર પ્રકૃત્તિઓને બાંધીને અવશ્ય વૈમાનિક દેવ થાય છે.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૨૯-પલ્યોપમ સ્થિતિ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૨૯-પલ્યોપમ છે. કેટલાંક અસુરકુમારોની ૨૯-પલ્યોપમ સ્થિતિ છે. ઉવરિમમજ્ઝિમ ગ્રૈવેયકે દેવોની જઘન્ય સ્થિતિ ૨૯-સાગરોપમ છે. જે દેવો ઉવરિમહેટ્ઠિમ ગ્રૈવેયકે વિમાનોમાં દેવપણે ઉત્પન્ન થાય, તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૯-સાગરોપમ છે.*

*તે દેવો ૨૯-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તેઓને ૨૯,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કેટલાક ભવસિદ્ધિક જીવો ૨૯ ભવ ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.*

● વિવેચન-૬૩ :-

૨૯મું સ્થાન પ્રગટ છે. વિશેષ - સ્થિતિ સૂત્રો પૂર્વે નવ સૂત્રો છે.

તેમાં પાપોપાદાન કારણરૂપ શાસ્ત્રો તે પાપશ્રુતો, તેના આસેવન રૂપ તે પાપશ્રુત પ્રસંગ, તે પાપશ્રુતપ્રસંગ ૨૯ ભેદે કહ્યા છે. પાપશ્રુતનો વિષય હોવાથી તે પાપશ્રુત જ કહેવાય. તેથી જ કહે છે કે—

(૧) ભૌમ-ભૂમિના વિકારના ફલને કહેનારું નિમિત્તશાસ્ત્ર. (૨) સહજ રુધિર વૃષ્ટિ આદિ લક્ષણ ઉત્પાતના ફળને કહેનાર નિમિત્ત શાસ્ત્ર. (૩) સ્વપ્ન ફળને પ્રગટ કરનાર. (૪) આકાશમાં ઉત્પન્ન ગ્રહયુદ્ધના ભેદાદિ ભાવ ફળને જણાવનાર. (૫) અંગ-શરીરના અવયવોનું પ્રમાણ, તેનું ફરકવું આદિ વિકાર ફળને જણાવનાર. (૬) સ્વર-જીવાજીવાદિ આશ્રિત સ્વર ફળને કહેનાર. શાસ્ત્ર. (૭) વ્યંજન-તલ, મસાદિના ફળને કહેનાર. (૮) લક્ષણ-અનેક પ્રકારે લક્ષણને જણાવનાર. — આ આઠ શાસ્ત્રો થયા.

આ શાસ્ત્રો સૂત્ર, વૃત્તિ, વાર્તિકના ભેદે ૨૪ છે. તેમાં અંગશાસ્ત્ર સિવાયના શાસ્ત્રોનું સૂત્ર પ્રમાણ-૧૦૦૦ શ્લોક, વૃત્તિપ્રમાણ - એક લાખ શ્લોક, વૃત્તિના વ્યાખ્યાનરૂપ વાર્તિકનું પ્રમાણ એક કોટિ શ્લોક છે. અંગશાસ્ત્રનું સૂત્ર પ્રમાણ-લાખ, વૃત્તિપ્રમાણ-



કરોડ, વાર્તિક પ્રમાણ-અપરિમિત છે.

વિકથાનુયોગ — અર્થ, કામના ઉપાયને કહેનાર ગ્રંથો અથવા ભારત આદિ શાસ્ત્રો... વિદ્યાનુયોગ - રોહિણી આદિ વિદ્યા સાધન કહેનાર શાસ્ત્રો... મંત્રાનુયોગ - મંત્ર સાધવાના ઉપાયના શાસ્ત્રો... યોગાનુયોગ એટલે વશીકરણાદિ યોગને કહેનારા શાસ્ત્રો... કપિલાદિ અન્યતીર્થિકોએ કહેલા તેમના આચાર, વસ્તુ, તત્ત્વનો જે અનુયોગ-વિચાર, તેને જણાવનારા જે શાસ્ત્રનો સમૂહ તે અન્યતીર્થિક પ્રવૃત્તાનુયોગ કહેવાય છે.

અષાઢાદિ એકાંતરિત છ માસ રાત્રિ દિનના પરિમાણથી ૨૯ રાત્રિ-દિવસના સ્થૂલ ન્યાયથી છે. કેમકે તે દરેકમાં કૃષ્ણપક્ષમાં એક રાત્રિદિનનો ક્ષય થાય છે. કહ્યું છે — અષાઢ, ભાદરવો, કારતક, પોષ, ફાગણ, વૈશાખના કૃષ્ણપક્ષમાં ક્ષય રાત્રિઓ જાણવી. અર્થાત્ ચાંદ્રમાસ ૨૯ દિવસ અને એક દિવસના ૩૨/૬૨ ભાગનો હોય છે. ઋતુમાસ ૩૦ દિવસનો જ હોય છે. તેથી ચંદ્ર માસ કરતા ઋતુમાસ એક અહોરાત્રના ૩૦/૬૨ ભાગ અધિક હોય છે. તેથી પ્રત્યેક અહોરાત્રિએ ચંદ્રદિવસ ૧/૬૨ ભાગ જેટલો હાનિ પામે છે. એ પ્રમાણે ૬૨ ચંદ્ર દિવસોએ ૬૧-અહોરાત્ર થાય છે, તેથી સાધિક બે માસે એક ક્ષયતિથિ થાય.

તથા ચંદ્રદિવસ - એકમ આદિ તિથિ, તે સાધિક ૨૯-મુહૂર્તની હોય. - x - x - તથા પ્રશસ્ત અધ્યવસાયાદિ વિશેષણવાળો જીવ વૈમાનિકમાં ઉત્પન્ન થવાવાળો હોય ત્યારે નામકર્મની ૨૯ ઉત્તરપ્રકૃતિને બાંધે છે. તે આ :— (૧) દેવગતિ, (૨) પંચેન્દ્રિય જાતિ, (૩,૪) વૈક્રિય દ્વિક, (૫,૬) તૈજસ અને કાર્મણ શરીર, (૭) સમચતુરસ્ર સંસ્થાન, (૮ થી ૧૧) વર્ણાદિ ચતુષ્ક, (૧૨) દેવાનુપૂર્વી, (૧૩) અગુરુલઘુ (૧૪) ઉપઘાત, (૧૫) પરાઘાત, (૧૬) ઉચ્છ્વાસ, (૧૭) પ્રશસ્તવિહાયોગતિ, (૧૮) ત્રસ, (૧૯) બાદર, (૨૦) પર્યાપ્ત, (૨૧) પ્રત્યેક, (૨૨) સ્થિર કે અસ્થિર, (૨૩) શુભ કે અશુભ, (૨૪) સુભગ, (૨૫) સુસ્વર, (૨૬) આદેય કે અનાદેય, (૨૭) યશઃકીર્તિ કે અયશઃકીર્તિ, (૨૮) નિર્માણ, (૨૯) તીર્થંકરનામ.

**સમવાય-૨૯-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૩૦ ❀

-- x -- x --

● સૂત્ર-૬૪ થી ૯૯ :-

*[૬૪] મોહનીયના ૩૦ સ્થાનો કહ્યા છે. તે આ પ્રમાણે—*

*[૬૫] જળમાં પ્રવેશીને જે કોઈ મનુષ્ય, ત્રસ પ્રાણીને ડૂબાડીને મારે તે મહામોહનીય કર્મ બાંધે.. [૬૬] તીવ્ર અશુભ અધ્યવસાયી જે કોઈને આર્દ્રચર્મથી તેના મસ્તકને અત્યંત દૃઢ બાંધે તે મહામોહનીય કર્મ બાંધે.*

*[૬૭] જે કોઈ હાથ વડે ત્રસ જીવના મુખને ઢાંકી, જીવને રુંધીને અંદર શબ્દ કરતા એવા તેને મારે તે મહામોહને કરે છે.. [૬૮] જે કોઈ અગ્નિ આરંભ વડે ઘણાં જનોને તેમાં રુંધીને ધુમાડા વડે તેને મારે, તે મહામોહને કરે છે.*

*[૬૯] સંક્લિષ્ટ ચિત્ત વડે જીવને તેના મસ્તકમાં શસ્ત્રાદિ મારીને ફાડી નાંખે તે મહામોહને કરે છે.. [૭૦] લોકને માયા વડે, ફળ વડે, દંડ વડે વારંવાર મારીને હસે, તે મહામોહને કરે છે.. [૭૧] જે ગૂઢાચારી, દુષ્ટાચારને ગોપવે, માયાથી માયાને ઢાંકે, અસત્ય બોલીને છૂપાવે, તે મહામોહ કરે છે.*

*[૭૨] પોતે દુષ્ટકર્મ કરીને, દુષ્ટ કર્મ ન કરનારાનો ધ્વંસ કરે અથવા આ કર્મ તે કર્યુ છે તેમ કહે, તે મહામોહને કરે છે.. [૭૩] કલહથી શાંત ન થયેલો, જાણવા છતાં સભામાં સત્યમૃષા ભાષા બોલે તે મહામોહને કરે છે.*

*[૭૪,૭૫] અનાયક રાજાનો મંત્રી, રાજાની સ્ત્રીનો ધ્વંસ કરે, રાજાને અત્યંત ક્ષોભ પમાડે, તેને અત્યંત બાહ્ય કરે, પાસે આવેલ રાજાને પ્રતિકૂળ વચનોથી ઝંપિત કરીને તેના કામભોગનું વિદારણ કરે, તે મહામોહને કરે છે.*

*[૭૬] કુમાર નહીં છતાં પોતાને કુમાર કહે, સ્ત્રી આસક્ત થઈ તેને વશ થાય, તે મહામોહને કરે છે. [૭૭] અબ્રહ્મચારી છતાં જે કોઈ હું બ્રહ્મચારી છું, એમ કહે, તે ગાયો મધ્યે ગધેડાની જેમ નાદને કરે છે. [૭૮] પોતાના આત્માનું અહિતકર્તા, સ્ત્રી વિષયમાં આસક્ત થઈને અતિ માયામૃષાને બોલે છે. તે મહામોહને કરે છે. [૭૯] જે કોઈ યશકીર્તિ વડે કે સેવના વડે રાજાદિના આશ્રયને ધારણ કરીને તેના જ દ્રવ્યમાં લોભાય. તે મહામોહને કરે છે. [૮૦,૮૧] રાજા કે ગામલોકોએ જે કોઈ નિર્ધન હતો તેને ધનવાન કર્યો હોય, તે ધનરહિતને ઘણી લક્ષ્મી પ્રાપ્ત થઈ, પછી ઈર્ષ્યાના દોષથી અને પાપ વડે વ્યાપ્ત ચિતવાળો તેઓને અંતરાય કરતા મહામોહને કરે છે.*

*[૮૨] જેમ સાપણ પોતાના બચ્ચાને ખાય છે, તેમ પોતાનું ભરણપોષણ કરનાર સેનાપતિ કે મંત્રીને હણે છે, તે મહામોહને કરે છે. [૮૩] જે કોઈ રાજ્યના નાયક કે વેપારીજનના નેતા મોટા યશવાળા શ્રેષ્ઠીને હણે છે, તે મહામોહને કરે છે. [૮૪] જે કોઈ ઘણા જનોના નેતા કે દ્વીપની જેમ પ્રાણીઓનું રક્ષણકર્તા એવા પુરુષને હણે છે, તે મહામોહને કરે છે.*

*[૮૫] દીક્ષા લેવાને ઉપસ્થિત, સંયત, સુતપસ્વીને બળાત્કારે ચારિત્ર ધર્મથી ભ્રષ્ટ કરે, તે મહામોહને કરે છે. [૮૬] તે રીતે કોઈ અનંત જ્ઞાની, શ્રેષ્ઠ*





*દર્શનવાળા જિનેશ્વરનો અવર્ણવાદ કરે તે અજ્ઞાની મહામોહને કરે છે. [૮૭] ન્યાયમાર્ગનો દ્વેષી જે કોઈ ઘણો અપકાર કરે અને તે માર્ગને નિંદતો મહામોહને કરે છે. [૮૮] જે આચાર્ય કે ઉપાધ્યાયે શ્રુત, વિનય ગ્રહણ કરાવ્યા હોય, તેમની જ નિંદા કરનાર અજ્ઞાની મહામોહને કરે છે.*

*[૮૯] જે કોઈ ઉપકારી એવા આચાર્ય-ઉપાધ્યાયાદિનો વિનયાદિથી પ્રત્યુપકાર ન કરે, પૂજક ન થાય, અભિમાની થાય તે મહામોહને કરે છે.*

*[૯૦] અબહુશ્રુત એવો જે કોઈ શ્રુત વડે પોતાની શ્લાઘા કરે, સ્વાધ્યાયનો વાદ કરે તે મહામોહને કરે છે. [૯૧] અતપસ્વી છતાં જે કોઈ તપ વડે પોતાની શ્લાઘા કરે, તે સર્વલોકમાં ઉત્કૃષ્ટ ચોર મહામોહને કરે છે.*

*[૯૨,૯૩] જે સમર્થ હોવા છતાં પણ અસ્વસ્થ આચાર્યાદિની સેવા નથી કરતો અને કહે છે કે તે ભલે મારી સેવા ન કરે તે માયાચારી, કલુષિત ચિત્ત, પોતાને અબોધિ કરનાર મહામોહને કરે છે. [૯૪] જે કોઈ પુનઃ પુનઃ વિકથા કરીને, મંત્રાદિ પ્રયોગ કરે છે, સર્વે તીર્થોનો ભેદ કરે છે, તે મહામોહને કરે છે. [૯૫] જે કોઈ અધાર્મિક યોગને પોતાની શ્લાઘા કે મિત્રતા માટે વારંવાર પ્રયોજે છે, તે મહામોહને કરે છે. [૯૬] ભોગથી અતૃપ્ત એવો જે કોઈ માનુષિક કે પરભવિક ભોગોની અભિલાષા કરે તે મહામોહને કરે છે.*

*[૯૭] જે દેવોને ઋદ્ધિ, કાંતિ, યશ, વર્ણ, બલ, વીર્ય છે, તે દેવોનો પણ જે અવર્ણવાદ કરે, તે અજ્ઞાની મહામોહને કરે છે. [૯૮] દેવ, યક્ષ, ગુહ્યકને ન જોવા છતાં હું જોઉં છું એમ બોલે, અજ્ઞાની છતાં જિનેશ્વરની જેમ પોતાની પૂજાને ઈચ્છે, તે મહામોહનીય કર્મ બાંધે છે. [આ રીતે ૩૦ સ્થાનો કહ્યા]*

*... [૯૯] સ્થવિર મંડિતપુત્ર ૩૦ વર્ષ શ્રામણ્યપર્યાય પાળીને સિદ્ધ થયા, બુદ્ધ થયા યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.. એક અહોરાત્રિના કુલ મુહૂર્ત ૩૦ છે. તે આ પ્રમાણે – રૌદ્ર, શક્ત, મિત્ર, વાયુ, સુપીત, અભિચંદ્ર, માહેન્દ્ર, પ્રલંબ, બ્રહ્મ, સત્ય, આનંદ, વિજય, વિશ્વસેન, પ્રાજાપત્ય, ઉપશમ, ઈશાન, તષ્ટ, ભાવિતાત્મા, વૈશ્રવણ, વરુણ, શતઋષભ, ગંધર્વ, અગ્નિવૈશ્યાયન, આતપ, આવર્ત, તષ્ટવાન, ભૂમહાન, ઋષભ, સર્વાર્થસિદ્ધ, રાક્ષસ.*

*અર્હત્ અર ૩૦ ધનુષ્ ઉંચા હતા... દેવેન્દ્ર દેવરાજ સહસ્રારને ત્રીશ હજાર સામાનિક દેવો છે... અર્હત્ પાર્શ્વ ૩૦ વર્ષ ગૃહવાસમાં રહીને ઘરથી નીકળીને પ્રવ્રજિત થયા... શ્રમણ ભગવંત મહાવીર ૩૦ વર્ષ ગૃહવાસમાં રહીને ઘરથી નીકળીને પ્રવ્રજિત થયા... રત્નપ્રભામાં ૩૦ લાખ નરકાવાસો છે.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૩૦ પલ્યોપમ સ્થિતિ છે.. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની ૩૦ સાગરોપમ સ્થિતિ છે.. કેટલાક અસુરકુમારોની ૩૦ પલ્યોપમ સ્થિતિ છે.. ઉવરિમ ઉવરિમ ગ્રૈવેયકદેવોની જઘન્ય સ્થિતિ ૩૦ સાગરોપમ છે.. જે દેવો ઉવરિમમજ્ઝિમ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦-સાગરોપમ છે.*

***તે દેવો ૩૦ અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસ લે છે. તેઓને ૩૦,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવસિદ્ધિક જીવો ૩૦ ભવગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વદુઃખાંતકર થશે.***

● **વિવેચન-૬૪ થી ૯૯ :-**

૩૦મું સ્થાનક સુગમ છે. વિશેષ - સ્થિતિ પૂર્વે આઠ સૂત્રો છે.

તેમાં મોહનીય એટલે સામાન્યથી આઠ પ્રકારના કર્મો, વિશેષથી ચોથી પ્રકૃતિ જાણવી તેના સ્થાનો - નિમિત્તો, તે મોહનીય સ્થાનો છે. *[જે સૂત્રક્રમ ૬૫ થી ૯૮માં બતાવ્યા.]* તેમાં સ્થાન — (૧) જે કોઈ પ્રાણી સ્ત્રી આદિને જળ મધ્યે પ્રવેશીને શસ્ત્રરૂપ જળ વડે મારે છે. કેવી રીતે ? પગ વડે દબાવીને મારે છે, તે પ્રાણી મરાતા જીવને મહામોહોત્પાદકત્વથી તથા સંક્લિષ્ટ ચિત્તત્વથી પોતાને સેંકડો ભવ સુખી દુઃખ આપે તેવા મહામોહને ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે ત્રસને મારવાથી એક મોહનીય સ્થાન થયું.

(૨) આર્દ્ર ચર્મથી શીર્ષને વીંટવા વડે જે કોઈ સ્ત્રી આદિ ત્રસોને વીંટે છે, અત્યંત તીવ્ર અશુભ આચારવાળો તે પ્રાણી મરાતા જીવને મહામોહ ઉત્પન્ન કરનાર હોવાથી પોતાને પણ મહામોહ કરે છે - x - x -

(૩) હાથ વડે ઢાંકીને, કોને ? મુખને, પ્રાણીને રુંધીને, અંદર નાદ કરાતા - ગળામાંથી ગુણગુણ શબ્દને કરતા એવા તેને જે મારે છે, તે મહામોહને કરે છે... (૪) અગ્નિને સળગાવીને ઘણા લોકને મહામંડપ કે વાડા આદિમાં રુંધીને અંદર રહેલ ધુમાડા વડે અથવા જેની અંદર ધુમાડો રહેલો છે એવા અગ્નિ વડે જે મારે છે, તે મહામોહને કરે છે.

(૫) જે મસ્તક ઉપર હણે છે એટલે ખડ્‌ગ-મુદ્‌ગર આદિ શસ્ત્રથી પ્રાણીને પ્રહાર કરે છે, તે મસ્તક સ્વભાવથી જ કેવું હોય ? સર્વ અવયવોમાં મુખ્ય અવયવ છે, કેમકે તેના પર ઘા થવાથી અવશ્ય મરણ થાય છે તે પ્રહાર પણ સંક્લિષ્ટ ચિત્ત વડે જ કરે છે, પણ યથાકથંચિત્ નહીં. તથા ઉત્કટ પ્રહારે મસ્તક ભેદીને ગ્રીવાદિ કાયાને વિદારે છે. તે મહામોહ કરે છે.

(૬) વારંવાર પ્રણિધિ - માયા વડે જેમ વેપારી આદિનો વેશ ધારણ કરી ગલકર્તક માર્ગે ચાલનાર સાથે જઈને નિર્જન સ્થાને મારે છે તથા તેને હણીને આનંદના અધિકપણાથી, હણાતા એવા મૂર્ખ લોકને હસે છે. શાથી હણીને ? યોગથી વાસિત બીજોરાદિના ફળ વડે કે દંડ વડે હણે છે. તે મહામોહને કરે છે.

(૭) ગૂઢાચારી - પ્રચ્છન્ન આચારવાન્ જે પોતાના દૂરાચારને ગોપવે છે, બીજાની માયાને સ્વમાયાથી ઢાંકે છે - જીતે છે. જેમ પક્ષીઓને મારનાર પારધિ પાંદડા વડે પોતાના શરીરને ઢાંકીને પક્ષીઓને ગ્રહણ કરે છે - x - તે અસત્યવાદી, પોતાના મૂલગુણ અને ઉત્તરગુણની વિરાધના કરનાર અથવા સૂત્ર અને અર્થનો અપલાપ કરનાર મનુષ્ય મહામોહને કરે છે.

(૮) જે પુરુષ પોતાના ખરાબ કર્મ વડે - પોતે કરેલા ઋષિઘાતાદિ દુષ્ટ વ્યાપાર વડે અકર્મક - દુષ્ટકર્મ ન કરનારા બીજાનો ધ્વંસ કરે અથવા બીજાએ કરેલ



દુષ્ટકર્મને આશ્રીને બીજાની સમક્ષ “આ મહાપાપ તેં કર્યુ છે” એમ બોલે, તે પુરુષ મહામોહને કરે છે.

(૯) કલેશથી શાંત ન થયેલ જે પુરુષ આ હું બોલું છું, તે ખોટું છે એમ જાણતો ઘણાજન મધ્યે કિંચિત્ સત્ય-બહુ અસત્ય એવા પદાર્થ કે વચનોને બોલે છે, તે પુરુષ મહામોહને કરે છે.

(૧૦) નાયક વિનાનો કોઈ રાજા, તેનો નીતિવાળો મંત્રી છે, તે મંત્રી તે જ રાજાની સ્ત્રી અથવા દ્રવ્યપ્રાપ્તિના ઉપાયનો નાશ કરીને તેના ભોગોને વિદારે છે. શું કરીને ? અત્યંત, સામંતાદિ પરિવારના ભેદ વડે ક્ષોભ પમાડીને તથા - x - તે રાજાને દાર - સ્ત્રી થકી, કે દ્વાર - દ્રવ્યપ્રાપ્તિના ઉપાયથી અધિકાર રહિત કરીને અથવા તેની સ્ત્રી કે તેના રાજ્યને કબ્જો કરીને, તથા પોતાની પાસે આવતા એવાને-પોતાનું સર્વસ્વ હરણ કરતા, ભેટણા વડે અને અનુકૂળ, કરુણાવાળા વચનો વડે તેમને અનુકૂળ કરવાને પ્રાપ્ત થયેલ તે રાજાને વચનના અવકાશરહિત કરીને તેને પ્રતિકૂળ વાણી વડે — “તું આવો-તેવો છે.” ઇત્યાદિ વચનોથી તેના વિશેષ પ્રકારના શબ્દાદિ ભોગોને જે વિદારે, તે મહામોહને કરે છે.

(૧૧) કુમાર-બ્રહ્મચારી નહીં તેવો જે મનુષ્ય, હું કુમાર બ્રહ્મચારી છું, એમ બોલે અને સ્ત્રીમાં ગૃદ્ધિવાળો તથા સ્ત્રીઓને જ આધિન થાય અથવા તેમની સાથે રહે, તે મહામોહને કરે છે.

(૧૨) મૈથુનથી નિવૃત્તિ ન પામેલો જે કોઈ મનુષ્ય અબ્રહ્મચર્યનું સેવન કરીને “હું હમણાં બ્રહ્મચારી છું.” એમ અતિ ધૂર્તપણે બીજાને છેતરવા બોલે, જે આ રીતે સત્પુરુષોને અયોગ્ય એવા વચન બોલતો ગાયો વચ્ચે ગધેડાની જેમ કટુક સ્વરે નાદ કરે, પણ વૃષભની જેમ સુંદર નાદ ન કરે તથા આ પ્રમાણે બોલતો આત્માનો અહિતકારી અને મૂઢ એવો ઘણીવાર માયામૃષા-અસત્યને બોલે તથા સ્ત્રીના વિષયના આસક્તિથી નિંદિત ભાષણ કરે, આવો મનુષ્ય મહામોહને કરે છે.

(૧૩) જે રાજાના કે પ્રધાનાદિના આશ્રિતપણાને વહન કરે છે એટલે આજીવિકાના લાભ વડે પોતાને ધારણ કરે છે. કેવી રીતે ? યશ વડે એટલે કે “તે રાજાદિના સંબંધવાળો આ છે.” એવી પ્રસિદ્ધિ કે સેવા પડે. પછી પોતાના નિર્વાહના કારણભૂત તે જ રાજાદિના ધન માટે જે કોઈ લોભ કરે છે, તે મહામોહને કરે છે.

(૧૪) ઈશ્વર-રાજા અથવા ગામ-લોકોએ કોઈ અનીશ્વરને ઈશ્વર કર્યો, તેને - પૂર્વાવસ્થામાં અનીશ્વર હતો તેને રાજાદિએ આગળ કરેલો હોવાથી અસાધારણ લક્ષ્મી પ્રાપ્ત થઈ અથવા અતુલ જેમ હોય તેમ લક્ષ્મી પ્રાપ્ત થઈ અને તેથી તે રાજાદિના ઉપકારને વિશે ઈર્ષ્યા દોષથી યુક્ત થયો, તેનું ચિત્ત કલુષતા વડે - દ્વેષ લોભાદિ પાપ વડે વ્યાકુળ થયું, તેથી આવો જે કોઈ રાજાદિના જીવિત, ધન, ભોગાદિના અંતરાયને - વિચ્છેદને કરે છે, તે મહામોહને કરે છે.

(૧૫) જેમ નાગણ પોતાના ઈંડાના સમૂહને અથવા અંડપુટને - બંધાયેલા બે દળને હણે છે, તેમ જે પોષણ કરનાર ભર્તાર, સેનાપતિ કે રાજાને, પ્રશાસ્તા-મંત્રીને,

ધર્મપાઠકને હણે છે, તે મહામોહને કરે છે. કેમકે તેમનાં મરણથી ઘણાં લોકો દુઃખી થાય છે.

(૧૬) જે કોઈ નાયક – રાજાને, રાષ્ટ્રના મહત્તરાદિને, વેપારીજનને કાર્યમાં પ્રવર્તાવનાર શ્રેષ્ઠીને અથવા શ્રીદેવીના ચિન્હવાળા પટ્ટબંધવાળા નગરશેઠને, વળી તે કેવા ? ઘણા શબ્દોવાળા - ઘણાં યશવાળા એવા તે સર્વેમાંથી કોઈને હણે છે, તે મહામોહને કરે છે.

(૧૭) બહુજન-પાંચ, છ આદિ ઘણાં લોકોના નાયકને તથા દ્વીપની જેવા દ્વીપરૂપ - સંસારસાગરમાં રહેલા પ્રાણીઓના આશ્વાસન સ્થાનરૂપ કે દીપની જેમ દીપરૂપ-અજ્ઞાનરૂપી અંધકાર વડે જેની બુદ્ધિરૂપી દૃષ્ટિનો પ્રસાર રુંધાયો હોય એવા પ્રાણીઓનો ત્યાગ અને ગ્રાહ્ય વસ્તુસમૂહને પ્રકાશકર્તા, એ જ કારણ માટે ત્રાણ-પ્રાણીને આપત્તિથી રક્ષણ કરનારા જેવા ગણધરાદિ હોય, તેવા પ્રાવચનિકાદિ પુરુષને જે હણે છે તે મહામોહને કરે છે.

(૧૮) પ્રવજ્યા લેવાની ઈચ્છાવાળાને, સાવધ યોગથી નિવૃત્ત થયેલ-પ્રવ્રજિતને, તપ કરનાર કે સારા તપને આશ્રિત થયેલા એવા કે પાઠાંતરથી જગત-જંગમ પ્રાણીને અહિંસકપણે જીવાડે તે જગજ્જીવન એવા સાધુને બળાત્કારે - વિવિધ પ્રકારે આક્રમણ કરી શ્રુત અને ચારિત્ર ધર્મથી જે ભ્રષ્ટ કરે છે તે મહામોહને કરે છે.

(૧૯) પૂર્વે કહેલ મોહનીય સ્થાનની જેમ આ પણ જાણવું. જ્ઞાનનો અનંત વિષય હોવાથી કે અક્ષયત્વથી તથા ક્ષાયિક દર્શનત્વથી શ્રેષ્ઠ દર્શનવાળા તે, અર્થાત્ જેઓ જ્ઞાનાદિ અનેક અતિશય સંપત્તિ સહિતત્વથી ત્રણ ભુવનમાં પ્રસિદ્ધ જિનેશ્વરોનો કોઈ અવર્ણવાદ બોલે – જ્ઞેયના અનંતત્વથી જગતમાં કોઈ સર્વજ્ઞ છે જ નહીં, કહ્યું છે – હજી જ્ઞાન દોડે છે, હજી અલોક અનંત છે, હજી કોઈ જીવ સર્વજ્ઞત્વ પામતો નથી, જો પામતો હોય તો અલોક સાંત થઈ જાય, પણ તે ઈષ્ટ નથી. આ પ્રમાણે કોઈ દોષ આપે છે, તે દોષ અહીં નથી. કેમકે કેવળજ્ઞાન ઉત્પત્તિ સમયે જ લોકાલોકને પ્રકાશતું ઉત્પન્ન થાય છે. જેમ કોઈ ઓરડામાં રહેલ દીપકલિકા આખા ઓરડાને એક જ સમયે પ્રકાશિત કરે છે તેમ. આ પ્રમાણે જિનેશ્વરના અવર્ણવાદ બોલનાર અજ્ઞાની જીવ મહામોહને કરે છે.

(૨૦) જે કોઈ દુષ્ટ કે દ્વેષી મનુષ્ય ન્યાયને ઉલ્લંઘન નહીં કરનારા સમ્યગ્ દર્શનાદિ મોક્ષમાર્ગનો અત્યંત અપકાર કરે અથવા પાઠાંતરથી ઘણાજનોને વિપરીત ઠસાવે છે, તથા તે માર્ગને નિંદતો, નિંદા કે દ્વેષ વડે પોતાને અને પરને વાસિત કરે છે, તે મહામોહને કરે છે.

(૨૧) જે આચાર્ય-ઉપાધ્યાયે શ્રુત-સ્વાધ્યાય અને વિનય-ચારિત્ર ગ્રહણ કરાવેલ હોય, તેમની જ જે નિંદા કરે કે – જ્ઞાનથી આ ગુરુ અલ્પશ્રુત છે. અન્યતીર્થિક સાથે સંબંધ રાખે છે એમ કહી દર્શનને નિંદે, પાર્શ્વસ્થાદિના સ્થાનમાં વર્તનાર હોવાથી મંદ ધર્મવાળા છે એમ કહી ચારિત્રની નિંદા કરે, આવો તે બાલ-મૂઢ મહામોહને કરે છે.

(૨૨) આચાર્યાદિ શ્રુતદાન, ગ્લાનાદિ અવસ્થાને વિશે સારસંભાળાદિ કરવાથી સમ્યક્ ઉપકારી છે, તેઓ પ્રત્યે જે કોઈ વિનય, આહાર, ઉપધિ આદિથી પ્રત્યુપકાર કે પૂજાકર્તા થતો નથી, માનવાળો થાય, તે મહામોહ કરે છે.



(૨૩) અબહુશ્રુત એવો કોઈ શ્રુત વડે પોતાની શ્લાઘા કરે છે કે – હું શ્રુતવાન્ છું, અનુયોગધર છું ઇત્યાદિ અથવા કોઈ પૂછે કે તમે અનુયોગાચાર્ય છો કે વાચક છો ત્યારે 'હા' એમ સ્વાધ્યાયનો વાદ બોલે અને હું વિશુદ્ધ પાઠક છું ઈત્યાદિ બોલે, તે શ્રુતના અલાભહેતુ મહામોહને કરે છે.

(૨૪) સુગમ છે. વિશેષ આ – ભાવચોર હોવાથી આ સર્વજનોથી મોટામાં મોટો ચોર છે, તેથી તે અતપસ્વીતા હેતુરૂપ મહામોહને કરે છે.

(૨૫) સાધારણકાર્ય માટે કોઈ ગ્લાન સાધુ મળે ત્યારે જે કોઈ આચાર્યાદિ પોતે સમર્થ છતાં ઉપદેશ અને ઔષધાદિ વડે પોતે કે અન્યદ્વારા ઉપકાર ન કરે – તેના કાર્યની ઉપેક્ષા કરે. કયા અભિપ્રાયથી તેનું કાર્ય ન કરે ? તે કહે છે – આ સાધુ પોતે સમર્થ છતાં દ્વેષથી મારું પણ કાંઈ કાર્ય કરતો નથી અથવા બાલત્વાદિ કારણે આ અસમર્થ છે, તો તેનું કાર્ય કરવાથી શું ફળ ? ફરીથી તે મારો ઉપકાર કરવાનો નથી. એ કારણે તેનો ઉપકાર કરે નહીં તથા શઠ એટલે પોતાની શક્તિનો લોપ કરવાથી કપટયુક્ત તથા માયાવાળું જેનું જ્ઞાન છે – ગ્લાનની મારે સંભાળ કરવાની ન હોય, તે માટે હું ગ્લાન થઈ ફરું એવા વિકલ્પવાળો, તેથી જ પાપ વ્યાપ્ત ચિત્તવાળો. તેથી જ પોતાની અબોધિવાળો - x - બીજાની બોધિનો પણ નાશક - x - આવા આચાર્યાદિ મહામોહને કરે છે.

[૨૬] કથા-વાક્ય રચના અર્થાત્ શાસ્ત્ર. તે રૂપ જે અધિકરણ, તે કથાધિકરણ - કૌટિલ્ય શાસ્ત્રાદિ, કેમકે પ્રાણીના ઉપમર્દનમાં પ્રવર્તવા થકી તેઓ પોતાના આત્માને દુર્ગતિના અધિકારી કરે છે અથવા ક્ષેત્રોને ખેડો, ગાયોને પ્રસવાવો આદિ કથન વડે તથાવિધ પ્રવૃત્તિ રૂપ જે અધિકરણ તે કથાધિકરણ. અથવા કથા-રાજકથાદિ, અધિકરણ-યંત્રાદિ અથવા કલહ તે પણ કથાધિકરણ કહેવાય. તેને વારંવાર કરે, તથા સર્વતીર્થના ભેદને માટે સંસારસાગરને તરવાના કારણરૂપ જ્ઞાનાદિ તીર્થોના સર્વથા નાશને માટે પ્રવર્તે તે મહામોહને કરે છે.

[૨૭] સુગમ છે. વિશેષ આ – અધાર્મિક યોગ એટલે નિમિત્તશાસ્ત્ર, વશીકરણાદિ પ્રયોગ. શા માટે ? પ્રશંસા માટે, સખિહેતુ-મિત્ર નિમિત્તે.

[૨૮] જે કોઈ મનુષ્ય કે પરલોક સંબંધી ભોગો વડે અથવા તેમાં તૃપ્તિ ન પામેલો, તેની અભિલાષા કે આશ્રય કરે, તે મહામોહને કરે છે.

[૨૯] ઋદ્ધિ-વિમાનાદિ, દ્યુતિ-શરીર, આભરણાદિ કાંતિ, યશ-કીર્તિ, વર્ણ-શરીરનું શ્વેતત્વ, બલ-પરાક્રમ, વીર્ય-જીવપ્રભવ. આ સર્વે જે વૈમાનિક દેવોમાં વિદ્યમાન છે, તેવા અતિશય ગુણવાળા દેવોની પણ જે અશ્લાઘા કરે કે દેવોને કંઈ ઋદ્ધિ નથી એમ અવર્ણવાદ કરે, તો આવા અવર્ણવાદનો કર્તા મહામોહને કરે છે.

[૩૦] ન જોવા છતાં જે બોલે - હું દેવોને જોઉં છું આદિ. આવો ગોશાલક જેવો અજ્ઞાની, જિનની જેમ પોતાની પૂજાનો અર્થી મહામોહને કરે છે.

- - રૌદ્ર આદિ ૩૦ મુહૂર્તો સૂર્યોદયથી આરંભીને આવે છે. તેમાંના મધ્યના છ મુહૂર્તો કોઈ વખતે દિવસે, કોઈ વખતે રાત્રે પણ આવે છે.

સમવાય-૩૦-નો
મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિત અનુવાદ પૂર્ણ

## ❀ સમવાય-૩૧ ❀

-- x -- x --

● સૂત્ર-૧૦૦,૧૦૧ :-

*[૧૦૦] સિદ્ધોના ૩૧-ગુણો કહ્યા છે — ક્ષીણ આભિનિબોધિકજ્ઞાનાવરણ, ક્ષીણ શ્રુતજ્ઞાનાવરણ, ક્ષીણ અવધિજ્ઞાનાવરણ, ક્ષીણ મનઃપર્યવજ્ઞાનાવરણ, ક્ષીણ કેવલજ્ઞાનાવરણ, ક્ષીણ ચક્ષુર્દર્શનાવરણ, ક્ષીણ અચક્ષુર્દર્શનાવરણ, ક્ષીણ અવધિદર્શનાવરણ, ક્ષીણ કેવલદર્શનાવરણ, ક્ષીણ નિદ્રા, ક્ષીણ નિદ્રાનિદ્રા, ક્ષીણ પ્રચલા, ક્ષીણ પ્રચલાપ્રચલા, ક્ષીણ થીણદ્ધી, ક્ષીણ સાતાવેદનીય, ક્ષીણ અસાતાવેદનીય, ક્ષીણ દર્શનમોહનીય, ક્ષીણ ચારિત્રમોહનીય, ક્ષીણ નૈરયિકાયુ, ક્ષીણ તિર્યંચાયુ, ક્ષીણ મનુષ્યાયુ, ક્ષીણ દેવાયુ, ક્ષીણ ઉચ્ચગોત્ર, ક્ષીણ નીચગોત્ર, ક્ષીણ શુભનામ, ક્ષીણ અશુભનામ, ક્ષીણ દાનાંતરાય, ક્ષીણ લાભાંતરાય, ક્ષીણ ભોગાંતરાય, ક્ષીણ ઉપભોગાંતરાય, ક્ષીણ વીર્યાંતરાય.*

*[૧૦૧] મેરુ પર્વત પૃથ્વીતલે કંઈક ન્યૂન ૩૧,૬૨૩ યોજન પરિક્ષેપથી છે.. જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલને પામીને ચાર ચરે છે, ત્યારે અહીં રહેલા મનુષ્યને ૩૧,૮૩૧ - ૩૦/૬૦ યોજન દૂરથી ચક્ષુના સ્પર્શને શીઘ્ર પામે છે.. અભિવર્ધિત માસ સાધિક ૩૧ રાત્રિ દિવસનો રાત્રિદિનના કુલપણે કરીને છે.. સૂર્યમાસ કંઈક વિશેષ ન્યૂન એવો ૩૧ રાત્રિ દિવસનો રાત્રિદિવસના કૂલપણાએ કરીને છે.*

*આ રત્નપ્રભાના કેટલાક નારકોની સ્થિતિ ૩૧-પલ્યોપમ છે. અધઃસપ્તમી પૃથ્વીના કેટલાક નારકોની સ્થિતિ ૩૧-સાગરોપમ છે.. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ૩૧-પલ્યોપમની છે.. સૌધર્મ-ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૩૧-પલ્યોપમ છે.. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત વિમાને દેવોની જઘન્ય સ્થિતિ-૩૧-સાગરોપમની છે.. જે દેવો ઉવરિમ ઉવરિમ ગ્રૈવેયક વિમાને દેવપણે ઉત્પન્ન થયા હોય, તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૧-સાગરોપમની છે.*

*તે દેવો ૩૧-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે, તેઓને ૩૧,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે.. કેટલાક ભવ્ય જીવો ૩૧-ભવ ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.*

● વિવેચન-૧૦૧,૧૦૨ :-

[૧૦૧] સ્થાન-૩૧-સુગમ છે. વિશેષ આ — સિદ્ધપણાના પહેલા સમયને વિશે જ જે ગુણો તે સિદ્ધાદિ ગુણો છે, તે ગુણો આભિનિબોધિક આવરણાદિના ક્ષય સ્વરૂપ છે.



[૧૦૨] મંદર-મેરુ પર્વત. તે પૃથ્વીતલે ૧૦,૦૦૦ યોજન વિષ્કંભથી છે. તેથી કરીને પૃથ્વીતલે યથોક્ત પરિધિ પ્રમાણ છે.

સૂર્યના ૧૮૪ માંડલા હોય છે. મંડલ એટલે જ્યોતિષ્કમાર્ગ. તેમાં જંબૂદ્વીપની અંદર ૧૮૦ યોજનમાં ૬૫ સૂર્યમંડલો છે, તથા લવણસમુદ્રમાં ૩૩૦ યોજન અવગાહીને જતાં ૧૧૯ સૂર્યમંડલો છે. તેમાં સર્વબાહ્ય એટલે સમુદ્રમાં રહેલા મંડલોમાંનું જે છેલ્લું મંડલ, તેનો આયામ વિષ્કંભ ૧,૦૦,૬૬૦ યોજનનો છે. તેના ગોળ ક્ષેત્રના ગણિતના ન્યાયે પરિધિ કરીએ તો ૩,૧૮,૩૧૫ યોજન થાય છે. આટલા યોજન પ્રમાણ ક્ષેત્રને સૂર્ય બે રાત્રિદિવસ વડે ઓળંગે છે. તેના ૬૦ મુહૂર્તો હોય છે. તેથી તે અંકને ૬૦ વડે ભાગવાથી જે ભાગમાં આવે તેટલો યોજનવાળું ક્ષેત્ર એક મુહૂર્તમાં ઓળંગે છે. તે ક્ષેત્ર પ્રમાણ ૫૩૦૫ યોજન અને એક યોજનના સાઠીયા પંદર ભાગ જેટલું થાય છે. આ અંકને અર્ધ દિવસ વડે એટલે અર્ધ દિવસના મુહૂર્તો વડે ગુણવાને છે. તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલમાં ચાલે છે ત્યારે દિવસનું પ્રમાણ ૧૨-મૂહૂર્તનું હોય છે, તેનું અર્ધ કરવાથી છ મુહૂર્ત આવે છે. તેથી છ મુહૂર્ત વડે ઉપરના એક મુહૂર્તની ગતિના પ્રમાણ - ૫૩૦૫ - ૧૫/૬૦ ને ગુણીએ ત્યારે ચક્ષુસ્પર્શવાળી ગતિનું પ્રમાણ થાય છે. તે રીતે ગુણવાથી ૩૧,૮૩૧ યોજન અને એક યોજનના સાઠીયા ત્રીશ ભાગ આવે છે.

અભિવર્ધિત માસ એટલે ૩૮૩-૪૪/૬૨ રાત્રિદિવસના પ્રમાણવાળા અભિવર્ધિત વર્ષનો બારમો ભાગ. જે વર્ષમાં અધિક માસ હોય, તે અભિવર્ધિત વર્ષ કહેવાય છે. કેમકે તેમાં ચાંદ્રમાસ તેર હોય છે, તથા એ માસ ૨૯-૩૨/૬૨ રાત્રિદિવસ પ્રમાણ હોય છે.

સાતિરેગ - એક અહોરાત્રના ૧૨૧/૧૨૪ ભાગ એટલું પ્રમાણ અધિક સમજવું... આદિત્ય માસ એટલે સૂર્ય જેટલા કાળે કરીને એક રાશિ ભોગવી લે તે કાળ, અર્ધ અહોરાત્ર વડે ન્યૂન.

સમવાય-૩૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ❀ સમવાય-૩૨ ❀

— x — x —

● **સૂત્ર-૧૦૨ થી ૧૦૮ :-**

*— [૧૦૨] બત્રીશ યોગ સંગ્રહો કહ્યા છે. તે આ પ્રમાણે —*

*[૧૦૩] - (૧) આલોચના, (૨) નિરપલાપ, (૩) આપત્તિમાં દૃઢધર્મતા. (૪) અનિશ્રિતોપધાન, (૫) શિક્ષા, (૬) નિષ્પ્રતિકર્મતા.*

*[૧૦૪] - (૭) અજ્ઞાનતા, (૮) અલોભતા, (૯) તિતિક્ષા, (૧૦) આર્જવ, (૧૧) શુચિ, (૧૨) સમ્યગ્દૃષ્ટિ, (૧૩) સમાધિ, (૧૪) આચારોપગત, (૧૫) વિનયોપગત.*

*[૧૦૫] (૧૬) ધૃતિમતિ, (૧૭) સંવેગ, (૧૮) પ્રણિધિ, (૧૯) સુવિધિ, (૨૦) સંવર, (૨૧) આત્મદોષોપસંહાર, (૨૨) સર્વકામ વિરક્તતા.*

*[૧૦૬] (૨૩) મૂલગુણ પ્રત્યાખ્યાન, (૨૪) ઉત્તરગુણ પ્રત્યાખ્યાન, (૨૫) વ્યુત્સર્ગ, (૨૬) અપ્રમાદ, (૨૭) લવાલવ, (૨૮) ધ્યાનયોગ (૨૯) મારણાંતિક.*

*[૧૦૭] (૩૦) સંગપરિજ્ઞા, (૩૧) પ્રાયશ્ચિત્તકરણ, (૩૨) મરણાંતરાધના.*

*— [૧૦૮] બત્રીશ દેવેન્દ્રો કહ્યા છે — ચમર, બલી, ધરણ, ભૂતાનંદ યાવત્ ઘોષ, મહાઘોષ, ચંદ્ર, સૂર્ય, શક્ર, ઈશાન, સનત્કુમાર યાવત્ પ્રાણત, અચ્યુત.*

*અર્હત્ કુંથુને ૩૨૩૨ કેવલીઓ હતા.. સૌધર્મકલ્પમાં ૩૨ લાખ વિમાનો છે.. રેવતી નક્ષત્રના ૩૨ તારા છે.. નાટ્ય ૩૨ ભેદે છે.*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની ૩૨ પલ્યોપમ સ્થિતિ છે.. અધઃસપ્તમી પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૩૨-સાગરોપમ છે.. કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૩૨-પલ્યોપમ છે.. સૌધર્મ-ઈશાનકલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૩૨-પલ્યોપમ છે.. જે દેવો વિજય, વૈજયંત, જયંત, અપરાજિત વિમાને દેવપણે ઉત્પન્ન થાય, તેમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૨-સાગરોપમ છે.*

*તે દેવો ૩૨-અર્ધમાસે આન-પ્રાણ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે.. તેઓને ૩૨,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કેટલાક ભવસિદ્ધિક જીવો ૩૨ ભવ ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વદુઃખાંતકર થશે.*

● **વિવેચન-૧૦૨ થી ૧૦૮ :-**

[૧૦૨] ૩૨મું સ્થાનક વ્યક્ત છે. વિશેષ આ — જોડાય તે યોગ — મન, વચન, કાય વ્યાપાર. તે અહીં પ્રશસ્ત જ વિવક્ષિત છે. તે યોગો શિષ્ય અને આચાર્ય એ બંનેને વિશે રહેલા છે. તેમનો આલોચના, નિરપલાપ આદિ પ્રકારે સંગ્રહ કરવો તે પ્રશસ્તયોગ સંગ્રહ કહેવાય. પ્રશસ્તયોગ સંગ્રહના નિમિત્તરૂપ હોવાથી આલોચનાદિ પણ પ્રશસ્ત યોગ કહેવાય છે. તે ૩૨ છે.

(૧) આલોચના-મોક્ષના સાધનરૂપ યોગના સંગ્રહ માટે શિષ્ય વડે આચાર્યને આલોચના આપવી જોઈએ. (૨) નિરપલાપ-આચાર્યએ પણ મોક્ષસાધક યોગ સંગ્રહાર્થે શિષ્ય આલોચના આપે ત્યારે તે કોઈને કહેવી નહીં. (૩) દૃઢ ધર્મત્વ-પ્રશસ્તયોગ સંગ્રહાર્થે સાધુએ દ્રવ્યાદિ આપત્તિ આવે તો પણ ધર્મમાં દૃઢતા રાખવી.



(૪) અનિશ્રિતોપધાન - શુભયોગના સંગ્રહાર્થે બીજાની સહાયની અપેક્ષારહિત ઉપધાન-તપ કરવો જોઈએ. (૫) શિક્ષા - શુભયોગના સંગ્રહાર્થે શિક્ષાનું સેવન કરવું જોઈએ તે શિક્ષા સૂત્ર, અર્થને ગ્રહણ કરવારૂપ અને પ્રત્યુપેક્ષાદિ સેવવારૂપ બે પ્રકારે છે. (૬) નિષ્પ્રતિકર્મ-શરીરની સારવાર કરવી નહીં.

(૭) અજ્ઞાનતા - યશ, પૂજાદિની ઈચ્છાથી તપને જાહેર ન કરવો. (૮) અલોભ - સર્વ વસ્તુમાં અલોભતા રાખવી. (૯) તિતિક્ષા - પરિષહ આદિનો જય. (૧૦) આર્જવ - સરળતા રાખવી. (૧૧) શુચિ-સત્ય, સંયમ.

(૧૨) સમ્યગ્દૃષ્ટિ-સમ્યગ્દર્શન શુદ્ધિ. (૧૩) સમાધિ-ચિત્તની સ્વસ્થતા. (૧૪) આચારોપગત - આચારને પામેલો થાય એટલે માયા ન કરે. (૧૫) વિનયોપગત - વિનયને પામેલો થાય એટલે માનને ન કરે.

(૧૬) ધૃતિમતિ - જેમાં ધૃતિ મુખ્ય છે તેવી મતિ એટલે અદીનતા. (૧૭) સંવેગ-સંસારથી ભય કે મોક્ષાભિલાષ. (૧૮) પ્રણિધિ-માયાશલ્ય ન રાખવું તે. (૧૯) સુવિધિ - સદનુષ્ઠાન. (૨૦) સંવર-આશ્રવનિરોધ.

(૨૧) આત્મદોષોપસંહાર - સ્વકીય દોષનો નિરોધ, (૨૨) સર્વકામ વિરત - સર્વ વિષયોથી વિમુખત્વ. (૨૩) પ્રત્યાખ્યાન-મૂલગુણ વિષયક (૨૪) અને ઉત્તરગુણ વિષયક. (૨૫) વ્યુત્સર્ગ-દ્રવ્ય અને ભાવ બે ભેદે. (૨૬) અપ્રમાદ-પ્રમાદ ત્યાગ. (૨૭) લવાલવ - ક્ષણે ક્ષણે સામાચારીનું અનુષ્ઠાન કરવું.

(૨૮) ધ્યાનરૂપી સંવરયોગ. (૨૯) મારણાંતિક વેદનાનો ઉદય થાય તો પણ ક્ષોભ ન પામવો. (૩૦) સંગપરિજ્ઞા - જ્ઞ-પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા કરવી, (૩૧) પ્રાયશ્ચિત્ત કરણ - કરવું તે (૩૨) આરાધના - મરણરૂપ અંતને વિશે આરાધના કરવી.

૦ ઈન્દ્ર સૂત્રમાં યાવત્ શબ્દથી — વેણુદેવ, વેણુદાલી, હરિકાંત, હરિસ્સહ, અગ્નિશીખ, અગ્નિમાનવ, પૂર્ણ, વશિષ્ટ, જલકાંત, જલપ્રભ, અમિતગતિ, અમિતવાહન, વેલંબ, પ્રભંજન. ફરી વખત યાવત્ શબ્દથી માહેન્દ્ર, બ્રહ્મ, લાંતક, શુક્ર, સહસ્રાર જાણવું. અહીં ૧૬-વ્યંતરેન્દ્રો, ૧૬-અણપન્ની, પણપન્ની આદિ ઈન્દ્રોની અલ્પ ઋદ્ધિત્વથી વિવક્ષા કરી નથી.

ચંદ્ર, સૂર્ય અસંખ્યાત હોવા છતાં તેમની જાતિને ગ્રહણ કરવાથી માત્ર બેની વિવક્ષા કરી છે, તેથી ૩૨-કહ્યા છે. - x -

૩૨-નાટ્યવિધિ રાજપ્રશ્નીય ઉપાંગમાં કહ્યા મુજબ સંભવે છે. કેટલાંક કહે છે - જેમાં ૩૨-પાત્ર હોય તે નાટ્ય લેવું.

**સમવાય-૩૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૩૩ ❀

— x — x —

● સૂત્ર-૧૦૯ :-

*૩૩-આશાતનાઓ કહી છે — (૧) જે શિષ્ય રાત્નિકની નજીક ચાલે તેને આશાતના થાય છે. (૨) શિષ્ય રાત્નિકની આગળ જાય તેને આશાતના થાય છે. (૩) જે શિષ્ય રાત્નિકની પડખો પડખ ચાલે તેને આશાતના થાય છે. (૪ થી ૩૩) યાવત્ જે શિષ્ય રાત્નિક બોલાવે ત્યારે જ્યાં પોતે હોય ત્યાંથી જ જવાબ આપે તે.*

*અસુરેન્દ્ર અસુરરાજ ચમરની ચમરચંચા રાજધાનીના એક એક દ્વારે ૩૩-૩૩ ભૌમનગર છે... મહાવિદેહ ક્ષેત્રનો વિષ્કંભ સાતિરેક ૩૩,૦૦૦ યોજન છે... જ્યારે સૂર્ય બાહ્યના પહેલાના ત્રીજા મંડળને પામીને ચાર ચરે ત્યારે અહીં રહેલા મનુષ્યોને કંઈક વિશેષ ન્યૂન ૩૩,૦૦૦ યોજન દૂરથી ચક્ષુને સ્પર્શને શીઘ્ર પામે છે. [દેખાય છે.]*

*આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલાક નારકોની સ્થિતિ ૩૩-પલ્યોપમ છે. અધઃસપ્તમી પૃથ્વીમાં કાળ, મહાકાળ, રોરુય, મહારોરુય નરકાવાસના નૈરયિકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩-સાગરોપમ છે.. અપ્રતિષ્ઠાન નરકાવાસે નૈરયિકોની જઘન્ય-ઉત્કૃષ્ટરહિતપણે ૩૩-સાગરોપમની સ્થિતિ છે... કેટલાક અસુરકુમારોની સ્થિતિ ૩૩-પલ્યોપમ છે... સૌધર્મ-ઈશાન કલ્પે કેટલાક દેવોની સ્થિતિ ૩૩-પલ્યોપમ છે... વિજય, વૈજયંત, જયંત, અપરાજિત વિમાનોમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩-સાગરોપમ છે... જે દેવો સર્વાર્થસિદ્ધવિમાને દેવપણે ઉત્પન્ન થયા હોય, તેમની અજઘન્યોત્કૃષ્ટ ૩૩-સાગરોપમ સ્થિતિ છે.*

*તે દેવો ૩૩ અર્ધ માસે આન-પ્રાણ ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. તે દેવોને ૩૩,૦૦૦ વર્ષે આહારેચ્છા થાય છે. કેટલાક ભવસિદ્ધિક જીવો ૩૩-ભવ ગ્રહણ કરીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-સર્વ દુઃખાંતકર થશે.*

● વિવેચન-૧૦૯ :-

હવે ૩૩-મું સ્થાનક - તેમાં આય - સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ, તેની જે શાતના - ખંડન, તે નિરુક્તથી આશાતના છે. તેમાં શૈક્ષ એટલે અલ્પ ચારિત્ર પર્યાયવાળો, રાત્નિક - ઘણાં પર્યાયવાળા સાધુ. (૧) તેની સમીપે એ રીતે જાય કે જે પ્રકારે પોતાની રજ કે અંચલ આદિ તેને સ્પર્શે, એ રીતે જનારને હોય તે શિષ્યને આશાતના થાય છે. આ પ્રમાણે સર્વ સ્થાને સમજવું.

(૨) પુરઓ - આગળ ચાલનારો થાય છે, (૨) સપક્ખ - સરખો પાર્શ્વ ભાગ હોય તેમ સમશ્રેણિએ ચાલે, (૪) સ્થિત - ઉભો રહે. અહીં યાવત્ શબ્દ છે, તેથી દશાશ્રુતસ્કંધને અનુસારે બીજી આશાતનાઓ જાણવી. તે આ —

રાત્નિકની સમીપે, આગળ પડખે ઉભા રહેવાથી ત્રણ, તે જ પ્રમાણે બેસવા વડે બીજી ત્રણ, એમ ચાલતા-ઉભતા-બેસતા કુલ નવ આશાતના.

(૧૦) બંને સાથે સ્થંડિલ ગયા હોય ત્યારે શિષ્ય પહેલા આચમન કરે (૧૧) એ રીતે પૂર્વે ગમનાગમન આલોચના કરે, (૧૨) રાત્રિમાં 'કોણ જાગે છે ?' એમ રાત્નિક પૂછે ત્યારે તેના વચનને ન સાંભળતો હોય તેમ જવાબ ન આપે.

(૧૩) રાત્નિકે બોલાવવા લાયકને શિષ્ય પહેલા બોલાવે. (૧૪) વહોરી લાવેલ આહારને શિષ્ય ગુરુને બદલે પહેલા બીજા પાસે આલાવે. (૧૫) એ પ્રમાણે બીજાને દેખાડે. (૧૬) એ રીતે નિમંત્રણા કરે, (૧૭) રાત્નિકને પૂછ્યા સિવાય બીજા સાધુને ભોજનાદિ આપે, (૧૮) શિષ્ય પોતે પહેલા સારો આહાર વાપરે.

(૧૯) પ્રયોજન વશ ક્યારેક રાત્નિક બોલાવે, તેનો જવાબ ન આપે. (૨૦) રાત્નિક પ્રત્યે કે તેમની સમક્ષ ઘણા પ્રકારે મોટા શબ્દથી બોલે. (૨૧) રાત્નિક બોલાવે ત્યારે मत्थएण वंदामि એમ બોલવું જોઈએ, તેને બદલે શું કહો છો ? એમ બોલે. (૨૨) પ્રેરણા કરનાર રાત્નિકને તમે કોણ પ્રેરણા કરનાર'' તેમ કહે.

(૨૩) હે આર્ય ! ગ્લાનની સારવાર કેમ નથી કરતો ? ઇત્યાદિ કહે ત્યારે રાત્નિકને કહે — તમે કેમ નથી કરતા ? (૨૪) ગુરુ ધર્મકથા કહે ત્યારે તે અન્યમનસ્ક રહે કે તેની અનુમોદના ન કરે. (૨૫) ધર્મકથા કરતા ગુરુને કહે - તમને કંઈ યાદ નથી. (૨૬) ગુરુએ કહેલ ધર્મકથાનો વિચ્છેદ કરે.

(૨૭) ભિક્ષાનો સમય થઈ ગયો છે, ઇત્યાદિ વચન બોલી ગુરુની પર્ષદાનો ભંગ કરે. (૨૮) ગુરુની પર્ષદા ઉઠી ન હોય, તેની પાસે ધર્મકથા કહેવા લાગે. (૨૯) ગુરુના સંથારાને પગ લગાડે. (૩૦) ગુરુના સંથારામાં બેસે. (૩૧) ગુરુથી ઉંચા આસને બેસે. (૩૨) ગુરુના સમાન આસને બેસે. (૩૩) મૂળ સૂત્રમાં નોંધી છે.

૦ ભૌમ-નગરના આકારે અથવા વિશિષ્ટ સ્થાનો... સૂર્યના ૧૮૪ મંડલ છે, તેમાં બબ્બે મંડલ વચ્ચેનું અંતર ૨-૪૮/૬૧ યોજન છે. તેને બમણું કરવાથી ૫-૩૫/૬૧ યોજન થાય. આટલા હીન વિષ્કંભવાળું સર્વ બાહ્યમંડલથી બીજું મંડલ થાય છે. પછી વૃત્તક્ષેત્ર પરિધિ ગણિત ન્યાયથી સર્વ બાહ્ય મંડલથી બીજા મંડલની પરિધિ ૧૭-૩૮/૬૧ ન્યૂન થાય છે. એ રીતે ત્રીજા મંડલની પરિધિ તેનાથી બમણી હીન થાય છે. તે આ રીતે - ૧૧-૯/૬૧ ભાગે. ન્યૂન થાય છે અને પરિધિ ૩૫-૧૫/૬૧ ભાગ ન્યૂન થાય છે. તે પરિધિ ૩૧૮૨૭૯-૪૬/૬૧ થાય છે. તથા છેલ્લા મંડલથી દરેક મંડલે એક મુહૂર્ત્તના ૨/૬૧ ભાગ જેટલી દિનમાનની વૃદ્ધિ થાય છે.તેથી ત્રીજા મંડલમાં જ્યારે સૂર્ય ચાલે છે. ત્યારે ૧૨-૪/૬૧ ભાગ જેટલું દિનમાન થાય છે. આ મુહૂર્ત્તના ૭૩૬ થાય છે, તેને અર્ધા કરવાથી ૩૬૮ થાય, તેને કરીને સ્થૂલ ગણિતની વિવક્ષા હોવાથી ત્યાગ કરેલા ૩૫-૧૫/૬૧ અંશવાળી ત્રીજા મંડલની પરિધિને એટલે ૩,૧૮,૨૭૯ને ગુણવાથી થાય. તેને ૬૦/૬૧ વડે ગુણક કરતા જે આવે તે ત્રીજા મંડલે ચક્ષુ સ્પર્શનું પ્રમાણ થાય છે. તે પ્રમાણ ૩૨,૦૦૧ યોજન, બાકી વધેલા અંશને ૬૧ વડે ભાગતા ૪૯/૬૧ તથા ૨૩/૬૧ ભાગ આટલું ત્રીજા મંડલમાં ચક્ષુસ્પર્શનું પ્રમાણ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કહેલ છે.

અહીં મૂલસૂત્રમાં ૩૩,૦૦૦ યોજનથી કંઈક વિશેષ ન્યૂન, તે સાતિરેક એક યોજનની પણ હજારને વિશે ગણના કરવાને ઈચ્છેલ છે, તેમ સંભવે છે. પણ ૧૪-

માં મંડલમાં આ કહેલ પ્રમાણ બરાબર મળતું આવે છે. કેમકે પ્રત્યેક મંડલે કંઈક અધિક ૮૪ યોજન પ્રથમ મંડલના માનમાં નાંખવા પડે છે. તેથી કહ્યું છે.

સમવાય-૩૩-ના ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ❀ સમવાય-૩૪ ❀

-- x -- x --

● સૂત્ર-૧૧૦ :-

*તીર્થંકરના ૩૪-અતિશયો કહ્યા છે. તે આ પ્રમાણે —*

*(૧) અવસ્થિત કેશ, શ્મશ્રુ, રોમ, નખ. (૨) નિરામય નિરુપલેપ ગાત્રલતા. (૩) ગાયના દૂધ જેવા શ્વેત માંસ અને લોહી. (૪) પદ્મ, કમલ જેવા સુગંધી ઉચ્છ્વાસ નિઃશ્વાસ. (૫) ચર્મ-ચક્ષુથી જોઈ ન શકાય તેવા આહાર-નિહાર.*

*(૬) આકાશે રહેલું ધર્મચક્ર, (૭) આકાશે રહેલ છત્ર, (૮) આકાશે રહેલ શ્વેત ઉત્તમ ચામર. (૯) આકાશ જેવા સ્ફટીકમય સપાદપીઠ સીંહાસન. (૧૦) આકાશે રહેલ હજારો પતાકાથી સુશોભિત ઈન્દ્રધ્વજ આગળ ચાલે છે.*

*(૧૧) જ્યાં જ્યાં અરહંત ભગવંત ઉભા રહે કે બેસે. ત્યાં ત્યાં યક્ષ દેવો પત્ર-પુષ્પ-પલ્લવથી વ્યાપ્ત, છત્ર-ધ્વજા-ઘંટા-પતાકાથી યુક્ત શ્રેષ્ઠ અશોકવૃક્ષને નિર્મિત કરે છે. (૧૨) કંઈક પાછળના ભાગે મસ્તક સ્થાને તેજમંડલ [ભામંડલ] હોય છે, જે અંધકારમાં દશે દિશા પ્રકાશિત કરે છે.*

*(૧૩) બહુ સમ રમણિય ભૂમિ ભાગ. (૧૪) કાંટાઓ અધોમુખ થાય છે. (૧૫) વિપરીત ઋતુ પણ સુખ સ્પર્શવાળી થાય છે. (૧૬) શીતલ, સુખ સ્પર્શવાળો સુગંધીવાયુ ચોતરફ એક યોજન પ્રમાણ પૃથ્વીને સ્વચ્છ કરે છે.*

*(૧૭) ઉચિત જળબિંદુની વૃષ્ટિ વડે મેઘ રજ અને રેણુરહિત કરે છે. (૧૮) જળજ, સ્થલજ, ભાસ્વર, પ્રભુત નીચા ડીંટવાળા અને પંચવર્ણી પુષ્પો વડે ઢીંચણ પ્રમાણ પુષ્પોપચાર કરે છે. (૧૯) અમનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધનો અભાવ છે. (૨૦) મનોજ્ઞ શબ્દાદિ પાંચનો પ્રાદુર્ભાવ હોય છે.*

*(૨૧) ધર્મોપદેશ સમયે હૃદયગમનીય અને યોજનનીહારી સ્વર. (૨૨) ભગવંત અર્ધમાગધી ભાષામાં ધર્મને કહે છે. (૨૩) તે પણ અર્ધમાગધી ભાષા બોલવામાં આવે ત્યારે તે સર્વે આર્ય, અનાર્ય, દ્વિપદ, ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી, સરિસૃપાદિ પોતપોતાની હિત-શિવ-સુખદ ભાષામાં પરિણમે છે..*

*(૨૪) પૂર્વબદ્ધ વૈરી એવા દેવ-અસુર, નાગ-સુવર્ણ, યક્ષ-રાક્ષસ, કિંનર-કિંપુરુષ, ગરુડ-ગંધર્વ મહોરગાદિ અરહંતના પાદમૂલે પ્રશાંત ચિત્ત મનથી ધર્મને સાંભળે છે. (૨૫) અન્યતીર્થિકના પ્રાવચની પણ આવે તો વંદન કરે છે. (૨૬) અરહંતના પાદમૂલે આવેલા તેઓ નિરુત્તર થઈ જાય છે.*

*(૨૭) જ્યાં જ્યાં અરહંત ભગવંત વિચરે ત્યાં ૨૫-યોજન સુધી ઈતિ હોતી નથી, (૨૮) મારી ન હોય, (૨૯) સ્વચક્ર ભય ન હોય, (૩૦) પર ચક્ર ભય ન હોય, (૩૧) અતિવૃષ્ટિ ન હોય, (૩૨) અનાવૃષ્ટિ ન હોય, (૩૩) દુર્ભિક્ષ ન હોય, (૩૪) પૂર્વોત્પન્ન ઉત્પાત અને વ્યાધિ તત્કાળ શાંત થાય.*

*— જંબૂદ્વીપ દ્વીપમાં ૩૪-ચક્રવર્તી વિજય છે - મહાવિદેહમાં ૩૨, ભરતમાં-૧, ઐરવતમાં-૧... જંબૂદ્વીપ દ્વીપમાં ૩૪-દીર્ઘવૈતાઢ્યો છે... જંબૂદ્વીપ દ્વીપમાં ઉત્કૃષ્ટથી ૩૪-તિર્થંકરો ઉત્પન્ન થાય છે... અસુરેન્દ્ર અસુરરાજ ચમરના ૩૪ લાખ ભવનો છે... પહેલી-પાંચમી-છઠ્ઠી-સાતમી એ ચારે પૃથ્વીમાં કુલ ૩૪ લાખ નરકાવાસો છે.*



● વિવેચન-૧૧૦ :-

હવે ૩૪માં સ્થાનક વિશે કંઈક લખે છે - बुद्ध - તીર્થંકરોના જે अतिशेष - અતિશયો તે बुद्धातिशेष (૧) अवस्थित - વૃદ્ધિ ન પામનારા એવા કેશ-મસ્તકના વાળ, શ્મશ્રુ-દાઢીમૂછના વાળ, રોમ-શરીરના રુંવાડા, નખ.

(૨) નિરામય-નિરોગી, નિરુપલેપ-નિર્મળ, ગાત્રયષ્ટિ-શરીરલતા.

(૩) ગાયના દૂધ જેવું ઉજ્વલ માંસ અને લોહી... (૪) પદ્મ, કમલ અથવા સુગંધી પદાર્થ જે પદ્મક નામે પ્રસિદ્ધ છે, ઉત્પલ-નીલકમલ કે ઉત્પલકુષ્ઠ નામે ગંધદ્રવ્ય વિશેષ, તે બંનેની ગંધ જેને વિશે છે તેવા ઉચ્છ્વાસ-નિઃશ્વાસ... (૫) પ્રચ્છન્ન આહાર અને નીહાર-મળ, મૂત્રનો ત્યાગ. આ પ્રચ્છન્નત્વ કઈ રીતે ? તે કહે છે - માંસ ચક્ષુવાળા જોઈ ન શકે તેવી રીતે, પણ અવધિ આદિ જ્ઞાન નેત્રવાળા ન જોઈ શકે તેમ નહીં.

અહીં બીજાથી પાંચમો અતિશય જન્મને આશ્રીને હોય છે.

(૬) આકાશગત - આકાશમાં વર્તતુ અથવા આકાશગક-પ્રકાશવાળું ચક્ર એટલે ધર્મચક્ર... (૭) આકાશમાં રહેલ ત્રણ છત્ર... (૮) આકાશપ્રકાશવાળા શ્વેત, ઉત્તમ ચામર... (૯) આકાશની જેમ અત્યંત સ્વચ્છ, સ્ફટિકમય પાદપીઠ સહિત સિંહાસન... (૧૦) અત્યંત ઉંચો, कुडभि - લઘુપતાકા અર્થ સંભવે છે, તેનાથી પરિમંડિત, અભિરમણીય આવો ઈન્દ્રધ્વજ-બીજા સર્વે ધ્વજની અપેક્ષાએ અત્યંત મોટો હોવાથી ઈન્દ્ર એવો જે ધ્વજ તે ઈન્દ્રધ્વજ અથવા ઈન્દ્રત્વ સૂચક ધ્વજ આગળ ચાલે છે.

(૧૧) ગમનની નિવૃત્તિ વડે ઉભા રહે છે કે બેસે છે. તત્કાળ એટલે કાળના વિલંબ વિના, પત્રો વડે ઢંકાયેલ-વ્યાપ્ત, પત્ર-પુષ્પ-પલ્લવ સહિત. પલ્લવ-અંકુરા, છત્ર-ઘંટા-પતાકા સહિત એવું શ્રેષ્ઠ અશોકવૃક્ષ... (૧૨) ઈષદ્-અલ્પ, પાછળના ભાગમાં, મસ્તકના પ્રદેશે તેજોમંડલ-પ્રભામંડલ... (૧૩) બહુસમ રમણીય ભૂમિભાગ.

(૧૪) અધોશિર-અધોમુખ કાંટાઓ થાય છે... (૧૫) ઋતુઓ અવિપરિત હોય છે. કઈ રીતે ? - સુખ સ્પર્શવાળી... (૧૬) સંવર્ત વાયુ વડે એક યોજન પર્યન્ત પૃથ્વીશુદ્ધિ... (૧૭) ઉચિત જળબિંદુ પડવાથી, વાયુએ ઉડાડેલી આકાશમાં રહેલી રજ અને પૃથ્વી પર રહેલ રેણુ - એ ગંધોદક વૃષ્ટિ નામે અતિશય (૧૮) જળ, સ્થળમાં ઉત્પન્ન, ભાસ્વર અને ઘણાં પુષ્પો વડે, વૃંતસ્થાયિ - ઉર્ધ્વ મુખવાળા, દશાર્દ્ધવર્ણ-

પંચવર્ણી પુષ્પોથી ઢીંચણની ઉંચાઈ પ્રમાણવાળો પુષ્પોપચાર-પુષ્પપ્રકર.

(૧૯) કાલાગરુ - ગંધ દ્રવ્ય વિશેષ, પ્રવરકુંદુરુક્ક - ચીડા નામનું ગંધ દ્રવ્ય, તુરુક્ક-સિલ્હક નામે ગંધદ્રવ્ય. - x - ઉક્ત લક્ષણ જે ધૂપ તેને મઘમઘતો - ઘણી સુગંધવાળો જે ગંધ ઉત્પન્ન થયેલ તેના વડે રમણીય જે સ્થાન - બેસવાનું સ્થાન - x - (૨૦) કટક-હાથના કાંડાનું આભરણ વિશેષ, ત્રુટિત-બાહુનું આભરણ, તે બંનેના અતિ બહુત્વથી જેની ભૂજા સ્તંભિત થયેલી છે એવા બે દેવો અરિહંતની બંને બાજુ ચામર વિંઝે છે.

બૃહદ્વાચનામાં આ ૧૯,૨૦ અતિશયો કહ્યા નથી, તેથી પૂર્વના અઢાર અતિશયો લેવા અને પછીના બે [૧૯,૨૦] આ પ્રમાણે —

[૧૯] અમનોજ્ઞ શબ્દાદિનો અપકર્ષ-અભાવ... [૨૦] મનોજ્ઞ શબ્દાદિનો પ્રાદુર્ભાવ. તે ઓગણીસમો અને વીશમો અતિશય છે.

[૨૧] ઉપદેશ આપતા એવા ભગવંતનો સ્વર હૃદયંગમ, યોજન સુધી વિસ્તાર પામતો હોય... [૨૨] પ્રાકૃતાદિ છ ભાષાઓ મધ્યે જે માગધી નામે ભાષા - x - છે. તે ભાષા જો સમગ્ર પોતાના લક્ષણને આશ્રય કરનારી ન હોય તો તે અર્ધમાગધી કહેવાય છે. તે ભાષા વડે ધર્મ કહે છે. કેમકે તે ભાષા અતિ કોમળ છે... [૨૩] ભગવંત વડે બોલાતી તે ભાષા આર્ય, અનાર્ય દેશોમાં ઉત્પન્ન થયેલા દ્વિપદ-મનુષ્યો, ચતુષ્પદ-બળદ આદિ, મૃગ-વન્ય પ્રાણી, પશુ-ગ્રામ્યપ્રાણી, પક્ષીઓ પ્રસિદ્ધ છે, સરિસૃપ-ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ, એ સર્વેને પોતપોતાની ભાષામાં પરિણમે છે. આ ભાષા કેવી છે ? હિત-અભ્યુદય, શિવ-મોક્ષ, સુખ-શ્રમણ કાળે થતા આનંદને આપનારી એવી હિતશિવસુખ ભાષા બોલે છે.

[૨૪] પૂર્વ-ભવાંતરમાં અથવા અનાદિકાળમાં, જાતિ નિમિત્તથી બદ્ધ-નિકાચિત, વૈર-અમિત્રભાવ જેઓને છે તેઓ, તથા બીજા પણ દેવાદિ - વૈમાનિક, અસુર, નાગ-ભવનપતિ વિશેષ સુવર્ણ-સારા વર્ણ વડે યુક્ત જ્યોતિષ્ક, યક્ષ-રાક્ષસ-કિંનર-કિંપુરુષો એ વ્યંતરના ભેદ છે. ગરુડ-ગરુડ લાંછનવાળા સુવર્ણકુમાર-ભવનપતિ વિશેષ, ગંધર્વ અને મહોરગ-આ બંને પણ વ્યંતર વિશેષ જ છે. - x - આ સર્વે પ્રશાંતશમતાને પામ્યા છે, ચિત્ર એટલે રાગદ્વેષાદિ અનેક પ્રકારના વિકારસહિત હોવાથી વિવિધ પ્રકારે માનસ જેમના એવા તેઓ ધર્મને સાંભળે છે.

બૃહદ્ વાચનામાં બીજા બે અતિશયો કહ્યા છે.

[૨૫] અન્યતીર્થિકના પ્રાવચનિકો પણ ભગવંતને વાંદે છે.

[૨૬] ભગવંતના પાદમૂલે આવીને તેઓ પ્રત્યુત્તર રહિત થાય છે.

જે જે દેશમાં ભગવંત વિચરે ત્યાં ત્યાં-૨૫-યોજનમાં - - -

[૨૭] ધાન્યાદિને ઉપદ્રવ કરનાર ઘણાં ઉંદર આદિ પ્રાણિગણ ન હોય... [૨૮] મનુષ્યોને મરકી ન થાય.. [૨૯] પોતાના રાજ્યનું સૈન્ય ઉપદ્રવકારિ ન થાય.. [૩૦] બીજા રાજ્યનું સૈન્ય ઉપદ્રવ ન કરે.. [૩૧] અતિવૃષ્ટિ ન થાય.. [૩૨] અનાવૃષ્ટિ ન થાય. [૩૩] દુકાળ ન પડે. [૩૪] અનિષ્ટ સૂચક લોહીની વર્ષાદિ. તેના કારણરૂપ



ઉત્પાતો તથા જ્વરાદિ રોગ ન થાય.

અહીં ૨૧ થી ૩૪ અને ૧૨મો એ ૧૫ અતિશય કર્મક્ષયથી થાય. બાકીના જન્માશ્રિત-૪-સિવાયના ૧૫ અતિશયો દેવકૃત્ જાણવા. આ અતિશયો કોઈ ગ્રંથમાં બીજા પ્રકારે જોવા મળે છે, તે મતાંતર જાણવું.

૦ ચક્રવર્તીને જીતવા લાયક ક્ષેત્રના પ્રદેશો ૩૪ છે.. ૦ ઉત્કૃષ્ટપણે ૩૪ તીર્થંકરો ઉત્પન્ન થાય છે એટલે કે સંભવે છે, પણ એક જ સમયે જન્મે છે એમ નહીં. એક સમયે ચાર જ તીર્થંકરોનો જન્મ સંભવે. તે આ પ્રમાણે — મેરુ પર્વત ઉપર પૂર્વ અને પશ્ચિમમાં એક-એક શિલા છે, તેના ઉપર બબ્બે સિંહાસનો હોય છે, તેથી બબ્બેનો જ અભિષેક થાય છે. તેથી કરીને બબ્બે [ચાર] નો જ જન્મ હોય છે. પરંતુ તે વખતે દક્ષિણ અને ઉત્તરમાં દિવસ હોય છે, તેથી ભરત અને ઐરવતમાં જિનેશ્વરનો જન્મ હોતો નથી. કેમકે જિનોત્પત્તિ અર્ધ રાત્રે જ હોય છે.

૦ પહેલી પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસો છે... પાંચમીમાં ત્રણ લાખ, છઠ્ઠીમાં એક લાખમાં પાંચ ઓછા, સાતમીમાં પાંચ નારકાવાસો છે. આ બધાં મળીને ૩૪-લાખ નરકાવાસો થાય છે, તેમ કહ્યું.

**સમવાય-૩૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૩૫ ❀

— x — x —

● **સૂત્ર-૧૧૧ :-**

***સત્ય વચનના અતિશયો ૩૫-કહ્યા છે... અર્હત્ કુંથુ ૩૫-ધનુષ્ ઉર્ધ્વ ઉંચાઈ વડે હતા... દત્ત વાસુદેવ ૩૫ ધનુષ્ ઉર્ધ્વ ઉંચાઈ વડે હતા... નંદન બલદેવ ૩૫ ધનુષ્ ઉર્ધ્વ ઉંચાઈથી હતા.***

***સૌધર્મ દેવલોકે સુધર્મા નામની સભામાં માણવક ચૈત્યસ્તંભે નીચે અને ઉપર સાડાબાર-સાડાબાર યોજન વર્જીને મધ્ય ભાગના પાત્રીશ યોજનમાં વજ્રમય ગોળ વર્તુલાકાર સમુદ્ગકમાં જિનેશ્વરની દાઢાઓ છે.***

***બીજી અને ચોથી નરકપૃથ્વીનાં કુલ ૩૫ લાખ નરકાવાસ છે.***

● **વિવેચન-૧૧૧ :-**

૩૫મું સ્થાનક સુગમ છે. વિશેષ એ કે સત્ય વચનના અતિશયો આગમમાં જોવામાં આવ્યા નથી. પણ ગ્રંથાન્તરમાં જોયેલા તે સંભવે છે. જે વચન બોલવું તે ગુણવાળું બોલવું જોઈએ. તે આ પ્રમાણે —

૧-સંસ્કારવાળું, ૨-ઉદાત્ત, ૩-ઉપચારવાળું, ૪-ગંભીર શબ્દ, ૫-અનુનાદિ, ૬-દક્ષિણ, ૭-ઉપનીતરાગ, ૮-મહાર્થ, ૯-પૂર્વાપરનો સંબંધ ન હણાય તેવું. ૧૦-શિષ્ટ, ૧૧-સંદેહરહિત, ૧૨-બીજા વાદીનો ઉત્તર હણાય તેવું, ૧૩-હૃદયગ્રાહી, ૧૪-દેશકાળને અનુસરતું, ૧૫-તત્વાનુરૂપ, ૧૬-અપ્રકીર્ણપ્રસૃત, ૧૭-પરસ્પર સંબંધવાળું, ૧૮-અભિજાત, ૧૯-અતિ સ્નિગ્ધ અને મધુર, ૨૦-બીજાના મર્મને ન વીંધનારું, ૨૧-અર્થ અને

ધર્માભ્યાસયુક્ત, ૨૨-ઉદાર, ૨૩-પરિનિંદા અને આત્મઉત્કર્ષરહિત, ૨૪-પ્રશંસાને પામેલું, ૨૫-અનપનીત, ૨૬-અછિન્નકુતુહલને ઉત્પન્ન કરનાર, ૨૭-અદ્‌ભુત, ૨૮-અતિ વિલંબિત નહીં એવું, ૨૯-વિભ્રમ-વિક્ષેપ-કિલિકિંચિતાદિરહિત, ૩૦-અનેક જાતિના આશ્રયથી વિચિત્ર, ૩૧-આહિત વિશેષ, ૩૨-સાકાર, ૩૩-સત્ત્વને ગ્રહણ કરનારું, ૩૪-ખેદરહિત, ૩૫-વિચ્છેદ રહિત. આવું વચન મહાનુભવોએ બોલવું જોઈએ.

તેમાં ૧-સંસ્કારવાળું એટલે સંસ્કૃતાદિ લક્ષણયુક્ત, ૨-ઉદાતત્ત્વ-ઉંચી વૃત્તિવાળું, ૩-ઉપચારોપેતત્વ-અગ્રામ્યતા, ૪-ગંભીરશબ્દ - મેઘની જેમ, ૫-અનુનાદિત્વ - પડઘારહિત, ૬-દક્ષિણત્વ-સરળ, ૭-ઉપનીતરાગત્વ-માલકોશ આદિ ગ્રામ, રાગથી યુક્ત, આ સાત અતિશયો શબ્દની અપેક્ષાએ છે. બાકીના ૨૮-અર્થની અપેક્ષાવાળા છે. તેમાં —

૮-મહાર્થત્વ-મોટા અર્થવાળું, ૯-અવ્યાહત પૌર્વાપર્યત્વ-પૂર્વ અને પછીના વાક્યમાં વિરોધ ન હોય તેવું, ૧૦-શિષ્ટત્વ-ઈષ્ટ સિદ્ધાંતોક્ત અર્થવાળું કે વક્તાની શિષ્ટતાનું સૂચક, ૧૧-અસંદિગ્ધત્વ-સંદેહરહિત, ૧૨-અપહૃતાન્યોત્તરત્વ-પરના દૂષણના અવિષયવાળું, ૧૩-હૃદયગ્રાહિત્વ-શ્રોતાના મનને હરનારું, ૧૪-દેશકાલાવ્યતીત્વ - પ્રસ્તાવને ઉચિત, ૧૫-તત્ત્વાનુરૂપ કહેવાને ઈચ્છેલ વસ્તુ સ્વરૂપને અનુસરતું,

૧૬-અપ્રકીર્ણપ્રસૃતત્વ-સારા સંબંધવાળા વચનના વિસ્તારવાળું અથવા અસંબંધ, અનધિકારિત્વથી અતિ વિસ્તારના અભાવવાળું, ૧૭-અન્યોન્ય પ્રગૃહીતત્વ - શબ્દોની અને વાક્યોની પરસ્પર અપેક્ષા સહિત, ૧૮-અભિજ્ઞત્વ-કહેનારની કે કહેવા લાયક પદાર્થની ભૂમિકાને અનુસરતું, ૧૯-અતિ સ્નિગ્ધ મધુરત્વ-અમૃત અને ગોળ આદિવત્ સુખકારી.

૨૦-અપરમમવિધિત્વ - બીજાના મર્મને ઉઘડા ન કરે તેવું, ૨૧-અર્થધર્માભ્યાસાનપેતત્વ - અર્થ અને ધર્મના અભ્યાસ સહિત, ૨૨-ઉદારત્વ-અભિધેય અર્થની અતુચ્છતા કે ગ્રંથણીના વિશેષ ગુણવાળું, ૨૩-પર નિંદા અને આત્મોત્કર્ષ રહિત-પ્રસિદ્ધ છે, ૨૪-ઉપગતશ્લાઘત્વ-કહેલા ગુણોનો સંબંધ હોવાથી શ્લાઘા પામે તેવું, ૨૫-અપનીતત્વ-કારક, કાલ, વચન, લિંગ આદિના ફેરફારરૂપ વચન દોષથી રહિત, ૨૬-ઉત્પાદિતાચ્છિન્ન-કૌતૂહલત્વ - શ્રોતાના પોતાના વિષયમાં અવિચ્છિન્ન કૌતુક ઉત્પન્ન કરે તેવું, ૨૭,૨૮ - અદ્‌ભુતત્વ અને અનતિવિલંબિતત્વ - અર્થ પ્રસિદ્ધ છે,

૨૯-વિભ્રમવિક્ષેપ કિલિકિંચિતાદિ વિમુક્તત્વ :- વિભ્રમ - વક્તાના મનની ભ્રાંતિ, વિક્ષેપ-વક્તાના જ કહેવા લાયક અર્થ પ્રત્યે આસક્તિ રહિત, કિલિકિંચિત - ક્રોધ, ભય, અભિલાષાદિ ભાવોનું એકીસાથે વારંવાર કરવું તે, આદિ શબ્દથી બીજા મનના દોષોનું ગ્રહણ કરવું, તે સર્વ દોષરહિત.

૩૦-અનેક જાતિના આશ્રયથી વિચિત્ર, અહીં જાતિ એટલે વર્ણનીય વસ્તુના સ્વરૂપનું વર્ણન, ૩૧-આહિત વિશેષત્વ-વચનાંતર અપેક્ષાએ વિશેષતા પ્રાપ્ત કરે તેવું, ૩૨-સાકારત્વ - છૂટા છૂટા અક્ષર, શબ્દ, વાક્ય હોવાથી આકારને પ્રાપ્ત કરે તેવું, ૩૩-સત્ત્વપરિગૃહીતત્વ - સાહસસહિત. ૩૪-અપરિખેદિત્વ - પ્રયાસની પ્રાપ્તિરહિત,





૩૫-અવ્યુચ્છેદિત્વ - કહેવાને ઈચ્છેલા અર્થની સમ્યક્ પ્રકારે સિદ્ધિ સુધી વચન પ્રમાણનું નિરંતરત્વ.

૦ દત્ત-સાતમા વાસુદેવ અને નંદન - સાતમા બળદેવ આ બંનેનું આવશ્યકના અભિપ્રાયથી ૨૬-ધનુષ્ ઉચ્ચત્વ પ્રસિદ્ધ છે, કેમકે અરનાથ અને મલ્લિનાથ સ્વામીના આંતરામાં તે બંનેને કહ્યા છે. - X - તથા અરનાથ અને મલ્લિનાથની ઉંચાઈ અનુક્રમે ૩૦ અને ૨૫ ધનુષ્ પ્રમાણ છે. તેમના આંતરામાં થયેલ છઠ્ઠા અને સાતમા વાસુદેવની ઉંચાઈ અનુક્રમે ૩૦ અને ૨૬ ધનુષ્ ઘટી શકે, અહીં કહેલ ૩૫-ધનુષ્ તો દત્ત અને નંદન કુંથુનાથ સ્વામીના કાળે થયા હોય તો શક્ય બને, પણ એવું જિનેશ્વરોના આંતરામાં કહ્યું નથી. તેથી આ ૩૫-ધનુષ્‌ની વાત દુરવબોધ છે.

૦ સૌધર્મકલ્પે સૌધર્માવતંસકાદિ સર્વે વિમાનોમાં પાંચ-પાંચ સભાઓ હોય છે - સુધર્મસભા, ઉપપાતસભા, અભિષેક સભા, અલંકાર સભા, વ્યવસાય સભા. તેમાં સુધર્મસભાના મધ્યભાગે મણિપીઠિકાની ઉપર ૬૦ યોજન પ્રમાણવાળો માણવક નામનો ચૈત્યસ્તંભ છે. તેમાં વજમય તથા ગોળાની જેમ વૃત્ત-વર્તુળ આકારવાળા સમુદ્‌ગક એટલે ભાજન વિશેષ છે. તેમાં જિનસકિથ - મનુષ્યલોકમાં સિદ્ધિને પામેલા તીર્થંકરોના અસ્થીઓ રહેલા છે.

૦ બીજી પૃથ્વીમાં ૨૫-લાખ નરકાવાસા છે અને ચોથી પૃથ્વીમાં ૧૦-લાખ નરકાવાસા છે, તે બંને મળીને ૩૫-લાખ થાય છે.

**સમવાય-૩૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૩૬ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૧૨ :-**

***ઉત્તરાધ્યયનના ૩૬-અધ્યયનો કહ્યા છે — ૧-વિનયશ્રુત, ૨-પરીષહ, ૩-ચાતુરંગીય, ૪-અસંખય, ૫-અકામમરણીય, ૬-પુરુષવિદ્યા, ૭-ઔરભ્રિક, ૮-કાપીલિય, ૯-નમિપ્રવ્રજ્યા, ૧૦-દ્રુમપત્રક, ૧૧-બહુશ્રુતપૂજા, ૧૨-હરિકેશીય, ૧૩-ચિત્રસંભૂત, ૧૪-ઈષુકારીય, ૧૫-સભિક્ષુક, ૧૬-સમાધિસ્થાન, ૧૭-પાપશ્રમણીય, ૧૮-સંયતીય, ૧૯-મૃગચારિકા, ૨૦-અનાથપ્રવ્રજ્યા, ૨૧-સમુદ્રપાલીય, ૨૨-રથનેમીય, ૨૩-ગૌતમકેશીય, ૨૪-સમિતીય, ૨૫-યજ્ઞીય, ૨૬-સામાચારી, ૨૭-ખલુંકીય, ૨૮-મોક્ષમાર્ગગતિ, ૨૯-અપ્રમાદ, ૩૦-તપોમાર્ગ, ૩૧-ચરણવિધિ, ૩૨-પ્રમાદ સ્થાન, ૩૩-કર્મપ્રકૃતિ, ૩૪-લેશ્યા અધ્યયન, ૩૫-અનગાર માર્ગ, ૩૬-જીવાજીવ વિભક્તિ.***

***અસુરેન્દ્ર અસુરકુમાર રાજા ચમરની સુધર્માસભા ૩૬ યોજન ઉંચી છે... શ્રમણ ભગવંત મહાવીરને ૩૬,૦૦૦ સાધ્વીઓ હતા... ચૈત્ર અને આસો માસમાં એક દિવસ સૂર્ય ૩૬ અંગુલ પોરિસિછાયા કરે છે.***

● **વિવેચન-૧૧૨ :-**

૩૬મું સ્થાન સ્પષ્ટ જ છે. વિશેષ આ - ચૈત્ર અને અશ્વિન માસમાં સકૃદ્ - એક દિવસ પૂર્ણિમામાં વ્યવહારથી અને નિશ્ચયથી મેષ સંક્રાંતિના દિવસે અને તુલા સંક્રાંતિને દિવસે ૩૬-અંગુલવાળી એટલે ત્રણ પગલાના પ્રમાણવાળી પોરિસિને નીપજાવે છે. - x - x -

**સમવાય-૩૬-ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૩૭ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૧૩ :-**

***૦ અરહંત કુંથુને ૩૭ ગણો અને ૩૭-ગણધરો હતા.. ૦ હૈમવત, હૈરણ્યવત્‌ની જીવા ૩૭,૬૭૪ યોજન અને એક યોજનના ૧૬/૧૯ ભાગ કળા કંઈક વિશેષ ઓછી લંબાઈમાં કહી છે.. ૦ સર્વ વિજય, વૈજયંત, જયંત, અપરાજિત નામની રાજધાનીઓના પ્રાકાર ઉંચાઈથી ૩૭-૩૭ યોજન ઉંચા છે.. ૦ ક્ષુદ્રિકાવિમાનપ્રવિભક્તિના પહેલા વર્ગમાં ૩૭-ઉદ્દેશન કાળ છે.. ૦ કાર્તિકવદી સાતમે સૂર્ય ૩૭-અંગુલની પોરિસી છાયા નીપજાવીને ચાર ચરે છે.***

● **વિવેચન-૧૧૩ :-**

૦ ૩૭-મું સ્થાનક વ્યક્ત છે. વિશેષ આ — કુંથુનાથના અહીં ૩૭ ગણધરો કહ્યા છે, આવશ્યકમાં ૩૩-સંભળાય છે, તે મતાંતર છે.. ૦ હૈમવતાદિ જીવાનું ઉક્ત પ્રમાણ કહ્યું, તેને જણાવનાર ગાથા-૩૭,૬૭૪ યોજન તથા કંઈક ન્યૂન ૧૬-કળા એટલી હૈમવત ક્ષેત્રની જીવા છે. કલા-યોજનનો ૧૯મો ભાગ સમજવો... ૦ વિજય



આદિ જંબૂદ્વીપના પૂર્વાદિ દિશામાં ચાર દ્વારો છે, તેમના નાયક તે જ નામના દેવો છે, રાજધાનીઓ પણ તે જ નામની છે. તે રાજધાની અહીંથી અસંખ્યાતમાં જંબૂદ્વીપમાં છે.

૦ ક્ષુદ્રિકાવિમાનપ્રવિભક્તિ એ કાલિક શ્રુત છે. તેમાં અધ્યયનના સમુદાયરૂપ ઘણા વર્ગો છે. તેમાંના પહેલા વર્ગમાં પ્રતિ અધ્યયનમાં ઉદ્દેશના જે કાળ છે તે ઉદ્દેશનકાળ કહેવાય છે.. ૦ જો ચૈત્રી પૂનમે ૩૬ અંગુલ પોરિસિ છાયા હોય, વૈશાખ વદી-૭ એક અંગુલ વૃદ્ધિથી ૩૭ અંગુલ થાય.

**સમવાય-૩૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૩૮ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૧૪ :-**

***પુરુષાદાનીય પાર્શ્વ અર્હત્‌ને ૩૮,૦૦૦ સાધ્વીરૂપ ઉત્કૃષ્ટ સાધ્વી સંપદા હતી.. ૦ હૈમવત અને ઐરણ્યવત ક્ષેત્રની જીવાનું ધનુપૃષ્ઠ ૩૮,૭૪૦ યોજન અને એક યોજનના ૧૦/૧૯ ભાગથી કંઈક વિશેષ ન્યૂન પરિક્ષેપથી છે.***

***મેરુ પર્વતરાજનો બીજો કાંડ ઉંચાઈથી ૩૮,૦૦૦ યોજન ઉંચો છે.. ૦ ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિના બીજા વર્ગમાં ૩૮ ઉદ્દેશનકાળ છે.***

● **વિવેચન-૧૧૪ :-**

૦ ૩૮મું સ્થાન પ્રગટ છે. વિશેષ આ — 'ધનુપૃષ્ઠ' - જંબૂદ્વીપ નામક ગોળ ક્ષેત્રમાં હૈમવત નામે બીજું અને ઐરણ્યવત નામે છટ્ઠું ક્ષેત્ર છે. તે બે ક્ષેત્રના પ્રત્યંચા ચડાવેલા ધનુષ્‌ના પૃષ્ઠના આકારવાળા જે પરિક્ષેપ ખંડો તે ધનુષ્‌ના પૃષ્ઠ ભાગ જેવા હોવાથી ધનુપૃષ્ઠ કહેવાય છે, અને તેના બે છેડાએ લાંબી રહેલી જે ઋજુપ્રદેશની પંક્તિ તે જીવા જેવી હોવાથી જીવા કહેવાય છે. આ સૂત્રનો સંવાદ કરનારી ગાથા આ પ્રમાણે છે — ૩૮,૭૪૦ યોજન અને ૧૦ કલા. આટલું ધનુપૃષ્ઠનું પ્રમાણ છે.

અસ્ત - મેરુ, કેમકે મેરુના આંતરાવાળો સૂર્ય અસ્ત પામે છે, તેથી અસ્ત એટલે મેરુ. તે મેરુ પર્વતરાજનો એટલે પ્રધાનગિરિનો બીજો કાંડ એટલે વિભાગ ૩૮,૦૦૦ યોજન ઉંચો છે. મતાંતરે ૬૩,૦૦૦ યોજન છે. કહ્યું છે — મેરુ પર્વતના ત્રણ કાંડ છે. તેમાં પહેલો કાંડ પૃથ્વી, પત્થર, વજ, શર્કરામય છે, બીજો કાંડ રજત, સુવર્ણ, અંક અને સ્ફટિક રત્નમય છે. ત્રીજો કાંડ એક આકારે સુવર્ણમય છે. તેમાં પહેલાં કાંડનું બાહલ્ય ૧૦૦૦ યોજન છે. બીજા કાંડનું ૬૩,૦૦૦, ત્રીજા કાંડનું ૩૬,૦૦૦ યોજન બાહલ્ય છે. ચૂલા ૪૦ યોજન છે.

**સમવાય-૩૮-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૩૯ ❀
— x — x —

● **સૂત્ર-૧૧૫ :-**

***૦ અર્હત્ નમિને ૩૯૦૦ અવધિજ્ઞાનીઓ હતા.. ૦ સમયક્ષેત્રમાં ૩૯ કુલપર્વતો કહ્યા છે - ૩૦ વર્ષધર, ૫ મેરુ, ૪-ઈષુકાર પર્વતો.***

***૦ બીજી, ચોથી, પાંચમી, છટ્ઠી અને સાતમી આ પાંચ પૃથ્વીમાં ૩૯ લાખ નરકાવાસો છે.. ૦ જ્ઞાનાવરણીય, મોહનીય, ગોત્ર અને આયુ આ ચાર મૂળકર્મની ઉત્તર પ્રકૃતિઓ-૩૯-કહી છે.***

● **વિવેચન-૧૧૫ :-**

૦ ૩૯મું સ્થાનક વ્યક્ત જ છે. વિશેષ આ — નિયત ક્ષેત્ર વિષયક અવધિજ્ઞાનીઓની સંખ્યા ૩૯૦૦ છે.. ૦ ક્ષેત્રની મર્યાદા કરનારા હોવાથી કુળની જેવા જે પર્વતો તે કુળપર્વતો, કેમકે કુળ, તે લોકની મર્યાદાના કારણરૂપ હોય છે, તેથી કુળની ઉપમા આપી છે, તેમાં ૩૦-વર્ષધર પર્વતો છે, તે આ - જંબૂદ્વીપમાં-૬, ધાતકી ખંડના પૂર્વ-પશ્ચિમમાં ૬-૬, પુષ્કરાર્દ્ધના પૂર્વ-પશ્ચિમમાં ૬-૬, પ્રત્યેકમાં હિમવત્ આદિ પર્વતો છે, તેથી ૩૦ થયા.

એ રીતે ૫-મેરુ પર્વતો જાણવા.. ૦ ઈષુકાર પર્વત, ધાતકીખંડ અને પુષ્કરાર્દ્ધ બંનેના પૂર્વ-પશ્ચિમે બબ્બે ભાગ કરતા હોવાથી ચાર છે, તેથી - ૩૯.

૦ બીજી પૃથ્વીમાં-૨૫, ચોથીમાં-૧૦ પાંચમીમાં-૩, છટ્ઠીમાં-૧ લાખમાં પાંચ ઓછા, સાતમીમાં-૫. આ સર્વે મળીને કુલ ૩૯ લાખ નરકાવાસો છે.

૦ જ્ઞાનાવરણીયની-૫, મોહનીયની-૨૮, ગોત્રની-૨, આયુની-૪, એ રીતે કુલ-૩૯ ઉત્તર પ્રકૃત્તિની છે.

**સમવાય-૩૯નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૪૦ ❀
— x — x —

● **સૂત્ર-૧૧૬ :-**

***૦ અરહંત અરિષ્ટનેમિને ૪૦,૦૦૦ સાધ્વીઓ હતા.. ૦ મેરુચૂલિકા ૪૦ યોજન ઉંચી છે.. ૦ અરહંત શાંતિની ઉંચાઈ ૪૦-ધનુષ્ હતી.. ૦ નાગરાજ નાગકુમાર ભૂતાનંદને ૪૦ લાખ ભવનાવાસો છે.. ૦ ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિના ત્રીજા વર્ગમાં ૪૦-ઉદ્દેશન કાળ છે.. ૦ ફાગણ-૧૫-સૂર્ય ૪૦-અંગુલ પ્રમાણ પોરિસીછાયા કરીને ચાર ચરે છે.. ૦ એ પ્રમાણે કારતક પૂનમે પણ જાણવું.. ૦ મહાશુક્ર કલ્પે ૪૦,૦૦૦ વિમાનાવાસ છે.***

● **વિવેચન-૧૧૬ :-**

૪૦મું સ્થાન પ્રગટ છે. વિશેષ આ — કેટલાક પુસ્તકમાં વૈશાખ પૂનમે એવો પાઠ દેખાય છે, તે પાઠ ઠીક નથી, અહીં તો ફાગણ પૂનમે એવો પાઠ યોગ્ય છે. કેમ ? તે કહે છે — "પોષ માસમાં ચાર પગલાની પોરિસી હોય" - એવા વચનથી



પોષ પૂનમે ૪૮-આંગળની પોરિસી થાય છે. પછી માઘના-૪, ફાગણના-૪, એ આઠ આંગળ બાદ થયા, તેથી ફાગણ પૂનમે ૪૦-આંગળની પોરિસિ છાયા થાય. કારતક પૂનમે પણ એમ જ જાણવું. ચૈત્ર અને આસો પૂર્ણિમાએ ત્રણ પગલા પોરિસિ હોય છે. તેથી ત્રણ પગલાના ૩૬-આંગળ થાય, તે કારતક માસે ૪-આંગળ વૃદ્ધિ કરતાં ૪૦ આંગળ પ્રમાણ તે પોરિસી થાય છે.

**સમવાય-૪૦-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૪૧ ❀
— x — x —

● **સૂત્ર-૧૧૭ :-**

***૦ અર્હત્ નમિને ૪૧,૦૦૦ સાધ્વીઓ હતા.. ૦ ચોથી પૃથ્વીમાં ૪૧-લાખ નરકાવાસો છે, તે આ — રત્નપ્રભા, પંકપ્રભા, તમા, તમતમા.. ૦ મહલિયા વિમાનપ્રવિભક્તિના પહેલા વર્ગમાં ૪૧-ઉદ્દેશનકાળ છે.***

● **વિવેચન-૧૧૭ :-**

૪૧-મું સ્થાન સુગમ છે. વિશેષ આ - ચારેમાં એ ક્રમે પહેલી, ચોથી, છટ્ઠી, સાતમી એ ચાર નરકપૃથ્વીમાં ૩૦ લાખ, ૧૦ લાખ, પાંચ ઓછા એક લાખ અને માત્ર-પાંચ નરકાવાસ હોવાથી ૪૧-લાખની સંખ્યા કહી છે.

**સમવાય-૪૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૪૨ ❀
— x — x —

● **સૂત્ર-૧૧૮ :-**

***૦ શ્રમણ ભગવંત મહાવીર સાધિક ૪૨ વર્ષ શ્રામણ્ય પર્યાયને પાળીને સિદ્ધ થયા યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.. ૦ જંબૂદ્વીપ દ્વીપની પૂર્વ દિશાના અંતથી ગોસ્તૂભ આવાસ પર્વતની પશ્ચિમ દિશાના અંત સુધી ૪૨,૦૦૦ યોજનનું અબાધાથી આંતરું છે.. ૦ એ જ પ્રમાણે ચારે દિશામાં દકભાસ, શંખ, દકસીમ પર્વતનું પણ આંતરું જાણવું.***

***કાલોદ સમુદ્રે ૪૨ ચંદ્રો પ્રકાશ કરતા હતા, કરે છે અને કરશે.. ૦ એ રીતે ૪૨-સૂર્યો તપતા હતા, તપે છે, તપશે.. ૦ સંમૂર્છિમ ભૂજપરિસર્પની ઉત્કૃષ્ટ સ્થિતિ ૪૨,૦૦૦ વર્ષની કહી છે.***

***૦ નામકર્મ ૪૨ પ્રકારે છે — ગતિ, જાતિ, શરીર, શરીરંગોપાંગ, શરીરબંધન, શરીરસંઘાત, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત,***

*પરાઘાત, આનુપૂર્વી, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, વિહાયોગતિ, ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, સાધારણ શરીર, પ્રત્યેક શરીર, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુભગ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, આદેય, અનાદેય, યશઃકીર્તિ, અયશઃકીર્તિ, નિર્માણ અને તીર્થંકર નામકર્મ [એમ ૪૨ નામ કર્મો જાણવા.]*

*૦ લવણસમુદ્રમાં ૪૨,૦૦૦ નાગદેવો અભ્યંતરવેળા ધારણ કરે છે.. ૦ મહલિયા વિમાનપ્રવિભક્તિના બીજા વર્ગમાં ૪૨ ઉદ્દેશન કાળ છે.. ૦ દરેક અવસર્પિણીમાં પાંચમો અને છટ્ઠો એ બે આરાનો કાળ ૪૨,૦૦૦ વર્ષ છે.. ૦ દરેક ઉત્સર્પિણીમાં પહેલા-બીજા આરાનો કાળ એજ છે.*

● **વિવેચન-૧૧૮ :-**

૪૨મું સ્થાનક વ્યક્ત જ છે. વિશેષ આ — છદ્મસ્થ પર્યાયમાં ૧૨ વર્ષ, ૬॥ માસ તથા કેવલીપર્યાય દેશઉણ ૩૦ વર્ષ એમ પર્યુષણા કલ્પમાં ૪૨ વર્ષનો જ મહાવીરસ્વામીનો પર્યાય કહ્યો છે. પણ અહીં સાધિક ૪૨ વર્ષ કહ્યો છે. તેમાં પર્યુષણાકલ્પમાં અલ્પઅધિકપણું કહેવાને ઈચ્છ્યું નથી તેમ સંભવે છે. યાવત્ શબ્દથી બુદ્ધ, મુક્ત, અંતકૃત્, પરિનિવૃત્ત અને સર્વદુઃખપ્રહીણ એ સર્વે વિશેષણો જાણવા.

જંબૂદ્વીપ સૂત્રમાં — જગતીની બાહ્ય પરિધિના છેડાથી નીકળીને વેલંધર નાગરાજના ગોસ્તૂભ આવાસ પર્વતના પશ્ચિમના અંત સુધી જેટલું આંતરું છે, તે ૪૨,૦૦૦ યોજન કહ્યું છે. અંતર શબ્દનો અર્થ વિશેષ પણ થાય છે. તેથી કહ્યું છે — વ્યવધાનની અપેક્ષાએ જે અંતર હોય તે.

કાલોદ, ધાતકીખંડને વીંટીને રહેલ સમુદ્ર.

ગતિનામ આદિ — ૧, જેના ઉદયથી નારકાદિત્વથી જીવો કહેવાય તે ગતિનામ. ૨, જેના ઉદયે એકેન્દ્રિયાદિ થાય તે જાતિનામ. ૩, જેના ઉદયે ઔદારિકાદિ શરીરને કરે તે શરીરનામ. ૪, જેના ઉદયે મસ્તકાદિ અંગો અને અંગુલિ આદિ ઉપાંગોનો વિભાગ થાય તે શરીરાંગોપાંગનામ.

૫, પૂર્વે બાંધેલા, બંધાતા ઔદારિકાદિ શરીરના પુદ્ગલોનું સંબંધ કારણ તે શરીરબંધનનામ. ૬, ગૃહિત ઔદારિક શરીરના પુદ્ગલોની જેના ઉદયે શરીર રચના થાય તે શરીર સંઘાત નામ. ૭, જેના ઉદયે હાડકાંઓની તથાવિધ શક્તિના કારણરૂપ વિશેષ રચના થાય તે સંહનન.

૮, જેના ઉદયે સમચતુરસ્રાદિ સંસ્થાન થાય તે સંસ્થાન નામ, ૯ થી ૧૨, જેના ઉદયે વર્ણાદિ ચાર વિશેષવાળા શરીર થાય તે વર્ણાદિનામ.

૧૩, જેના ઉદયે જીવોના શરીરનું અગુરુલઘુત્વ થાય, તે અગુરુલઘુનામ. ૧૪, જેનાથી પડિજીભી આદિ અંગનો અવયવ પોતાનો જ ઉપઘાત કરનાર થાય તે ઉપઘાત નામ. ૧૫, જેનાથી પોતાના દાઢ, ત્વચા આદિ અંગોના અવયવ વિષ જેવા થઈને બીજાને સ્પર્શાદિ ઉપઘાત કરનાર થાય તે પરાઘાત નામ. ૧૬, જેના ઉદયે અંતરાલગતિમાં જીવ જાય તે આનુપૂર્વી નામ. ૧૭, જેના ઉદયે શ્વાસોચ્છ્વાસ પ્રાપ્ત થાય તે ઉચ્છ્વાસ નામ. ૧૮, જેના ઉદયે જીવ તાપની જેમ ઉષ્ણ શરીરવાળો થાય



તે આતપ નામ, જેમ સૂર્યબિંબમાં રહેલ પૃથ્વીકાયને હોય.

૧૯, જેના ઉદયે ઉષ્ણતારહિત ઉદ્યોતવાળું શરીર થાય, તે ઉદ્યોત નામ. ૨૦, જેના ઉદયે શુભ અને અશુભ ગમનવાળો થાય તે વિહાયોગતિ, ૨૧ થી ૨૮, ત્રસ આદિ આઠ નામ પ્રસિદ્ધ અર્થવાળા છે. ૨૯, જેનાથી સ્થિર એવા દાંત આદિની ઉત્પત્તિ થાય તે સ્થિર નામ. ૩૦, જેનાથી ભ્રૂકુટી, જિહ્વાદિ અસ્થિર અવયવોની ઉત્પત્તિ થાય તે અસ્થિર નામ.

૩૧, એ જ પ્રમાણે મસ્તકાદિ શુભ અવયવોની ઉત્પત્તિ તે શુભ નામ, ૩૨, પાદાદિ અશુભની ઉત્પત્તિ તે અશુભ નામ. ૩૩ થી ૪૨ - શેષ નામકર્મો પ્રસિદ્ધ છે. વિશેષ આ — જેના ઉદયે જન્મ, જન્મને વિશે જીવતા શરીરમાં સ્ત્રી આદિ લિંગનો આકાર નિયત થાય તે નિર્માણ નામ.

અવસર્પિણીનો પાંચમો અને છટ્ઠો આરો તે દુષમા અને દુષમદુષમા જાણવો.. ઉત્સર્પિણીનો પહેલો આરો પણ આ નામે જ જાણવો.

**સમવાય-૪૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૪૩ ❀

— x — x —

● **સૂત્ર-૧૧૯ :-**

*૦ કર્મવિપાકના ૪૩ અધ્યયનો છે.. ૦ પહેલી, ચોથી, પાંચમી નરક પૃથ્વીમાં કુલ ૪૩ લાખ નરકાવાસો છે.. ૦ જંબૂદ્વીપની પૂર્વેથી આરંભી ગોસ્તૂભ આવાસ પર્વતના પૂર્વ છેડા સુધી ૪૩,૦૦૦ યોજન અબાધાએ કરીને આંતરુ છે.. ૦ એ પ્રમાણે ચારે દિશામાં દકભાસ, શંખ, દકસીમ પર્વતનું આંતરું છે.. ૦ મહલિયા વિમાનપ્રવિભક્તિના ત્રીજા વર્ગના ૪૩-ઉદ્દેશનકાળ કહ્યા છે.*

● **વિવેચન-૧૧૯ :-**

૪૩માં સ્થાનકમાં કંઈક લખાય છે — પુણ્ય, પાપરૂપ કર્મના વિપાકને પ્રતિપાદન કરનારા અધ્યયનો તે કર્મવિપાકાધ્યયન, આ અધ્યયનો અગ્યારમું અંગ અને બીજા અંગના મળીને સંભવે છે.

જંબૂદ્વીપના પૂર્વાંતથી ગોસ્તૂભ પર્વત ૪૩,૦૦૦ યોજન દૂર છે. તેનો વિષ્કંભ ૧૦૨૨ યોજનની અધિકતાની વિવક્ષા ન કરી ૪૩,૦૦૦ યોજન છે.. અહીં કહેલ દિશાનો આમાં અંતર્ભાવ હોવાથી ચાર દિશાઓ કહી છે. એમ ન હોય તો एवं तिदिसिं पि કહેવું જોઈએ. ત્યાં આલાવો આ પ્રમાણે કહેવો. જંબૂદ્વીપની દક્ષિણાંતથી દકભાસ આવાસ પર્વતના દક્ષિણાંત સુધી ૪૩,૦૦૦ યોજન અબાધાએ આંતરું કહ્યું. એ રીતે બીજા બે સૂત્રો કહેવા. વિશેષ આ — પશ્ચિમે શંખ અને ઉત્તરે દકસીમ કહેવો.

**સમવાય-૪૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૪૪ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૨૦ :-**

*૦ દેવલોકથી ચ્યુત ઋષિએ કહેલ ૪૪ અધ્યયનો છે.. ૦ અરહંત વિમલના ૪૪ પુરુષયુગ સુધી અનુક્રમે સિદ્ધ યાવત્ દુઃખમુક્ત થયા છે.. ૦ નાગેન્દ્ર નાગરાજ ધરણના ૪૪ લાખ ભવનો છે.. ૦ મહલિયા વિમાન પ્રવિભક્તિના ચોથા વર્ગમાં ૪૪-ઉદ્દેશનકાળ કહ્યા છે.*

● **વિવેચન-૧૨૦ :-**

૦ ૪૪-માં સ્થાન કંઈક લખાય છે. ઋષિભાષિત અધ્યયનો કાલિક શ્રુતના વિશેષભૂત છે. તે દેવલોકથી ચ્યવીને ઋષિ થયેલાએ કહ્યા છે. - x - .. ૦ પુરુષ-શિષ્ય, પ્રશિષ્યાદિ ક્રમે રહેલા, યુગ જેવા - કાળ વિશેષ જેવા, ક્રમ સાધર્મ્યથી પુરુષયુગ કહ્યા.. अणुपिट्ठिं - અનુક્રમે, તેથી અનુબંધ કરીને - સાતત્યથી સિદ્ધ થયા.. યાવત્ શબ્દથી બુદ્ધ, મુક્ત, અંતકૃત્, સર્વ દુઃખથી હીન થયા એમ જાણવું.. ૦ મહલ્લિયા વિમાન પ્રવિભક્તિના ચોથા વર્ગમાં ૪૪-ઉદ્દેશનકાળ કહ્યા છે.

**સમવાય-૪૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૪૫ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૨૧,૧૨૨ :-**

[૧૨૧] *સમય ક્ષેત્રનો આયામ-વિષ્કંભ ૪૫-લાખ યોજન છે.. ૦ સીમંતક નરકનો આયામ-વિષ્કંભ ૪૫-લાખ યોજન છે.. ૦ એમ ઉડુ વિમાને પણ કહેવું.. ૦ ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીમાં પણ એમજ છે.. ૦ અરહંત ધર્મની ઉંચાઈ ૪૫-ધનુષ્ હતી.. ૦ મેરુ પર્વતની ચારે દિશામાં ૪૫-૪૫ હજાર અબાધાએ આંતરુ કહ્યું છે.. ૦ સર્વે દોઢ ક્ષેત્રવાળા નક્ષત્રો ૪૫-મુહૂર્ત ચંદ્ર સાથે યોગને પામતા હતા, પામે છે, પામશે, તે આ -* [૧૨૨] *ત્રણ ઉત્તરા, પુનર્વસુ, રોહિણી, વિશાખા આ છ નક્ષત્રો ૪૫-મુહૂર્ત સંયોગી છે.. ૦ મહલિયા વિમાનપ્રવિભક્તિના પાંચમાં વર્ગમાં ૪૫-ઉદ્દેશનકાળ છે.*

● **વિવેચન-૧૨૧,૧૨૨ :-**

૦ ૪૫મું સ્થાનક કહે છે :- સમયક્ષેત્ર એટલે કાલોપલક્ષિત ક્ષેત્ર-મનુષ્ય ક્ષેત્ર.. ૦ સીમંતક - પહેલી નારકીના પહેલા પ્રસ્તટના મધ્યભાગે રહેલ ગોળ નરકેન્દ્ર.. ૦ ઉડુ વિમાન-સૌધર્મ અને ઈશાનના પહેલા પ્રસ્તટમાં રહેલ ચાર વિમાનની આવલિકાના મધ્ય ભાગે રહેલ ગોળ વિમાનકેન્દ્રક.. ૦ ઈસિપ્રભાર-સિદ્ધિપૃથ્વી.. ૦ લવણ સમુદ્રની આભ્યંતર પરિધિની અપેક્ષાએ આંતરું જાણવું. તે મેરુથી ૪૫,૦૦૦ યોજન છે.. ૦ ચંદ્રને ૩૦ મુહૂર્ત ભોગ્ય નક્ષત્ર ક્ષેત્ર, તે સમક્ષેત્ર કહેવાય. તે જ અર્ધ સહિત હોય તે દ્વયર્ધક્ષેત્ર, કેમકે જેમાં બીજું અર્ધ હોય તે દ્વયર્ધ એવી વ્યુત્પત્તિ છે. આવા ક્ષેત્રવાળા નક્ષત્રો, ૪૫-મુહૂર્ત ચંદ્રની સાથે યોગને જોડે છે. ત્રણ ઉત્તરા-ઉત્તરાફાલ્ગુની,



ઉત્તરાષાઢા. ઉત્તરા ભાદ્રપદ. - આ છ નક્ષત્રો દેખાડવા માટેની ગાથા છે.

**સમવાય-૪૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૪૬ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૨૪ :-**

*૦ દૃષ્ટિવાદના ૪૬-માતૃકાપદ કહ્યા છે.. ૦ બ્રાહ્મી લિપિના ૪૬-માતૃકાક્ષર છે.. ૦ વાયુકુમારેન્દ્ર પ્રભંજનના ૪૬-લાખ ભવનો છે.*

● **વિવેચન-૧૨૪ :-**

૪૬માં સ્થાનકમાં કહે છે :- ૧૨મું અંગ દૃષ્ટિવાદના, જેમ સર્વ વાઙ્મયના અકારાદિ માતૃકાપદો છે, તેમ દૃષ્ટિવાદ અર્થને જણાવતા "ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય લક્ષણ માતૃકાપદ છે. તે પદો સિદ્ધિશ્રેણિ, મનુષ્ય શ્રેણિ આદિ વિષયોના ભેદથી કોઈ પ્રકારે ભેદ પામીને ૪૬ સંભવે છે.

બ્રાહ્મી લિપિમાં ૪૬ માતૃકાક્ષરો છે. તે अ કારથી ह કાર સુધી લેવા. ચાર સ્વર વર્જવાથી વિસર્ગ પર્યન્ત બાર, સ્પર્શન વ્યંજન પચીશ ચાર ઉષ્માક્ષર અને क्ष વર્ણ, ચાર અંતઃસ્થા મળીને ૪૬ વર્ણો છે.

પ્રભંજન ઉત્તર દિશાનો વાયુકુમાર છે.

**સમવાય-૪૬-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૪૭ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૨૫ :-**

*જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને પામીને ચાર ચરે છે, ત્યારે અહીં રહેલ મનુષ્યને ૪૭,૨૬૩-૨૧/૬૦ યોજન દૂરથી સૂર્ય શીઘ્ર જોવામાં આવે છે.. ૦ સ્થવિર અગ્નિભૂતિ ૪૭ વર્ષ ઘેર રહીને મુંડ થઈ, દીક્ષા લીધી.*

● **વિવેચન-૧૨૫ :-**

૦ ૪૭માં સ્થાનકે કંઈક કહે છે — અહીં લાખ યોજન પ્રમાણ જંબૂદ્વીપને બંને બાજુએ ૧૮૦-૧૮૦ યોજન એટલે કે ૩૬૦ યોજન બાદ કરવાથી સર્વ આભ્યંતર સૂર્ય મંડલનો વિષ્કંભ ૯૯,૬૪૦ યોજન છે. તેની પરિધિ ૩,૧૫,૦૮૯ થાય છે. આટલી પરિધિને સૂર્ય ૬૦ મુહૂર્તે ઓળંગે છે. તેને સાઈઠ વડે ભાગતા એક મુહૂર્તની ગતિ ૫૨૫૧-૨૯/૬૦ પ્રાપ્ત થાય છે. જ્યારે સૂર્ય આભ્યંતર મંડલમાં ચાલે છે, ત્યારે દિવસનું પ્રમાણ ૧૮ મુહૂર્ત હોય છે. તેના અડધા નવ મુહૂર્ત, તે નવ વડે એક મુહૂર્તની ગતિ વડે ગુણવાથી જે ચક્ષુસ્પર્શનું પ્રમાણ ૪૭,૨૬૩-૨૧/૬૦ કહ્યું, તે પ્રાપ્ત થાય છે.

૦ અગ્નિભૂતિ વીરનાથના બીજા ગણધર, તેનો અહીં ૪૭ વર્ષનો ગૃહવાસ કહ્યો છે. આવશ્યકમાં ૪૬ વર્ષનો કહ્યો છે. તે ૪૭ વર્ષ સંપૂર્ણ નહીં હોવાથી વિવક્ષા

કરી નથી. અહીં અસંપૂર્ણને સંપૂર્ણ કહેવાથી ઈચ્છાથી કહેલ છે, એમ સંભવે છે, તેથી તેમાં વિરોધ નથી.

સમવાય-૪૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ❁ સમવાય-૪૮ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૨૬ :-**

*પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તીને ૪૮,૦૦૦ પટ્ટણો છે.. ૦ અર્હત્ ધર્મનાથને ૪૮ ગણો અને ૪૮ ગણધરો હતા.. ૦ સૂર્ય મંડલનો વિષ્કંભ એક યોજનના એકસઠીયા અડતાલીશ ભાગ [૪૮/૬૧] કહ્યો છે.*

● **વિવેચન-૧૨૬ :-**

૪૮મું સ્થાન - પટ્ટણ - વિવિધ દેશના કરિયાણા આવીને જ્યાં પડે છે, તે પત્તન-નગર વિશેષ. કોઈ કહે છે – પત્તન એટલે રત્નભૂમિ.

ધર્મનાથ – પંદરમાં તીર્થંકર, અહીં ૪૮ ગણ, ૪૮ ગણધર કહ્યા. આવશ્યકમાં ૪૩ છે, તે મતાંતર જાણવું.. ૦ સૂર્યમંડલ-સૂર્યવિમાન. તે જે ૬૧ ભાગ વડે ૧ યોજન થાય, તેવા ૪૮ ભાગ, એટલે ૧૩ ભાગ ન્યૂન.

સમવાય-૪૮-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ❁ સમવાય-૪૯ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૨૭ :-**

*સાત સપ્તમિકા ભિક્ષુપ્રતિમાના ૪૯ રાત્રિદિવસ થાય. ૧૯૬ ભિક્ષા વડે યથાસૂત્ર યાવત્ આરાધિત થાય છે.. ૦ દેવકુરુ-ઉત્તરકુરુના મનુષ્યો ૪૯ રાત્રિદિને યૌવન અવસ્થાને પામે છે.. ૦ તેઈન્દ્રિયોની સ્થિતિ ઉત્કૃષ્ટથી ૪૯ રાત્રિદિન છે.*

● **વિવેચન-૧૨૭ :-**

૪૯મું સ્થાનક - જેમાં સાત સાત દિવસો રહેલા છે તે. એટલે કે સાત સપ્તકમાં સાત દિવસે હોય, તેથી તે સપ્ત સપ્તમિકા, તે ૪૯ દિવસે પૂર્ણ થાય. - x - પ્રતિમા એટલે અભિગ્રહ. પહેલા સાત દિવસે હંમેશાં એક એક દત્તિની વૃદ્ધિ હોવાથી ૨૮-દત્તિ થાય છે, એ પ્રમાણે સાતે સપ્તકમાં ૧૯૬ દત્તિ થાય અથવા પહેલા સપ્તકમાં એક એક દત્તિ હોવાથી સાત દત્તિ થઈ, બીજીમાં બે - બે લેતા ૧૪-દત્તિ થઈ, એ રીતે સાતમા સપ્તકમાં સાત-સાત દત્તિથી ૪૯ દત્તિ થઈ. તે સર્વે મળીને ૧૯૬ છે. તે આગમમાં કહ્યા મુજબ સમ્યક્ રીતે કાયા વડે સ્પર્શિત જાણવી.

યૌવન પામેલા એટલે માતાપિતાના પરિપાલનથી નિરપેક્ષ.

સમવાય-૪૯-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ



## ❁ સમવાય-૫૦ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૨૮ :-**

*૦ અર્હત્ મુનિસુવ્રતને ૫૦,૦૦૦ સાધ્વીઓ હતા.. ૦ અર્હત્ અનંત ૫૦-ધનુષ્ ઉંચા હતા.. ૦ વાસુદેવ પુરુષોત્તમ ૫૦-ધનુષ્ ઉંચા હતા.. ૦ સર્વે દીર્ઘ વૈતાઢ્ય પર્વતો મૂળમાં ૫૦-૫૦ યોજન વિષ્કંભવાળા છે.. ૦ લાંતક કલ્પે ૫૦,૦૦૦ વિમાનો છે.. ૦ સર્વે તમિસ્રાગુફા અને ખંડપ્રપાતગુફા ૫૦-૫૦ યોજન લાંબી છે.. ૦ સર્વે કાંચન પર્વતો શિખરતલે ૫૦-૫૦ યોજન વિષ્કંભવાળા છે.*

● **વિવેચન-૧૨૮ :-**

૫૦મું સ્થાનક - તેમાં પુરુષોત્તમ, તે ચોથા વાસુદેવ, અનંતનાથ જિનના કાળમાં થયેલ.. ૦ ઉત્તરકુરુમાં નીલવંત આદિ પાંચ મહાદ્રહો અનુક્રમે છે, તે પ્રત્યેકની પૂર્વ-પશ્ચિમે દશ દશ કાંચન પર્વતો છે, કુલ ૧૦૦ છે. એ રીતે દેવકુરુમાં નિષધ આદિ મહાદ્રહોની બંને બાજુ મળીને ૧૦૦ છે. તે બધાં થઈને જંબૂદ્વીપમાં ૨૦૦ પર્વતો છે. તે ૧૦૦ યોજન ઉંચા, મૂલમાં વિષ્કંભ-૧૦૦ યોજન, શિખરો તે નામના દેવોના નિવાસભૂત ભવનો વડે અલંકૃત્ છે.

સમવાય-૫૦નો
મુનિ દીપરત્નસાગરે ટીકાસહિત અનુવાદ પૂર્ણ

## ❁ સમવાય-૫૧ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૨૯ :-**

*૦ નવ બ્રહ્મચર્ય અધ્યયનના ૫૧-ઉદ્દેશનકાળ છે.. ૦ અસુરેન્દ્ર અસુરરાજ ચમરની સુધર્માસભા ૫૧૦૦ સ્તંભ ઉપર છે.. ૦ એ રીતે બલીન્દ્રની પણ જાણવી.. ૦ સુપ્રભ બળદેવ ૫૧-લાખ વર્ષનું કુલ આયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વદુઃખથી મુક્ત થયા.. ૦ દર્શનાવરણ અને નામ બે કર્મની ૫૧-ઉત્તર કર્મ પ્રકૃતિઓ કહી છે.*

● **વિવેચન-૧૨૯ :-**

૫૧મું સ્થાન - તેમાં આચારાંગના પહેલા શ્રુતસ્કંધના શસ્ત્રપરિજ્ઞા આદિ નવ અધ્યયનોમાં પહેલાના સાત ઉદ્દેશકો છે, તેથી સાત જ ઉદ્દેશનકાળ સમજવા. એ ક્રમે બીજાના-૬, ત્રીજાના-૪, ચોથાના-૪, પાંચમાના-૬, છઠ્ઠાના-૫, આઠમાના-૪, નવમાના-૮, સાતમાના-૭ ઉદ્દેશા છે. તેમાં સાતમું અધ્યયન વિચ્છેદ છે. - x - એમ ૫૧-ઉદ્દેશા છે. સુપ્રભ, ચોથા બલદેવ છે, તે અનંત જિનના કાળમાં થયા છે. તેનું અહીં ૫૧-લાખ આયુ કહ્યું, આવશ્યકમાં ૫૫-લાખ કહ્યું છે, તે મતાંતર જાણવું.. દર્શનાવરણની-૯, નામની-૪૨ મળી કુલ-૫૧-થાય.

સમવાય-૫૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ❁ સમવાય-૫૨ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૩૦ :-**

*મોહનીયકર્મના-૫૨ નામો કહ્યા છે – [૧ થી ૧૦] ક્રોધ, કોપ, રોષ, દોષ, અક્ષમા, સંજ્વલન, કલહ, ચાંડિક્ય, ભંડણ, વિવાદ, [૧૧ થી ૨૧] માન, મદ દર્પ, સ્તંભ આત્મોત્કર્ષ, ગર્વ, પરપરિવાદ, આક્રોશ, અપકર્ષ, ઉન્નત, ઉન્નામ, [૨૨ થી ૩૮] માયા, ઉપધિ, નિકૃતિ, વલય, ગ્રહણ, ન્યવમ, કલ્ક, કુરુક, દંભ, કૂટ, જિમ્હ, કિલ્બિષ, અનાદરતા, ગૂહનતા, વંચનતા, પરિકુંચનતા, સાતિયોગ [૩૯ થી ૫૨] લોભ, ઈચ્છા, મૂર્છા, કાંક્ષા, ગૃદ્ધિ, તૃષ્ણા, ભિધ્યા, અભિધ્યા, કામાશા, ભોગાશ:, જીવિતાશા, મરણાશા, નંદી, રાગ... ૦ ગોસ્તૂભ આવાસ પર્વતની પૂર્વદિશાના અંતથી વડવામુખ મહાપાતાલ કલશના પશ્ચિમ દિશાના અંત સુધીમાં ૫૨,૦૦૦ યોજનનું અબાધાએ આંતરું કહ્યું છે... ૦ એ જ પ્રમાણે દકભાસ પર્વતના પૂર્વાંતથી કેતુક પાતાલકલશનું, શંખ પર્વતથી યૂપ પાતાલ કલશનું અને દકસીમ પર્વતથી ઈશ્વર પાતાળ કલશ જાણવા.*

*જ્ઞાનાવરણીય, નામ અને અંતરાય એ ત્રણે કર્મપ્રકૃતિની ઉત્તરપ્રકૃતિ-૫૨ છે... ૦ સૌધર્મ, સનત્કુમાર, માહેન્દ્ર એ ત્રણે દેવલોકના થઈને કુલ બાવન લાખ વિમાનાવાસ કહ્યા છે.*

● **વિવેચન-૧૩૦ :-**

૫૨-મું સ્થાનક, તેમાં મોહનીય કર્મના અવયવરૂપ ક્રોધાદિ ચાર કષાયોમાં “અવયવમાં સમુદાયનો ઉપચાર” એ ન્યાયે મોહનીયનો ઉપચાર કરવાથી કષાયસમુદાય અપેક્ષાથી બાવન નામો કહ્યા છે, એક-એક કષાય અપેક્ષાએ નહીં.

તેમાં ક્રોધ આદિ દશ નામો ક્રોધ કષાયના છે. चंडिक्क - ચંડપણું. માન આદિ ૧૧ નામો માનકષાયના છે. તેમાં अत्तुक्कोस - આત્મ ઉત્કર્ષ, अवक्कोस - અપકર્ષ, उन्नए - ઉન્નત્ત, પાઠાંતરથી ઉન્નામ. માયા આદિ ૧૭ નામો માયા કષાયના છે. તેમાં नूम - નીચું નમવું, कक्क - કલ્ક, कुरुए - કુરુક, जिम्ह - વક્રતા. તથા લોભ આદિ ૧૪ નામો લોભ કષાયના છે. તેમાં - x - अभिध्यान તે અભિધા - x -

ગોસ્તૂભ પર્વત પૂર્વ દિશામાં લવણ સમુદ્રની મધ્યે વેલંધર નાગરાજનો નિવાસભૂત છે. તેના પૂર્વાંતથી આરંભીને વડવા મુખ નામે મહા પાતાલકલશના પશ્ચિમાંત સુધી વચ્ચે જે આંતરું છે, તે આંતરુ અબાધાએ - વ્યવધાન વિના ૫૨,૦૦૦ યોજન છે. આ અક્ષરાર્થ કહ્યો, તેનો ભાવાર્થ આ છે - લવણસમુદ્રમાં ૯૫,૦૦૦ યોજન જતાં પૂર્વાદિ દિશાએ અનુક્રમે વડવામુખ, કેતુક, યૂપ, ઈશ્વર એ ચાર મહા પાતાલકળશો છે. તથા જંબૂદ્વીપના છેડાથી ૪૨,૦૦૦ યોજન જતાં ત્યાં હજાર-હજાર યોજનના વિષ્કંભવાળા ગોસ્તૂભાદિ ચાર પર્વતો વેલંધર નાગરાજના નિવાસરૂપ છે. ઇત્યાદિ

સૌધર્મ કલ્પે ૩૨, સનત્કુમારે-૧૨, માહેન્દ્રે-૮ કુલ ૫૨ લાખ.

**સમવાય-૫૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❁ સમવાય-૫૩ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૩૧ :-**

*દેવકુરુ અને ઉત્તરકુરુની જીવાનો આયામ સાધિક ૫૩,૦૦૦ યોજન છે.. ૦ મહાહિમવાન્ અને રુકમી વર્ષધર પર્વતની જીવાનો આયામ ૫૩૯૩૧-૬/૧૯ યોજન છે.. ૦ શ્રમણ ભગવંત મહાવીરના ૫૩ સાધુઓ એક વર્ષના દીક્ષા પર્યાયવાળા થઈને મહતિ મહાલય પાંચ અનુત્તર વિમાનોમાં દેવપણે ઉત્પન્ન થયા... ૦ સંમૂર્છિમ ઉરપરિસર્પની ઉત્કૃષ્ટ સ્થિતિ ૫૩,૦૦૦ વર્ષ છે.*

● **વિવેચન-૧૩૧ :-**

૫૩મું સ્થાનક – મહાહિમવંત આદિ સૂત્રમાં સંવાદગાથા કહે છે - મહાહિમવંતની જીવા ૫૩,૯૩૧ યોજન અને ૬/. કળા છે.. ૦ એક વર્ષ સુધીનો પર્યાય છે તે સંવત્સર પર્યાયવાળા છે.. ૦ મહાન્ એટલે વિસ્તીર્ણ, અતિમહાલય-અત્યંત ઉત્સવોના આશ્રયરૂપ, તે મહતિ મહાલય. મહા-પ્રશસ્ત, એવા વિમાનો તે મહાવિમાનો. “એક વર્ષના પર્યાયવાળા” અહીં ૫૩ કહ્યા, તે વાત અપ્રસિદ્ધ છે. અનુત્તરોપપાતિકમાં જે કહ્યા તે ૩૩ છે અને ઘણાં વર્ષના પર્યાયવાળા છે.

**સમવાય-૫૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ સમવાય-૫૪ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૩૨ :-**

*ભરત, ઐરવત ક્ષેત્રમાં પ્રત્યેક ઉત્સર્પિણી-અવસર્પિણીમાં ૫૪-૫૪ ઉત્તમ પુરુષો ઉત્પન્ન થયા છે - થાય છે - થશે. તે આ - ૨૪ તીર્થંકરો, ૧૨-ચક્રવર્તીઓ, ૯-બળદેવ, ૯-વાસુદેવ.. ૦ અર્હત્ અરિષ્ટનેમિ ૫૪-રાત્રિદિવસ છદ્મસ્થપર્યાય પાળીને જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વભાવદર્શી થયા.. ૦ શ્રમણ ભગવંત મહાવીરે એક દિવસે, એક આસને બેસીને ૫૪-વ્યાકરણોને કહ્યા.. ૦ અર્હત્ અનંતને ૫૪-ગણધરો થયા.*

● **વિવેચન-૧૩૨ :-**

૫૪મું સ્થાન - पाउणित्ता - પામીને... ૦ एगनिसेज्जाए - એક આસન ગ્રહણ કરીને.. ૦ वागरण - જે વ્યાકરણ કરાય એટલે કહેવાય તે. કોઈ પ્રશ્ન થતાં ઉત્તરરૂપે કહેવાતાં પદાર્થો, તેને કહ્યા હતા, આ વાત અપ્રસિદ્ધ છે.. ૦ અહીં અનંતનાથના ૫૪ ગણધરો કહ્યા છે, પણ આવશ્યકમાં તો ૫૦-કહ્યા છે, આ મતાંતર જાણવું.

**સમવાય-૫૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૫૫ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૩૩ :-**

***૦ અરહંત મલ્લિ ૫૫,૦૦૦ વર્ષનું પરમાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ દુઃખમુક્ત થયા.. ૦ મેરુ પર્વતના પશ્ચિમાંતથી વિજયદ્વારના પશ્ચિમાંત સુધીનું અબાધાએ અંતર ૫૫,૦૦૦ યોજન છે.. ૦ એ પ્રમાણે જ બાકીની દિશામાં વૈજયંત, જયંત, અપરાજિતનું અંતર જાણવું.***

***૦ શ્રમણ ભગવંત મહાવીરે છેલ્લી રાત્રિએ ૫૫-અધ્યયન પુન્ય ફળના વિપાકવાળા અને ૫૫-અધ્યયન પાપ ફળના વિપાકવાળા પ્રરૂપીને સિદ્ધ, બુદ્ધ યાવત્ દુઃખમુક્ત થયા.. ૦ પહેલી, બીજી પૃથ્વીમાં ૫૫-લાખ નરકાવાસ છે.. ૦ દર્શનાવરણીય, નામ, આયુની ઉત્તરપ્રકૃતિ-૫૫ છે.***

● **વિવેચન-૧૩૩ :-**

૫૫મું સ્થાનક - અહીં મેરુના પશ્ચિમાંતથી જંબૂદ્વીપના પૂર્વ દ્વારનું પશ્ચિમાંત ૫૫,૦૦૦ યોજન છે, તેમ કહેલું છે. તેમાં મેરુના વિષ્કંભના મધ્ય ભાગથી ૫૦,૦૦૦ યોજને જંબૂદ્વીપાંત હોય છે. કેમકે જંબૂદ્વીપ લાખ યોજન પ્રમાણ છે, મેરુનો વિષ્કંભ ૧૦,૦૦૦ યોજન છે. તેથી દ્વીપાર્ધમાં ૫૦૦૦ ઉમેરતા ૫૫,૦૦૦ થાય. જો કે અહીં વિજયદ્વારનો પશ્ચિમાંત કહ્યો છે, તો પણ જગતીનો પૂર્વાન્ત હોય તેમ સંભવે છે. કેમકે મેરુના મધ્યેથી જગતના છેડા સુધીનું પ્રમાણ ૫૦,૦૦૦ યોજન સંપૂર્ણ થાય છે અને જંબૂદ્વીપની જગતીના વિષ્કંભ સહિત જંબૂદ્વીપના લાખ યોજન પૂર્ણ થાય છે. તે જ પ્રમાણે લવણ સમુદ્રની જગતીના વિષ્કંભ સહિત લવણસમુદ્રનું પ્રમાણ બે લાખનું સંપૂર્ણ થાય છે. અન્યથા દ્વીપ, સમુદ્રના પ્રમાણથી જુદું જગતીનું પ્રમાણ ગણવામાં આવે તો મનુષ્ય ક્ષેત્રની પરિધિ વધારે થાય. કેમકે તે પરિધિ ૪૫ લાખ યોજન પ્રમાણવાળા ક્ષેત્રની અપેક્ષાએ જ કહેવાય છે, તેનાથી વધી જવી જોઈએ અથવા કંઈક ન્યૂન ૫૫ સંખ્યાને પૂર્ણ કહી છે.

સર્વાયુ કાળની છેલ્લી રાત્રિએ રાત્રિના છેલ્લા ભાગે મધ્યમા પાપાનગરીમાં હસ્તિપાલ રાજાની કાર્યસભામાં કાર્તિક અમાવાસ્યાએ સ્વાતિ નક્ષત્રમાં ચંદ્રના યોગે, નાગકરણમાં પ્રાતઃકાળે પર્યંકાસને બેઠેલા ભગવંત ૫૫-અધ્યયન પુણ્યકર્મના ફળને પ્રગટ કરનારા અને પાપફળ પ્રગટકર્તા ૫૫-અધ્યયન કહીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃતાદિ થયા.

પહેલી નરકપૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસ, બીજીમાં ૨૫-લાખ એમ ૫૫-લાખ થાય... દર્શનાવરણીયની-૯, નામકર્મની-૪૨, આયુષ્ય કર્મની-૪, એમ સર્વે મળીને ૫૫-ઉત્તરપ્રકૃતિ થાય.

**સમવાય-૫૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૫૬ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૩૪ :-**

***૦ જંબૂદ્વીપમાં ૫૬-નક્ષત્રો ચંદ્ર સાથે યોગ પામ્યા હતા, પામે છે અને પામશે.. ૦ અર્હત્ વિમલને ૫૬-ગણ, ૫૬-ગણધરો હતા.***

● **વિવેચન-૧૩૪ :-**

૦ ૫૬-મું સ્થાન - જંબૂદ્વીપમાં બે ચંદ્ર છે, બંનેના ૨૮-૨૮ નક્ષત્રો હોવાથી ૫૬-કહ્યા છે.. ૦ અરિહંત વિમલના અહીં ૫૬-ગણ, ૫૬-ગણધર કહ્યા, આવશ્યકમાં આ સંખ્યા-૫૭ છે, તે મતાંતર જાણવું.

**સમવાય-૫૬-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૫૭ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૩૫ :-**

***આચાર-ચૂલિકાને વર્જીને ત્રણ ગણિપિટકના ૫૭-અધ્યયનો છે. તે આ - આચાર, સૂયગડ, ઠાણ.. ૦ ગોસ્તૂભ આવાસ પર્વતના પૂર્વાંતથી આરંભી વડવામુખ મહાપાતાળકળશના બહુ મધ્યદેશભાગમાં ૫૭,૦૦૦ યોજન અબાધાએ અંતર છે.. ૦ એ જ પ્રમાણે દક્ભાસથી કેતુક, શંખથી યૂપ, દક્સીમથી ઈશ્વર પાતાળ કળશનું અંતર જાણવું.***

***૦ મલ્લિ અરહંતના ૫૭૦૦ સાધુ મનઃપર્યવજ્ઞાની હતા.. ૦ મહાહિમવંત અને રુકમી વર્ષધર પર્વતોની જીવાના ધનુપૃષ્ઠની પરિધિ ૫૭૨૯૩-૧૦/૧૯ પ્રમાણ કહેલી છે.***

● **વિવેચન-૧૩૫ :-**

૫૭મું સ્થાનક - ગણિ - આચાર્ય, પિટક - પેટીના જેવા એટલે સર્વસ્વ ભાજનરૂપ. આ ગણિપિટકમાં (૧) વિમુક્તિ નામે છેલ્લા અધ્યયનને છોડીને બે શ્રુતસ્કંધરૂપ આચારાંગ નામે પહેલું અંગ, તેમાં પહેલા શ્રુતસ્કંધમાં નવ અધ્યયનો, બીજામાં નિશીથ અહીં ગણેલ નથી, વિમુક્તિ આચારચૂલિકાનું વર્જન કરીને બાકી-૧૫-અધ્યયન, સૂત્રકૃત્માં પહેલા શ્રુતસ્કંધમાં ૧૬, બીજામાં-૭ અધ્યયન, 'ઠાણ'માં-૧૦ એમ-૫૭ થયા.

ગોસ્તૂભાદિ૰ - ૪૨,૦૦૦ યોજન વેદિકા અને ગોસ્તૂભ પર્વતનું આંતરું છે. ગોસ્તૂભનો વિષ્કંભ ૧૦૦૦ યોજન છે, તેનું અર્ધ કરતાં ૫૦૦૦ યોજન ઉમેરતા ૫૭,૦૦૦ યોજન થાય.. ૦ જીવાનું ધનુપૃષ્ઠ એટલે મંડળના ખંડના આકારવાળું ક્ષેત્ર. તેની સંવાદ ગાથામાં ૫૭,૨૯૩ યોજન, ૧૦ કળા છે.

**સમવાય-૫૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ સમવાય-૫૮ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૩૬ :-**

***૦ પહેલી, બીજી, પાંચમી એ ત્રણ પૃથ્વીમાં ૫૮-લાખ નરકાવાસો છે.. ૦ જ્ઞાનાવરણીય, વેદનીય, આયુ, નામ, અંતરાય એ પાંચ કર્મોની ૫૮-ઉત્તરપ્રકૃત્તિઓ છે.. ૦ ગોસ્તૂભ આવાસ પર્વતના પશ્ચિમાંતથી વડવામુખ મહાપાતાળ કળશના બહુ મધ્યભાગ સુધી ૫૮,૦૦૦ યોજન અબાધાએ આંતરું છે. આ પ્રમાણે ચારે દિશામાં જાણવું.***

● **વિવેચન-૧૩૬ :-**

૫૮મું સ્થાન - તેમાં પહેલી નરકમાં-૩૦ લાખ, બીજીમાં-૨૫ લાખ, પાંચમીમાં-૩ લાખ, સર્વે મળીને-૫૮ લાખ નરકાવાસ છે.. ૦ જ્ઞાનાવરણ-૫, વેદનીય-૨, આયુષ્ય-૪, નામ-૪૨, અંતરાય-૫ બધી મળીને-૫૮ ઉત્તર પ્રકૃતિ થાય.. ૦ ગોસ્તૂભ આદિનો ભાવાર્થ પૂર્વવત્ જાણવો.

૦ એ પ્રમાણે ચારે દિશામાં જાણવું, કહી ત્રણ સૂત્રની ભલામણ કરી. તે આ રીતે - દકભાસ આવાસ પર્વતના ઉત્તર છેડેથી કેતુક મહા પાતાળ કળશના બહુ મધ્ય દેશ ભાગ સુધી ૫૮,૦૦૦ યોજન અબાધાએ અંતર છે... એ રીતે શંખ આવાસ પર્વતના પૂર્વાંતથી યૂપ મહાપાતાળ કળશનું તથા દકસીમ આવાસ પર્વતના દક્ષિણાંતથી ઈશ્વર મહાપાતાળ કળશના બહુ મધ્યદેશ ભાગ સુધીનું અંતર કહેવું.

**સમવાય-૫૮-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ સમવાય-૫૯ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૩૭ :-**

***ચંદ્ર સંવત્સરની એક-ઋતુ ૫૯ રાત્રિદિવસની છે.. ૦ અર્હત્ સંભવે ૫૯-લાખ પૂર્વ ગૃહવાસ મધ્યે રહીને મુંડ થઈ યાવત્ પ્રવ્રજ્યા લીધેલી.. ૦ અર્હત્ મલ્લિને ૫૯૦૦ અવધિજ્ઞાની હતા.***

● **વિવેચન-૧૩૭ :-**

સ્થાનાંગાદિમાં અનેકવિધ સંવત્સર કહ્યા. તેમાં ચંદ્રની ગતિને આશ્રીને જે સંવત્સર કહેવાય તે ચંદ્ર સંવત્સર. તેમાં ૧૨ માસ અને છ ઋતુઓ હોય. પ્રત્યેક ઋતુ ૫૯-રાત્રિદિનની હોય, તે આ રીતે - ૨૯-૩૨/૬૦ રાત્રિ દિનનો કૃષ્ણ એકમથી શુક્લ-૧૫ સુધીનો એક ચંદ્રમાસ થાય. તેને બમણો કરવાથી એક ઋતુ થાય છે. તેથી આ ઋતુમાં ૫૯ અહોરાત્ર થાય. અહીં ૨/૬૨ ભાગ વધે તે કહેલ નથી.

અરિહંત સંભવનો ૫૯-લાખ પૂર્વ કહ્યો છે. આવશ્યકમાં તો તેથી ચાર પૂર્વાંગ અધિક કહ્યો છે.

**સમવાય-૫૯-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## ❁ સમવાય-૬૦ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૩૮ :-**

***પ્રત્યેક સૂર્ય ૬૦-૬૦ મુહૂર્તે કરીને એકૈક મંડલને નીપજાવે છે... ૦ લવણસમુદ્રના અગ્રોદકને ૬૦,૦૦૦ નાગકુમારો ધારણ કરે છે..***

***અર્હત્ વિમલ ૬૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ વૈરોચેનેન્દ્ર બલિને ૬૦,૦૦૦ સામાનિક દેવો છે.. ૦ દેવેન્દ્ર દેવરાજ બ્રહ્મને ૬૦,૦૦૦ સામાનિક દેવો છે.. ૦ સૌધર્મ, ઈશાન બે કલ્પમાં થઈને ૬૦ લાખ વિમાનો છે.***

● **વિવેચન-૧૩૮ :-**

૬૦મું સ્થાનક - સૂર્યના ૧૮૪ મંડલો છે. તે દરેક મંડલને તથા પ્રકારની ચાર ભૂમિ, સૂર્ય ૬૦-૬૦ મુહૂર્તો વડે - બબ્બે અહોરાત્ર વડે પૂર્ણ કરે છે. ભાવાર્થ આ પ્રમાણે - એક સ્થાને ઉગેલ સૂર્ય તે સ્થાને બે અહોરાત્રે ઉગે.

૧,૬૦૦૦ યોજન ઉંચી વેળાની ઉપર બે ગાઉ પ્રમાણ વૃદ્ધિ-હાનિના સ્વભાવવાળું જે જળ તે અગ્રોદક છે.. ૦ ઉત્તરીય અસુરકુમાર નિકાયના રાજાનું ભવન.. ૦ બ્રહ્મલોક નામના પાંચમાં દેવલોકનો ઈન્દ્ર.. ૦ સૌધર્મ કલ્પે ૩૨ અને ઈશાન કલ્પે-૨૮ બંને મળીને ૬૦-લાખ વિમાનો છે.

**સમવાય-૬૦-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ સમવાય-૬૧ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૩૯ :-**

***પાંચ સંવત્સરનો એક યુગ, તેને ઋતુમાસ વડે માન કરતાં ૬૧-ઋતુમાસ કહ્યા.. ૦ મેરુ પર્વતનો પહેલો કાંડ ૬૧,૦૦૦ યોજન ઉંચો છે... ૦ ચંદ્રમંડલ ૬૧ ભાગે વિભાગ કરતા સમાંશ કહ્યું.. એ રીતે સૂર્ય પણ છે.***

● **વિવેચન-૧૩૯ :-**

૬૧મું સ્થાન - પાંચ વર્ષે જે નીપજે તે પંચસાંવત્સરિક - x - તે યુગનો કાલમાન વિશેષ છે. તેને ચંદ્રમાસ નહીં પણ ઋતુમાસથી માપતા ૬૧ ઋતુમાસ કહ્યા. ભાવાર્થ આ છે કે — પાંચ સંવત્સરનો એક યુગ કહેવાય. તે આ રીતે — ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર, અભિવર્ધિત. તેમાં ૨૯-૩૨/૬૨ પ્રમાણ કૃષ્ણ એકમથી પૂર્ણિમા સુધી હોય છે. તે રીતે એક ચંદ્રમાસ થાય, તેવા ૧૨-માસનો એક ચંદ્ર સંવત્સર થાય. તેનું પ્રમાણ આ છે - ૩૫૪-૧૨/૬૨ તથા ૩૧-૧૨૧/૧૨૪ પ્રમાણનો અભિવર્ધિત માસ થાય. આવા બાર માસ વડે એક અભિવર્ધિત સંવત્સર થાય, તેમાં ૩૮૩-૪૪/૬૨ દિવસો થાય. આવા ત્રણ ચંદ્ર સંવત્સર અને બે અભિવર્ધિત સંવત્સર મળીને ૧૮૩૦ અહોરાત્ર થાય. ઋતુમાસ ૩૦-અહોરાત્રનો હોય. ૧૮૩૦ ને ૩૦ વડે ભાગતા ૬૧ ઋતુમાસ થાય.

૯૯,૦૦૦ યોજન પ્રમાણ મેરુના બે ભાગ કરીએ, તેમાં પહેલો ભાગ ૬૧,૦૦૦

કહ્યો, બીજો ભાગ પૂર્વે ૩૮માં સ્થાનમાં ૩૮,૦૦૦ યોજન કહ્યો છે. ક્ષેત્ર સમાસમાં મૂળસહિત લાખ યોજનના ત્રણ ભાગ કહ્યા છે, તેમાં પહેલો કાંડ ૧૦૦૦ યોજન, બીજો ૬૩,૦૦૦, ત્રીજો ૩૬,૦૦૦ યોજન કહ્યો છે.

ચંદ્રમંડલ - ચંદ્ર વિમાન. - x - યોજનના ૬૧ ભાગ વડે વિભાજિત કરાતા સમાંશ - સમ વિભાગવાળું કહ્યું, વિષમ વિભાગવાળું નહીં. કેમકે તેનું પ્રમાણ એક યોજનના ૫૬/૬૧ ભાગ છે. બાકીના ભાગ અવિધમાન છે. એ જ પ્રમાણે સૂર્યનું મંડલ પણ કહેવું. કેમકે તે ૪૮/૬૧ ભાગ છે, તેનાથી વધારાનો ભાગ નથી, તેથી સમાન અંશપણું સિદ્ધ થાય છે.

સમવાય-૬૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ❁ સમવાય-૬૨ ❁

-- x -- x --

● સૂત્ર-૧૪૦ :-

***પાંચ સંવત્સરના એક યુગમાં ૬૨-પૂનમ અને ૬૨-અમાસ કહી... ૦ અરહંત વાસુપૂજ્યને ૬૨-ગણ, ૬૨-ગણધરો હતા.. ૦ શુક્લ પક્ષમાં ચંદ્ર દિવસે દિવસે ૬૨-ભાગ વધે છે. તેટલો જ કૃષ્ણપક્ષમાં ઘટે છે.. ૦ સૌધર્મ અને ઈશાન કલ્પે પહેલા પ્રસ્તટમાં. પહેલી આવલિકામાં એક એક દિશામાં ૬૨-૬૨ વિમાનો છે. સર્વે વિમાનના કુલ ૬૨-પ્રસ્તટો છે.***

● વિવેચન-૧૪૦ :-

૬૨મું સ્થાન - એક યુગમાં ત્રણ ચંદ્ર સંવત્સર હોય છે, તેની કુલ-૩૬ પૂનમો હોય છે. અભિવર્ધિત સંવત્સર બે હોય છે. તે બંને ૧૩-માસના હોય છે, તે બંનેની મળીને ૨૬-પૂનમો હોય છે. એ રીતે ૬૨-પૂનમો થાય. આ પ્રમાણે અમાવાસ્યા પણ ૬૨-હોય છે.

અહીં વાસુપૂજ્યના ૬૨-ગણ, ગણધર કહ્યા. આવશ્યકમાં ૬૬ કહ્યા છે, તે મતાંતર જાણવું.. ૦ શુક્લ પક્ષ સંબંધી ચંદ્ર ૬૨-ભાગ વધે છે અને કૃષ્ણ પક્ષમાં ૬૨-ભાગ ઘટે છે, આ અર્થ સૂર્યપ્રજ્ઞપ્તિમાં પણ કહ્યો છે. તે આ રીતે — કૃષ્ણ રાહુ વિમાન નિત્ય ચંદ્ર સાથે જ હોય છે, તે ચંદ્ર નીચે ચાર આંગળ દૂર રહીને ચાલે છે. શુક્લપક્ષમાં ચંદ્ર હંમેશા ૬૨-૬૨ ભાગ વૃદ્ધિ પામે છે અને કૃષ્ણ પક્ષમાં તેટલો જ હાનિ પામે છે. રાહુ વિમાન ૧૫માં ભાગે ચંદ્રને છોડીને ૧૫-દિવસ ચાલે છે અને ૧૫માં ભાગે તેટલા જ દિવસ ચંદ્રને આવરે છે. આ પ્રમાણે ચંદ્ર હાનિ-વૃદ્ધિ પામે છે, તેથી ચંદ્રની કૃષ્ણતા કે જ્યોત્સ્ના થાય છે.

તથા તેમાં જ કહ્યું છે — ચંદ્ર પોતાના મંડલના ૧૬ ભાગ કરીને તેમાંથી ૧૫ ભાગ હીન થાય છે અને ફરી ૧૫ ભાગ જ્યોત્સ્ના વૃદ્ધિ પામે છે. આ બંને વચન અનુસારે એમ અનુમાન થાય છે કે — ચંદ્રમંડલના ૯૩૧ ભાગ કલ્પવા. તેમાંથી એક ભાગ બાકી રહે છે જ. બાકી અંશમાંથી હંમેશા ૬૨-૬૨ ભાગે વૃદ્ધિ પામે છે, તેથી



૧૫માં ચંદ્ર દિને ૯૩૧ અંશો એકઠા થાય છે. તે જ પ્રમાણે હાનિ પામતા ૧૫માં ચંદ્ર દિને ૧ અંશ અવશેષ રહે છે. બે વચનના સામર્થ્યથી આ વ્યાખ્યાન પ્રાપ્ત થયું છે.

જીવાભિગમમાં તો બે ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે — બાસઠ-બાસઠ ભાગ એટલે પ્રતિદિવસે શુક્લપક્ષમાં ચંદ્ર જે કંઈક અધિક ચાર બાસઠીયા ભાગ વૃદ્ધિ પામે છે અને કૃષ્ણપક્ષમાં તેટલો ક્ષય પામે છે તે પંદર દિવસે એટલે ચંદ્રવિમાનના ૬૨ ભાગ કરવા, તે બાસઠને ૧૫ વડે ભાંગવા. તેમ કરતા ૧૫મે ભાગે સાધિક ચાર બાસઠીયા ભાગ પમાય છે. તેથી કહ્યું છે કે — પંદરમાં ભાગે ચંદ્રને આશ્રીને રાહુનું વિમાન પંદર દિવસ સુધી ચાલે છે અને તે જ પ્રમાણે અપક્રમે છે.

અહીં અમે દેખ્યું તેમ લખ્યું છે, સાચો નિર્ણય બહુશ્રુતોએ કરવો.

જો એક અંશ પ્રકાશતો ચંદ્ર ચાલે અને એક અંશ રાહુ ચાલે છે, તો હંમેશાં બે અંશ આચ્છાદનીય થાય. એ રીતે ૧૫ દિવસ આચ્છાદિત કર્યા છતાં બે અંશ બાકી રહે છે. તે બે અંશનો પણ અર્ધ ભાગ એક એક વડે આચ્છાદન કરાતા એક જ ભાગ આચ્છાદન થાય છે માટે ૬૨-ભાગ કલ્પવાની જરૂર પડે છે.

સૌધર્મ અને ઈશાનમાં ૧૩ વિમાન પ્રસ્તટ છે. સનત્કુમાર, માહેન્દ્રમાં ૧૨, બ્રહ્મલોકે-૬, લાંતકે-૫, શુક્રે-૪, સહસ્રારમાં-૪, આનતપ્રાણતમાં-૪, આરણ-અચ્યુતમાં-૪, ત્રણ ગ્રૈવેયકે ૩-૩, અનુત્તરે-૧. આ સર્વેના મધ્યે પ્રત્યેક ઉડુ વિમાનાદિથી સર્વાર્થસિદ્ધ વિમાન પર્યન્ત વૃત્ત વિમાનરૂપ ૬૨. જ મધ્યના વિમાનેન્દ્રો છે. તેની પાસેના ભાગથી પૂર્વાદિ ચારે દિશામાં ત્રિકોણ, ચતુષ્કોણ અને પછી વૃત્ત વિમાનના ક્રમથી વિમાનોની આવલિકા છે. આ પ્રમાણે સૌધર્મ-ઈશાન કલ્પના પહેલા પ્રસ્તટમાં એટલે સૌથી નીચે ઉત્તરોત્તર આવલિકાની અપેક્ષાએ પહેલી ચાર આવલિકા જે પહેલા પ્રસ્તટની ચારે દિશાએ છે તે પ્રથમાવલિકા છે. આવી પહેલી આવલિકામાં પહેલા પ્રસ્તટમાં અથવા મૂળમાં રહેલા વિમાનેન્દ્રકથી જે આ આવલિકા - વિમાનાનુપૂર્વી કહી, તે વડે અથવા ઉત્તરોત્તર આવલિકાની અપેક્ષાએ એક એક દિશામાં જે પહેલી આવલિકા કહી છે, તે ૬૨-૬૨ વિમાન પ્રમાણ વડે કહી છે. ઉડુ વિમાન દેવેન્દ્રકની અપેક્ષાએ એક એક પૂર્વાદિ દિશામાં ૬૨-૬૨ વિમાનો કહ્યા છે. તથા બીજા ત્રીજા આદિ પાથડામાં એક એક વિમાન ઓછું હોય છે યાવત્ બાસઠમાં અનુત્તર દેવલોકના પાથડામાં સર્વાર્થસિદ્ધ દેવેન્દ્રકની ચારે દિશાએ એક એક જ વિમાન હોય છે. સર્વે વૈમાનિક દેવ વિશેષોના ૬૨ વિમાનના પાથડાઓ પાથડાના કુલ પ્રમાણે કરીને કહ્યા છે.

સમવાય-૬૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ❀ સમવાય-૬૩ ❀

— x — x —

● **સૂત્ર-૧૪૧ :-**

***અર્હત્ ઋષભ કૌશલિક ૬૩ લાખ પૂર્વ મહારાજ્યમાં વસીને મુંડ થઈ, ઘેરથી નીકળી અનગાર-પ્રવ્રજિત થયા.. ૦ હરિવર્ષ, રમ્યકવર્ષ ક્ષેત્રમાં મનુષ્યો ૬૩ રાત્રિદિને યૌવન વય પામે છે.. ૦ નિષધ પર્વ તે ૬૩ સૂર્યમંડલ કહ્યા. એ પ્રમાણે જ નીલવંતે પણ જાણવા.***

● **વિવેચન-૧૪૧ :-**

૬૩મું સ્થાનક :- સંપ્રાપ્ત યૌવન - માતા, પિતા વડે પાલનની અપેક્ષારહિત.. ૦ સૂર્યના ૧૮૪ મંડલો છે. તેમાંથી જંબૂદ્વીપના છેડેથી અંદર ૧૮૦ યોજનમાં ૬૫-મંડલ છે. તેમાં નિષધ અને નીલવંત વર્ષધર પર્વત ઉપર ૬૩-સૂર્યમંડલો છે. બાકીના બે મંડલ જગતી ઉપર રહેલા છે અને બાકીના ૧૧૯ મંડળ લવણસમુદ્રમાં ૩૩૦ યોજનમાં છે.

**સમવાય-૬૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૬૪ ❀

— x — x —

● **સૂત્ર-૧૪૨ :-**

***૦ આઠ અષ્ટમિકા ભિક્ષુપ્રતિમા ૬૪-રાત્રિદિન અને ૨૮૮ દત્તિ વડે યથાસૂત્ર યાવત્ થાય છે.. ૦ અસુરકુમારના ૬૪ લાખ ભવનો છે. ૦ ચમરેન્દ્રને ૬૪,૦૦૦ સામાનિક દેવો છે.. ૦ દધિમુખ પર્વત પ્યાલાના આકારે રહેલ છે. તે સર્વત્ર વિષ્કંભ વડે સમાન અને ઉંચાઈ વડે ૬૪,૦૦૦ યોજન છે.. ૦ સૌધર્મ, ઈશાન, બ્રહ્મલોક એ ત્રણ કલ્પના મળીને ૬૪ લાખ વિમાનો છે.. ૦ સર્વે ચક્રવર્તીને ૬૪-સરો હાર હોય.***

● **વિવેચન-૧૪૨ :-**

હવે ૬૪મું સ્થાન - જેમાં જેમાં આઠ-આઠ દિવસો હોય તે આઠ અષ્ટમિકા કહેવાય. તેમાં આઠ દિવસ અષ્ટક હોય. ભિક્ષુપ્રતિમા-અવગ્રહ વિશેષ. આઠ અષ્ટક હોવાથી ૬૪ રાત્રિદિવસે તે પાલન કરેલી થાય છે. પહેલા અષ્ટકમાં હંમેશાં એક એક ભિક્ષા, બીજામાં બે-બે યાવત્ આઠમામાં આઠ-આઠ ભિક્ષા હોય છે, સર્વે મળીને ૨૮૮ ભિક્ષા થાય છે. - x - યાવત્ શબ્દથી યથાકલ્પ, યથામાર્ગ સ્પર્શિતા, પાલિતા, શોભિતા, તીરિતા, કિર્તિતા, સમ્યક્ રીતે આજ્ઞાપૂર્વક આરાધિતા થાય છે એમ જાણવું.

અહીંથી આઠમાં નંદીશ્વર દ્વીપમાં પૂર્વાદિ ચારે દિશામાં ચાર અંજનક પર્વતો છે. તે દરેકની ચારે દિશામાં ચાર-ચાર વાવડી છે. તેના મધ્યે એક એક દધિમુખ પર્વત છે. તે ૧૬-પર્વતો પ્યાલાના આકારે છે. તે પર્વતો મૂળ આદિમાં ૧૦,૦૦૦ યોજન વિષ્કંભવાળા હોવાથી વિષ્કંભ વડે સર્વત્ર સમાન છે. - x - x - ઉત્સેધ વડે ૬૪,૦૦૦ યોજન છે.

સૌધર્મકલ્પે ૩૨ લાખ, ઈશાન કલ્પે-૨૮ લાખ, બ્રહ્મલોકમાં ૪-લાખ, તે સર્વે



મળીને ૬૪ લાખ થાય છે.. ૦ જેમાં ૬૪ યષ્ટિ-શરીરો છે તે ચોસઠ સરવાળો કહેવાય. મુક્તા - મોતી, મણિ - ચંદ્રકાંતાદિ અથવા મુક્તારૂપી મણિ એટલે રત્નો, તેનાથી યુક્ત એવો હાર.

**સમવાય-૬૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૬૫ ❀

— x — x —

● **સૂત્ર-૧૪૩ :-**

***૦ જંબૂદ્વીપમાં સૂર્યના ૬૫ મંડલો છે.. ૦ સ્થવિર મૌર્યપુત્ર ૬૫ વર્ષ ગૃહવાસમાં રહી, મુંડ થઈ, ઘરથી નીકળી અણગાર પ્રવ્રજિત થયા... ૦ સૌધર્માવતંસક વિમાનની એક એક દિશામાં ૬૫-૬૫ ભૌમ છે.***

● **વિવેચન-૧૪૩ :-**

૬૫મું સ્થાનક - મૌર્યપુત્ર, ભગવંત મહાવીરના સાતમા ગણધર. તેનો ગૃહસ્થ પર્યાય - ૬૫ વર્ષ છે. આવશ્યકમાં પણ તેમજ કહ્યો છે. વિશેષ આ — તેના જ મોટા ભાઈ 'મંડિતપુત્ર' નામે છટ્ઠા ગણધર આમના દીક્ષા દિને જ પ્રવ્રજિત થયા, તેમનો ગૃહસ્થ પર્યાય આવશ્યકમાં-૫૩ વર્ષનો કહ્યો છે. તે સમજાતું નથી, મોટાનો-૬૫, નાનાનો-૫૩ હોઈ શકે છે.

સૌધર્મ દેવલોકના મધ્યભાગમાં સૌધર્માવતંસક વિમાન શક્રના નિવાસભૂત છે. પ્રત્યેક દિશામાં પ્રાકાર સમીપે નગરના આકારો છે. - x -

**સમવાય-૬૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૬૬ ❀

— x — x —

● **સૂત્ર-૧૪૪ :-**

***દક્ષિણાર્ધ મનુષ્યક્ષેત્રમાં ૬૬ ચંદ્રો પ્રકાશતા હતા - છે - પ્રકાશશે.. ૬૬-સૂર્યો તપ્યા હતા - છે - તપશે.. ૦ ઉત્તરાર્ધ મનુષ્ય ક્ષેત્રમાં ૬૬-ચંદ્રો પ્રકાશતા હતા - છે - પ્રકાશશે.. ૬૬-સૂર્યો તપ્યા હતા - છે - તપશે.***

***અર્હત્ શ્રેયાંસને ૬૬ ગણ, ૬૬ ગણધર હતા.. ૦ આભિનિબોધિક જ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમ કહી છે.***

● **વિવેચન-૧૪૪ :-**

૬૬મું સ્થાનક — તેમાં મનુષ્યક્ષેત્રનું અર્ધ તે અર્ધમનુષ્ય ક્ષેત્ર. દક્ષિણનું તે દક્ષિણાર્ધ મનુષ્યક્ષેત્ર. તેને વિશે થયેલ તે દાક્ષિણાર્ધ મનુષ્ય ક્ષેત્રા - x - ૬૬ ચંદ્રો પ્રકાશવા લાયકને પ્રકાશતા હતા અથવા દક્ષિણના મનુષ્યક્ષેત્રના અર્ધ ભાગને અથવા દક્ષિણાર્ધ મનુષ્ય ક્ષેત્રમાં પ્રકાશનીયને પ્રકાશતા હતા. તે ૬૬ આ પ્રમાણે — જંબૂદ્વીપમાં બે ચંદ્રો, લવણ સમુદ્રે ચાર, ધાતકીખંડમાં-૧૨, કાલોદધિમાં-૪૨, પુષ્કરાર્ધમાં-૭૨

ચંદ્રો છે, તે બધાં મળીને ૧૩૨ થાય. તેના અડધા-૬૬, દક્ષિણ શ્રેણિમાં, ૬૬ ઉત્તર શ્રેણિમાં છે. ઉત્તર શ્રેણિ પૂર્વમાં જાય ત્યારે દક્ષિણશ્રેણિ પશ્ચિમમાં જાય. એ જ પ્રમાણે સૂર્ય સૂત્ર જાણવું.

શ્રેયાંસનાથને અહીં ૬૬ ગણ કહ્યા, આવશ્યકમાં ૭૬ કહ્યા છે.

૬૬-સાગરોપમ સ્થિતિ કહી તે કંઈક અધિક છે, તેની વિવક્ષા કરી નથી. અન્યત્ર પણ કહ્યું છે — બે વખત વિજયાદિ વિમાનમાં ગયેલને અથવા ત્રણ વખત અચ્યુતે ગયેલાને ૬૬ સાગરોપમ સ્થિતિ થાય છે. તેમાં મનુષ્યભવ સંબંધી સ્થિતિનું પ્રમાણ અધિક જાણવું. તથા સર્વ જીવોને આશ્રીને કહીએ તો સર્વકાળ મતિજ્ઞાનની સ્થિતિ જાણવી.

**સમવાય-૬૬-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## સમવાય-૬૭

-- x -- x --

● **સૂત્ર-૧૪૫ :-**

***૦ પાંચ સંવત્સરરૂપ એક યુગનું નક્ષત્ર માસથી માપ કરતા ૬૭ નક્ષત્ર માસ થાય છે.. ૦ હૈમવત, હૈરણ્યવંત બંને ક્ષેત્રની બાહા ૬૭૫૫-૧/૩ યોજન - ૬૭૫૫-૧/૩ યોજન લાંબી કહી છે.. ૦ મેરુ પર્વતના પૂર્વાંતથી ગૌતમદ્વીપના પૂર્વાંત સુધી ૬૭,૦૦૦ યોજન અબાધાએ આંતરું કહ્યું છે.. ૦ સર્વે નક્ષત્રોની સીમાનો વિષ્કંભ ૬૭ વડે ભાગતા સમાનાંશ થાય છે. [બીજા કોઈ અંક વડે નહીં.]***

● **વિવેચન-૧૪૫ :-**

૬૭મું સ્થાનક - નક્ષત્ર માસ એટલે ચંદ્ર જેટલે કાળે આખા નક્ષત્રમંડલને ભોગવી રહે, તે કાળ ૨૭-૨૧/૬૭ રાત્રિદિવસ પ્રમાણ થાય. યુગનું પ્રમાણ ૧૮૩૦ દિવસ થાય તેમ પૂર્વે કહ્યું છે. એ રીતે નક્ષત્ર માસના રાત્રિદિવસનું જે પ્રમાણ કહ્યું, તેને એક દિવસના ૬૭ ભાગે ગુણવાથી જે સંખ્યા ૧૮૩૦ આવે, તેના વડે યુગના દિવસની સંખ્યાને ૬૭ વડે ગુણવાથી ૧,૨૨,૬૧૦ સંખ્યા આવે, તેને ૧૮૩૦ વડે ભાગવાથી ૬૭ નક્ષત્ર માસ પ્રાપ્ત થાય છે.

બાહાઓ - લઘુ હિમવતની જીવાથી આરંભીને હેમવંત ક્ષેત્રની જીવા સુધીમાં પૂર્વ, પશ્ચિમ તરફની ક્ષેત્ર પ્રદેશની પંક્તિ વધતી હોય છે તે બંને હેમવંતક્ષેત્રની બાહુ કહેવાય છે. એ પ્રમાણે ઐરણ્યવતની બાહા પણ જાણવી. તેની સંવાદ ગાથા આ પ્રમાણે - ૬૭૫૫ યોજન અને ૩-કળા હેમવંત ક્ષેત્રની બાહા છે. કળા એટલે યોજનનો ૧૯મો ભાગ. આ બાહા પ્રમાણ આ રીતે — હેમવંતનું ધનુઃપૃષ્ઠ-૩૮૭૪૦-૧૦/૧૯ કહ્યું છે. તેમાંથી હિમવંત પર્વતનું ધનુઃપૃષ્ઠ ૨૫૨૩૦-૪/૧૯ બાદ કરતાં જે બાકી રહે તેને અડધું કરવાથી એક બાહાનું પ્રમાણ લંબાઈ વડે કહ્યું છે.

મેરુના પૂર્વાન્તથી પશ્ચિમાંત જગતીના બાહ્ય છેડા સુધી જંબૂદ્વીપનું પ્રમાણ ૫૫,૦૦૦ યોજન છે, ત્યાંથી આગળ લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જતાં ગૌતમ



નામે દ્વીપ છે. તેને આશ્રીને આ સૂત્રનો અર્થ સંભવે છે, કેમકે ૫૫ અને ૧૨ મળીને ૬૭,૦૦૦ થાય છે. જો કે સૂત્રના પુસ્તકમાં "ગૌતમ" શબ્દ દેખાતો નથી. તો પણ અહીં દેખાય છે. કેમકે જીવાભિગમ આદિમાં લવણસમુદ્રમાં ગૌતમ, ચંદ્ર, સૂર્યદ્વીપ સિવાયના બીજા દ્વીપો સંભળાતા નથી. *[વૃત્તિકારનો આશય સમજાતો નથી.]*

સર્વે નક્ષત્રોનો સીમા વિષ્કંભ એટલે પૂર્વ-પશ્ચિમ દિશામાં ચંદ્રનો નક્ષત્ર ભુક્તિ ક્ષેત્ર વિસ્તાર, નક્ષત્ર વડે અહોરાત્ર ભોગ્ય ક્ષેત્રને ૬૭ ભાગે ભાગવાથી સમાન ભાગવાળો કહ્યો છે. બીજા કોઈ ભાગ વડે ભાગાકાર કરતા વિષમ અંશવાળો થાય છે અર્થાત્ બીજા ભાગ વડે ભાગી શકાતો નથી. તે આ પ્રમાણે — નક્ષત્ર એક અહોરાત્રથી જે ક્ષેત્ર ઓળંગે તે ક્ષેત્રના ૨૧/૬૭ ભાગ જેટલો અભિજિત્ નક્ષત્રનો ક્ષેત્રથી સીમાવિષ્કંભ થાય છે. અર્થાત્ આટલા ક્ષેત્રમાં ચંદ્રની સાથે તે નક્ષત્રનો યોગ કહેવાય છે. તથા ૩૦ મુહૂર્તનો એક અહોરાત્ર હોવાથી તે જ ૨૧ને ૩૦ વડે ગુણતા ૬૩૦ થાય, તેને ૬૭થી ભાગતા જે પ્રાપ્ત થાય તે કાળસીમા થાય છે. એટલે ચંદ્રની સાથે તે નક્ષત્રનો તેટલા કાળ સુધી સંબંધ રહે છે. તે કાળસીમા ૯-૨૭/૬૭ થાય છે.

કહ્યું છે કે — એક અહોરાત્રને ૬૭થી ભાગતા ૨૧ ભાગ જેટલો અભિજિત્ નક્ષત્રને ચંદ્રનો યોગ ક્ષેત્રથી થાય છે, કાળથી તે યોગ કંઈક અધિક નવ મુહૂર્તનો હોય છે. આ પ્રમાણે ક્ષેત્રથી અને કાળથી અભિજિતને ચંદ્ર સાથેનો યોગ કહ્યો તથા શતભિષક, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ, જ્યેષ્ઠા આ છ નક્ષત્રનો ક્ષેત્રથી ૩૩/૬૭ અને અર્ધ ભાગ જેટલો સીમા વિષ્કંભ થાય છે, તે જ ૩૩ાને ૩૦ વડે ગુણતાં ૧૦૦૫ થાય છે. તેને ૬૭ વડે ભાગતા જે ભાગ આવે, તે તેની કાળસીમા થાય છે. તેમાં ૧૫-મુહૂર્ત આવે છે. તે વિશે કહ્યું છે—

શતભિષક્, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ, જ્યેષ્ઠા આ છ નક્ષત્રો ૧૫-મુહૂર્તના સંયોગવાળા છે. ત્રણ ઉત્તરા, પુનર્વસુ, રોહિણી, વિશાખા આ છ નક્ષત્રોનો ક્ષેત્ર થકી સીમા વિષ્કંભ સડસઠીયા સો અને અર્ધ ભાગ જેટલો થાય છે, તે ૧૦૦ા ને જ ૩૦ વડે ગુણતા ૩૦૧૫ થાય છે. તેને ૬૭ વડે ભાગતા જે ભાગ પ્રાપ્ત થાય તે આ છ નક્ષત્રોની કાળથી સીમા થાય છે. તેમાં ૪૫-મુહૂર્ત આવે છે. તે વિશે કહ્યું છે. ત્રણ ઉત્તરા, પુનર્વસુ, રોહિણી, વિશાખા એ છ નક્ષત્રો ૪૫-મુહૂર્ત સંયોગવાળા છે. બાકીના ૧૫ નક્ષત્રોનો ક્ષેત્રથી સીમા વિષ્કંભ સડસઠીયા સડસઠ ભાગ છે, તેને ૩૦ વડે ગુણવાથી ૨૦૧૦ થાય છે. તેને ૬૭ વડે ભાગતા જે ભાગમાં આવે તે કાળથી સીમા થાય છે તેમાં ૩૦ મુહૂર્ત છે.

કહ્યું છે — શેષ ૧૫ નક્ષત્રો ૩૦ મુહૂર્ત સંયોગવાળા છે. તેની સાથે ચંદ્રનો યોગ આ રીતે એક, છ, છ, પંદર એમ કુલ ૨૮ નક્ષત્રોના ૧૮૩૦ સડસઠીયા ભાગ થાય છે. તેને બમણા કરતા ૫૬ નક્ષત્રો થાય. તેના સડસઠીયા ભાગ ૩૬૬૦ થાય છે.

**સમવાય-૬૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૬૮ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૪૬ :-**

*ધાતકીખંડદ્વીપમાં ૬૮ ચક્રવર્તી વિજયો છે અને ૬૮ રાજધાનીઓ છે.. ૦ [ત્યાં] ઉત્કૃષ્ટપણે ૬૮ તીર્થંકરો ઉત્પન્ન થયા-થાય છે - થશે.. ૦ એ જ પ્રમાણે ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ માટે કહેવું.. ૦ પુષ્કરવરાર્દ્ધદ્વીપમાં પણ ૬૮ વિજય યાવત્ વાસુદેવ પર્યન્ત બધું કહેવું.. ૦ અર્હત્ વિમલને ૬૮૦૦૦ સાધુઓની ઉત્કૃષ્ટ સાધુસંપદા હતી.*

● **વિવેચન-૧૪૬ :-**

૬૮મું સ્થાનક - ધાતકીખંડમાંમાં ચક્રવર્તી આદિનો અતિદેશ કર્યો, પણ ચક્રવર્તી, વાસુદેવ બંને એક કાળે ૬૮ ન સંભવે, કેમકે જઘન્ય થકી પણ એક એક મહાવિદેહમાં ચાર-ચાર તીર્થંકરો અવશ્ય હોય, તેમ સ્થાનાંગાદિમાં કહ્યું છે, પણ તે પ્રમાણે એક ક્ષેત્રમાં એકી સમયે ચક્રવર્તી અને વાસુદેવ ન હોય. ઉત્કૃષ્ટથી ૬૮ ચક્રવર્તી અને વાસુદેવ બંને મળીને હોઈ શકે છે તો પણ આ સૂત્રમાં એકી સમયે એવા વિશેષણના અભાવે જુદા જુદા કાળે, જુદી જુદી વિજયમાં ૬૮-૬૮ કહેવામાં કોઈ વિરોધ નથી. તે વિશે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ભરતક્ષેત્રમાં કચ્છાદિના આલાવાથી કહ્યું છે.

**સમવાય-૬૮-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૬૯ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૪૭ :-**

*સમય ક્ષેત્રમાં મેરુ પર્વત સિવાય ૬૯ વર્ષ ક્ષેત્રો અને વર્ષધર પર્વતો કહ્યા, તે આ - ૩૫ ક્ષેત્રો, ૩૦ વર્ષધર પર્વતો, ૪-ઈષુકાર પર્વતો.. ૦ મેરુના પૂર્વાંતથી ગૌતમદ્વીપના પશ્ચિમાંત સુધી ૬૯,૦૦૦ યોજનનું અબાધાએ આંતરું છે... ૦ મોહનીયને વર્જીને બાકીના સાત કર્મની ૬૯ ઉત્તરપ્રકૃતિઓ કહી છે.*

● **વિવેચન-૧૪૭ :-**

૬૯મું સ્થાનક — મેરુ સિવાય, વર્ષ - ભરત આદિ ક્ષેત્રો, વર્ષધર પર્વતો - ક્ષેત્રોની સીમાને કરનારા હિમવંતાદિ વર્ષધર પર્વતો ૬૯ છે. કેવી રીતે ? પાંચ મેરુને આશ્રીને. સાત-સાત ભરત, હૈમવત આદિ ૩૫-વર્ષ ક્ષેત્રો, પ્રત્યેક મેરુને આશ્રીને છ-છ હિમવંતાદિ વર્ષધર પર્વતો હોવાથી કુલ ૩૦-પર્વતો, ચાર ઈષુકાર મળીને સર્વ સંખ્યા ૬૯-થાય.

લવણસમુદ્રમાં પશ્ચિમે ૧૨,૦૦૦ યોજન જતાં ૧૨,૦૦૦ યોજન પ્રમાણનો અને લવણસમુદ્રાધિપતિ 'સુસ્થિત'ના ભવન વડે યુક્ત એવો ગૌતમ નામે દ્વીપ છે. તેનો પશ્ચિમાંત મેરુ પર્વતના પશ્ચિમાંત થકી ૬૯,૦૦૦ યોજન છે. કેમકે જંબૂદ્વીપના ૪૫,૦૦૦ યોજન, લવણસમુદ્રના ૧૨,૦૦૦ યોજન, ગૌતમદ્વીપના વિષ્કંભના ૧૨,૦૦૦ યોજન મળીને તેમ થાય.



મોહનીય વર્જીને બાકીના કર્મોની ૬૯ ઉત્તર પ્રકૃત્તિ કઈ રીતે થાય ? જ્ઞાનાવરણ-૫, દર્શનાવરણ-૯, વેદનીય-૨, આયુની-૪, નામની-૪૨, ગોત્રની-૨, અંતરાયની-૫-આ સર્વે મળીને ૬૯ થાય.

**સમવાય-૬૯-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૭૦ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૪૮ :-**

*શ્રમણ ભગવંત મહાવીરે વર્ષાઋતુના ૨૦ અહોરાત્ર સહિત એક માસ વ્યતીત થતાં અને ૭૦ અહોરાત્ર શેષ રહેતા વર્ષાવાસ નિવાસ કર્યો.*

*પુરુષાદાનીય અરિહંત પાર્શ્વ બહુ પ્રતિપૂર્ણ ૭૦ વર્ષ શ્રમણપર્યાય પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ દુઃખમુક્ત થયા.. ૦ અર્હત્ વાસુપૂજ્ય-૭૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ મોહનીય કર્મની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ છે. તેનો અબાધાએ કરીને રહિત કર્મસ્થિતિરૂપ કર્મનિષેક સમજવો.*

*દેવેન્દ્ર દેવરાજ માહેન્દ્રના ૭૦,૦૦૦ સામાનિક દેવો કહ્યા છે.*

● **વિવેચન-૧૪૮ :-**

૭૦મું સ્થાનક - વર્ષા - ચાર માસ પ્રમાણ વર્ષાકાળના એક માસ અને ૨૦ દિવસ એટલે ૫૦ દિવસ વ્યતીત થતો અને ૭૦ અહોરાત્ર બાકી રહેતા અર્થાત્ ભાદરવા સુદ-૫ - વર્ષાવાસ - વર્ષાકાળના અવસ્થાન પ્રત્યે પજ્જોસવેઇ - સર્વથા નિવાસ કરે છે. પહેલાના ૫૦-દિવસોમાં તથાવિધ વસતિના અભાવાદિ કારણે બીજા સ્થાનનો પણ આશ્રય કરે છે, પણ ભાદરવા સુદ-૫-થી વૃક્ષની નીચે આદિ ક્યાંય પણ વસે છે.

પુરુષોમાં આદાનીય-ઉપાદેય તે પુરુષાદાનીય.. ૦ અબાધા રહિત કર્મસ્થિતિ તે કર્મનિષેક કહ્યો છે. સંસારમાં જીવ પહેલા સામાન્યથી કર્મ પુદ્‌ગલોને ગ્રહણ કરી પછી જ્ઞાનાવરણીયાદિ કર્મના પોત પોતાના અબાધાકાળને મુકીને જ્ઞાનાવરણીયાદિ પ્રકૃત્તિના વિભાગથી અનાભોગિક વીર્ય ઉદય સહિત તે દલિકોનો નિષેક કરે છે - ઉદયને યોગ્ય કરે છે. તેથી તેની સ્થિતિ બે પ્રકારે છે - એક કર્મત્વ અપાદાન માત્રરૂપ અને અનુભવ રૂપ. કેમકે સ્થિતિ - અવસ્થાન, તે ભાવથી ન ચવવું તે.

તેમાં કર્મત્વ અપાદાનરૂપ, તેને આશ્રીને ૭૦ કોડાકોડી સાગરોપમ, અનુભવરૂપને આશ્રીને ૭૦૦૦ વર્ષ. તેમાં અબાહ કેમ કહ્યું ? બંધાવલિકા થકી આરંભીને ૭૦૦૦ વર્ષ સુધી તે કર્મ ઉદયમાં આવતું નથી. તે પછી અનંતર સમયે પૂર્વે નિષેક કરેલા કર્મદલિક ઉદયમાં પ્રવેશ કરે છે. નિષેક એટલે જ્ઞાનાવરણ આદિ કર્મદલિકને અનુભવવાની રચના. તે પહેલા સમયે ઘણો નિષેક કરે છે, બીજે સમયે વિશેષહીન, ત્રીજા સમયે વિશેષ હીન, એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્ણ થાય ત્યાં સુધી વિશેષહીન જાણવો.

કહ્યું છે - પોતાનો અબાધાકાળ મૂકીને પ્રથમ સ્થિતિમાં ઘણો નિષેક કરે છે, શેષ સ્થિતિમાં વિશેષહીન યાવત્ સર્વોત્કૃષ્ટ સુધી લેવું. જે બાધા પામે તે અર્થાત્ કર્મનો ઉદય. ન બાધા તે અબાધા અર્થાત્ કર્મના ઉદયનું આંતરું. તે અબાધા વડે ઓછી તે અબાધોનિકા કર્મ સ્થિતિ તે કર્મ નિષેક કહેવાય. બીજા એમ કહે છે – મોહનીયકર્મ સ્થિતિ ૭૦૦૦ વર્ષાધિક ૭૦ કોડાકોડી સાગરોપમ છે. તેમાંથી અબાધારૂપ ૭૦૦૦ વર્ષ ન્યૂન એવો ૭૦ કોડાકોડી સાગરોપમ નિષેકકાળ સમજવો.

**સમવાય-૭૦-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૭૧ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૪૯ :-**

***ચોથા ચંદ્ર સંવત્સરના હેમંતના ૭૧ રાત્રિદિવસ વ્યતીત થતા સૂર્ય સર્વ બાહ્ય મંડલથી આવૃત્તિ કરે છે.. ૦ વીર્યપ્રવાદ પૂર્વમાં-૭૧-પ્રાભૃતો છે.. ૦ અરહંત અજિત ૭૧ લાખ પૂર્વ ગૃહવાસ મધ્યે રહીને મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયા.. ૦ એ રીતે ચાતુરંગ ચક્વર્તી સગર રાજા પણ ૭૧ લાખ પૂર્વ રાજ્ય ભોગવીને યાવત્ પ્રવ્રજિત થયા.***

● **વિવેચન-૧૪૯ :-**

૭૧મું સ્થાનક - એક યુગમાં પાંચ સંવત્સર હોય છે, તેમાં પહેલા બે ચંદ્ર સંવત્સર હોય છે, ત્રીજો અભિવર્ધિત, ચોથો ચંદ્ર સંવત્સર હોય. તેમાં ૨૯-૩૨/૬૨ પ્રમાણનો એક ચંદ્રમાસ થાય. તેને ૧૨ થી ગુણતા ચંદ્ર સંવત્સર થાય. જો ૧૩ વડે ગુણીએ તો અભિવર્ધિત સંવત્સર થાય. તેથી ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત મળીને કુલ ૧૦૯૨-૬/૬૨ દિવસો થાય.

સૂર્ય સંવત્સરમાં ૩૬૬ દિવસો હોય છે. તે ત્રણ વર્ષના ૧૦૯૮ થાય છે. અહીં ચંદ્રયુગ અને આદિત્ય યુગમાં એક અષાઢી પૂનમે પૂર્ણ થાય છે અને બીજું શ્રાવણ વદ એકમે શરૂ થાય છે. એ રીતે આદિત્યયુગ ત્રણ સંવત્સરની અપેક્ષાએ ચંદ્રયુગના ત્રણ સંવત્સર ૫-૫૬/૬૨ ભાગ ઓછા થાય છે, તેથી આદિત્યયુગના ત્રણ સંવત્સર ચંદ્ર સંબંધી શ્રાવણકૃષ્ણ પક્ષના સાધિક છ દિવસે પૂર્ણ થાય છે અને ચંદ્ર યુગના ત્રણ સંવત્સર તો આષાઢ પૂર્ણિમાએ પૂર્ણ થાય છે. તેથી શ્રાવણ વદ-૭થી આરંભીને દક્ષિણાયનમાં ચાલતો સૂર્ય ચંદ્રયુગના ચોથા સંવત્સરના ચોથા માસને અંતે ૧૧૮મા દિને આવતી કાર્તિક પૂનમે પોતાના ૧૧૨ મંડલે ચાલે છે. પછી બીજા ૭૧ મંડલે હેમંત માસ સંબંધી માગસર આદિ ચાર માસના તેટલા જ [૧૧૮] દિવસો ચાલે છે. પછી ૭૨માં દિવસે એટલે મહાવદ-૧૩ના સૂર્ય આવૃત્તિ કરે છે. અર્થાત્ દક્ષિણાયનથી પાછો ફરી ઉત્તરાયનમાં ચાલે છે.

જ્યોતિષ્ કરંડકમાં પાંચ યુગસંવત્સર સંબંધી ઉત્તરાયણની તિથિઓ અનુક્રમે



આ પ્રમાણે કહી છે – સૂર્ય (૧) વદ-૭, (૨) સુદ-૪, (૩) વદ-૧, (૪) વદ-૧૩, (૫) સુદ-૧૦, પાંચ યુગમાં આવર્તન કરે છે. આ સર્વ આવૃત્તિઓ મહા માસમાં આવે છે. દક્ષિણાયનના દિવસે અનુક્રમે આ રીતે કહ્યા છે – (૧) વદ-૧, (૨) વદ-૧૩, (૩) સુદ-૧૦, (૪) વદ-૭, (૫) સુદ-૪, આ સર્વે આવર્તન શ્રાવણ માસમાં આવે છે.

વીર્યપ્રવાદ એ ત્રીજું પૂર્વ છે, પ્રાભૃત એટલે અધિકાર વિશેષ.

અરિહંત અજિતને ૧૮ લાખ પૂર્વ કુમારપણે, ૫૩ લાખ પૂર્વ અને ૧-પૂર્વાંગ રાજ્યપણામાં એમ ૭૧-લાખ પૂર્વ થયા. એક પૂર્વાંગ અધિકની અલ્પત્વથી વિવક્ષા કરી નથી.. ૦ સગર ચક્વર્તી અજિતનાથના કાળમાં થયા.

**સમવાય-૭૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૭૨ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૫૦ :-**

***૦ સુવર્ણકુમારના ૭૨ લાખ આવાસ છે.. ૦ લવણસમુદ્રની બહારની વેળાને ૭૨,૦૦૦ નાગકુમારો ધારણ કરે છે.. ૦ શ્રમણ ભગવંત મહાવીર ૭૨-વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખથી રહિત થયા.***

***૦ સ્થવિર અચલભ્રાતા ૭૨ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા.. ૦ અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં ૭૨ ચંદ્ર પ્રકાશતા હતા - છે - હશે. તથા ૭૨-સૂર્યો તપતા હતા - છે - હશે.. ૦ પ્રત્યેક ચાતુરંત ચક્વર્તી રાજાને ૭૨,૦૦૦ શ્રેષ્ઠ પુર-નગરો હોય છે.. ૦ ૭૨ કળાઓ કહી છે, તે આ પ્રમાણે–***

***[૧ થી ૯] લેખ, ગણિત, રૂપ, નૃત્ય, ગીત, વાદિંત્ર, સ્વરગત, પુષ્કર ગત, સમતાલ, [૧૦ થી ૧૮] ધુત, જનવાદ, સુરક્ષા વિજ્ઞાન, અષ્ટાપદ, દગમટ્ટી, અન્નવિધિ, પાનવિધિ, વસ્ત્રવિધિ, શયનવિધિ, [૧૯ થી ૨૭] આર્યા, પ્રહેલિકા, માગધિકા, ગાથા, શ્લોક, ગંધયુક્ત, મધુસિકથ, આભરણવિધિ, તરુણી-પ્રતિકર્મ, [૨૮ થી ૩૬] સ્ત્રી લક્ષણ, પુરુષ લક્ષણ, હય લક્ષણ, ગજ લક્ષણ, ગોણ લક્ષણ, કુર્કુટ લક્ષણ, મેંઢ લક્ષણ, ચક્ર લક્ષણ, છત્ર લક્ષણ.***

***[૩૭ થી ૪૫] દંડ લક્ષણ, અસિ લક્ષણ, મણિ લક્ષણ, કાકિણી લક્ષણ, ચર્મ લક્ષણ, ચંદ્ર લક્ષણ, સૂર્યચરિત, રાહુચરિત, ગ્રહચરિત, સદ્ભાવ [૪૬ થી ૫૪] સૌભાગ્યકર, દૌર્ભાગ્યકર, વિદ્યાગત, મંત્રગત, રહસ્યગત, સદ્ભાવ ચાર, પ્રતિચાર, વ્યૂહ, [૫૫ થી ૬૩] પ્રતિવ્યૂહ, સ્કંધાવારમાન, નગરમાન, વસ્તુમાન, સ્કંધવારનિવેશ, વસ્તુનિવેશ, નગરનિવેશ, ઈષદર્થ, ત્સરુપ્રપાત, [૬૪ થી ૭૨] અશ્વ શિક્ષા, હસ્તીશિક્ષા, ધનુર્વેદ, હિરણ્ય-સુવર્ણ-મણિ-ધાતુપાક, બાહુ-દંડ-મુષ્ટિ-યષ્ટિયુદ્ધ તથા યુદ્ધ-નિયુદ્ધ-યુદ્ધાતિયુદ્ધ, સૂત્ર-નાલિકા-વર્ત-ધર્મ-ચર્મખેડ, પત્ર-કટકછેદ, સજીવ-નિર્જીવ, શકુનરુત.***

***સંમૂર્છિમ ખેચર પંચેન્દ્રિયતિર્યંચની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૨,૦૦૦ વર્ષ છે.***

● **વિવેચન-૧૫૦ :-**

૭૨મું સ્થાનક - સુવર્ણકુમારના ૭૨-લાખ ભવનો કેવી રીતે ? - દક્ષિણ નિકાયમાં ૩૮ લાખ, ઉત્તરનિકાયમાં ૩૪-લાખ.. ૦ ૭૨,૦૦૦ નાગકુમાર દેવો ધાતકીખંડ દ્વીપાભિમુખી ૧૬,૦૦૦ યોજન ઉંચી, ૧૦,૦૦૦ યોજન પહોળી લવણસમુદ્ર શિખાને ધારણ કરે છે.. ૦ મહાવીર સ્વામી ૭૨ વર્ષનું આયુ પાળીને સિદ્ધ થયા તે આ રીતે — ૩૦ વર્ષ ગૃહવાસમાં, ૧૨॥ વર્ષ અને એક પક્ષ છદ્મસ્થ ભાવથી, દેશ ઉણ ૩૦ વર્ષ કેવલીપણે... ૦ અચલભ્રાતા, મહાવીર પ્રભુના નવમાં ગણધર, તેનું આયુ ૭૨ વર્ષ - ૪૬ વર્ષ ગૃહસ્થત્વ, ૧૨ વર્ષ છદ્મસ્થત્વ, ૧૪ વર્ષ કેવલિત્વ.. ૦ પુષ્કરાર્ધમાં ૩૬-૩૬ની પંક્તિમાં ૭૨ ચંદ્ર.

૭૨ કળા - કળા એટલે વિજ્ઞાન. તે જાણવાના ભેદથી ૭૨ થાય છે. તેમાં લેખન એટલે અક્ષર રચના, તદ્વિષયક કળા - વિજ્ઞાન, તે લેખ એમ સર્વત્ર સમજવું. તે લેખ બે ભેદે - લિપિ, વિષય. તેમાં લિપિ અઢારમાં સ્થાનમાં કહેલ છે. અથવા લાટ આદિ દેશોના ભેદથી અથવા તથાવિધ વિચિત્ર ઉપાધિ ભેદથી અનેક પ્રકારે છે. તે આ રીતે — પત્ર, છલા, કાષ્ઠ, દાંત, લોહ, તાંબુ, રુપું આદિ વસ્તુઓ અક્ષર લખવાના આધારરૂપ છે. તથા લખવું, કોતરવું, પરોવવું, વણવું, છેદવું, ભેદવું, બાળવું, સંક્રામવું આદિથી અક્ષરો થાય છે. તથા વિષય અપેક્ષાએ પણ અનેક પ્રકારે છે. કેમકે સ્વામી — સેવક, પિતા-પુત્ર, ગુરુ-શિષ્ય, પત્ની-પતિ, શત્રુ-મિત્ર આદિ લેખના વિષયો અનેક છે. તે સ્વામી આદિના તથાવિધ કાર્યો પણ અનેક પ્રકારના છે, તેથી અનેક પ્રકારે થઈ શકે. આ અક્ષર દોષરહિત લખવા.

આ દોષ આ પ્રમાણે — અતિ ઝીણા, અતિ મોટા, વૈષમ્ય, પંક્તિવક્રતા, અતુલ્યતા, સાદૃશ્ય, અવયવોનો વિભાગ ન પાડવો.

ગણિત-સંખ્યા, સંકલિતાદિ અનેક ભેદ પાટીપ્રસિદ્ધ છે.. રૂપ્યલેપ્ય, શિલા, સુવર્ણ, મણિ, વસ્ત્ર, ચિત્રાદિમાં રૂપનિર્માણ.. નાટ્યકલા-ભરત, માર્ગ, છલિક, લાસ્યવિધાન આદિના ભેદ વડે આઠ પ્રકારનું નાટ્ય ગ્રહણ કરવાથી નૃત્યકળા પણ ગૃહીત છે. તે અભિનયિકા, અંગહારિકા, વ્યાયામિકા એ ત્રણ ભેદે છે. આ સર્વેનું સ્વરૂપ ભરતનાટ્યશાસ્ત્રથી જાણવું.

ગીતકળા ત્રણ ભેદે - નિબંધમાર્ગ, છલિકમાર્ગ, ભિન્ન માર્ગ, તેમાં સાત સ્વર, ત્રણ ગ્રામ, ૨૧-મૂર્છના, ૪૯ તાન છે. આ પ્રમાણએ સ્વર મંડલ થયું. આ કળા વિશાખિલ શાસ્ત્રથી જાણવી.. વાજિંત્ર-વાદ્યકળા. આ કળા ચાર પ્રકારનું તત, પાંચ ભેદે વિતત, ત્રણ ભેદે શુષિર, એક ભેદે ઘન, આ રીતે વાજિંત્ર ૧૩-ભેદે છે.. ઇત્યાદિ કલા લૌકિક શાસ્ત્રથી જાણવી. અહીં કળાની સંખ્યા-૭૨ કહી છે. પણ સૂત્રમાં તેનાં નામો ઘણાં જુદા જુદા જોવામાં આવે છે. તેથી કોઈનો કોઈમાં અંતર્ભાવ થાય છે, એમ જાણવું.

**સમવાય-૭૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૭૩ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૫૧ :-**

***હરિવર્ષ, રમ્યક્ વર્ષની જીવાઓ ૭૩૯૦૧-૧૭/૧૯ + ૧/૨ લાંબી છે.. ૦ વિજય બળદેવ ૭૩,૦૦૦ વર્ષનું સર્વાયુ પાળી સિદ્ધ યાવત્ મુક્ત થયા.***

● **વિવેચન-૧૫૧ :-**

૭૩મું સ્થાનક :- સંવાદ ગાથા - હરિવર્ષ ક્ષેત્રની જીવા ૭૩,૯૦૧ યોજન અને ૧૭॥ કળા જેટલી છે.. ૦ વિજય-બીજા બળદેવનું આયુ અહીં-૭૩ લાખ વર્ષ કહ્યું છે, આવશ્યકમાં ૭૫-લાખ વર્ષ કહ્યું છે, તે મતાંતર છે.

**સમવાય-૭૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૭૪ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૫૨ :-**

***સ્થવિર અગ્નિભૂતિ ગણધર ૭૪ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા.. ૦ નિષધ વર્ષધર પર્વતે રહેલ તિગિચ્છિ મહાદ્રહથી સીતોદા મહાનદી નીકળી ૭૪૦૦ યોજન ઉત્તરાભિમુખ વહીને ચાર યોજન લાંબી અને ૫૦ યોજન પહોળી વજ્રરત્નમય જિહ્વા વડે વજ્ર રત્નના તળિયાવાળા કુંડમાં મોટા ઘડાના મુખથી ધારા નીકળે તેમ મોતીના હારના સંસ્થાન વડે રહેલા પ્રપાત વડે મોટા શબ્દ કરતી પડે છે.. ૦ એ રીતે સીતાનદી પણ દક્ષિણાભિમુખી કહેવી.. ૦ ચોથીને વર્જીને બાકી છ નરકપૃથ્વીમાં કુલ ૭૪ લાખ નરકાવાસો કહ્યા છે.***

● **વિવેચન-૧૫૨ :-**

૭૪મું સ્થાનક - તેમાં અગ્નિભૂતિ, તે ભ૦ મહાવીરના બીજા ગણધર - ગણનાયક હતા. તેનું ૭૪ વર્ષનું આયુ કહ્યું, તેમાં ૪૬ વર્ષનો ગૃહસ્થ પર્યાય, ૧૨-વર્ષ છદ્મસ્થ પર્યાય, ૧૬ વર્ષ કેવલી પર્યાય છે.

નિષધ વર્ષધર પર્વતનો વિષ્કંભ ૧૬,૮૪૨ યોજન અને ૨-કળા છે. તેના મધ્ય ભાગે તિગિચ્છિ મહાદ્રહ છે, તે ૨૦૦૦ યોજન પહોળો, ૪૦૦૦ યોજન લાંબો છે, તે જ પર્વતના વિષ્કંભનો અર્ધ કરી ૮૪૨૧ યોજન, ૨-કળામાંથી દ્રહના વિષ્કંભનો અર્ધ ભાગ-૧૦૦૦ બાદ કરતા સીતોદાનદીનો પર્વત ઉપર ૭૪૨૧ યોજન, ૨ કળા જેટલો પ્રવાહ થાય છે. વજ્રમય જિહ્વિકા વડે એટલા પ્રણાલમાં રહેલ મકરમુખની જિહ્વા કે જે ચાર યોજન લાંબી, ૫૦-યોજન પહોળી છે, તેના વડે નિષધ પર્વતની નીચે રહેલ, વજ્રભૂમિકા ૪૮૦ યોજન લાંબા-પહોળા અને ૧૦ યોજન ઉંડા તથા શીતોદા દેવીનું ભવન જેના શિખરે રહેલું છે, એવા શીતોદાદ્વીપ વડે જેનો મધ્યભાગ શોભી રહ્યો છે એવા શીતોદા પ્રપાતકુંડમાં મોટા પ્રમાણથી - x - x - જેમ ઘડાના મુખથી નીકળતો હોય તેમ મુક્તાવલી-મોતીની સેરવાળા હાર જેવા સંસ્થાને રહેલા પ્રપાત વડે પર્વત પરથી મહા શબ્દો કરતી પડે છે.

એ જ પ્રમાણે સીતા મહાનદી કહેવી. વિશેષ એ – નીલવંત વર્ષધર પર્વતથી દક્ષિણ દિશા સન્મુખ જઈને સીતા પ્રપાતકુંડે પડે છે.

પહેલી પૃથ્વીમાં ૩૦-લાખ, બીજામાં ૨૫-લાખ, ત્રીજામાં ૧૫-લાખ, પાંચમીમાં ૩-લાખ, છઠ્ઠીમાં પાંચ ન્યૂન-૧ લાખ, સાતમીમાં-૫, કુલ ૭૪ લાખ.

**સમવાય-૭૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૭૫ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૫૩ :-**

***અરિહંત સુવિધિ-પુષ્પદંતને ૭૫૦૦ સામાન્ય કેવલી હતા.. ૦ અરિહંત શીતલ ૭૫,૦૦૦ પૂર્વ ગૃહવાસ મધ્યે રહીને મુંડ યાવત્ પ્રવ્રજિત થયા.. ૦ અરિહંત શાંતિ ૭૫,૦૦૦ વર્ષ ગૃહવાસ મધ્યે રહીને પછી મુંડ થઈને ઘર છોડીને અણગાર પ્રવ્રજિત થયા.***

● **વિવેચન-૧૫૩ :-**

૭૫મું સ્થાનક - સુવિધિ, નવમાં તીર્થંકર, તેનું બીજું નામ પુષ્પ દંત છે.. ૦ શિતલનાથ ૭૫,૦૦૦ પૂર્વ ગૃહવાસમાં રહ્યા, તે આ રીતે - ૨૫,૦૦૦ પૂર્વ કુમારપણે અને ૫૦,૦૦૦ પૂર્વ રાજ્ય કરતા.. ૦ શાંતિનાથ ૭૫,૦૦૦ વર્ષ ગૃહવાસમાં રહી પ્રવ્રજિત થયા. તેમાં ૨૫,૦૦૦ વર્ષ કુમારપણે, ૨૫,૦૦૦ વર્ષ માંડલિક રાજા, ૨૫,૦૦૦ વર્ષ ચક્રવર્તીપણામાં રહ્યા.

**સમવાય-૭૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૭૬ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૫૪,૧૫૫ :-**

***[૧૫૪] વિદ્યુત્કુમારના ૭૬ લાખ આવાસો છે.. [૧૫૫] એ રીતે દ્વીપ, દિશા, ઉદધિ, વિદ્યુત્, સ્તનિત અને અગ્નિકુમારના ૭૬-૭૬ લાખ જાણવા.***

● **વિવેચન-૧૫૪,૧૫૫ :-**

[૧૫૪] વિદ્યુત્કુમારોના ભવનો દક્ષિણમાં ૪૦ લાખ, ઉત્તરમાં ૩૬ લાખ છે. [૧૫૫] એ પ્રમાણે દ્વીપકુમારાદિ ભવનપતિના જાણવા.

**સમવાય-૭૬-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૭૭ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૫૬ :-**

***ચાતુરંત ચક્રવર્તી રાજા ભરત ૭૭ લાખ પૂર્વ કુમારાવસ્થામાં રહી, પછી મહારાજાના અભિષેકને પામ્યા.. ૦ અંગવંશના ૭૭ રાજા મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયેલા.. ૦ ગર્દતોય અને તુષિત દેવોને ૭૭,૦૦૦ દેવોનો પરિવાર છે.. ૦ એક એક મુહૂર્ત ૭૭-લવ પ્રમાણ છે.***

● **વિવેચન-૧૫૬ :-**

૭૭મું સ્થાનક - તેમાં ઋષભસ્વામીની વય છ લાખ પૂર્વની થઈ ત્યારે ભરત ચક્રવર્તી જન્મ્યા, ૮૩ લાખ પૂર્વની વયે ભગવંતે દીક્ષા લીધી, ત્યારે ભરત રાજા થયો. તેથી ૮૩માંથી ૬ બાદ કરતા ૭૭ લાખ પૂર્વ.

અંગવંશ – અંગ રાજાના સંતાન સંબંધી ૭૭ રાજા દીક્ષિત થયા.

બ્રહ્મલોક નીચે રહેલ આઠ કૃષ્ણરાજીમાં સારસ્વતાદિ આઠ લોકાંતિક નામે દેવનિકાય છે. તેમાં ગર્દતોય અને તુષિત એ બંનેના પરિવારની સંખ્યા મળીને ૭૭,૦૦૦ દેવોનો પરિવાર કહ્યો છે.

એક એક મુહૂર્ત લવના પરિણામથી ૭૭-લવ કહેલ છે. કહ્યું છે – હર્ષિત, નિરોગી અને કલેશરહિત એવા પ્રાણીનો જે એક શ્વાસોચ્છ્વાસ તે પ્રાણ કહેવાય, આવા સાત પ્રાણનો એક સ્તોક, સાત સ્તોકે એક લવ થાય.

**સમવાય-૭૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૭૮ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૫૭ :-**

***દેવેન્દ્ર દેવરાજ શક્રના વૈશ્રમણ મહારાજા, સુવર્ણકુમાર અને દ્વીપકુમારના ૭૮ લાખ આવાસોનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભતૃત્વ, મહારાજાપણું, આજ્ઞાપ્રધાન સેનાપત્યને કરાવતો, પાળતો રહે છે.***

***અકંપિત સ્થવિર ૭૮ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ મુક્ત થયા.***

***ઉત્તરાયણથી પાછો ફરતો સૂર્ય પહેલા મંડળથી ૩૯માં મંડલમાં ૬૧/૭૮ ભાગ પ્રમાણ દિવસના ક્ષેત્રને હાનિ પમાડીને, તેટલા જ પ્રમાણ રાત્રિક્ષેત્રને વૃદ્ધિ પમાડીને ગતિ કરે છે.. ૦ એ જ પ્રમાણે દક્ષિણાયનથી પાછો ફરેલ સૂર્ય પણ જાણવો.***

● **વિવેચન-૧૫૭ :-**

૭૮મું સ્થાનક - સોમ, યમ, વરુણ, વૈશ્રમણ નામના લોકપાલ મધ્યે વૈશ્રમણ, ચોથો ઉત્તરદિક્પાલ છે. તે વૈશ્રમણ દેવ ભવનપતિમાં રહેલા સુવર્ણકુમાર, દ્વીપકુમારના દેવ-દેવી તથા વ્યંતર-વ્યંતરીના અધિપતિપણાને કરે છે અને તેના આધિપત્યથી તેમના નિવાસોનું પણ આધિપત્ય કરે છે, તેમ કહેવાય છે. અહીં સુવર્ણ, દ્વીપકુમારના

૭૮ લાખ આવાસો કહ્યા, તેમાં દક્ષિણ દિશામાં સુવર્ણકુમારના ૩૮ લાખ અને દ્વીપકુમારના ૪૦ લાખ ભવનો મળીને ૭૮ લાખ કહ્યા. જો કે ભગવતી સૂત્રમાં દ્વીપકુમારનું આધિપત્ય જણાતું નથી.

આધિપત્ય - અધિપતિનું કર્મ, પુરોવર્તિત્વ-અગ્રગામિત્વ, ભર્તૃત્વ-પોષકત્વ, સ્વામિત્વ-સ્વામિભાવ, મહારાજત્વ-લોકપાલત્વ. આણાઈસર સેણાવચ્ચ - આજ્ઞાપ્રધાન સેનાનું નાયકપણું, તેને સેવકોના અનુનાયકો પાસે કરાવતો, પોતે પણ આધિપત્યાદિ કરતો રહે છે.

અકંપિત સ્થવિર, ભ૦ મહાવીરના આઠમાં ગણધર, તેનું સર્વાયુ ૭૮-વર્ષ હતું, તે આ રીતે — ગૃહસ્થ પર્યાયમાં-૪૮, છદ્મસ્થપણામાં-૯, કેવલી પર્યાયમાં-૨૧ વર્ષ મળીને ૭૮ વર્ષ.. ૦ ઉત્તરાયણ-ઉત્તર દિશાના ગમન થકી પાછો ફરેલો અર્થાત્ દક્ષિણાયનમાં ગયેલો સૂર્ય, દક્ષિણ દિશામાં જતાં સૂર્યનું જે પહેલું મંડલ, પણ સર્વાભ્યંતર સૂર્યમંડલ નહીં, તે દક્ષિણાયન મંડલની અપેક્ષાએ પહેલા મંડલથી ૩૯માં મંડલને વિશે અને સર્વાભ્યંતર મંડલની અપેક્ષાએ ૪૦માં મંડલને વિશે, મુહૂર્ત્તના એકસઠિયા ભાગ, દિવસ લક્ષણવાળા ક્ષેત્રના એટલે દિવસના જ, હાનિ પમાડીને ભ્રમણ કરે છે.

ચંદ્રપ્રજ્ઞપ્તિ અનુસાર કહે છે — જ્યારે જંબૂદ્વીપમાં બંને સૂર્યો સર્વાભ્યંતર મંડલને પામીને ગતિ કરે છે. ત્યારે ૯૯,૬૪૦ યોજન પરસ્પર આંતરું કરીને ગતિ કરે છે. આ અભ્યંતર મંડલ જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન જતા આવે છે. એ પ્રમાણે બંને તરફ ગણતાં ૩૬૦ કરી તેને જંબૂદ્વીપના પ્રમાણમાંથી બાદ કરતાં ૯૯,૬૪૦ આંતરું થાય. તેમાં બંને સૂર્ય ચાલે ત્યારે ઉત્કૃષ્ટથી ૧૮-મુહૂર્ત્તનો દિવસ અને જઘન્યથી ૧૨-મુહૂર્ત્તની રાત્રિ થાય. પછી આભ્યંતર મંડલથી નીકળીને પહેલી અહોરાત્રિએ આભ્યંતરની પછીના મંડલને પામીને ગતિ કરે છે, ત્યારે ૯૯૬૪૫-૩૫/૬૧ યોજન આંતરું કરીને ગતિ કરે છે. ત્યારે ૨/૬૧ ભાગ ન્યૂન ૧૮ મુહૂર્ત્તના દિવસ અને ૧૨-મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

એ પ્રમાણે દક્ષિણાયનના બીજા, ત્રીજા આદિ મંડલોમાં તથા બીજા, ત્રીજા આદિ અહોરાત્રમાં ૫-૩૫/૬૧ યોજન આંતરાની વૃદ્ધિ કહેવી - x - x - એ રીતે ૩૯માં મંડલે બંને સૂર્યોનું પરસ્પર આંતરું ૯૯૮૫૭-૨૩/૬૧ યોજન આવે છે. દિવસનું પ્રમાણ ૧૬-૪૪/૬૧ મુહૂર્ત્ત અને રાત્રિનું પ્રમાણ ૧૩-૧૭/૬૧ મુહૂર્ત્ત આવે છે.. એ પ્રમાણે દક્ષિણાયનથી નિવૃત્ત સૂર્ય પણ ઘટે છે અને વધે છે. ફર્ક માત્ર એ કે દિવસના ભાગો ઘટે છે અને રાત્રિના ભાગો વધે છે. અહીં દિન વધે છે, રાત્રિ ઘટે છે.

**સમવાય-૭૮-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## સમવાય-૭૯

— x — x —

● **સૂત્ર-૧૫૮ :-**

***વડવામુખ પાતાળકળશના ચરમાંતથી આ રત્નપ્રભા પૃથ્વીના નીચેના ચરમાંત સુધીમાં ૭૯,૦૦૦ અબાધાએ અંતર છે.. એ જ પ્રમાણે કેતુ, યૂપ, ઈશ્વર પાતાળ કળશનું અંતર જાણવું.. ૦ છટ્ઠી પૃથ્વીના બહુ મધ્ય દેશ ભાગથી છટ્ઠા ઘનોદધિના નીચેના ચરમાંત સુધીમાં ૭૯,૦૦૦ યોજન અબાધાએ અંતર છે..***

***૦ જંબૂદ્વીપ નામક દ્વીપના દરેક દ્વારનું અબાધાએ અંતર કંઈક અધિક ૭૯,૦૦૦ યોજન છે.***

● **વિવેચન-૧૫૮ :-**

૭૯મું સ્થાનક - તેમાં વડવામુખ નામે પૂર્વ દિશામાં રહેલ મહા પાતાળ કળશના નીચેના ચરમાંતથી રત્નપ્રભા પૃથ્વીનો ચરમાંત ૭૯,૦૦૦ યોજન દૂર છે, તે આ રીતે — રત્નપ્રભા પૃથ્વીનું બાહલ્ય ૧,૮૦,૦૦૦ યોજન છે. તેમાંથી ૧૦૦૦ યોજન સમુદ્રનો અવગાહ તથા ૧-લાખ યોજન અવગાહનો વડવા મુખ પાતાળ કળશ તે બાદ કરો, તેથી તેના ચરમાંતથી પૃથ્વીના ચરમાંત મધ્યે ઉક્ત પ્રમાણ-૭૯,૦૦૦ યોજન થશે. એ પ્રમાણે બીજા ત્રણ કળશો કહેવા.

છટ્ઠી પૃથ્વીનું બાહલ્ય ૧,૧૬,૦૦૦ યોજન છે. સાતે ઘનોદધિ પ્રત્યેક ૨૦,૦૦૦ યોજન છે, તો પણ આ સૂત્રના મત મુજબ છટ્ઠી પૃથ્વીમાં રહેલ ઘનોદધિ ૨૧,૦૦૦ યોજનનો સંભવે છે. તેથી છટ્ઠી પૃથ્વીના બાહલ્યને અડધું કરવાથી ૫૮,૦૦૦ યોજન અને ઘનોદધિના ૨૧,૦૦૦ યોજન મળીને ૭૯,૦૦૦ યોજન થાય છે. ગ્રંથાંતરના મતે સર્વે ઘનોદધિનું બાહલ્ય ૨૦-૨૦ હજાર યોજન હોવાથી આ સૂત્ર પાંચમી પૃથ્વીને આશ્રીને હોવું જોઈએ, કેમકે પાંચમી પૃથ્વીનું બાહલ્ય ૧,૧૮,૦૦૦ યોજન છે, તેનું અડધું ૫૯,૦૦૦ + ૨૦,૦૦૦ = ૭૯,૦૦૦.

કહ્યું છે — નરક પૃથ્વીનું બાહલ્ય અનુક્રમે એક લાખ ઉપર-૮૦,૩૨,૨૮,૨૦, ૧૮,૧૬,૮ હજાર યોજન જાણવું. અથવા છટ્ઠી પૃથ્વીનો મધ્યભાગ ૧૦૦૦ અધિક કહેવાને ઈચ્છ્યો હોય. તે માટે 'બહુ' શબ્દ મૂક્યો હોય.

જંબૂદ્વીપની જગતીના ચાર દ્વાર છે — વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત. તે દરેકનો વિષ્કંભ ચાર-ચાર યોજન છે. દરેકની દ્વાર શાખા બબ્બે ગાઉ પહોળી છે. તે દ્વારોની અન્યોન્ય આંતરું કહેવું. આ આંતરું સાતિરેક ૭૯,૦૦૦ યોજન છે. કેમકે જંબૂદ્વીપની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન ૩ કોશ, ૧૨૮ ધનુષ્ અને ૧૩ાા અંગુલ છે. તેમાંથી ચારે દ્વાર અને દ્વારશાખાનો વિષ્કંભ બાદ કરીને ચારે ભાંગતા ૭૯,૦૫૨ યોજન થશે.

**સમવાય-૭૯-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ समवाय-८० ❁
— x — x —

● सूत्र-१५९ :-

*અરિહંત શ્રેયાંસ ૮૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ ત્રિપૃષ્ઠ વાસુદેવ ૮૦-ધનુષ્ ઉંચા હતા.. ૦ અચલ બળદેવ ૮૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ ત્રિપૃષ્ઠ વાસુદેવ ૮૦ લાખ વર્ષ મહારાજા રહ્યા.. ૦ અપ્બહુલ કાંડ ૮૦,૦૦૦ યોજન બાહલ્યથી છે.. ૦ દેવેન્દ્ર દેવરાજ ઈશાનને ૮૦,૦૦૦ સામાનિક દેવો છે.. ૦ જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન જતાં ઉત્તરદિશામાં ગયેલો સૂર્ય પ્રથમ ઉદયને કરે છે.*

● વિવેચન-૧૫૯ :-

૮૦મું સ્થાનક - શ્રેયાંસ, ૧૧માં જિન.. ૦ ત્રિપૃષ્ઠ, શ્રેયાંસજિનના કાળે થયેલ પ્રથમ વાસુદેવ તથા અચલ પ્રથમ બલદેવ હતા.

ત્રિપૃષ્ઠ વાસુદેવનું સર્વાયુ ૮૪ લાખ હતું, તેમાં ચાર લાખ વર્ષ કુમારપણે, બાકીના મહારાજાપણે થયા.. ૦ રત્નપ્રભા પૃથ્વીનું બાહલ્ય ૧,૮૦,૦૦૦ યોજન છે. તેના ત્રણ કાંડ છે, તેમાં પહેલો રત્નકાંડ સોળ પ્રકારના રત્નમય છે, તેનું બાહલ્ય ૧૬,૦૦૦ યોજન છે, બીજો પંકકાંડ-૮૪,૦૦૦ યોજન છે, ત્રીજો અપ્બહુલકાંડ ૮૦,૦૦૦ યોજન છે.. ૦ જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન પ્રવેશીને ઉત્તર દિશામાં ગયેલ સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં ઉગે છે.

**સમવાય-૮૦-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ समवाय-८१ ❁
— x — x —

● સૂત્ર-૧૬૦ :-

*નવ નવમિકા ભિક્ષુપ્રતિમા ૮૧ રાત્રિદિને, ૪૦૫ ભિક્ષા વડે યથા સૂત્ર યાવત્ આરાધિતા થાય છે.. ૦ અરિહંત કુંથુને ૮૧૦૦ મનઃ પર્યવજ્ઞાની હતા.. ૦ વિવાહપ્રજ્ઞપ્તિમાં ૮૧-મહાયુગ્મશત છે.*

● વિવેચન-૧૬૦ :-

૮૧મું સ્થાનક - જેમાં નવ નવક દિન હોય, તે નવનવમિકા કહેવાય. નવ નવકમાં નવ દિનોનું નવક હોય છે. આ ભિક્ષુપ્રતિમામાં ૮૧-રાત્રિદિન હોય છે, કેમકે નવ નવકના ૮૧ દિન થાય. પહેલા નવકમાં હંમેશા એક-એક ભિક્ષા લેવાની છે, એ રીતે એક-એકની વૃદ્ધિથી નવમાં નવકમાં નવ-નવ ભિક્ષા થાય, સર્વે મળીને કુલ ૪૦૫ ભિક્ષા થાય છે. - x - ભિક્ષા એટલે દત્તિ. યથાસૂત્ર-સૂત્રનું ઉલ્લંઘન ન કરીને અહીં યાવત્ શબ્દ છે, તેથી યથાકલ્પ, યથામાર્ગ, યથાતત્ત્વ કાયા વડે સમ્યક્ સ્પૃષ્ટ, પાલિત, શોભિત, તીરિત, કીર્તિત આજ્ઞા વડે આરાધિત થાય છે, તેમ જાણવું.

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં ૮૧ મહાયુગ્મ શત કહ્યા. અહીં 'શત' એટલે અધ્યયન કહેવાય છે. તે કૃતયુગ્માદિ લક્ષણરાશિ વિશેષ વિચારરૂપ છે. તે અહીં અંતર અધ્યયનના સ્વભાવ અને અવગમથી જાણવા.

**સમવાય-૮૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❁ समवाय-८२ ❁
— x — x —

● સૂત્ર-૧૬૧ :-

*જંબૂદ્વીપ દ્વીપમાં ૧૮૨ મંડલ છે, જેમાં સૂર્ય બે વખત સંક્રમીને ગતિ કરે છે, તે આ રીતે – બહાર નીકળતો અને પ્રવેશ કરતો.. ૦ શ્રમણ ભગવંત મહાવીર ૮૨ રાત્રિદિન વીત્યા ત્યારે એક ગર્ભથી બીજા ગર્ભમાં લઈ જવાયા.. ૦ મહાહિમવંત વર્ષધર પર્વતના ઉપરના ચરમાંતથી સૌગંધિક કાંડના નીચેના ચરમાંત સુધી ૮૨૦૦ યોજન અબાધાએ અંતર છે. એમ રૂકિમનું છે.*

● વિવેચન-૧૬૧ :-

૮૨મું સ્થાનક - જંબૂદ્વીપમાં ૧૮૨ મંડલ-સૂર્યનો ગમન માર્ગ છે. તે મંડલ ક્યા ? જે મંડલમાં સૂર્ય બે વખત પ્રવેશીને ગતિ કરે છે. તે આ રીતે – જંબૂદ્વીપમાંથી નીકળતા અને જંબૂદ્વીપમાં પ્રવેશતા. ભાવાર્થ આ રીતે – સૂર્યના ૧૮૪ મંડલો છે, તેમાં સર્વાભ્યંતર અને સર્વબાહ્ય મંડલમાં એક જ વાર પ્રવેશ કરે છે. બાકીના બધાં મંડલોમાં બે વાર પ્રવેશે છે. અહીં ૮૨ની વિવક્ષા જ હોવાથી ૮૨માં સ્થાનકમાં કહ્યું છે, એમ જાણવું. જો કે જંબૂદ્વીપમાં ૬૫-જ મંડલો છે, તો પણ જંબૂદ્વીપાદિક સૂર્યની ગતિનો વિષય હોવાથી બાકીના મંડલો પણ જંબૂદ્વીપ વડે જ વિશેષિત કરાયા છે.

અષાઢ સુદ-૬થી ૮૨ રાત્રિદિન ગયા અને ૮૩મો રાત્રિદિને એટલે આસો વદ-૧૩. ગર્ભથી-દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીથી, ગર્ભમાં-ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષીમાં દેવેન્દ્રની આજ્ઞાનો અમલ કરનારા હરિણેગમેષી નામના દેવ વડે લઈ જવાયા. આ સૂત્ર ૮૨ રાત્રિદિનને આશ્રીને ૮૨માં સ્થાનમાં કહેવામાં આવ્યુ છે, ૮૩માં રાત્રિદિનને આશ્રીને ત્યાં પણ કહેશે.

મહા હિમવંત નામે બીજો વર્ષધર પર્વત ૨૦૦ યોજન ઉંચો છે. તેના ઉપલા ચરમાંતથી સૌગંધિક કાંડનો નીચેનો ચરમાંત ૮૨૦૦ યોજન છે, તે આ રીતે – રત્નપ્રભા પૃથ્વીના ત્રણ કાંડ છે – ખરકાંડ પંકકાંડ, અપ્બહુલકાંડ. તેમાં પહેલો કાંડ ૧૬-પ્રકારે છે – [૧ થી ૪] રત્ન, વજ્ર, વૈડૂર્ય, લોહિતાક્ષ કાંડ, [૫ થી ૮] મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક કાંડ, [૯ થી ૧૨] જ્યોતીરસ, અંજન, અંજનપુલક, રજતકાંડ, [૧૩ થી ૧૬] જાતરૂપ, અંક, સ્ફટિક, રિષ્ઠ કાંડ. આ સર્વે કાંડ પ્રત્યેક ૧૦૦૦ યોજન પ્રમાણ છે. તેમાં સૌગંધિક કાંડ આઠમો હોવાથી ૮૦૦૦ યોજન થયા. મહાહિમવંત ૨૦૦ યોજન ઉંચો છે, તેથી ૮૨૦૦ યોજન થયા... એ જ પ્રમાણે રુકમી નામક પાંચમો વર્ષધર પર્વત પણ કહેવો. કેમકે તે મહાહિમવંત જેટલો જ ઉંચો છે.

**સમવાય-૮૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૮૩ ❀

-- x -- x --

● સૂત્ર-૧૬૨ :-

*૦ શ્રમણ ભગવંત મહાવીર ૮૨-રાત્રિ-દિન વીત્યા અને ૮૩મો રાત્રિદિન વર્તતો હતો ત્યારે એક ગર્ભથી બીજા ગર્ભમાં સંહરાયા.. ૦ અરહંત શીતલને ૮૩-ગણ, ૮૩-ગણધરો હતા.. ૦ સ્થવિર મંડિલ પુત્ર ૮૩ વર્ષનું સર્વાયુ પાળી સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા.. ૦ અરહંત ઋષભ કૌશલિક ૮૩-લાખ પૂર્વ ગૃહવાસમાં રહી, મુંડ થઈ યાવત્ પ્રવ્રજિત થયા.. ૦ ચાતુરંત ચક્રવર્તી ભરત ૮૩-લાખ પૂર્વ ગૃહવાસમાં રહી, જિન-કેવલી-સર્વજ્ઞ-સર્વદર્શી થયા.*

● વિવેચન-૧૬૨ :-

૮૩મું સ્થાનક - અહીં શીતલ જિનના ૮૩-ગણ, ૮૩-ગણધરો કહ્યા, પણ આવશ્યક સૂત્રમાં-૮૧ કહ્યા છે, તે મતાંતર જાણવું.

સ્થવિર મંડિતપુત્ર, મહાવીર પ્રભુના છટ્ઠા ગણધર, તેનું સર્વાયુ ૮૩ વર્ષનું હતું, તે આ રીતે – ૫૩ વર્ષ ગૃહસ્થ પર્યાયમાં, ૧૪ વર્ષ છદ્મસ્થ પર્યાયમાં અને ૧૬-વર્ષ કેવલીપણે, એ રીતે કુલ-૮૩-વર્ષ થયા.

કોશલ દેશમાં થયા માટે કૌશલિક. ૨૦-લાખ પૂર્વકુમારપણે, ૬૩ લાખ પૂર્વ રાજ્યમાં.. તથા ભરત ચક્રવર્તી ૭૭ લાખ પૂર્વકુમારપણે, ૬ લાખ પૂર્વ ચક્રવર્તીપણે એ રીતે ૮૩-લાખ પૂર્વ ગૃહવાસમાં વસીને જિન થયા અર્થાત્ રાજ્યાવસ્થામાં જ રાગાદિના ક્ષયથી કેવલી-સંપૂર્ણપણે કોઈની સહાય વિના વિશુદ્ધ જ્ઞાનાદિ ત્રણના યોગથી કેવલી થયા, વિશેષ બોધથી સર્વજ્ઞ અને સામાન્ય બોધથી સર્વદર્શી થઈ, પ્રવ્રજ્યા ગ્રહણ કરવાપૂર્વક એક લાખ પૂર્વ સુધી કેવલીપણે વિચરીને સિદ્ધ થયા.

**સમવાય-૮૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૮૪ ❀

-- x -- x --

● સૂત્ર-૧૬૩ :-

*૦ ૮૪ લાખ નરકાવાસા છે.. ૦ અરહંત ઋષભ કૌશલિક ૮૪-લાખ પૂર્વનું સર્વાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા.. ૦ એ પ્રમાણે ભરત, બાહુબલી, બ્રાહ્મી, સુંદરીને જાણવા.. ૦ અરહંત શ્રેયાંસ ૮૪ લાખ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ યાવત્ દુઃખ મુક્ત થયા.. ૦ ત્રિપૃષ્ઠ વાસુદેવ ૮૪-લાખ વર્ષનું સર્વાયુ પાળીને અપ્રતિષ્ઠાન નરકે નૈરયિક થયા.*

*૦ દેવેન્દ્ર દેવરાજ શક્રને ૮૪,૦૦૦ સામાનિક દેવો છે.. ૦ સર્વે બાહ્ય મેરુ પર્વતો ૮૪-૮૪ હજાર યોજન ઉંચા છે.. ૦ સર્વે અંજનગ પર્વતો ૮૪-૮૪ હજાર યોજન ઉંચા છે.. ૦ હરિવર્ષ અને રમ્યક્ ક્ષેત્રની જીવાના ધનુઃપૃષ્ઠનો વિસ્તાર ૮૪૦૧૬-૪/૧૯ યોજન પરિક્ષેપથી કહ્યો છે.*

*૦ પંક બહુલ કાંડના ઉપરના ચરમાંતથી નીચેના ચરમાંત સુધી ૮૪ લાખ*



*યોજન અબાધાએ આંતરું છે.. ૦ વિવાહ પ્રજ્ઞપ્તિ-ભગવતી સૂત્રના કુલ ૮૪,૦૦૦ પદો છે.. ૦ ૮૪ લાખ નાગકુમાર આવાસો છે.*

*૦ ૮૪,૦૦૦ પ્રકીર્ણકો છે.. ૦ ૮૪ લાખ જીવ યોનિ પ્રમુખ કહ્યા છે.. ૦ પૂર્વથી આરંભીને શીર્ષપ્રહેલિકા પર્યન્ત સ્વસ્થાનથી સ્થાનાંતરોનો ૮૪ લાખે ગુણાકાર કહ્યો છે.. ૦ અરહંત ઋષભને ૮૪,૦૦૦ શ્રમણો હતા... ૦ સર્વે મળીને વિમાન આવાસો ૮૪,૯૭,૦૨૩ છે તેમ કહ્યું છે.*

● વિવેચન-૧૬૩ :-

૮૪મું સ્થાનક - ૮૪ લાખ નરકાવાસો છે, આ રીતે – અનુક્રમે (૧) ૩૦ લાખ, (૨) ૨૫ લાખ, (૩) ૧૫ લાખ, (૪) ૧૦ લાખ, (૫) ૩ લાખ, (૬) પાંચ ઓછા ૧-લાખ, (૭) પાંચ, આ સર્વે મળીને ૮૪-લાખ થાય છે.

૦ શ્રેયાંસ, ૧૧-માં તીર્થંકર-૨૧ લાખ વર્ષ કુમારપણે, ૪૨ લાખ રાજ્યમાં, ૨૧-લાખ પ્રવ્રજ્યામાં એ રીતે ૮૪-લાખ પાળીને સિદ્ધ થયા.

૦ ત્રિપૃષ્ઠ, પહેલા વાસુદેવ, શ્રેયાંસ જિનના કાળે થયા. તે અપ્રતિષ્ઠાન નરકે - સાતમી નારકીમાં પાંચ નરકાવાસની મધ્યે, ઉત્પન્ન થયા.

૦ સામાનિક - સમાન ઋદ્ધિવાળા.. ૦ બાહ્ય-જંબૂદ્વીપના મેરુ સિવાયના ચાર મેરુ પર્વતો ૮૪,૦૦૦ યોજન ઉંચા છે.. ૦ જંબૂદ્વીપથી આઠમા નંદીશ્વર નામક દ્વીપમાં ચક્રવાલ વિષ્કંભના મધ્યભાગે પૂર્વ આદિ ચારે દિશામાં ચાર અંજનરત્નમય અંજનક પર્વતો છે.

૦ હરિવર્ષ - અહીં યોજનના ચાર ભાગ કહ્યા તે ૪/૧૯ જાણવા. આ અર્થ માટે કહે છે - ૮૪,૦૧૬ યોજન તથા ૪-કળા ધનુપૃષ્ઠ જાણવું.

૦ પંકબહુલ, બીજો કાંડ છે, તેનું બાહલ્ય ૮૪,૦૦૦ યોજનનું છે.

૦ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અર્થાત્ ભગવતી સૂત્ર, તેમાં પદ પરિણામથી ૮૪,૦૦૦ પદો છે. અહીં જ્યાં અર્થની ઉપલબ્ધિ થાય તે પદ. મતાંતરે તો 'આચાર' સૂત્રના ૧૮,૦૦૦ પદ છે, બાકીના અંગો તેથી બમણા પ્રમાણવાળા છે. તેથી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના પદ ૨,૮૮,૦૦૦ થાય છે.

૦ નાગકુમારના આવાસો દક્ષિણમાં ૪૪-લાખ, ઉત્તરમાં ૪૦-લાખ છે. એ રીતે ૮૪-લાખ છે.. ૦ યોનિ એટલે જીવોત્પત્તિ સ્થાનો, તે રૂપી પ્રમુખ-દ્વાર, તે યોનિ પ્રમુખ-૮૪ લાખ છે, તે આ રીતે - પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ તે એકૈકની સાત-સાત લાખ યોનિ કહી, પ્રત્યેક વનસ્પતિની દશ લાખ અનંતકાયની ચૌદ લાખ, વિકલેન્દ્રિયની ત્રણેની બબ્બે લાખ, નારક, તિર્યંચ અને દેવની ચાર-ચાર લાખ, મનુષ્યની ૧૪-લાખ. એ રીતે ૮૪ લાખ. જોકે જીવોના ઉત્પત્તિ સ્થાનો અસંખ્યાતા છે, તો પણ સમાન વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા ઘણા સ્થાનોને એક જ સ્થાનપણે વિવક્ષા હોવાથી કહેલ યોનિ સંખ્યામાં દોષ ન જાણવો.

૦ પૂર્વ છે આદિમાં જેને તે પૂર્વાદિ, તથા શીર્ષ પ્રહેલિકા અંતે છે જેને તે શીર્ષપ્રહેલિકા પર્યવસાન. તેના સ્વસ્થાન થકી - પૂર્વ પૂર્વ સ્થાનથી ઉત્તરોત્તર સંખ્યાસ્થાનની

ઉત્પત્તિ સ્થાનવાળા સંખ્યા વિશેષ થકી અર્થાત્ ગુણનીયાદિ, સ્થાનાંતરો પણ અનંતર સંખ્યાસ્થાનો અર્થાત્ ગુણાકારથી ઉત્પન્ન થયેલ વ્યવધાનરહિત તુરંતના સંખ્યા વિશેષ જેને વિશે છે તે સ્વસ્થાનસ્થાનાંતર અથવા સ્વસ્થાન એટલે પૂર્વસ્થાન અને સ્થાનાંતર એટલે અનંતર સ્થાન - x - x - ઇત્યાદિ. તેનો ૮૪ લાખ વડે ગુણાકાર કરવો. તે આ રીતે જાણવું—

૮૪ લાખ x ૮૪ લાખ વર્ષે એક પૂર્વાંગ થાય છે, તે સ્વસ્થાન છે, તેને ૮૪ લાખ વડે ગુણવાથી એક પૂર્વ થયું તે સ્થાનાંતર કહેવાય છે.

એ પ્રમાણે પૂર્વ સ્વસ્થાન છે, તેને ૮૪ લાખે ગુણવાથી પછીનું સ્થાન ત્રુટિતાંગ થાય છે. એ રીતે ૮૪ લાખ-૮૪ લાખે ગુણી ઉત્તરોત્તર સ્થાન જાણવા. તે આ રીતે — પૂર્વ, ત્રુટિત, અડડ, અવવ, હૂહૂક, ઉત્પલ, પદ્મ, નલિન, અર્થનિપૂર, અયુત, નયુત, પ્રયુત, ચૂલિકા, શીર્ષપ્રહેલિકા. આ ચૌદ નામ અંગ શબ્દ વડે યુક્ત કરવા. જેમકે પૂર્વાંગ. એ રીતે ૨૮-સ્થાનો થાય છે. અહીં શીર્ષપ્રહેલિકાના ૯૪ અંક આવે છે. આ અંકોના નામ પૂર્વાંગ, પૂર્વ આદિ છે.

૮૪ સ્થાનકોનો આ લેખ આ પ્રમાણે — (૧) ૩૨ લાખ, (૨) ૨૮ લાખ, (૩) ૧૨ લાખ, (૪) ૮ લાખ, (૫) ૪ લાખ એ રીતે પાંચ કલ્પ સુધીમાં ૮૪ લાખ વિમાનો છે. પછી (૬) ૫૦,૦૦૦, (૭) ૪૦,૦૦૦, (૮) ૬૦૦૦, (૯,૧૦) ૪૦૦, (૧૧,૧૨) ૩૦૦, હેટ્ઠિમ ગ્રૈવેયકમાં ૧૧૧, મધ્યમ ગ્રૈવેયકે-૧૦૭, ઉવરિમ ગ્રૈવેયકે ૧૦૦ અને અનુત્તરમાં-૫-વિમાનો છે. સર્વે મળીને ૮૪,૯૭,૦૨૩ વિમાનો છે. આ વિમાનો આ પ્રમાણે હોય છે. એ હેતુ માટે ભગવંતને સર્વજ્ઞપણું હોવાથી અને સત્યવાદીપણું હોવાથી કહ્યા છે.

**સમવાય-૮૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૮૫ ❀

— x — x —

● **સૂત્ર-૧૬૪ :-**

***૦ ચૂલિકા સહિત પૂજ્ય 'આચાર' સૂત્રના ૮૫-ઉદ્દેશનકાલ કહ્યા છે.. ૦ ધાતકીખંડના બે મેરુ પર્વત ૮૫,૦૦૦ યોજન ઉંચા છે.. ૦ રુચકનો માંડલિક પર્વત ૮૫,૦૦૦ યોજન ઉંચો છે.. ૦ નંદનવનના નીચેના ચરમાંતથી સૌગંધિક કાંડના નીચેના ચરમાંત સુધી ૮૫૦૦ યોજન અબાધા અંતર છે.***

● **વિવેચન-૧૬૪ :-**

હવે ૮૫મું સ્થાનક - તેમાં 'આચાર' નામે પહેલું અંગ, તેમાં પહેલા શ્રુતસ્કંધના નવ અધ્યયનો છે. બીજા શ્રુતસ્કંધમાં પાંચ ચૂલિકા છે, તેમાં પાંચમી 'નિશીથ' નામક ચૂલિકાનું સ્થાન જુદું હોવાથી અહીં ગૃહિત નથી. પહેલી, બીજી ચૂલિકા સાત-સાત અધ્યયનવાળી છે. ત્રીજી, ચોથી ચૂલિકા એક-એક અધ્યયનાત્મક છે - x - ચૂલિકા સહિત ''આચાર''ના ૮૫-ઉદ્દેશન કાળ છે. કેમકે દરેક અધ્યયનના તેટલા જ ઉદ્દેશનકાળ છે, તે આ પ્રમાણે—



પહેલા શ્રુતસ્કંધના નવ અધ્યયનોમાં અનુક્રમે, ૭,૬,૪,૪,૬,૫,૮,૪,૭ એ રીતે ૫૧-ઉદ્દેશનકાળ છે. બીજા શ્રુતસ્કંધમાં પહેલી ચૂલિકામાં સાત અધ્યયનોમાં અનુક્રમે — ૧૧,૩,૩,૨,૨,૨,૨ ઉદ્દેશા, બીજી ચૂલિકામાં સાતે અધ્યયનો એક-એક ઉદ્દેશાવાળા, ત્રીજી અને ચોથી ચૂલિકા એક-એક અધ્યયનવાળી છે. તેથી તેના ૩૪-ઉદ્દેશો મળીને કુલ ૮૫ ઉદ્દેશનકાળ છે.

ધાતકી ખંડના બંને મેરુ પર્વતો ૮૪,૦૦૦ યોજન ભૂમિમાં છે અને ૮૪,૦૦૦ યોજન ભૂમિથી ઉંચા છે, તેથી કુલ ૮૫,૦૦૦ યોજન છે. પુષ્કરાર્ધના બંને મેરુ પણ જાણવા. વિશેષ એ કે — સૂત્ર ગતિના વૈચિત્ર્યથી તે કહ્યા નથી.

રુચક - રુચક નામે ૧૩માં દ્વીપમાં રહેલ પ્રાકાર-આકૃતિવાળો રુચકદ્વીપના બે વિભાગ કરતો પર્વત છે, તે મંડલાકારે રહેલો હોવાથી મંડલિક પર્વત કહેવાય છે. તે ૧૦૦૦ યોજન ભૂમિમાં, ૮૪,૦૦૦ યોજન ઉંચો છે. એ રીતે કુલ ૮૫,૦૦૦ યોજનનો છે.

મેરુ પર્વતની ૫૦૦ યોજન ઉંચી પહેલી મેખલમાં રહેલ નંદનવનના ભૂમિતલના ચરમાંતથી સૌગંધિક કાંડ-રત્નપ્રભા પૃથ્વીના ખરકાંડ નામક પહેલા કાંડ અંતર્ગત્ સૌગંધિક નામક રત્નમય આઠમા કાંડની નીચેનો ચરમાંત ૮૫૦૦ યોજન આંતરે રહેલ છે. તે આ રીતે - ૫૦૦ યોજન મેરુ સંબંધી તથા ૧૦૦૦ યોજનવાળા દરેક કાંડ છે, એ રીતે આ આઠમો કાંડ ૮૦૦૦ યોજન દૂર છે, તેથી કુલ ૮૫૦૦ યોજનનું આંતરું છે.

**સમવાય-૮૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૮૬ ❀

— x — x —

● **સૂત્ર-૧૬૫ :-**

***અરહંત સુવિધિ-પુષ્પદંતને ૮૬-ગણો અને ૮૬-ગણધરો હતા.. ૦ અર્હત્ સુપાર્શ્વને ૮૬૦૦ વાદી હતા.. ૦ બીજી પૃથ્વીના બહુમધ્ય દેશભાગથી બીજા ઘનોદધિના નીચેના ચરમાંત સુધી ૮૬,૦૦૦ યોજન અંતર છે.***

● **વિવેચન-૧૬૫ :-**

૮૬મું સ્થાનક - સુવિધિ, નવમાં જિનના અહીં ૮૬ ગણ અને ગણધરો કહ્યા છે, આવશ્યકમાં-૮૮ કહ્યા છે, તે મતાંતર જાણવું.

બીજી પૃથ્વી - શર્કરાપ્રભા, તેનું બાહલ્ય ૧,૩૨,૦૦૦ યોજન છે, તેનું અર્ધ કરતાં ૬૬,૦૦૦ યોજન થાય, તથા તેની નીચે રહેલ બીજી પૃથ્વી સંબંધી હોવાથી બીજો ઘનોદધિ બાહલ્યથી ૨૦,૦૦૦ યોજન છે. એમ કુલ ૮૬,૦૦૦ છે.

**સમવાય-૮૬-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૮૭ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૬૬ :-**

*૦ મેરુ પર્વતના પૂર્વ ચરમાંતથી ગોસ્તૂભ આવાસ પર્વતના પશ્ચિમ ચરમાંત સુધી ૮૭,૦૦૦ યોજન અબાધાએ અંતર છે.. ૦ મેરુ પર્વતના દક્ષિણ ચરમાંતથી દકભાસ આવાસ પર્વતના ઉત્તર ચરમાંત સુધી ૮૭,૦૦૦ અબાધા અંતર છે.. ૦ મેરુ પર્વતના પશ્ચિમ ચરમાંતથી શંખ આવાસના પૂર્વ છેડા સુધી અને ૦ મેરુના ઉત્તર ચરમાંતથી દકસીમ આવાસ પર્વતના દક્ષિણ ચરમાંત સુધી ૮૭,૦૦૦ યોજન અબાધાએ આંતરું કહ્યું છે.*

*૦ પહેલા અને છેલ્લા કર્મ સિવાયના બાકીના છ કર્મની ઉત્તર-પ્રકૃતિઓ-૮૭ કહી છે.. ૦ મહાહિમવંત કૂટના ઉપરિમ અંતથી સૌગંધિક કાંડથી નીચેના ચરમાંત સુધીમાં ૮૭૦૦ યોજનનું અબાધાએ આંતરું કહ્યું છે.. ૦ એ જ પ્રમાણે રુકમી કૂટનું પણ કહેવું.*

● **વિવેચન-૧૬૬ :-**

૮૭મું સ્થાનક - ૦ મેરુના પૂર્વાંતથી જંબૂદ્વીપની અંદરનો ભાગ ૪૫,૦૦૦ યોજન છે, ૪૨,૦૦૦ યોજન લવણસમુદ્રમાં જતા વેલંધરનાગરાજનો આવાસરૂપ ગોસ્તૂભ પર્વત પૂર્વ દિશામાં છે. એ રીતે સૂત્રોક્ત અંતર થાય છે.. એ જ પ્રમાણે બીજા ત્રણેનું આંતરું જાણવું. - તથા -

૦ પહેલી જ્ઞાનાવરણ અને છેલ્લી અંતરાય એ બે કર્મપ્રકૃત્તિરહિત શેષ છ કર્મપ્રકૃતિ - દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ અને ગોત્ર કર્મની ૮૭-ઉત્તર પ્રકૃતિઓ છે, તે આ રીતે — દર્શનાવરણાદિ છ કર્મોની ઉત્તર પ્રકૃતિ અનુક્રમે — ૯,૨,૨૮,૪,૪૨,૨ મળીને ૮૭ થશે.

૦ મહાહિમવંત, બીજા વર્ષધર પર્વત ઉપર સિદ્ધાયતન, મહાહિમવત્, આદિ આઠ કૂટો છે, તે ૫૦૦ યોજન ઉંચા છે, તેમાં મહાહિમવંત કૂટના ૫૦૦ યોજન, મહાહિમવંત વર્ષધર પર્વતની ઉંચાઈ ૨૦૦ યોજન, રત્નપ્રભાના ખરકાંડના અવાંતર કાંડમાંના સૌગંધિક કાંડ સુધીના આઠ કાંડો કે જે દરેક ૧૦૦૦ યોજન છે, તેના ૮૦૦૦ યોજન મળીને ૮૭૦૦ યોજન છે.

૦ એ જ પ્રમાણે રુકમી નામે પાંચમાં વર્ષધર પર્વત ઉપર જે બીજું રુકમી કૂટ છે. તેનું આંતરું મહાહિમવંત કૂટ સમાન જ કહેવું.

**સમવાય-૮૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૮૮ ❀

-- x -- x --

● **સૂત્ર-૧૬૭ :-**

*૦ એક એક ચંદ્ર-સૂર્યના ૮૮-૮૮ મહાગ્રહો રૂપ પરિવાર કહ્યો છે.. ૦ દૃષ્ટિવાદના ૮૮ સૂત્રો છે, તે આ રીતે — ઋજુસૂત્ર, પરિણતાપરિણત, આદિ ૮૮ સૂત્રો નંદી સૂત્રમાં કહ્યા છે, તેમ કહેવા.. ૦ મેરુ પર્વતના પૂર્વ ચરમાંતથી ગોસ્તૂભ આવાસ પર્વતના પૂર્વ ચરમાંત સુધી ૮૮,૦૦૦ યોજનનું અબાધાએ અંતર કહ્યું છે.. ૦ એ પ્રમાણે ચારે દિશામાં જાણવું.*

*૦ સર્વાભ્યંતર મંડલરૂપ બાહ્ય ઉત્તર દિશાથી પહેલા છ માસ પ્રતિ આવતો સૂર્ય જ્યારે ૪૪માં મંડલે આવે ત્યારે મુહૂર્તના ૮૮/૬૧ ભાગ જેટલી દિવસ ક્ષેત્રની હાનિ અને તેટલા જ રાત્રિ ક્ષેત્રની વૃદ્ધિથી ગતિ કરે છે. તથા દક્ષિણ દિશાથી બીજા છ માસ તરફ આવતો સૂર્ય ૪૪માં મંડલે આવે ત્યારે મુહૂર્ત્તના ૮૮/૬૧ ભાગ રાત્રિની હાનિ અને દિનની વૃદ્ધિ કરે છે.*

● **વિવેચન-૧૬૭ :-**

૮૮મું સ્થાનક - ચંદ્ર, સૂર્ય અસંખ્યાતા છે, તો પણ અહીં દરેક ચંદ્ર-સૂર્યના પરિવારભૂત ૮૮ ગ્રહો જાણવા. અહીં ચંદ્ર-સૂર્ય યુગલના ૮૮ મહાગ્રહો છે, તેમ જાણવું. જો કે આ ગ્રહો ચંદ્રના જ પરિવારરૂપ છે એમ અન્યત્ર કહ્યું છે, તો પણ સૂર્ય પણ ઈન્દ્ર હોવાથી તેનો પરિવાર છે.

દૃષ્ટિવાદ, બારમું અંગ. તે પાંચ પ્રકારે છે — પરિકર્મ, સૂત્ર, પૂર્વગત, પ્રથમાનુયોગ, ચૂલિકા. તેમાં બીજો ભેદ તે સૂત્ર, તેમાં ૮૮ સૂત્રો છે. "જેમ નંદી સૂત્રમાં કહ્યા છે તેમ" એમ કહીને સૂત્રો દેખાડ્યા, તે પછી કહેશે.

મેરુના પૂર્વાંતથી જંબૂદ્વીપનો છેડો ૪૫,૦૦૦ યોજન દૂર છે. ત્યાંથી ૪૨,૦૦૦ યોજને ગોસ્તૂભ પર્વત છે, તેનો વિષ્કંભ ૧૦૦૦ યોજન છે, તેથી સૂત્રોક્ત-૮૮નો અંક આવે છે. આ જ ક્રમે દક્ષિણાદિ દિશામાં રહેલ દકાવભાસ, શંખ, દકસીમ નામે વેલંધર નાગરાજના નિવાસરૂપ પર્વતોને આશ્રીને કહેવું.

બાહ્ય - સર્વાભ્યંતર મંડલરૂપ ઉત્તર દિશાથી - x - પહેલા છ માસ તરફ એટલે દક્ષિણાયન તરફ આવતો સૂર્ય ૪૪માં મંડલમાં જાય ત્યારે મુહૂર્ત્તના ૮૮/૬૧ ભાગ દિવસની હાનિ કરીને તથા તેટલી જ રાત્રિની વૃદ્ધિ કરીને ચાર ચરે છે - ભ્રમણ કરે છે. ભાવાર્થ આ છે - દરેક મંડલે મુહૂર્ત્તના ૨/૬૧ ભાગ દિવસની હાનિ થાય છે, તેથી ૪૪માં મંડલે ૮૮ ભાગ જેટલી હાનિ થાય અને તેટલા જ ભાગ પ્રમાણ રાત્રિની વૃદ્ધિ થાય છે. સૂત્રમાં બે વખત સૂર્ય શબ્દ દિવસ અને રાત્રિના આશ્રીને બે વાક્યના ભેદની કલ્પનાથી લખ્યો છે, તેથી પુનરુક્તિ દોષ ન જાણવો. - x -

દક્ષિણ૦ ઈત્યાદિ સૂત્ર ઉપરના સૂત્રની જેમ જાણવું. વિશેષ એ કે - અહીં દિવસની વૃદ્ધિ અને રાત્રિની હાનિ જાણવી.

**સમવાય-૮૮-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ સમવાય-૮૯ ❁

-- x -- x --

● સૂત્ર-૧૬૮ :-

*અરહંત ઋષભ કૌશલિક આ અવસર્પિણીના "સુષમદુષમ" નામક ત્રીજા આરાને અંતે ૮૯ અર્ધમાસ બાકી હતા ત્યારે કાળધર્મ પામ્યા યાવત્ સર્વ દુઃખથી રહિત થયા.. ૦ શ્રમણ ભગવંત મહાવીર અવસર્પિણીના ચોથા દુષમસુષમ આરાને છેડે ૮૯ અર્ધમાસ બાકી હતા ત્યારે કાળધર્મ પામ્યા યાવત્ સર્વદુઃખ રહિત થયા.. ૦ ચાતુરંત ચક્વર્તી રાજા હરિષેણ ૮૯૦૦ વર્ષ સુધી મહારાજા હતા.. ૦ અરહંત શાંતિને ૮૯,૦૦૦ સાધ્વીઓ રૂપ ઉત્કૃષ્ટ સાધ્વી સંપદા હતી.*

● વિવેચન-૧૬૮ :-

૮૯મું સ્થાનક - સુષમદુઃષમ નામે ત્રીજા આરામાં ૩ વર્ષ, ૮॥ માસ રહ્યા ત્યારે. યાવત્ શબ્દથી અંતકૃત્, સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા તેમ જાણવું.

હરિષેણ ચક્વર્તી ૧૦,૦૦૦ વર્ષનું સર્વાયુ પાળ્યુ. તેમાં ૮૯૦૦ વર્ષ રાજ્ય કર્યુ, બાકી ૧૧૦૦ વર્ષ કુમારપણામાં, માંડલિકત્વ, સાધુપણે જાણવા.

અહીં શાંતિ જિનની સાધ્વી સંપદા ૮૯૦૦૦ કહી છે, પણ આવશ્યક સૂત્રમાં તો ૬૧,૬૦૦ કહેલ છે, તે મતાંતર જાણવું.

**સમવાય-૮૯-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ સમવાય-૯૦ ❁

-- x -- x --

● સૂત્ર-૧૬૯ :-

*અરહંત શીતલ ૯૦-ધનુષ્ ઉંચા હતા.. ૦ અરહંત અજિતને ૯૦ ગણ, ૯૦ ગણધર હતા.. ૦ શાંતિનાથને પણ એમજ જાણવું.. ૦ સ્વયંભૂ વાસુદેવે ૯૦ વર્ષે વિજય કર્યો.. ૦ સર્વે વૃત્તવૈતાઢ્ય પર્વતના ઉપરના શિખરતલથી સૌગંધિક કાંડના હેઠલા ચરમાંત સુધી ૯૦૦૦ યોજન અંતર છે.*

● વિવેચન-૧૬૯ :-

૯૦મું સ્થાનક - અહીં અજિતનાથ અને શાંતિનાથના ૯૦-૯૦ ગણ, ગણધર કહ્યા છે. પણ આવશ્યકમાં અજિતનાથના-૯૫ અને શાંતિનાથના-૩૬ કહ્યા છે, તે મતાંતર જાણવું.. ૦ સ્વયંભૂ, ત્રીજા વાસુદેવને ૯૦ વર્ષ વિજય-પૃથ્વીને સાધવાનો વ્યાપાર હતો. શબ્દાપાતી આદિ ૨૦ વૃત્ત વૈતાઢ્યો ૧૦૦૦ યોજન ઉંચા છે, સૌગંધિક કાંડનો ચરમાંત ૮૦૦૦ યોજન પ્રમાણ એટલે ૯૦૦૦ યોજન અંતર સૂત્રમાં કહ્યું છે, તે બરાબર છે.

**સમવાય-૯૦-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❁ સમવાય-૯૧ ❁

-- x -- x --

● સૂત્ર-૧૭૦ :-

*પર વૈયાવચ્ચ કર્મપ્રતિમા ૯૧-કહી છે.. ૦ કાલોદ સમુદ્રની પરિધિ કંઈક અધિક ૯૧-લાખ યોજન છે.. ૦ અર્હત્ કુંથુને ૯૧૦૦ અવધિજ્ઞાનીની સંપદા હતી.. ૦ આયુ, ગોત્ર સિવાયના છ કર્મની ૯૧ ઉત્તરપ્રકૃતિ છે.*

● વિવેચન-૧૭૦ :-

૯૧મું સ્થાનક - તેમાં પર - પોતાના સિવાયના, વૈયાવૃત્ય કર્મ - ભોજન પાનાદિથી ઉપષ્ટંભ ક્રિયા કરવા રૂપ પ્રતિમા - અભિગ્રહ વિશેષ, તે પરવૈયાવૃત્યકર્મ પ્રતિમા. આ પ્રતિમા બીજે ક્યાંય જોવામાં આવતી નથી. કેવલ વિનય વડે વૈયાવૃત્યના આ ભેદો સંભવે છે.

તે આ પ્રમાણે - દર્શનગુણોથી જેઓ અધિક હોય તેઓનો સત્કાર આદિ દશ પ્રકારે વિનય કરવો. કહ્યું છે — સત્કાર, અભ્યુત્થાન, સન્માન, આસનાભિગ્રહ, આસનાનુપ્રદાન, કૃતિકર્મ, અંજલિપ્રગ્રહ, આવતાની સામે જવું, સ્થિર રહેલાની પર્યુપાસના, જતાની પાછળ જવું. આ દશ ભેદે શુશ્રૂષા વિનય કહ્યો. તેમાં

(૧) સત્કાર એટલે વાંદવું, સ્તુતિ કરવી. (૨) અભ્યુત્થાન - આસનત્યાગ, (૩) સન્માન - વસ્ત્રાદિથી પૂજન, (૪) આસનાભિગ્રહ - પાસે આવીને ઉભા હોય તેને આસન આપી - "અહીં બેસો" એમ કહેવું, (૫) આસનાનુપ્રદાન - આસનને એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જવું તે, (૬ થી ૧૦) કૃતિકર્માદિ પાંચ ભેદોનો અર્થ સ્પષ્ટ છે.

તીર્થંકર આદિ ૧૫ પદને અનાશાતનાદિ ચાર પદ વડે ગુણતાં ૬૦ પ્રકારે અનાશાતના વિનય થાય છે. તે ૧૫-પદ આ પ્રમાણે—

(૧) તીર્થંકર, (૨) ધર્મ, (૩) આચાર્ય, (૪) વાચક, (૫) સ્થવિર, (૬) કુલ, (૭) ગણ, (૮) સંઘ, (૯) સાંભોગિક, (૧૦) ક્રિયા, (૧૧ થી ૧૫) મતિજ્ઞાનાદિ. અહીં આ રીતે ભાવના કરવી. - તીર્થંકરોની જે અનાશાતના તે તીર્થંકર અનાસાતના, તીર્થંકર પ્રજ્ઞપ્ત ધર્મની અનાશાતના, એ પ્રમાણે સર્વત્ર ભાવના કરવી...

અનાશાતનાદિ ચાર પદ આ પ્રમાણે— તીર્થંકરથી આરંભીને કેવલજ્ઞાન સુધી ૧૫-પદોની (૧) અનાશાતના, (૨) ભક્તિ, (૩) બહુમાન, (૪) વર્ણવાદ-પ્રશંસા. એ ચાર કરવા.

ઔપચારિક વિનય સાત ભેદે છે. કહ્યું છે કે — (૧) અભ્યાસાસન, (૨) છંદોનુવર્તન, (૩) કૃતપ્રતિકૃતિ, (૪) કારિત નિમિત્તકરણ, (૫) દુઃખાર્તગવેષણ, (૬) સર્વ અર્થમાં દેશકાળનું જાણવું, (૭) અનુમતિ. આ ઔપચારિક વિનય સંક્ષેપે કહ્યો. તેમાં — (૧) અભ્યાસન - ઉપચાર કરવા લાયક ગુરુની પાસે બેસવું.

(૨) છંદોનુવર્તન - ગુરુના અભિપ્રાયને અનુસરવું, (૩) કૃતપ્રતિકૃતિ - પ્રસન્ન થયેલા આચાર્ય સૂત્રાદિ આપશે, નિર્જરા નહીં, એમ માનનાર શિષ્ય આહારાદિ લાવી આપે. (૪) કારિત નિમિત્તકરણ - સમ્યક્ પ્રકારે શાસ્ત્રના પદ ભણાવેલા વિશેષે કરીને

વિનયમાં વર્તે અને તેને માટે ક્રિયા પણ કરે તે. (૫ થી ૭) ત્રણે પદો પ્રસિદ્ધ છે... વૈયાવૃત્ય દશ પ્રકારે છે. કહ્યું છે કે –

આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુલ, ગણ અને સંઘ. આ આ દશની વૈયાવચ્ચ કરવી. તેમાં પ્રવ્રાજના, દિક્, ઉદ્દેશ, સમુદ્દેશ અને વાચના એ પાંચ પ્રકારના આચાર્યનું વૈયાવચ્ચ કરવું તે આચાર્યવિનય છે... તથા ઔપચારિક વિનય એટલે પાસે રહેવું આદિ સાત પ્રકારે છે... તથા વૈયાવૃત્યના દશ (નવ) અને આચાર્યના પાંચ ભેદ છે. તેથી તે ચૌદ પ્રકાર થયા. એ પ્રમાણે વિનયના ૯૧-ભેદો થયા. આ જ ભેદો અભિગ્રહના વિષયરૂપ હોવાથી પ્રતિમા કહેવાય છે.

દર્શન ગુણાધિકના-૧૦, અનાશાતનાના-૬૦, ઔપચારિકના-૭, વૈયાવૃત્યના-૧૪, એ રીતે કુલ-૯૧ ભેદ થયા.

કાલોદ સમુદ્રની પરિધિ સાધિક ૯૧-લાખ યોજન છે. તેમાં જે આધિક છે, તે આ છે – ૭૦૬૦૫ યોજન, ૧૭૧૫ ધનુષ્, સાધિક-૮૭ અંગુલ.

આહોહિય - નિયમિત ક્ષેત્રને જાણનાર અવધિજ્ઞાની.

આયુ, ગોત્ર બે કર્મ વર્જીને - જ્ઞાનાવરણની-૫, દર્શનાવરણની-૯, વેદનીયની-૨, મોહનીયની-૨૮, નામની-૪૨, અંતરાયની-૫ એમ-૯૧.

**સમવાય-૯૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❁ સમવાય-૯૨ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૭૧ :-**

***પ્રતિમાઓ ૯૨ છે.. ૦ સ્થવિર ઈન્દ્રભૂતિ ૯૨ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ થયા.. ૦ મેરુ પર્વતના બહુ મધ્ય દેશ ભાગથી ગોસ્તૂભ આવાસ પર્વતના પશ્ચિમાંત સુધી ૯૨,૦૦૦ યોજન અબાધાએ આંતરુ છે.. ૦ એ જ પ્રમાણે ચારે આવાસ પર્વતનું જાણવું.***

● **વિવેચન-૧૭૧ :-**

૯૨મું સ્થાનક - પ્રતિમા એટલે અભિગ્રહ વિશેષ. તે દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ અનુસાર દેખાડે છે - તેમાં પાંચ પ્રતિમાઓ કહી છે, તે આ પ્રમાણે – (૧) સમાધિ પ્રતિમા બે પ્રકારે, (૨) ઉપધાન પ્રતિમા, (૩) વિવેક પ્રતિમા, (૪) પ્રતિસંલીનતા પ્રતિમા, (૫) એકલવિહાર પ્રતિમા. તેમાં (૧) સમાધિ પ્રતિમા બે ભેદે - શ્રુતસમાધિ, ચારિત્રસમાધિ. દર્શનને જ્ઞાનમાં ગણેલ છે, માટે દર્શનપ્રતિમા જુદી કહી નથી.. તેમાં શ્રુતસમાધિ પ્રતિમાના ૬૨-ભેદ છે. તે આ –

‘આચાર’ના પહેલા શ્રુતસ્કંધમાં-૫, બીજામાં-૩૭, સ્થાનાંગમાં-૧૬, વ્યવહારમાં-૪, આ બધી મળીને-૬૨. જો કે આ પ્રતિમા ચારિત્રસ્વભાવી છે, તો પણ વિશિષ્ટ શ્રુતવાન્‌ને જ હોય, તેથી શ્રુતના પ્રધાનત્વથી શ્રુત સમાધિ પ્રતિમાપણે કહી છે, તેમ સંભવે છે.. સામાયિક, છેદોપસ્થાપનીય આદિ ચારિત્ર સમાધિ પ્રતિમા પાંચ છે...

ઉપધાન પ્રતિમા બે ભેદે છે–ભિક્ષુ પ્રતિમા અને શ્રાદ્ધ પ્રતિમા. તેમાં ભિક્ષુ પ્રતિમા પૂર્વે કહ્યા મુજબ-૧૨ છે. શ્રાવક પ્રતિમા-૧૧ છે, તે પૂર્વે કહી છે. એ બંને ૨૩ થઈ.

વિવેક પ્રતિમા એક જ છે, અહીં ક્રોધાદિ આભ્યંતર અને ગણશરીર-ઉપધિ-ભક્તપાનાદિ બાહ્ય વિવેક યોગ્ય પદાર્થો ઘણા છે, તો પણ એકપણાની વિવક્ષા કરી છે.. પ્રતિસંલીનતા પ્રતિમા એક જ ભેદે છે, જો કે આ પ્રતિસંલીનતામાં ઈન્દ્રિય, યોગ, કષાય, વિવિક્ત, શયનાસન એ રીતે ઈન્દ્રિય અને નોઈન્દ્રિયનું સ્વરૂપ આવે તો પણ ભેદથી એક જ કહી છે.

પાંચમી એકલવિહાર પ્રતિમા પણ એક જ ભેદે છે. આ પ્રતિમાનો ભિક્ષુ પ્રતિમામાં સમાવેશ થાય છે, તેથી તેની ભેદથી વિવક્ષા કરી નથી.

આ રીતે – ૬૨, ૫, ૨૩, ૧, ૧ એ રીતે કુલ-૯૨ પ્રતિમા છે.

સ્થવિર ઈન્દ્રભૂતિ, ભ૦ મહાવીરના પહેલા ગણધર, ગૃહસ્થપણે-૫૦, છદ્મસ્થપણે-૩૦, કેવલિપણે-૧૨ એ રીતે ૯૨ વર્ષ. પછી સિદ્ધ થયા. મેરુના મધ્યભાગથી જંબૂદ્વીપની જગતી ૫૦,૦૦૦ યોજન છે, ત્યાંથી ૪૨,૦૦૦ યોજન ગોસ્તૂભ પર્વત છે. તેથી ૯૨,૦૦૦ યોજન આંતરું થાય છે. આ પ્રમાણે બાકીના પર્વતોનું અંતર પણ જાણવું.

**સમવાય-૯૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૯૩ ❀

— x — x —

● **સૂત્ર-૧૭૨ :-**

***૦ અરહંત ચંદ્રપ્રભને ૯૩ ગણ, ૯૩ ગણધર હતા.. ૦ અરહંત શાંતિને ૯૩૦૦ ચૌદપૂર્વી હતા.. ૦ ૯૩માં મંડલમાં રહેલ સૂર્ય આભ્યંતર મંડળ તરફ જતો કે નીકળતો સમાન અહોરાત્રને વિષમ કરે છે.***

● **વિવેચન-૧૭૨ :-**

૯૩મું સ્થાનક - તેમાં અતિવર્તમાન - સર્વ બાહ્યથી સર્વાભ્યંતર મંડળ પ્રતિ જતો. નિવર્તમાન - સર્વાભ્યંતરથી સર્વ બાહ્ય મંડલે જતો, સૂર્ય અથવા આ બંનેનો અર્થ ઉલટ સુલટ કરવો. તે સમ અહોરાત્રને વિષમ કરે છે. - x - બંનેનું સમાનપણું ત્યારે જ હોય જ્યારે આ બંને ૧૫-૧૫ મુહૂર્તના હોય. તેમાં સર્વાભ્યંતર મંડલમાં સૂર્ય હોય ત્યારે ૧૮-મુહૂર્તનો દિવસ અને ૧૨-મુહૂર્તની રાત્રિ હોય, સર્વ બાહ્ય મંડળમાં હોય ત્યારે તેથી ઉલટું હોય.

બાકીના ૧૮૩ મંડળમાં પ્રત્યેક મંડલે ૨/૬૧ ભાગ વૃદ્ધિ કે હાનિ પામે છે.તેથી જ્યારે દિવસની વૃદ્ધિ થાય ત્યારે રાત્રિની હાનિ અને જ્યારે રાત્રિની વૃદ્ધિ થાય ત્યારે દિવસની હાનિ થાય છે. તેમાં ૯૨માં મંડલમાં ૨/૬૧ ભાગની દરેક મંડલે વૃદ્ધિ થતાં ૩-મુહૂર્ત અને ૧/૬૧ ભાગ અધિક વૃદ્ધિ કે હાનિ થાય છે. આ પ્રમાણે ૧૨-મુહૂર્તમાં ઉમેરતા કે ૧૮-મુહૂર્તમાંથી બાદ કરવાથી બંને બાજુ ૧/૬૧ ભાગ અધિક કે હીન ૧૫-મુહૂર્ત થાય છે. તેથી ૯૨માં મંડલના અર્ધ ભાગમાં અહોરાત્રની સમાનતા થાય છે અને તે જ અર્ધમંડલને છેડે અહોરાત્રની વિષમતા થાય છે. તેથી ૯૨માં મંડલના આરંભથી ૯૩-મું મંડલ આવે ત્યારે સૂત્રોક્ત અર્થ મળતો આવે છે.

**સમવાય-૯૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૯૪ ❀

— x — x —

● **સૂત્ર-૧૭૩ :-**

***નિષધ અને નીલવંત પર્વતની જીવા ૯૪૧૫૬-૨/૧૯ યોજન લાંબી છે.. ૦ અરહંત અજિતને ૯૪૦૦ અવધિજ્ઞાની હતા.***

● **વિવેચન-૧૭૩ :-**

૯૪મું સ્થાનક - અહીં પાદોન સંવાદગાથા છે - નિષધની જીવા ૯૪,૧૫૬ યોજન અને ૨-કળા કહી છે.

**સમવાય-૯૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૯૫ ❀

— x — x —

● **સૂત્ર-૧૭૪ :-**

***૦ અરહંત સુપાર્શ્વને ૯૫ ગણ, ૯૫ ગણધરો હતા.. ૦ જંબૂદ્વીપ દ્વીપના ચરમાંતથી ચારે દિશામાં લવણસમુદ્રમાં પંચાણુ-પંચાણુ હજાર યોજન જતાં ચાર મહાપાતાળ કળશો કહ્યા છે. તે આ — વડવામુખ, કેતુ, યૂપ, ઈશ્વર.. ૦ લવણસમુદ્રની બંને બાજુએ ૯૫-૯૫ પ્રદેશો ઉંડાઈ અને ઉંચાઈની હાનિ વડે કહ્યા છે.. ૦ અરહંત કુંથુ ૯૫,૦૦૦ વર્ષ સર્વ આયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખથી રહિત થયા.. ૦ સ્થવિર મૌર્યપુત્ર ૯૫ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખથી રહિત થયા.***

● **વિવેચન-૧૭૪ :-**

૦ ૯૫મું સ્થાનક - લવણસમુદ્રની બંને બાજુ ૯૫ પ્રદેશો ઉંડાઈ અને ઉંચાઈની હાનિ વડે કહ્યા છે અર્થાત્ લવણસમુદ્રના મધ્યે ૧૦,૦૦૦ યોજન ક્ષેત્ર છે. તેની ઉંડાઈ સમપૃથ્વીતલની અપેક્ષાએ ૧૦૦૦ યોજન છે. ત્યાંથી ૯૫ પ્રદેશ ઓળંગતા ઉંડાઈનો એક પ્રદેશ હાનિ પામે છે, ત્યાંથી પણ ૯૫ પ્રદેશ જઈએ ત્યાં ઉદ્વેધનો બીજો એક પ્રદેશ હાનિ પામે છે. એ રીતે ૯૫-૯૫ પ્રદેશ ઓળંગતા એક એક પ્રદેશ પ્રમાણ ઉદ્વેધની હાનિ થતાં ૯૫,૦૦૦ યોજન ઓળંગીએ ત્યારે સમુદ્રતટના પ્રદેશમાં ૧૦૦૦ યોજન ઉંડાઈની હાનિ થાય છે. એટલે કે સમભૂતલત્વ થાય છે. તથા સમુદ્રના મધ્યભાગની અપેક્ષાએ તે સમુદ્ર તટની ઉંચાઈ ૧૦૦૦ યોજન છે. તેમાં સમભૂતલરૂપ તે સમુદ્ર તટથી ૯૫ પ્રદેશ ઓળંગતા એક પ્રદેશ ઉંચાઈની હાનિ થાય છે, ત્યાંથી પણ ૯૫-પ્રદેશ જતાં બીજા એક પ્રદેશ ઉંચાઈની હાનિ થાય છે. એ પ્રમાણે ૯૫-૯૫ પ્રદેશ ઓળંગવાથી એક એક પ્રદેશની હાનિ થતાં ૯૫,૦૦૦ યોજન ઓળંગીએ ત્યારે સમુદ્ર મધ્ય ભાગે ૧૦૦૦ યોજન ઉદ્વેધ થાય છે અથવા ઉદ્વેધને માટે જ ઉત્સેધની હાનિ કહી અને તેમાં જે ૯૫ પ્રદેશો કહ્યા. તે પ્રદેશો ઓળંગવાથી ઉત્સેધથી પ્રદેશપ્રદેશની હાનિ થતા પ્રદેશ પ્રદેશનો ઉદ્વેધ થાય છે.

૦ કુંથુનાથ, ૧૭માં તીર્થંકર થયા, તેના કુમારપણે, માંડલિક રાજાપણે, ચક્રવર્તીપણે અને અનગારપણે પ્રત્યેકમાં ૨૩,૭૫૦ વર્ષ થયા.

૦ મૌર્યપુત્ર, ભ૦ મહાવીરના સાતમા ગણધર, તેનું સર્વાયુ ૯૫-વર્ષ હતું. તે આ રીતે — ગૃહસ્થપણે-૬૫, છદ્મસ્થપણે-૧૪, કેવલીપણે-૧૬.

**સમવાય-૯૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ સમવાય-૯૬ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૭૫ :-**

*૦ પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાને ૯૬-૯૬ કરોડ ગામ હોય છે.. ૦ વાયુકુમાર દેવના ૯૬ લાખ ભવનાવાસ કહ્યા છે.. ૦ વ્યવહારિક દંડ ૯૬ આંગળ લાંબો અંગુલ પ્રમાણથી હોય.. એ પ્રમાણે ધનુષ્, નાલિકા, યુગ, અક્ષ, મુશલ પણ જાણવા.. ૦ આભ્યંતરમંડલમાં સૂર્ય ૯૬-અંગુલની છાયા વડે કહેલા છે.*

● **વિવેચન-૧૭૫ :-**

૯૬મું સ્થાનક - વાયુકુમાર દેવોના ભવનો દક્ષિણમાં ૫૦-લાખ અને ઉત્તરમાં ૪૬-લાખ છે.. ૦ વ્યવહારિક દંડ એટલે જેના વડે ગાઉ આદિનું પ્રમાણ કહેવાય છે તે. અવ્યવહારિક દંડ ઉક્ત પ્રમાણથી નાનો કે મોટો હોઈ શકે છે. દંડ ચાર હાથ પ્રમાણ કહ્યો, એક હાથના ૨૪-અંગુલ, તેથી ૨૪ને ચારથી ગુણતાં-૯૬ જ થાય છે.

અભ્યંતર મંડલને આશ્રીને પહેલું મુહૂર્ત ૯૬ અંગુલની છાયાથી કહ્યું છે અર્થાત્ સૂર્ય જે દિવસે સર્વાભ્યંતર મંડલમાં ગતિ કરે છે, તે દિવસનું પહેલું મુહૂર્ત ૧૨-અંગુલના શંકુને આશ્રીને ૯૬ અંગુલની છાયાથી થાય છે. તે આ રીતે – આ દિવસ ૧૮ મુહૂર્ત પ્રમાણનો છે. તેથી દિવસનો ૧૮મો ભાગ તે એક મુહૂર્ત છે. તેથી છાયાગણિત પ્રક્રિયાથી ૧૨ અંગુલના શંકુને છેદરૂપ ૧૮ વડે ગુણવા, તેથી ૨૧૬ થાય. તેને અડધા કરતા ૧૦૮ થાય છે, તેમાંથી શંકુનું પ્રમાણ ૧૨-અંગુલ બાદ કરતાં ૯૬ અંગુલ થાય.

**સમવાય-૯૬-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ સમવાય-૯૭ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૭૬ :-**

*૦ મેરુપર્વતના પશ્ચિમચરમાંતથી ગોસ્તૂભઆવાસપર્વતના પશ્ચિમ ચરમાંત સુધી ૯૭,૦૦૦ યોજન અબાધાએ અંતર છે.. ૦ એમ ચારે દિશામાં કહેવું.. ૦ આઠે કર્મપ્રકૃતિની ૯૭ ઉત્તરપ્રકૃતિઓ છે.. ૦ ચાતુરંતચક્રવર્તી હરિષેણરાજા કંઈક ન્યૂન ૯૭૦૦ વર્ષ ગૃહવાસમાં રહી, મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયા.*

● **વિવેચન-૧૭૬ :-**

૯૭મું સ્થાનક - મેરુના પશ્ચિમાંતથી જંબૂદ્વીપનો છેડો ૫૫,૦૦૦ યોજન દૂર છે, ત્યાંથી ૪૨,૦૦૦ યોજન દૂર ગોસ્તૂભ પર્વત છે, એ રીતે સૂત્રોક્ત અંતર થાય છે.. ૦ હરિષેણ, દશમા ચક્રવર્તી કંઈક ન્યૂન ૯૭૦૦ વર્ષ ગૃહમધ્યે રહ્યા. કંઈક અધિક ૩૦૦ વર્ષ પ્રવ્રજ્યા પાળી. કેમકે તેમનું સર્વાયુ ૧૦,૦૦૦ વર્ષ હતું.

**સમવાય-૯૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## ❁ સમવાય-૯૮ ❁

-- x -- x --

● **સૂત્ર-૧૭૭ :-**

*૦ નંદનવનના ઉપરના ચરમાંતથી પાંડુકવનના નીચેના છેડા સુધી ૯૮,૦૦૦ યોજન અબાધાએ આંતરું કહ્યું છે.. ૦ મેરુ પર્વતના પશ્ચિમાંતથી ગોસ્તુભ આવાસ પર્વતના પૂર્વ ચરમાંત સુધી ૯૮,૦૦૦ યોજન અબાધાએ અંતર છે.. ૦ એ જ પ્રમાણે ચારે દિશામાં જાણવું.*

*૦ દક્ષિણ ભરતાર્ધનું ધનુપૃષ્ઠ કંઈક ન્યૂન ૯૮૦૦ યોજન લંબાઈથી કહ્યું છે.. ૦ ઉત્તર દિશામાં પહેલા છ માસ સુધી ચાલતો સૂર્ય ૪૯-માં મંડલમાં રહ્યો હોય ત્યારે એક મુહૂર્તના ૯૮/૬૧ ભાગ દિવસની હાનિ અને રાત્રિની વૃદ્ધિ કરીને સૂર્ય ગતિ કરે છે.. ૦ દક્ષિણ દિશામાં બીજા છ માસ સુધી ચાલતો સૂર્ય ૪૯માં મંડલમાં રહીને એક મુહૂર્તના ૯૮/૬૧ ભાગ રાત્રિની હાનિ અને દિવસની વૃદ્ધિ કરીને સૂર્ય ગતિ કરે છે.*

*૦ રેવતીથી આરંભીને જ્યેષ્ઠા સુધીના ૧૯-નક્ષત્રો મળીને તારાના પ્રમાણ વડે ૯૮-તારાઓ કહ્યા છે.*

● **વિવેચન-૧૭૭ :-**

૯૮મું સ્થાનક - મેરુ પર્વતનું નંદનવન ૫૦૦ યોજન ઉંચી પહેલી મેખલામાં રહેલું છે. તેમાં રહેલા ૫૦૦ યોજન ઉંચા આઠ કૂટનું આ વનના ગ્રહણ વડે ગ્રહણ થાય છે, માટે ૫૦૦ યોજન ઉંચું છે. તેથી ૧૦૦૦ યોજન થયા. પંડકવન મેરુના શિખરે રહેલ છે. મેરુની ઉંચાઈ ૯૯,૦૦૦ યોજનની છે. તેમાંથી ઉક્ત ૧૦૦૦ યોજન બાદ કરતાં ૯૮,૦૦૦ યોજન થાય.

૦ ગોસ્તૂભ સૂત્રનો અર્થ પૂર્વવત્. વિશેષ એ કે ગોસ્તુભનો વિષ્કંભ ૧૦૦૦ યોજન છે, તે ઉમેરવાથી અહીં કહ્યા મુજબ ૯૮,૦૦૦ થશે.

૦ વેયડ્ઢસ્સ૰ એવો પાઠ કોઈક પ્રતમાં દેખાય છે, તે અપપાઠ છે. સમ્યક્ પાઠ આ પ્રમાણે છે – "દક્ષિણાર્ધ ભરતનું ધનુપૃષ્ઠ કંઈક ન્યૂન ૯૮૦૦ યોજન લંબાઈથી કહ્યું છે." કેમકે અન્યત્ર કહ્યું છે – ૯૬૦૭-૧/૧૯ યોજન દક્ષિણભરતનું ધનુપૃષ્ઠ છે. વૈતાઢ્યનું ધનુપૃષ્ઠ અન્યત્ર કહ્યું છે કે ૧૦,૭૪૩ યોજન, ૧૫ કળા છે.

૦ ઉત્તરાઓ૰ આનો ભાવાર્થ પૂર્વે કહ્યા મુજબ જાણવો. વિશેષ એ કે - x - x - ૪૯ને બમણા કરવાથી ૯૮ થાય છે. બમણા કરવાનું કારણ એ કે - દરેક મંડલે દિવસ કે રાત્રિમાં એકસઠીયા બે ભાગ વૃદ્ધિ થાય છે.

૦ રેવતિ નક્ષત્ર છે, પહેલું જેને તે રેવતી પ્રથમ કહેવાય છે. તથા જ્યેષ્ઠા નક્ષત્ર છે છેલ્લું જેને તે જ્યેષ્ઠા પર્યવસાન કહેવાય છે - x - તે ૧૯-નક્ષત્રોના ૯૮ તારાઓ, તારાના પરિણામ વડે કહ્યા છે. તે આ પ્રમાણે – રેવતી નક્ષત્રના તારા-૩૨, અશ્વિનીના-૩, ભરણીના-૩, કૃતિકાના-૬, રોહિણીના-૫, મૃગશીર્ષના-૩, આર્દ્રાનો-૧, પુનર્વસુના-૫, પુષ્યના-૩, અશ્લેષાના-૬, મઘાના-૭, પૂર્વા ફાલ્ગુનીના-૨, ઉત્તરા ફાલ્ગુનીના-૨, હસ્તના-૫, ચિત્રાનો-૧, સ્વાતિનો-૧, વિશાખાના-૫, અનુરાધાના-૪,

જયેષ્ઠાના-૩. બધાં તારા મળીને ૯૭ થયા. તેમાં એક તારો ઓછો થયો તે ગ્રંથાંતર અભિપ્રાયથી છે. આ સૂત્ર મુજબ તો કોઈ એક તારાની સંખ્યા ક્યાંક અધિક સંભવે છે. એ રીતે યથોક્ત સંખ્યા થશે.

**સમવાય-૯૮-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ સમવાય-૯૯ ❀

— x — x —

● સૂત્ર-૧૭૮ :-

*૦ મેરુ પર્વત ૯૯,૦૦૦ યોજન ઉંચો છે.. ૦ નંદનવનના પૂર્વ ચરમાંતથી પશ્ચિમ ચરમાંત સુધી ૯૯૦૦ યોજન અબાધાએ આંતરું છે. એ જ પ્રમાણે દક્ષિણ ચરમાંતથી ઉત્તરના ચરમાંતનું અંતર કહેવું.*

*૦ ઉત્તરનું પ્રથમ સૂર્યમંડલ આયામ-વિષ્કંભથી સાતિરેક ૯૯,૦૦૦ યોજન છે.. ૦ બીજું સૂર્યમંડલ આયામ-વિષ્કંભથી સાધિક ૯૯,૦૦૦ યોજન છે.. ૦ ત્રીજું સૂર્યમંડલ આયામ-વિષ્કંભથી સાધિક ૯૯,૦૦૦ યોજન છે... ૦ આ રત્નપ્રભા પૃથ્વીના અંજનકાંડના નીચેના ચરમાંતથી વાણવ્યંતરના ભૂમિગૃહના ઉપરના છેડા સુધી ૯૯૦૦ યોજનનું અબાધાએ આંતરું કહેલું છે.*

● વિવેચન-૧૭૮ :-

૯૯મું સ્થાનક :- નંદનવન - મેરુનો વિષ્કંભ મૂળમાં ૧૦,૦૦૦ યોજન, નંદનવનને સ્થાને ૯૯૫૪-૬/૧૧ એટલો પર્વતનો બાહ્ય વિષ્કંભ છે, તથા નંદનવનનો અભ્યંતર મેરુ વિષ્કંભ ૮૯૫૪-૬/૧૧ યોજન છે. નંદનવનનો વિષ્કંભ ૫૦૦ યોજન છે. તેથી અભ્યંતર ગિરિ વિષ્કંભ અને બમણો કરેલ નંદનવનનો વિષ્કંભ મેળવતા પ્રાયઃ સૂત્રોક્ત આંતરુ થશે.

પ્રથમ સૂર્યમંડલ - અહીં ૧૮૦ ને બમણા કરી તે [૩૬૦] ને જંબૂદ્વીપના પ્રમાણમાંથી બાદ કરી જે રાશિ રહે, તે પહેલા મંડળનો આયામ-વિષ્કંભ થાય છે, તે ૯૯,૬૪૦ થાય છે.. બીજું મંડલ ૯૯૬૪૫-૩૫/૬૧ યોજન થાય છે. કઈ રીતે ? દરેક મંડલનું આંતરું બે-બે યોજનનું છે. સૂર્યના વિમાનનો વિષ્કંભ ૪૮/૬૧ ભાગ છે. તેને બમણા કરતાં ૫-૩૫/૬૧ યોજન છે. ભાગ આવે છે. તેને પૂર્વના મંડલના વિષ્કંભમાં ઉમેરતા ઉક્ત પ્રમાણ આવે. ત્રીજા મંડલનો વિષ્કંભ પણ એમ જ જાણવો. તે ૯૯૬૫૧-૯/૬૧ યોજન છે.

ઇમીસે૦ અંજનકાંડ દશમું છે, તેમાં રત્નપ્રભાના ઉપરના છેડા થકી તે અંજન કાંડ ૧૦,૦૦૦ છે. પહેલા કાંડમાં અને પહેલા શતકમાં વ્યંતરના નગરો છે, તેથી ૧૦૦ બાદ કરતા ૯૯૦૦ આંતરું આવશે.

**સમવાય-૯૯-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ સમવાય-૧૦૦ ❀

— x — x — x —

● સૂત્ર-૧૭૯ :-

*૦ દશ દશમિકા ભિક્ષુપ્રતિમા ૧૦૦ રાત્રિદિવસે. ૫૫૦ ભિક્ષા વડે સૂત્રમાં કહ્યા મુજબ યાવત્ આરાધેલી થાય છે.. ૦ શતભિષક નક્ષત્રને ૧૦૦ તારાઓ કહેલ છે.. ૦ અરહંત સુવિધિ-પુષ્પદંત ૧૦૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ પુરુષાદાનીય અરહંત પાર્શ્વ ૧૦૦ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ થયા યાવત્ સર્વદુઃખ રહિત થયા.. ૦ એ રીતે સ્થવિર આર્ય સુધર્મા પણ જાણવા.. ૦ સર્વે દીર્ઘવૈતાઢ્ય પર્વતો ૧૦૦-૧૦૦ ગાઉ ઉંચા છે.. ૦ સર્વે ચુલ્લ હિમવંત અને શિખરી વર્ષધર પર્વતો ૧૦૦-૧૦૦ યોજન ઉંચા અને ૧૦૦-૧૦૦ ગાઉ ભૂમિમાં છે.. ૦ સર્વે કાંચનગિરિ ૧૦૦-૧૦૦ યોજન ઉંચા અને ૧૦૦-૧૦૦ ગાઉ ભૂમિમાં છે, તે પ્રત્યેક ૧૦૦-૧૦૦ યોજન મૂલમાં વિષ્કંભવાળા છે.*

● વિવેચન-૧૭૯ :-

હવે ૧૦૦માં સ્થાનકમાં કંઈક લખાય છે — દશ દશમાં દિવસો છે જેમાં તે દશ દશમિકા, તેમાં દિવસના દશ દશકો હોય છે, - x - તેમાં ૧૦૦ દિનો આવે છે, તેથી ૧૦૦ રાત્રિદિવસો વડે એમ કહ્યું. તેમાં પહેલા દશકમાં નિત્ય એક-એક ભિક્ષા, બીજા દશકમાં બબ્બે ભિક્ષા, એ રીતે છેલ્લા દશકમાં હંમેશાં દશ-દશ ભિક્ષા હોય છે, તેથી સર્વ ભિક્ષા મળીને સૂત્રોક્ત ૫૫૦ ભિક્ષા થાય છે.

૦ પાર્શ્વનાથ ૩૦ વર્ષ કુમારપણે, ૭૦ વર્ષ અણગારપણે એમ ૧૦૦-વર્ષનું આયુ પાળીને સિદ્ધ થયા.. ૦ સ્થવિર આર્ય સુધર્મા, ભ૦ મહાવીરના પાંચમાં ગણધર, તેઓ પણ ૧૦૦ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ થયા. તેમનો ગૃહવાસ ૫૦-વર્ષ, છદ્મસ્થ પર્યાય-૪૨ વર્ષ, કેવલી પર્યાય-૮ વર્ષનો હતો.

૦ વૈતાઢ્યાદિની ઉંચાઈના ચોથે ભાગે ઉદ્વેધ-ભૂમિમાં છે.

૦ કાંચનગિરિ ઉત્તરકુરુ અને દેવકુરુમાં અનુક્રમે રહેલ પાંચ મહાદ્રહોની બંને બાજુએ દશ-દશ રહેલા છે, તે જંબૂદ્વીપમાં કુલ ૨૦૦ છે.

**સમવાય-૧૦૦-નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

*૦ હવે પછીના સમવાયો [સ્થાનકો] નો ક્રમ ૧૦૧, ૧૦૨ આદિ નથી. ક્રમ રચના છોડીને સૂત્રકાર મહર્ષિએ સૂત્રો નોંધ્યા છે, માટે તેને ''પ્રકીર્ણક સમવાય'' એવું અમે નામ આપેલ છે.૦*

— x — x — x —

## ❀ પ્રકીર્ણક સમવાય ❀

— x — x — x —

● **સૂત્ર-૧૮૦,૧૮૧ :-**

***[૧૮૦] અરહંત ચંદ્રપ્રભ ૧૫૦-ધનુષ્ ઉંચા હતા.. ૦ આરણકલ્પે ૧૫૦ વિમાનાવાસ છે.. ૦ એ પ્રમાણે અચ્યુતમાં પણ જાણવું.***

***[૧૮૧] અરહંત સુપાર્શ્વ ૨૦૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ સર્વે મહાહિમવંત અને રૂપી વર્ષધર પર્વતો ૨૦૦-૨૦૦ યોજન ઉંચા અને ૨૦૦-૨૦૦ ગાઉ ભૂમિમાં છે.. ૦ જંબૂદ્વીપમાં ૨૦૦ કંચનગિરિઓ છે.***

● **વિવેચન-૧૮૦,૧૮૧ :-**

[સૂત્રકારશ્રી] હવે એક-એક સ્થાનની વૃદ્ધિની સૂત્રરચનાનો ત્યાગ કરી ૫૦ અને ૧૦૦ની વૃદ્ધિ વડે સૂત્ર રચના કરતા કહે છે—

[૧૮૦] ચંદ્રપ્રભથી આરંભીને દ્વાદશાંગ ગણિપિટક [સૂત્ર ૧૮૦ થી સૂત્ર-૨૧૪] સુધી બધાં સૂત્રો સુગમ છે. *[અહીં સ્થાન-૧૫૦મું કહ્યું.]*

[૧૮૧] *અહીં ૨૦૦મું સ્થાનક કહે છે—*

— x — x —

● **સૂત્ર-૧૮૨ :-**

***પદ્મપ્રભ અરહંત ૨૫૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ અસુરકુમાર દેવોના પ્રાસાદ અવતંસક ૨૫૦ યોજન ઉંચા છે.***

● **વિવેચન-૧૮૨ :-**

વિશેષ એ કે - અવતંસક - મુગટ કે કર્ણપુર. અવતંસક — પ્રધાન, પ્રાસાદરૂપ કે પ્રાસાદ મધ્યે અવતંસક, તે પ્રાસાદાવતંસક.

— x — x —

● **સૂત્ર-૧૮૩,૧૮૪ :-**

***[૧૮૩] અરહંત સુમતિ ૩૦૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ અરહંત અરિષ્ટનેમિ ૩૦૦ વર્ષ કુમારવાસ મધ્યે રહીને મુંડ યાવત્ પ્રવ્રજિત થયા.. ૦ વૈમાનિક દેવોના વિમાનના પ્રાકાર ૩૦૦-૩૦૦ યોજન ઉંચા છે.. ૦ શ્રમણ ભગવંત મહાવીરને ૩૦૦ ચૌદપૂર્વી હતા.. ૦ ૫૦૦ ધનુષ્ પ્રમાણવાળા ચરમશરીરી સિદ્ધિમાં ગયેલાની જીવપ્રદેશની અવગાહના સાતિરેક ૩૦૦-ધનુષ્ની કહી છે.***

***[૧૮૪] પુરુષાદાનીય અરહંત પાર્શ્વને ૩૫૦ ચૌદપૂર્વીની સંપદા હતી.. ૦ અરહંત અભિનંદન ૩૫૦ ધનુષ્ ઉંચા હતા.***

● **વિવેચન-૧૮૩,૧૮૪ :-**

[૧૮૩] ૫૦૦ ધનુષ્વાળા, ચરમશરીરી, સિદ્ધિમાં ગયેલાની જીવપ્રદેશની અવગાહના સાતિરેક ૩૦૦ ધનુષ્ કહી, કેમકે શૈલેશીકરણ સમયે શરીરના છીદ્ર પૂરવાથી દેહનો ત્રીજો ભાગ મૂકી ઘનપ્રદેશવાળો થઈને દેહના બે ત્રીજા ભાગની અવગાહનાવાળો સિદ્ધિપદ પામે છે. તેમાં સાતિરેકપણું આ રીતે - ૩૩૩-૧/૩ ભાગ



ઉત્કૃષ્ટાવગાહના છે.

— x — x —

● **સૂત્ર-૧૮૫ :-**

***૦ સંભવ અરહંત ૪૦૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ સર્વે નિષધ અને નીલવંત વર્ષધર પર્વતો ૪૦૦-૪૦૦ યોજન ઉંચા અને ૪૦૦-૪૦૦ ગાઉ ભૂમિમાં છે.. ૦ સર્વે વક્ષસ્કાર પર્વતો નિષધ-નીલવંત વર્ષધર પર્વતો પાસે ૪૦૦-૪૦૦ યોજન ઉંચા અને ૪૦૦-૪૦૦ ગાઉ ભૂમિમાં છે.. ૦ આનત અને પ્રાણતકલ્પે ૪૦૦ વિમાનો છે.. ૦ શ્રમણ ભગવંત મહાવીરને દેવ-મનુષ્ય-અસુરસહ લોકમાં અપરાજિત ૪૦૦ વાદી હતા.***

● **વિવેચન-૧૮૫ :-**

વક્ષસ્કાર પર્વતો એક ક્ષેત્રમાં રહેલા ૨૦ છે. તે વક્ષસ્કારો અને બબ્બે વર્ષધર પર્વતો ૪૦૦-૪૦૦ યોજન ઉંચા છે.

— x — x —

● **સૂત્ર-૧૮૬,૧૮૭ :-**

***[૧૮૬] અરહંત અજિત ૪૫૦ ધનુષ્ ઉંચા હતા. ચાતુરંત ચક્રવર્તી રાજા સગર ૪૫૦ ધનુષ્ ઉંચા હતા.***

***[૧૮૭] સર્વે વક્ષસ્કાર પર્વતો સીતા-સીતોદા નદી પાસે તથા [ગજદંતા] મેરુ પર્વતની પાસે ૫૦૦-૫૦૦ યોજન ઉંચા અને ૫૦૦-૫૦૦ ગાઉ ભૂમિમાં છે.. ૦ સર્વે વર્ષધરકૂટો ૫૦૦-૫૦૦ યોજન ઉંચા, ૫૦૦-૫૦૦ યોજન મૂળમાં વિષ્કંભવાળા છે.. ૦ કૌશલિક ઋષભ અરહંત ૫૦૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ ચાતુરંત ચક્રવર્તી ભરત ૫૦૦ ધનુષ્ ઉંચા હતા.***

***૦ સૌમનસ, ગંધમાદન, વિદ્યુત્પ્રભ અને માલ્યવંત વક્ષસ્કાર પર્વતો મેરુ પર્વતની પાસે ૫૦૦-૫૦૦ યોજન ઉંચા અને ૫૦૦-૫૦૦ ગાઉ ભૂમિમાં છે.. ૦ સર્વે વક્ષસ્કાર પર્વત કૂટો, હરિ અને હરિસ્સહ બે કૂટને વર્જીને ૫૦૦-૫૦૦ યોજન ઉંચા અને મૂળમાં ૫૦૦-૫૦૦ યોજન આયામ-વિષ્કંભવાળા છે.. ૦ બલકૂટને વર્જીને નંદનવનના બાકીના કૂટો ૫૦૦-૫૦૦ યોજન ઉંચા અને મૂલમાં ૫૦૦-૫૦૦ યોજન આયામ-વિષ્કંભથી છે.. ૦ સૌધર્મ-ઈશાનકલ્પમાં વિમાનો ૫૦૦ યોજન ઉંચા છે.***

● **વિવેચન-૧૮૬,૧૮૭ :-**

[૧૮૬] *[આ સૂત્રમાં ૪૫૦મું સ્થાનક કહ્યું છે.]*

[૧૮૭] સર્વે વક્ષસ્કાર પર્વતો સીતાદિ નદીની પાસે તથા મેરુ પર્વતની પાસે ૫૦૦ યોજન ઉંચા છે... તથા વર્ષધર ઉપરના કૂટો ૨૮૦ છે. કઈ રીતે ? લઘુ હિમવંતના-૧૧, મહાહિમવંતના-૮, નિષધના-૯, એ પ્રમાણે નીલાદિ ત્રણના અનુક્રમે ૯, ૮, ૧૧ એ સર્વે મળી ૫૬ કૂટ થયા. તેને પાંચ ગુણા કરવાથી ૨૮૦ થાય છે... વક્ષસ્કારના કૂટો ૪૮૦ છે. કેવી રીતે ? વિદ્યુત્પ્રભ અને માલ્યવંતમાં નવ-નવ કૂટો છે. બાકીના

બેમાં સાત-સાત કૂટો છે, ૧૬-વક્ષસ્કાર પર્વતમાં ચાર-ચાર કૂટો છે. એ રીતે કુલ ૯૬ કૂટ થયા. તેને પાંચથી ગુણતા ૪૮૦ થાય છે. જંબૂદ્વીપાદિ મેરુ ઉપલક્ષિત ક્ષેત્રો પાંચ છે, તેથી પાંચ ગુણા કરવાનું કહ્યું. આ સર્વે કૂટો ૫૦૦ યોજન ઉંચા છે. એ જ પ્રમાણે માનુષોત્તરાદિમાં પણ જાણવું.

વળી વૈતાઢ્ય કૂટો ૬। યોજન ઉંચા છે, ઋષભકૂટાદિ વર્ષકૂટો તો આઠ યોજન ઉંચા છે. અહીં હરિકૂટ - હરિસ્સહકૂટ ૧૦૦૦ યોજન ઉંચા હોવાથી તેમને વર્જેલ છે. કહ્યું છે કે — વિદ્યુત્પ્રભે હરિકૂટ, માલ્યવંત વક્ષસ્કારે હરિસ્સહ, નંદનવને બલકૂટ એ ત્રણે ૧૦૦૦ યોજન ઉંચા છે.

— x — x —

● **સૂત્ર-૧૮૮ :-**

***સનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં વિમાન ૬૦૦ યોજન ઉંચા છે.. ૦ લઘુ હિમવંતના કૂટના ઉપરના ચરમાંતથી લઘુ હિમવંત વર્ષધર પર્વતના સમભૂમિતલ સુધી ૬૦૦ યોજનનું અબાધાએ આંતરું છે.. ૦ એ જ પ્રમાણે શિખરીકૂટનું પણ કહેવું.. ૦ પાર્શ્વ અરહંતને દેવ, મનુષ્ય, અસુર લોકમાં વાદમાં અપરાજિત ૬૦૦ વાદીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.. ૦ અભિચંદ્ર કુલકર ૬૦૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ વાસુપૂજ્ય અર્હત્ ૬૦૦ પુરુષો સાથે મુંડ થઈ, ઘરથી નીકળી અનગારપણે પ્રવ્રજિત થયા.***

● **વિવેચન-૧૮૮ :-**

૦ હિમવંત પર્વત ૧૦૦ યોજન ઉંચો છે, તેનો કૂટ ૫૦૦ યોજન ઉંચો છે, તેથી સૂત્રોક્ત ૬૦૦નું આંતરું થાય છે.. ૦ અભિચંદ્ર કુલકર આ અવસર્પિણીમાં થયેલ સાત કુલકરમાંના ચોથા કુલકર હતા, તેની ઉંચાઈ ૫૦-અધિક ૬૦૦ ધનુષ્ની હતી

— x — x —

● **સૂત્ર-૧૮૯ :-**

***૦ બ્રહ્મ અને લાંતક કલ્પમાં વિમાનો ૭૦૦-૭૦૦ યોજન ઉંચા છે.. ૦ શ્રમણ ભગવંત મહાવીરને ૭૦૦ કેવલી હતા.. ૦ શ્રમણ ભગવંત મહાવીરને ૭૦૦ વૈક્રિય લબ્ધિધર હતા.. ૦ અરિષ્ઠનેમિ અરહંત કંઈક ન્યૂન ૭૦૦ વર્ષ કેવલીપર્યાય પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખરહિત થયા.. ૦ મહાહિમવંત કૂટના ઉપલા ચરમાંતથી મહાહિમવંત વર્ષધર પર્વતના સમભૂમિતલ સુધી ૭૦૦ યોજન અબાધા અંતર છે.. ૦ એ જ પ્રમાણે રૂપી કૂટનું જાણવું.***

● **વિવેચન-૧૮૯ :-**

૦ શ્રમણ ભગવંત મહાવીરને ૭૦૦ જિન એટલે કેવલી હતા.. ૦ શ્રમણ ભગવંત મહાવીરને ૭૦૦ વૈક્રિય એટલે વૈક્રિય લબ્ધિવાળા સાધુઓ હતા.. ૦ અરિષ્ઠનેમિને દેશોન-૫૪ દિવસ ઓછા ૭૦૦ વર્ષ જાણવા, કેમકે તેનો છદ્મસ્થકાળ તેટલો હતો.. ૦ મહાહિમવાન્ પર્વત ૨૦૦ યોજન ઉંચો છે, તેના કૂટ ૫૦૦ યોજન ઉંચા છે, એ રીતે સૂત્રોક્ત ૭૦૦ યોજનનું આંતરું થાય છે.



● **સૂત્ર-૧૯૦**

***૦ મહાશુક્ર અને સહસ્રાર બંને કલ્પોમાં વિમાનો ૮૦૦ યોજન ઉંચા છે.. ૦ આ રત્નપ્રભા પૃથ્વીના પહેલા કાંડમાં મધ્યે ૮૦૦ યોજનમાં વાણવ્યંતર દેવોના ભૂમિ સંબંધી વિહારો છે.. ૦ શ્રમણ ભગવંત મહાવીરને અનુત્તરોપપાતિક, ગતિકલ્યાણ, સ્થિતિકલ્યાણ, આગામી કાળે નિર્વાણરૂપી ભદ્ર થનારા [સાધુઓની] દેવોની ઉત્કૃષ્ટ સંપદા હતી.. ૦ આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ૮૦૦ યોજન ઉંચે સૂર્યગતિ કરે છે.. ૦ અરહંત અરિષ્ઠનેમિને દેવ-મનુષ્ય-અસુરલોકમાં કોઈથી વાદમાં પરાજય ન પામે એવા ૮૦૦ વાદીની સંપદા હતી.***

● **વિવેચન-૧૯૦ :-**

પ્રથમ કાંડ ખરકાંડ છે, ખરકાંડના ૧૬ વિભાગ છે, તેમાં પ્રથમ વિભાગરૂપ રત્નકાંડ છે, તે ૧૦૦૦ યોજન પ્રમાણ છે. તેની ઉપર-નીચે ૧૦૦-૧૦૦ એમ ૨૦૦ યોજન છોડીને મધ્યના ૮૦૦ યોજનમાં વનમાં થયેલા તે વાન કહેવાય છે. આવા જે વ્યંતરો તે વાનવ્યંતર, તે સંબંધી ભૂમિના વિકાર હોવાથી ભૌમેયક એવા, જેને વિશે વિહાર - ક્રીડા કરાય તેવા વિહારો - નગરો તે વાનવ્યંતર ભૌમેયક વિહારો કહેલા છે.

અષ્ટશત - ૮૦૦ ? તે કહે છે — અનુત્તરોપપાતિક દેવોના એટલે દેવોમાં ઉત્પન્ન થનાર હોવાથી દેવો - દ્રવ્યદેવ, તેઓના ૮૦૦, ગતિદેવગતિરૂપ કલ્યાણ છે જેમનું તે ગતિ કલ્યાણ છે, તેની સ્થિતિ એટલે ૩૩-સાગરોપમરૂપ સ્થિતિ છે કલ્યાણ જેમનું તે સ્થિતિ કલ્યાણ છે. તથા ત્યાંથી ચ્યવેલાનું આગામી કાળે ભદ્ર-કલ્યાણ, નિર્વાણગમન લક્ષણ છે જેમનું તે આગમિષ્યદ્‌ભદ્ર કહેવાય છે - x -

— x — x —

● **સૂત્ર-૧૯૧ :-**

***૦ આનત-પ્રાણત, આરણ-અચ્યુત કલ્પમાં વિમાનો ૯૦૦-૯૦૦ યોજન ઉંચા છે.. ૦ નિષધકૂટના ઉપરના શિખરતલથી નિષધ વર્ષધર પર્વતના સમભૂમિતલ સુધી ૯૦૦ યોજન અબાધાએ આંતરું કહ્યું છે... એ પ્રમાણે જ નીલવંત કૂટનું કહેવું.. ૦ વિમલવાહન કુલકર ૯૦૦ ધનુષ્ ઉંચા હતા.. ૦ આ રત્નપ્રભાના બહુસમ રમણીય ભૂમિભાગથી ૯૦૦ યોજન ઉંચે સર્વથી ઉપરના તારાગતિ કરે છે... ૦ નિષધ વર્ષધર પર્વતના ઉપરના શિખરતલથી આ રત્નપ્રભા પૃથ્વીના પહેલા કાંડના બહુ મધ્યદેશ ભાગ સુધી ૯૦૦ યોજન અબાધાએ આંતરું કહ્યું છે.. ૦ એ જ પ્રમાણે નીલવંતનું કહેવું.***

● **વિવેચન-૧૯૧ :-**

નિષધકૂટ આદિ૦ - અહીં આ ભાવ છે - નિષધ પર્વતના કૂટ ૫૦૦ યોજન ઉંચા છે, નિષધ પર્વત-૪૦૦ યોજન ઉંચો છે. એ રીતે સૂત્રમાં કહેલ ૯૦૦ યોજન અંતર થાય છે.

— x — x —

● સૂત્ર-૧૯૨ થી ૨૧૪ :-

*[૧૯૨] સર્વે ગ્રૈવેયક વિમાનો એક-એક હજાર યોજન ઉંચા છે... ૦ સર્વે યમક પર્વતો એક-એક હજાર યોજન ઉંચા છે, એક-એક હજાર ગાઉ ભૂમિમાં છે, મૂળમાં એક એક હજાર યોજન આયામ-વિષ્કંભ વડે છે.. ૦ એ પ્રમાણે ચિત્રકૂટ, વિચિત્રકૂટ પણ કહેવા.. ૦ સર્વે વૃત્તવૈતાઢ્ય પર્વતો એક-એક હજાર યોજન ઉંચા છે, એક એક હજાર ગાઉ ભૂમિમાં છે, મૂળમાં એક એક હજાર યોજન વિષ્કંભવાળા છે, સર્વત્ર સમાન પ્યાલા સંસ્થાને રહેલા છે.. ૦ વક્ષસ્કાર પરના બીજા કૂટોને વર્જીને સર્વે હરિકૂટ અને હરિસ્સહ કૂટ એક-એક હજાર યોજન ઉંચા છે અને મૂળમાં એક એક હજાર યોજન વિષ્કંભથી છે. ૦ એ જ પ્રમાણે નંદનવનના બીજા કૂટોને વર્જીને બલકૂટ પણ કહેવો... ૦ અરિષ્ટનેમિ અરહંત ૧૦૦૦ વર્ષનું સર્વાયુ પાળીને સિદ્ધ, બુદ્ધ યાવત્ સર્વ દુઃખથી રહિત થયા.. ૦ પાર્શ્વ અરહંતને ૧૦૦૦ કેવલી હતા.. ૦ પાર્શ્વ અરહંતના ૧૦૦૦ શિષ્યો કાળધર્મ પામ્યા યાવત્ સર્વ દુઃખથી રહિત થયા.. ૦ પદ્મદ્રહ અને પુંડરીકદ્રહ એક એક હજાર યોજન લાંબા કહ્યા છે.*

*[૧૯૩] અનુત્તરોપપાતિક દેવોના વિમાનો ૧૧૦૦ યોજન ઉંચા છે.. ૦ અરહંત પાર્શ્વને ૧૧૦૦ વૈક્રિયલબ્ધિવાળા સાધુઓ હતા.*

*[૧૯૪] મહાપદ્મ, મહાપુંડરીક દ્રહો બબ્બે હજાર યોજન લાંબા છે.*

*[૧૯૫] આ રત્નપ્રભા પૃથ્વીના વજ્રકાંડના ઉપરના છેડાથી લોહિતાક્ષ કાંડના નીચેના છેડા સુધી ૩૦૦૦ યોજન અબાધાએ આંતરું છે.*

*[૧૯૬] તિગિચ્છિ, કેસરી દ્રહોની લંબાઈ ચાર-ચાર હજાર યોજન છે.*

*[૧૯૭] ધરણીતલે મેરુ પર્વતના બહુ મધ્યદેશ ભાગે રુચકપ્રદેશની નાભિ ભાગે ચારે દિશામાં મેરુ પર્વતના અંત સુધી ૫૦૦૦ યોજન અંતર છે.*

*[૧૯૮] સહસ્રાર કલ્પમાં છ હજાર વિમાનો કહ્યા છે.*

*[૧૯૯] આ રત્નપ્રભા પૃથ્વીના રત્નકાંડના ઉપરના છેડાથી પુલગકાંડના નીચલા છેડા સુધી ૭૦૦૦ યોજન અબાધાએ આંતરું છે.*

*[૨૦૦] હરિવર્ષ, રમ્યક ક્ષેત્રનો વિસ્તાર સાતિરેક ૮૦૦૦ યોજન છે.*

*[૨૦૧] દક્ષિણાર્ધ ભરતની જીવા પૂર્વ-પશ્ચિમ લાંબી, બંને બાજુ સમુદ્રને સ્પૃષ્ટ તથા ૯૦૦૦ યોજન લાંબી છે.*

*[૨૦૨] મેરુ પર્વત પૃથ્વીતલે ૧૦,૦૦૦ યોજન વિષ્કંભથી છે.*

*[૨૦૩] જંબૂદ્વીપ આયામ-વિષ્કંભથી એક લાખ યોજન છે.*

*[૨૦૪] લવણસમુદ્ર ચક્રવાલ વિષ્કંભથી બે લાખ યોજન છે.*

*[૨૦૫] અરહંત પાર્શ્વને ૩,૨૭,૦૦૦ શ્રાવિકાની ઉત્કૃષ્ટ સંપદા હતી.*

*[૨૦૬] ધાતકીખંડદ્વીપ ચક્રવાલ વિષ્કંભથી ચાર લાખ યોજન છે.*

*[૨૦૭] લવણસમુદ્રના પૂર્વાંતથી પશ્ચિમાંત પાંચ લાખ યોજન છે.*

*[૨૦૮] ચાતુરંતચક્રવર્તી રાજા ભરત છ લાખ પૂર્વ રાજ્ય મધ્યે વસીને પછી મુંડ થઈને, ઘર છોડીને અણગારપણે પ્રવ્રજિત થયા.*



*[૨૦૯] જંબૂદ્વીપની પૂર્વ વેદિકાના છેડાથી ધાતકીખંડના ચક્રવાલ પશ્ચિમ છેડા સુધી સાત લાખ યોજન અબાધાએ આંતરું છે.*

*[૨૧૦] માહેન્દ્ર કલ્પે આઠ લાખ વિમાનો કહ્યા છે.*

*[૨૧૧] અરહંત અજિતને સાતિરેક ૯૦૦૦ અવધિજ્ઞાની હતા.*

*[૨૧૨] પુરુષસિંહ વાસુદેવ દશ લાખ વર્ષનું સર્વાયુ પાળીને પાંચમી પૃથ્વીમાં નારકીઓની મધ્યે નારકીપણે ઉત્પન્ન થયા.*

*[૨૧૩] શ્રમણ ભગવંત મહાવીર તીર્થંકરના ભવગ્રહણથી પહેલાં છટ્ઠા પોટ્ટિલના ભવના ગ્રહણમાં એક કરોડ વર્ષ સુધી શ્રામણ્ય પર્યાય પાળીને આઠમા સહસ્રાર દેવલોકમાં સર્વાર્થ વિમાને દેવપણે ઉપન્યા.*

*[૨૧૪] શ્રી ઋષભદેવ ભગવંતના નિર્વાણથી છેલ્લા મહાવીર-વર્ધમાનના નિર્વાણ સુધી એક કોટાકોટિ સાગરોપમ અબાધાએ અંતર છે.*

● વિવેચન-૧૯૨ થી ૨૧૪ :-

● *આ બધાં સૂત્રોની વૃત્તિ નથી, તેથી જે છે તેનો ક્રમ જ નોંધેલ છે.*

[૧૯૨] સર્વે યમકાદિ૦ - ઉત્તરકુરુમાં નીલવંત વર્ષધરની ઉત્તર તરફ શીતા મહાનદીના બંને કિનારે યમક નામના બે પર્વતો છે. તે પાંચે ઉત્તરકુરુમાં બબ્બે હોવાથી કુલ દશ છે.. ૦ એ જ પ્રમાણે ચિત્રકૂટ, વિચિત્રકૂટ પણ પાંચે દેવકુરુમાં યમકની જેમ હોવાથી પાંચ ચિત્રકૂટ અને પાંચ વિચિત્રકૂટ છે.. ૦ સર્વે વૃત્તવૈતાઢ્યો શબ્દાપાતી આદિ ૨૦ છે.. ૦ હરિકૂટ, વિદ્યુત્પ્રભ નામક ગજદંતાકારે રહેલ વક્ષસ્કાર પર્વત પર છે. હરિસ્સહકૂટ, માલ્યવંત વક્ષસ્કાર ઉપર છે. તે પાંચે મેરુ સંબંધી હોવાથી પાંચ પાંચ છે, ૧૦૦૦ યોજન ઉંચા છે. વક્ષસ્કાર ઉપર રહેલા બાકીના કૂટોની ઉંચાઈ આટલી નથી, તે ભાવાર્થ જાણવો.

આ જ પ્રમાણે બલકૂટ પણ જાણવા. પાંચ મેરુમાં પાંચ નંદનવનો છે, તે દરેકના ઈશાન ખૂણામાં બલકૂટ નામે કૂટ છે, તેથી તેવા પાંચ કૂટ છે, તે દરેક ૧૦૦૦ યોજન ઉંચા છે. નંદનવનમાં રહેલા બાકીના પૂર્વાદિ દિશા-વિદિશામાં રહેલા ૪૦ નંદનકૂટો ૧૦૦૦ યોજનના નથી.

અરહંત અરિષ્ટનેમિ કુમારપણામાં ૩૦૦ વર્ષ, અનગારપણામાં ૭૦૦ વર્ષ રહેલા હોવાથી કુલ ૧૦૦૦ વર્ષ થાય.. ૦ પદ્મદ્રહ, શ્રીદેવીનો નિવાસ છે અને હિમવંત વર્ષધર પર્વત ઉપર છે. પુંડરીકદ્રહે લક્ષ્મીદેવીનો નિવાસ છે, તે શિખરી વર્ષધર પર્વત પર છે.

[૧૯૪] મહાપદ્મ અને મહાપુંડરીક દ્રહો અનુક્રમે મહાહિમવંત અને રુક્મી વર્ષધર પર્વત ઉપર છે, ત્યાં હ્રી તથા બુદ્ધિ દેવીનો વાસ છે.

[૧૯૫] રત્નપ્રભા પૃથ્વીના ૧૬ વિભાગ છે, તેમાં ખરકાંડ નામે કાંડનો પહેલો રત્નકાંડ છે, બીજો વજ્રકાંડ છે, ત્રીજો વૈડૂર્યકાંડ છે, ચોથો લોહિતાક્ષ કાંડ છે. તે પ્રત્યેક કાંડ ૧૦૦૦ યોજનના છે. તેથી આ ત્રણનું આંતરું ૩૦૦૦ યોજનનું છે.

[૧૯૬] તિગિચ્છિ અને કેસરી દ્રહો અનુક્રમે નિષધ-નીલવંત વર્ષધર ઉપર છે.

તે ધૃતિ અને કીર્તિ દેવીના નિવાસ સ્થાન છે.

[૧૯૭] ધરણિતલ-પૃથ્વીના સમ ભાગમાં, રુચકનાભિથી - તિર્છાલોકના મધ્ય ભાગે આઠ પ્રદેશવાળો રુચક છે, તે જ દિશા અને વિદિશાનું ઉત્પત્તિસ્થાન છે. આ રુચક જ નાભિ એટલે પૈડાનો મધ્યભાગ જેવો હોવાથી રુચકનાભિ કહ્યો. મેરુ પર્વતનો વિષ્કંભ ૧૦,૦૦૦ યોજનનો છે, તેથી તે મેરુ રુચકથી ચારે દિશામાં પાંચ-પાંચ હજાર યોજન છે.

[૧૯૯] રત્નકાંડ પહેલો છે, પુલકકાંડ સાતમો છે. તેથી ત્યાં ૭૦૦૦ યોજનનું આંતરું થાય છે.

[૨૦૦] હરિવર્ષનો વિસ્તાર ૮૪૨૧ યોજન અને ૧-કલા છે.

[૨૦૧] ભરતનો જે દક્ષિણ ભાગ તે દક્ષિણાર્ધ ભરત કહ્યો. તેની જીવાના જેવી જીવા એટલે સીધી સીમા, તે પૂર્વ-પશ્ચિમ લાંબી છે, તે પૂર્વ-પશ્ચિમ લવણસમુદ્રને સ્પર્શે છે, તે જીવા અહીં ૯૦૦૦ યોજન લાંબી કહી છે. અન્ય સ્થાને તે ૯૭૪૮ યોજન અને ૧૨ કળા કહી છે.

[૨૦૭] લવણસમુદ્રના બે બાજુ બબ્બે મળીને ચાર લાખ અને જંબૂદ્વીપના એક લાખ મળીને પાંચ લાખ થાય છે.

[૨૦૯] જંબૂદ્વીપના એક લાખ, લવણસમુદ્રના બે લાખ, ધાતકી ખંડના ચાર લાખ મળીને સૂત્રોક્ત સાત લાખનું અંતર થાય છે.

[૨૧૧] અરહંત અજિતને સાધિક ૯૦૦૦ અવધિજ્ઞાની હતા. અહીં ૪૦૦ અધિક જાણવા. અહીં હજારનું સ્થાનક હોવા છતાં લાખના સ્થાનના અધિકારમાં જે કહ્યું છે તે સહસ્ર શબ્દના સાધર્મ્યને લીધે અથવા સૂત્ર રચનાના વૈચિત્ર્યથી કે લેખકના દોષથી જાણવું.

[૨૧૨] પુરુષસિંહ પાંચમાં વાસુદેવ થયા.

[૨૧૩] શ્રમણ ભગવંત મહાવીર જ્યારે પોટ્ટિલ નામે રાજપુત્ર હતા, તે ભવમાં ક્રોડ વર્ષ પ્રવ્રજ્યા પાળી હતી, તે એક ભવ. ત્યાંથી દેવ થયા તે બીજો ભવ. ત્યાંથી નંદન નામે રાજપુત્ર, છત્રાગ્ર નગરીમાં થયા, તે ત્રીજો ભવ, તે ભવમાં લાખ વર્ષ સુધી સર્વદા માસક્ષમણ તપ કર્યો. ત્યાંથી ચોથો ભવ દશમાં દેવલોકમાં પુષ્પોત્તરવરવિજય પુંડરીક નામના વિમાનમાં દેવ થયા. ત્યાંથી બ્રાહ્મણકુંડ ગામમાં ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષિમાં ઉત્પન્ન થયા તે પાંચમો ભવ. ત્યાંથી ૮૩મે દિવસે ક્ષત્રિયકુંડ ગ્રામનગરે સિદ્ધાર્થ મહારાજાની ત્રિશલા નામની રાણીની કુક્ષિમાં ઈન્દ્રની આજ્ઞા પાળનાર હરિણૈગમેષી દેવે સંહર્યા [મૂક્યા] અને તીર્થંકરપણે જન્મ્યા એ છટ્ઠો ભવ. ઉક્ત ભવ ગ્રહણ વિના બીજો કોઈ છટ્ઠો ભવ હોય તેમ સાંભળવામાં આવતું નથી. તેથી આનું જ છટ્ઠા ભવપણે વ્યાખ્યાન કરેલ છે. જે ભવથી આ [ભગવંતનો] ભવ છટ્ઠો હોય, તે પણ આનાથી છટ્ઠો જ હોય છે. તેથી તીર્થંકરના ભવ ગ્રહણ થકી છટ્ઠા પોટ્ટિલ ભવગ્રહણને વિશે એમ જે કહ્યું તે યોગ્ય છે *[આ સૂત્ર બહુશ્રુત પાસે સમજવું]*



[૨૧૪] અહીં શ્રી ઋષભને બદલે સૂત્રમાં ઋષભ શ્રી કહ્યું તે પ્રાકૃતપણાથી જાણવું. અહીં સાધિક ૪૨,૦૦૦ વર્ષ, એક કોડાકોડી સાગરોપમમાં ન્યૂન છે, તો પણ અલ્પ હોવાથી તેની વિવક્ષા કરી નથી.

અહીં હમણાં સંખ્યાના અનુક્રમના સંબંધ માત્ર વડે સંબંધવાળા વિવિધ પ્રકારના વસ્તુ વિશેષો કહ્યા, તે જ અત્યંત વિશેષ પ્રકારના સંબંધ વડે સંબંધવાળા વસ્તુ વિશેષો દ્વાદશાંગીને વિશે કહેલા છે, તેથી તે દ્વાદશાંગીનું જ સ્વરૂપને કહે છે—

— x — x —

● **સૂત્ર-૨૧૫ :-**

***બાર અંગરૂપ ગણિપિટક કહેલ છે, તે આ પ્રમાણે — આચાર, સૂત્રકૃત, ઠાણ, સમવાય, વિવાહપ્રજ્ઞપ્તિ, નાયાધમ્મકહા, ઉવાસગદસા, અંતગડદસા, અનુત્તરોપપાતિક દશા, પણ્હાવાગરણ, વિપાકશ્રુત, દૃષ્ટિવાદ.***

***તે 'આચાર' શું છે ? 'આચાર'માં શ્રમણ નિર્ગ્રન્થોના આચાર, ગોચર, વિનય, વૈનયિક, સ્થાન, ગમન, ચંક્રમણ, પ્રમાણ, યોગયુંજન, ભાષા, સમિતિ, ગુપ્તિ, [તથા] શય્યા, ઉપધિ, ભક્ત, પાન [તેની] ઉદ્‌ગમ, ઉત્પાદન, એષણાની વિશોધિએ શુદ્ધ હોય કે કારણે અશુદ્ધ ગ્રહણ, [તથા] વ્રત, નિયમ, તપ, ઉપધાન [આ સર્વે] સુપ્રશસ્ત કહેવાય છે.***

***તે 'આચાર' સંક્ષેપથી પાંચ પ્રકારે કહ્યો, તે આ — જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર.***

***'આચાર'ની પરિમિત વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો, સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો, સખ્યાની નિર્યુક્તિ છે.***

***'આચાર' અંગ-અર્થપણે પહેલું અંગ છે, [તેના] બે શ્રુતસ્કંધ, ૨૫-અધ્યયન, ૮૫-ઉદ્દેશનકાળ, ૮૫-સમુદ્દેશનકાળ, કુલ પદો વડે ૧૮,૦૦૦ પદો છે, સંખ્યાતા અક્ષરો છે, અનંતાગમો, અનંતાપર્યવો, પરિત્ત ત્રસો, અનંતા સ્થાવરો છે. [તે] શાશ્વત, કરેલ, નિબદ્ધ, નિકાચિત છે.***

***[આ સર્વે] જિન પ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, દેખાડાય છે, નિદર્શન કરાય છે, ઉપદર્શન કરાય છે.***

***આ ભણીને મનુષ્ય જ્ઞાતા થાય છે, વિજ્ઞાતા થાય છે. આ પ્રમાણે ચરણ-કરણ પ્રરૂપણાથી કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, દેખાડાય છે, નિદર્શન કરાય છે, ઉપદર્શન કરાય છે.. તે આ ''આચાર'' [સૂત્ર.]***

● **વિવેચન-૨૧૫ :-**

બાર અંગ ઈત્યાદિ અથવા ઉત્તરોત્તર સંખ્યા ક્રમ સંબંધવાળા પદાર્થોની પ્રરૂપણા કરી, હવે માત્ર સંખ્યા સંબંધ પદાર્થ પ્રરૂપણા આરંભે છે—

શ્રુતરૂપી ઉત્તમ પુરુષના અંગ જેવા અંગ. તે ''આચાર'' આદિ બાર્ગો જેમાં છે, તે દ્વાદશાંગ. ગુણવાળાનો ગણ જેને છે તે ગણી-આચાર્ય, તેની પેટી જેવી પેટી - સર્વસ્વ રાખવાનું ભાજન તે ગણિપિટક - અથવા - 'ગણિ' શબ્દ પરિચ્છેદ વચન

છે. કહ્યું છે — 'આચાર' ભણવાથી સાધુધર્મ જેથી જાણવામાં આવે છે, તેથી 'આચારધર' પહેલું ગણિ સ્થાન કહેવાય છે અર્થાત્ પરિચ્છેદ સ્થાન કહેવાય છે. તેથી પરિચ્છેદ સમૂહ તે ગણિપિટક.

અહીં પદની ઘટના આ પ્રમાણે — જે આ ગણિપિટક તે દ્વાદશાંગ કહ્યું છે, તે આ રીતે — આચાર, સૂત્રકૃત્ ઇત્યાદિ.

તે આચાર વસ્તુ કઈ છે ? અથવા આ આચાર શું છે ? આચાર એટલે આચરણ અથવા જે આચરણ કરાય તે. સાધુ આચરિત જ્ઞાનાદિ આસેવન વિધિ. તેનો પ્રતિપાદક ગ્રંથ તે ''આચાર'' કહેવાય છે. કરણભૂત આ આચાર વડે સાધુઓનો આચાર કહેવાય છે તેમ સંબંધ છે. અથવા અધિકરણભૂત આચારને વિશે- x -. શ્રમણ-તપલક્ષ્મી સહિત અને નિર્ગ્રન્થ-બાહ્ય અભ્યંતર ગ્રંથિ રહિત.

[શંકા] શ્રમણ, નિર્ગ્રન્થ જ છે, તો વિશેષણ શા માટે મૂક્યું ? [ઉત્તર] શાક્યાદિ મતના શ્રમણોને વિચ્છેદ કરવા માટે. કહ્યું છે — નિર્ગ્રન્થ, શાક્ય, તાપસ, ગૈરિક, આજીવિક આ પાંચ ભેદ શ્રમણ કહેવાય છે.

આચાર-જ્ઞાનાદિ અનેક ભેદે છે. ગોચર - ભિક્ષા ગ્રહણ વિધિ લક્ષણ. વિનય-જ્ઞાનાદિ વિનય. વૈનયિક - તેનું કર્મ ક્ષયાદિ ફળ. સ્થાન-કાયોત્સર્ગ, બેસવું, સુવું એ ત્રણ ભેદે. ગમન-વિહારભૂમિ આદિમાં જવું તે. ચંક્રમણ-ઉપાશ્રયમાં શરીરના શ્રમને નિવારવા આમ તેમ ચાલવું. પ્રમાણ — ભાત, પાણી, આહાર, ઉપધિ આદિનું માન. યોગયોજન-સ્વાધ્યાય, પ્રત્યુપેક્ષણ આદિ કાર્યમાં બીજાઓને જોડવા. ભાષા-સાધુને સત્યા, અસત્યામૃષારૂપ, સમિતિ-ઈર્યાસમિતિ આદિ પાંચ. ગુપ્તિ-મનોગુપ્તિ આદિ ત્રણ.

શય્યા-વસતિ. ઉપધિ-વસ્ત્રાદિ. ભક્ત-અશનાદિ. પાન-ઉષ્ણ જળ આદિ... તથા ઉદ્ગમ, ઉત્પાદન, એષણાના દોષોની વિશુદ્ધિ-એટલે અભાવ, તે ઉદ્ગમોત્પાદન એષણાવિશુદ્ધ... ત્યાર પછી શય્યાદિની ઉદ્ગમાદિ વિશુદ્ધિ વડે શુદ્ધ હોય તેનું ગ્રહણ અને તથાવિધ કારણે અશુદ્ધનું પણ ગ્રહણ કરવું તે શય્યાદિ ગ્રહણ. - તથા -

વ્રત - મૂળગુણ, નિયમ-ઉત્તરગુણ, તપઉપધાન - બાર ભેદે તપ... પછી આચાર, ગોચર આદિ ગુપ્તિ પર્યન્ત તથા શય્યાદિ ગ્રહણ તથા વ્રત, નિયમ અને તપ-ઉપધાન આ બધાંનો સમાહારદ્વંદ્વ સમાસ કરવો. પછી આ સર્વે સુપ્રશસ્ત એમ કર્મધારય સમાસ છે. આ બધું કહે છે—

આ આચાર આદિપદોમાં કોઈ એક પદના કહેવાથી કોઈ બીજા પદનો સમાવેશ થઈ જતો હોય છતાં, તેનું જે જુદું કથન કર્યુ તે સર્વ તેનું પ્રધાનપણું જણાવવાને છે, એમ જાણવું. તે આચાર, જેને આશ્રીને આની 'આચાર' સંજ્ઞા પ્રવર્તે છે, તે સંક્ષેપથી પાંચ ભેદે કહ્યો છે. તે આ—

જ્ઞાનાચાર-શ્રુત જ્ઞાન વિષયક, કાલ અધ્યયન, વિનયાધ્યયન આદિ આઠ પ્રકારનો વ્યવહાર... દર્શનાચાર - નિઃશંકિતાદિ આઠ પ્રકારનો સમ્યક્ત્વ વાળાનો વ્યવહાર.. ચારિત્રાચાર - સમિતિ આદિ પાળવારૂપ વ્યવહાર.. તપાચાર - બાર પ્રકારે



તપ વિશેષ કરવો તે.. વીર્યાચારજ્ઞાનાદિ પ્રયોજનમાં વીર્યને ન ગોપવવું તે.

આ 'આચાર' ગ્રંથ [શાસ્ત્ર] ની, પરિત્ત-સંખ્યેય, આદિ અને અંતની પ્રાપ્તિ છે માટે અનંતી નથી. શું સંખ્યાતી છે ? વાચના - સૂત્ર, અર્થ પ્રદાન લક્ષણ. અથવા અવસર્પિણી - ઉત્સર્પિણી કાળને આશ્રીને. તથા ઉપક્રમાદિ અનુયોગદ્વાર સંખ્યાતા છે, કેમકે તેના અધ્યયનો જ સંખ્યાતા છે અને તેના પ્રજ્ઞાપકના વચનના વિષયરૂપ છે. સંખ્યાતી પ્રતિપત્તિ - દ્રવ્યાર્થમાં પદાર્થોની પ્રાપ્તિ અર્થાત્ મતાંતરો અથવા પ્રતિમાદિ-અભિગ્રહ વિશેષો સંખ્યાતા છે. વેષ્ટક-છંદ વિશેષ અથવા અન્ય મતે એક અર્થને કહેનારી વચનની સંકલના. શ્લોક-અનુષ્ટુપ્ છંદ, તે સંખ્યાતા છે. નિર્યુક્તિ-સૂત્રમાં અભિધેયપણે સ્થાપન કરેલ અર્થોની યુક્તિ-ઘટના, વિશિષ્ટ યોજના તે રૂપ નિર્યુક્તયુક્તિ સંખ્યાતી છે. આ વાક્યમાં 'યુક્ત' શબ્દનો લોપ કરવાથી નિર્યુક્તિ કહેવાય છે, તે સંખ્યાતી છે.

તે - x - આચાર, અંગલક્ષણ વસ્તુત્વથી પ્રથમ અંગ સ્થાપનાની અપેક્ષાએ કહ્યું છે, પણ રચનાની અપેક્ષાએ તો આ બારમું અંગ છે. કેમકે પૂર્વ - સર્વ પ્રવચનોની પૂર્વે રચેલ છે, તેથી તે પહેલું છે.

'આચાર'માં બે શ્રુતસ્કંધ-અધ્યયન સમુદાયરૂપ. અધ્યયનો-૨૫ છે, તે આ રીતે — શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય, શીતોષ્ણીય, સમ્યક્ત્વ, આવંતી, ધૂત, વિમોહ, મહાપરિજ્ઞા, ઉપધાનશ્રુત તે પ્રથમ શ્રુતસ્કંધ છે. તથા પિંડૈષણા, શય્યા, ઈર્યા, ભાષા, વસ્ત્રૈષણા, પાત્રૈષણા, અવગ્રહપ્રતિમા, સપ્ત. [૭] સપ્તતિકા, ભાવના, વિમુક્તિ એ બીજો શ્રુતસ્કંધ છે. આ પ્રમાણે નિશીથને વર્જીને આ ૨૫-અધ્યયનો છે.

ઉદ્દેશનકાળ ૮૫ છે, તે આ રીતે — અંગ, શ્રુતસ્કંધ, અધ્યયન અને ઉદ્દેશક, આ ચારેનો એક જ ઉદ્દેશનકાળ છે. એ પ્રમાણે શસ્ત્રપરિજ્ઞા આદિ ૨૫-અધ્યયનોમાં ક્રમથી — ૭, ૬, ૪, ૪, ૬, ૫, ૮, ૭, ૪, ૧૧, ૩, ૩, ૨, ૨, ૨, ૨ અને ૧૬ના ૭૬-સંખ્યાવાળા ઉદ્દેશનકાળ છે. બાકીના ૯ અધ્યયનોના ૯ છે. એ રીતે ૮૫ થયા. [ઉક્ત અર્થ જણાવનારી ગાથા પણ છે.]

આ પ્રમાણે સમુદ્દેશનાકાળ પણ તેટલા જ કહેવા. - વળી - આ આચારના કુલ પદો વડે ૧૮,૦૦૦ પદો કહ્યા છે. અહીં જ્યાં અર્થની પ્રાપ્તિ થાય તે પદ તે ''પદ''. [શંકા] જો અહીં બે શ્રુતસ્કંધ, ૨૫-અધ્યયન અને ૧૮,૦૦૦ પદો છે, તો - નવ બ્રહ્મચર્ય-અધ્યયનના ૧૮,૦૦૦ પદો છે એમ જે કહ્યું, તે કેમ વિરુદ્ધ નથી ? [સમાધાન] જે બે શ્રુતસ્કંધાદિ કહ્યું તે ''આચાર''નું પ્રમાણ કહ્યું, જે ૧૮,૦૦૦ પદો કહ્યા તે નવ બ્રહ્મચર્યના અધ્યયનરૂપ પહેલા શ્રુતસ્કંધનું પ્રમાણ કહ્યું છે. કેમકે સૂત્રો વિચિત્ર અર્થબદ્ધ હોય છે. તેથી તેનો અર્થ ગુરુ ઉપદેશથી જાણવા યોગ્ય છે.

વેષ્ટકાદિ સંખ્યાતા હોવાથી આના સંખ્યાતા અક્ષરો છે, ગમા અનંતા છે, ગમા - અર્થગમા ગ્રહણ કરાય છે. અર્થાત્ અર્થના પરિચ્છેદ, તે અનંતા છે. કેમકે એક જ સૂત્રથી તે તે ધર્મ વિશિષ્ટ અનંત ધર્મવાળી વસ્તુની પ્રાપ્તિ થાય છે. અન્ય આચાર્યો કહે છે — અભિધાન, અભિધેયને આશ્રીને ગમા થાય છે, તે અનંતા છે... પર્યાયો

એટલે સ્વ અને પર એવા ભેદ વડે જુદા અક્ષરાર્થના પર્યાયો અનંતા છે. અહીં જે ત્રાસ પામે તે ત્રસ - દ્વીંદ્રિય આદિ, તેઓ પરિમિત છે પણ અનંત નથી. કેમકે તેમનું એવું જ સ્વરૂપ છે. તથા વનસ્પતિકાય સહિત સ્થાવર જીવો અનંતા છે.

આ સર્વે કેવા છે ? શાશ્વતા - દ્રવ્યાર્થપણે કાયમ હોવાથી. કૃતા - પર્યાયાર્થપણે પ્રતિ સમય બદલાતા હોવાથી. નિબદ્ધા - સૂત્રમાં જ ગ્રથિત. નિકાચિત - નિર્યુક્તિ, સંગ્રહણિ, હેતુ, ઉદાહરણાદિ વડે પ્રતિષ્ઠિત છે. તથા જિનેશ્વરોએ કહેલા ભાવો - પદાર્થો, બીજા પણ અજીવાદિ છે. તે સર્વે - x - આખ્યાયન્તે - સામાન્ય અને વિશેષ વડે કહેવાય છે. પ્રજ્ઞાપ્યન્તે - નામાદિના ભેદ વડે કહેવાય છે. પ્રરૂપ્યન્તે - નામાદિનું સ્વરૂપ કથન વડે કહે છે. જેમકે - પર્યાયનું અભિધેય એટલે નામાદિ. દર્શ્યન્તે - માત્ર ઉપમા વડે દેખાડાય છે, જેમકે - જેવો બળદ તેવો ગવય. નિદર્શ્યન્તે - હેતુ અને દૃષ્ટાંત કથનથી દેખાડાય છે. ઉપદર્શ્યન્તે - ઉપનય અને નિગમન વડે કે સર્વ નય અભિપ્રાય વડે દેખાડાય છે.

હવે આચારાંગના ગ્રહણનું ફળ દેખાડવા માટે કહે છે — સ એટલે આચારાંગને ગ્રહણ કરનાર જાણવો. - एवं आयत्ति - 'આચાર' ભાવથી સમ્યક્ પ્રકારે ભણતા આત્મા આવો થાય છે - કેમકે તે આચારમાં કહેલી ક્રિયાના પરિણામથી અભિન્ન હોવાથી તે આત્મા તદ્રૂપ થાય છે. 'एवं आय' સૂત્ર પ્રતમાં જોયું નથી, પણ 'નંદી'માં દેખાય છે, તેથી અહીં તેની વ્યાખ્યા કરી છે. આ પ્રમાણે જ્ઞાનનો સાર ક્રિયા જ છે, એવું જણાવવા માટે ક્રિયાનો પરિણામ કહીને હવે જ્ઞાનને આશ્રીને કહે છે. આ સૂત્ર ભણીને એ પ્રમાણે જ્ઞાતા થાય છે કે જે પ્રમાણે આ સૂત્રમાં કહ્યું હોય.

विन्नाय - વિવિધ કે વિશિષ્ટ પ્રકારે જે જાણનાર તે વિજ્ઞાતા કહેવાય, એ પ્રમાણે વિજ્ઞાતા થાય છે. એટલે અન્ય શાસ્ત્રોને પણ જાણનાર થાય છે એટલે અન્ય શાસ્ત્રોના જાણકાર થકી અત્યંત જાણકાર થાય.

एवं - ઈત્યાદિ નિગમન વાક્ય છે. एवं એટલે આચાર, ગોચર, વિનય આદિ કહેવારૂપ આ પ્રકારે - चरण એટલે વ્રત, સાધુધર્મ, સંયમાદિ અનેક પ્રકારનું ચારિત્ર... करण - પિંડવિશુદ્ધિ, સમિતિ આદિ અનેક પ્રકારે કરણ. તે બંનેની પ્રરૂપણા જ કહેવાય છે, પ્રજ્ઞાપના કરાય છે આદિ પૂર્વવત્ જાણવું. તે આ આચારવસ્તુ કે આચાર જે પૂર્વે જોયો.

**● સૂત્ર-૨૧૬ :-**

*તે 'સૂયગડ' શું છે ? સૂયગડમાં સ્વસમયની સૂચના કરાય છે. પરસમયની સૂચના કરાય છે. સ્વસમય-પરસમયની સૂચના કરાય છે. એ રીતે જીવ - અજીવ - જીવાજીવ સૂચિત કરાય છે. લોક-અલોક-લોકાલોક સૂચિત કરાય છે.. સૂયગડમાં જીવ-અજીવ-પુન્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ-મોક્ષ પર્યન્તના પદાર્થો સૂચિત કરાય છે.*

*અલ્પકાળના પ્રવ્રજિત થયેલ શ્રમણો, કુસમયના મોહથી થયેલ મોહમતિ*



*મોહિતથી જેઓને સંદેહ ઉત્પન્ન થયેલ છે તથા સહજ બુદ્ધિના પરિણામથી જેઓ સંશયિત થયા છે, તેવાની-પાપી-મલિન બુદ્ધિના ગુણને શુદ્ધ કરવા માટે ૧૮૦ ક્રિયાવાદીઓ, ૮૪-અક્રિયાવાદીઓ, ૬૭ અજ્ઞાનવાદી, ૩૨-વિનયવાદીઓ મળીને કુલ ૩૬૩ અન્ય દર્શનીઓની રચના કરીને સ્વસમયની સ્થાપના કરાય છે.*

*તથા પરમતના ખંડન અને સ્વમતની સ્થાપના માટે અનેક પ્રકારના દૃષ્ટાંત વચનોથી પરમતની નિસ્સારતા અને સ્વ સિદ્ધાંતને સારી રીતે દર્શાવનાર, વિવિધ વિસ્તારનું પ્રતિપાદન અને પરમ સદ્ભાવ ગુણ વિશિષ્ટ, મોક્ષમાર્ગમાં ઉતારનાર, ઉદાર, અજ્ઞાનરૂપી અત્યંત અંધકારથી દુર્ગમ એવા માર્ગમાં દીવારૂપ, મોક્ષ અને સુગતિરૂપ ઉત્તમ પ્રાસાદ ઉપર ચડવાના પગથિયારૂપ, નિક્ષોભ, નિષ્પ્રકંપ એવા સૂત્રાર્થ કહ્યા છે.*

*આ સૂયગડની પરિત્ત વાચના, સંખ્યાત અનુયોગ દ્વારો, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો. સંખ્યાતી નિર્યુક્તિઓ છે.*

*આ સૂયગડ અંગાર્થપણે બીજું અંગ છે. તેમાં બે શ્રુતસ્કંધ, ૨૩-અધ્યયનો, ૩૩-ઉદ્દેશનકાળ, ૩૩-સમુદ્દેશન કાળ, પદાગ્રથી ૩૬,૦૦૦ પદો છે. તેમાં સંખ્યાતા અક્ષરો, અનંતા ગમા, અનંતા પર્યાયો, પરિત્ત ત્રસો અને અનંતા સ્થાવરો છે.. આ સર્વે શાશ્વત-કૃત-નિબદ્ધ-નિકાચિત છે. જિનપ્રજ્ઞપ્ત ભાવોને આ અંગમાં કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, દેખાડાય છે, નિર્દેશાય છે, ઉપદર્શન કરાય છે.*

*જે આને ભણે છે, તે આત્મા એ પ્રમાણે થાય છે, જ્ઞાતા થાય છે, વિજ્ઞાતા થાય છે.. આ પ્રમાણે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે, પ્રજ્ઞાપના કરાય છે, પ્રરૂપાય છે, દેખાડાય છે, નિર્દેશ કરાય છે, ઉપદર્શન કરાય છે. - - તે આ "સૂયગડ" છે.*

**● વિવેચન-૨૧૬ :-**

તે સૂત્રકૃત્ શું છે ? सुच् - સુચવવું, સૂચવવાથી સૂત્ર, સૂત્ર વડે કરેલ તે સૂત્રકૃત્ એમ રુઢિથી કહેવાય છે. સૂત્રકૃત્ વડે કે સૂત્રકૃતમાં સ્વ સમય સૂચવાય છે ઇત્યાદિ સુગમ છે. તથા સૂત્રકૃત વડે જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ સુધીના પદાર્થો સૂચવાય છે.. તથા સાધુઓની મતિના ગુણને શુદ્ધ કરવા સ્વસમય સ્થાપના કરાય છે. એમ વાક્યાર્થ કરવો. - - તે સાધુઓ કેવા ?

થોડા કાળમાં પ્રવ્રજિત થયેલા, કેમકે ચિરકાળના પ્રવ્રજિત સાધુઓ નિર્મળમતિ-વાળા હોય છે, તેઓ નિત્ય શાસ્ત્ર પરિચયથી અને બહુશ્રુત સાધુના સમાગમથી તેવા હોય છે. વળી તે અલ્પપર્યાયી સાધુ - कु - કુત્સિત, સમય - સિદ્ધાંત છે જેનો તે કુસમય - કુતીર્થિકો. તેમનો મોહ - પદાર્થનો વિપરીત બોધ. તે કુસમય મોહ થકી જે મોહ એટલે શ્રોતાના મનોમૂઢતા, તે વડે જેની મતિ મોહિત થઈ છે - મૂઢતા પામી છે, તે કુસમય મોહ મતિમોહિત - અથવા - કુસમય તે કુસિદ્ધાંત, તેનો ઓઘ એટલે સમૂહ, તે કુસમયમોહ, તેના વડે મૂઢ, તેથી જેમની મતિ મોહ પામી હોય તે કુસમયૌઘમોહ મતિ મોહિત કહેવાય.

અથવા કુસમય-કુતીર્થિકોનો મોહ કે મોઘ એટલે શુભ ફળની અપેક્ષાએ નિષ્ફળ એવો જે મોહ, તે વડે જેમની મતિ મોહ પામી હોય તે કુસમય મોહ-મોહમતિ મોહિત કે કુસમયમોઘ-મોહમતિ મોહિત કહેવાય. संदेह - વસ્તુ તત્ત્વ પ્રત્યે શંકા, કુસમય મોહ મતિ મોહિત એવું વિશેષણ સમીપે હોવાથી કુસમય પાસેથી જેઓને સંદેહ થયા છે તે સંદેહજાત.. તથા સહજ એટલે સ્વભાવથી જ પ્રાપ્ત થયેલ કુસમયના શ્રવણથી પ્રાપ્ત થયેલા નહીં એવા બુદ્ધિ પરિણામ-મતિ સ્વભાવથી જેઓને સંશય થયો છે, તે સહજ બુદ્ધિ પરિણામ સંશયિત. સંદેહજાત અને સહજબુદ્ધિ પરિણામ સંશયિત આવા સાધુઓને - શું ? - કહે છે —

પાપકર - વિપરીત સંશયરૂપપણે કુત્સિત પ્રવૃત્તિના કારણરૂપ હોવાથી અશુભ કર્મના હેતુરૂપ, તેથી જ મલિન - સ્વરૂપના આચ્છાદનથી અનિર્મળ જે મતિગુણ - બુદ્ધિપર્યાય, તેના વિશોધનને માટે અર્થાત્ નિર્મળપણું કરવા માટે.

૧૮૦ ક્રિયાવાદીઓના તિરસ્કારને કરીને સ્વસમય સ્થાપન કરાય છે. - x - એ જ પ્રમાણે બાકીના પદોમાં પણ આ ક્રિયાપદ જોડવું. તેમાં કર્તા વિના ક્રિયા સંભવતી નથી, તેથી આત્મા સાથે સંબંધવાળી તે ક્રિયાને જેઓ કહેવાના સ્વભાવવાળો છે, તેઓ ક્રિયાવાદી છે. આ આત્માદિનું અસ્તિપણું માનનારા આ રીતે ૧૮૦ ભેદે જાણવા —

જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, પુણ્ય, પાપ, મોક્ષ આ નવ પદાર્થોને અનુક્રમે માંડીને પછી પહેલા જીવ પદાર્થની નીચે સ્વ અને પર એવા બે ભેદો સ્થાપવા. તે બંનેની નીચે નિત્ય, અનિત્ય એવા બે ભેદો સ્થાપવા. તે બંનેની નીચે કાળ, ઈશ્વર, આત્મા, નિયતિ, સ્વભાવ એ પાંચ ભેદો સ્થાપવા. પછી આ રીતે વિકલ્પો કરવા - જીવ પોતે કાળથી નિત્ય છે, એ એક વિકલ્પ. તેનો અર્થ આ પ્રમાણે — નિશ્ચે આત્મા છે, તે સ્વ-રૂપે છે, નિત્ય છે, કાળ થકી છે એમ કાલવાદીનો મત છે. એ રીતે બીજો વિકલ્પ ઈશ્વરકારણિક, ત્રીજો આત્મવાદીનો, ચોથો નિયતિવાદીનો અને પાંચમો સ્વભાવવાદીનો કહેવો.

એ પ્રમાણે સ્વતઃ પદથી પાંચ વિકલ્પ, પરતઃ પદથી પાંચ વિકલ્પો, એ દશ વિકલ્પો નિત્યત્વથી અને એ જ ૧૦ વિકલ્પ અનિત્યત્વ વડે કહેવા. એ પ્રમાણે એક જીવ પદાર્થ વડે ૨૦ વિકલ્પો થયા. તે જ પ્રમાણે અજીવાદિ આઠને આશ્રીને પણ ગુણતાં કુલ-૧૮૦ ભેદો થયા.

અક્રિયાવાદીના ૮૪-ભેદ છે. તેનું સ્વરૂપ નંદી આદિ સૂત્ર મુજબ કહેવું. વિશેષ એ કે — તેની વ્યાખ્યામાં પુન્ય અને પાપને વર્જીને સાત પદાર્થો કહેવા. તેના સ્વ, પર એ બે ભેદ, તેના કાલ આદિ પાંચ અને યદૃચ્છા એમ છ ભેદો સ્થાપવા. એ રીતે ૬ x ૨ x ૭ = ૮૪ ભેદ થયા.

અજ્ઞાનવાદીના-૬૭ ભેદ, તે જ પ્રમાણે કરવા. વિશેષ એ - જીવાદિ નવ પદાર્થ અને દશમો ઉત્પત્તિ એ દશ ભેદ, તેના સત્ આદિ સાત પદો આ રીતે - સત્ત્વ, અસત્ત્વ, સદસત્ત્વ, અવાચ્યત્વ, સદવાચ્યત્વ, અસદવાચ્યત્વ, સદસદવાચ્યત્વ - x - એ રીતે ૯ x ૭ = ૬૩ ભેદો અને દશમા ઉત્પત્તિ પદને આશ્રિને પહેલા ચાર જ ભેદ





લેતા ૬૭ ભેદ.

વૈનયિક વાદીના ૩૨-ભેદ છે. તે આ રીતે — દેવ, રાજા, જ્ઞાતિ, યતિ, સ્થવિર, અધમ, માતા, પિતા આ આઠેનો કાય, વાણી, મન, દાન વડે એ ચાર પ્રકારે વિનય કરવો, એમ અંગીકાર કરનારના ૩૨-ભેદ.

આ પ્રમાણે આ ચારે વાદીઓના ભેદો મળીને કુલ ૩૬૩ ભેદો અન્ય દર્શનીઓના છે - x - તેમનો વ્યૂહ એટલે પ્રતિક્ષેપ [નિરાસ] કરીને સ્વસમય [જૈન સિદ્ધાંત] ની સ્થાપના કરાય છે. જેથી આ રીતે સૂત્રકૃત્ વડે કહેવાય છે. તેથી તેના સૂત્ર અને અર્થનું સ્વરૂપ કહે છે—

नाना - અનેકવિધ એટલે ઘણા પ્રકારે સ્યાદ્વાદીએ પૂર્વપક્ષી કરેલા પરવાદીઓના સ્વપક્ષને સ્થાપવાને જે દૃષ્ટાંત વચનો અને ઉપલક્ષણથી હેતુવચનો છે. તેની અપેક્ષાએ સારરહિત બીજાનો મત છે, એમ સારી રીતે એટલે પોતાના મતનું કોઈ ખંડન ન કરી શકે એ રીતે દેખાડતા - પ્રગટ કરતા તથા સત્ પદની પ્રરૂપણાદિ અનેક અનુયોગ દ્વારને આશ્રિતત્વથી જે વિસ્તારાનુગમ, अनुगम - વ્યાખ્યા કરવાલાયક જીવાદિ અનેક તત્ત્વોનું વિસ્તારથી પ્રતિપાદન તે વિવિધ વિસ્તાર અનુગમ કહેવાય છે. પરમ સદ્ભાવ-અત્યંત સત્યતા અર્થાત્ વસ્તુનું ઐદંપર્ય, આ બે ગુણો વડે જે સહિત. તે વિવિધ વિસ્તાર-અનુગમ પરમ સદ્ભાવ ગુણ વિશિષ્ટ કહેવાય છે.

મોક્ષ માર્ગમાં ઉતરનારા એટલે પ્રાણીઓને સમ્યગ્દર્શન આદિમાં પ્રવૃત્તિ કરાવનારા એવા તથા उदार - સકલ સૂત્રાર્થ દોષ રહિતપણાએ અને નિખિલ સદ્ગુણ સહિતત્વથી. તથા અજ્ઞાનરૂપી તમસ્ - અંધકાર એટલે અત્યંત અંધકાર અથવા પ્રકૃષ્ટ અજ્ઞાન તે અજ્ઞાનતમ, તે રૂપી જે અંધકાર તે અજ્ઞાનતમોऽન્ધકાર અથવા અજ્ઞાનતમાંધકાર. તેના વડે જે દુર્ગ-દુઃખે કરી ગમન કરી શકાય તેવા તત્ત્વમાર્ગમાં પ્રકાશ કરનાર હોવાથી દીવાની ઉપમાવાળા એવા, તથા —

સિદ્ધિરૂપી જે સુગતિ તે સિદ્ધિ સુગતિ અથવા સિદ્ધિ એટલે મોક્ષ અને સુગતિ એટલે ઉત્તમ દેવપણું - ઉત્તમ મનુષ્યપણું તે સિદ્ધિ સુગતિ. તે રૂપી જે ઉત્તમગૃહ - શ્રેષ્ઠ પ્રાસાદ, તે સિદ્ધિ સુગતિ ગૃહોત્તમનું આરોહણ, सोपान - ઉપર ચડવાનો માર્ગ વિશેષ-પગથિયા. તથા —

નિક્ષોભ - વાદી વડે ક્ષોભ પમાડવો - ચલાયમાન કરવાને અશક્ય. નિષ્પ્રકંપ-સ્વરૂપથી પણ થોડા પણ વ્યભિચાર દોષરૂપ કંપથી રહિત. એવા કોણ ? સૂત્ર અને અર્થ - નિર્યુક્તિ, ભાષ્ય, સંગ્રહણિ, વૃત્તિ, ચૂર્ણિ, પંજિકા આદિ. આવા સૂત્રાર્થ. બાકીનું સુગમ છે. તે આ 'સૂયગડ' છે. વિશેષ એ કે - ૩૩-ઉદ્દેશનકાળ આ રીતે — ૪, ૩, ૪, ૨, ૨, ૧૧ એકસરા, એ પહેલા શ્રુત સ્કંધના ૧૬ અધ્યયન, બીજાના સાત મહાઅધ્યયન મળી ૩૩ થાય છે.

- **સૂત્ર-૨૧૭ થી ૨૧૯ :-**

***[૨૧૭] તે "ઠાણ" શું છે ? ઠાણ [સ્થાનાંગ] માં સ્વસમયની સ્થાપના થાય છે, પરસમયની સ્થાપના થાય છે, સ્વસમય-પરસમયની સ્થાપના થાય છે.***

*[એવી રીતે :-] જીવ-અજીવ-જીવાજીવની સ્થાપના કરાય છે, લોક-અલોક-લોકાલોકની સ્થાપના કરાય છે. [સ્થાનાંગ] ઠાણ વડે પદાર્થના દ્રવ્ય, ગુણ, ક્ષેત્ર, કાળ અને પર્યાયોની [સ્થાપના કરાયા છે.]*

*[૨૧૮] પર્વત, નદી, સમુદ્ર, સૂર્ય, ભવન, વિમાન, આકર, નદી, નિધિ, પુરુષજાત, સ્વર, ગોત્ર અને જ્યોતિષ્ચાર [એ સર્વે કહ્યા છે.]*

*[૨૧૯] તથા એકવિધ વક્તવ્ય, દ્વિવિધ વક્તવ્ય યાવત્ દશવિધ વક્તવ્ય, જીવ અને પુદ્ગલો તથા લોકમાં રહેલાની પ્રરૂપણા કહેવાય છે.*

*આ 'ઠાણ' સૂત્રની પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગ દ્વારો, સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટક, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી સંગ્રહણીઓ છે.*

*આ 'ઠાણ' અંગ-અર્થતાથી ત્રીજું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ, દશ અધ્યયનો, ૨૧-ઉદ્દેશનકાળ, ૨૧-સમુદ્દેશનકાળ, કુલ ૭૨,૦૦૦ પદો, સંખ્યાતા અક્ષરો, અનંતાગમા, અનંતા પર્યાયો, પરિત્ત ત્રસો, અનંતા સ્થાવરો છે. - - તે સર્વે શાશ્વતા, કૃત, નિબદ્ધ, નિકાચિત છે. એમાં જિનેશ્વરોએ પ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે. તેને ભણનાર આત્મા એ રીતે તદ્રૂપ થાય છે, જ્ઞાત થાય છે, વિજ્ઞાત થાય છે, એ રીતે ચરણ-કરણની પ્રરૂપણા કરાય છે. આ પ્રમાણે તે 'ઠાણ' [સ્થાનાંગ] કહ્યું.*

**● વિવેચન-૨૧૭ થી ૨૧૯ :-**

હવે તે 'ઠાણ' કયું ? જેને વિશે પ્રતિપાદન કરવાપણે જીવાદિ પદાર્થો સ્થાપન કરાય તે [ઠાણ] સ્થાન.. તે જ કહે છે – 'સ્થાન' વડે કે 'સ્થાન'માં જીવો સ્થાપન કરાય છે એટલે જીવનું યથાવસ્થિત સ્વરૂપ પ્રતિપાદન કરાય છે, શેષ સૂત્ર પ્રાયઃ પાઠસિદ્ધ-સુગમ જ છે - વિશેષ એ કે –

ઠાણેણ૦ એ ફરીથી કહેવાયું તે પૂર્વે કહેલાનું સામાન્યપણું જણાવવા અને સ્થાપનીય વિશેષ પદાર્થના પ્રતિપાદન માટે આ બીજીવાર કહ્યું તેમ જણાવે છે. તેમાં - x - દ્રવ્ય, ગુણ, ક્ષેત્ર, કાળ, પર્યાયો છે. પદાર્થો એટલે જીવાદિના દ્રવ્ય વગેરે સ્થાનસૂત્રથી સ્થપાય છે એમ જાણવું.

તેમાં દ્રવ્ય-દ્રવ્યાર્થતા. જેમાં જીવાસ્તિકાય, તે અનંત દ્રવ્ય છે. ગુણ એટલે સ્વભાવ. જેમકે - જીવ ઉપયોગના સ્વભાવવાળો છે, ક્ષેત્ર-જેમકે - આ જીવ અસંખ્યાતા પ્રદેશોને અવગાહીને રહેલ છે. કાળ - જેમકે આ જીવ આદિ-અંત રહિત છે. પર્યાય-કાળે કરેલી અવસ્થા, જેમકે - નારકીપણું આદિ, બાળપણું આદિ.

સેલા૦ ગાથા - તેમાં શૈલ-હિમવંત આદિ પર્વતો, આ 'સ્થાન' સૂત્ર વડે સ્થપાય છે. એમ સર્વત્ર સંબંધ જોડવો. સલિલા-ગંગાદિ મહા નદીઓ. સમુદ્ર-લવણાદિ સમુદ્રો. સૂર-આદિત્ય. ભવન-અસુરાદિના ભવનો. વિમાન-ચંદ્રાદિના વિમાનો, આકર-સુવર્ણાદિ ઉત્પત્તિ ભૂમિ, નદી-સામાન્ય મહી, કોસી આદિ નદી. નિધિ-ચક્રવર્તી સંબંધી નૈસર્પાદિ નવ નિધાનો. પુરુષજાત - ઉંચા-નીચા આદિ ભેદવાળા પુરુષના પ્રકારો અથવા પાઠાંતરથી પુસ્સજોય-ઉપલક્ષણથી પુષ્ય આદિ નક્ષત્રોનો ચંદ્રની સાથે પશ્ચિમ, અગ્રિમ, ઉભય,



પ્રમર્દ આદિ યોગ થવો તે. સ્વર-ષડ્જ આદિ સ્વરો, ગોત્ર-કાશ્યપાદિ ૪૯ ગોત્રો. તારારૂપી જ્યોતિષ્‌ની ગતિ – જેમકે ત્રણ સ્થાને તારારૂપી જ્યોતિષ્ ચાલે છે ઇત્યાદિ સૂત્ર વડે સંબંધ.

તથા એક પ્રકારનું વક્તવ્ય એટલે તેનું અભિધેય તે પહેલા અધ્યયનમાં સ્થાપન કરાય છે, એમ સંબંધ કરવો. એ જ પ્રમાણે દ્વિવિધ વક્તવ્ય બીજા અધ્યયનમાં, એ રીતે ત્રીજા આદિ અધ્યયનમાં યાવત્ દશવિધ વક્તવ્ય દશમાં અધ્યયનમાં સ્થાપન કરાય છે તથા જીવો અને પુદ્ગલોની પ્રરૂપણા કરાય છે. તથા લોકમાં રહેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિની પ્રરૂપણા કરાય છે.

શેષ સૂત્ર 'આચાર' સૂત્રના વ્યાખ્યાનવત્ જાણવું. વિશેષ એ કે – ઉદ્દેશનકાળ-૨૧ છે. તે આ રીતે – બીજા, ત્રીજા, ચોથા અધ્યયનમાં ચાર-ચાર ઉદ્દેશા છે. પાંચમામાં ત્રણ છે, એ રીતે ૧૫-થયા. બાકીના છ અધ્યયનના છ ઉદ્દેશકાળ હોવાથી કુલ ૨૧ થયા. તથા ૭૨,૦૦૦ પદો છે. કેમકે ૧૮,૦૦૦ પદના પ્રમાણવાળા 'આચાર'થી બમણું 'સૂયગડ', તેનાથી આ બમણું છે.

**● સૂત્ર-૨૨૦ :-**

*તે "સમવાય" શું છે ? સમવાયમાં સ્વસમય સૂચવાય છે, પરસમય સૂચવાય છે, સ્વસમય-પરસમય સૂચવાય છે યાવત્ લોકાલોક સૂચવાય છે. સમવાયમાં એક આદિક એક સ્થાન, એક-એકની પરિવૃદ્ધિ થકી દ્વાદશાંગીરૂપ ગણિપિટકના પર્યવોનું પરિમાણ કહેવાય છે. ૧૦૦-સ્થાનક પરિમાણ કહે છે. તથા બાર પ્રકારના વિસ્તારવાળા, જગતના જીવોને હિતકારક એવા પૂજ્ય શ્રુતજ્ઞાનનો સંક્ષેપથી સમવતસાર કહ્યો.*

*તેમાં વિવિધ પ્રકારના જીવ-અજીવ વિસ્તારથી વર્ણવ્યા છે, બીજા પણ ઘણાં પ્રકારના વિશેષો છે, જેવા કે – નારકી, તિર્યંચ, મનુષ્ય, અસુર ગણના આહાર, ઉચ્છ્વાસ, લેશ્યા, આવાસ સંખ્યા, આયત પ્રમાણ, ઉપપાત, ચ્યવન, અવગાહના, અવધિ, વેદના, ભેદ, ઉપયોગ, યોગ, ઈન્દ્રિય, કષાય, જીવોની વિવિધ યોનિ, મેરુ પર્વતના વિષ્કંભ-ઉત્સેધ-પરિધિનું પ્રમાણ, વિધિ વિશેષ, કુલકર-તીર્થંકર-ગણધર-સમગ્ર ભરતાધિપતિ ચક્રવર્તીઓ, વાસુદેવ, બળદેવના વિધિ વિશેષ, ક્ષેત્રોના નિર્ગમો એ સર્વે સમવાયમાં વર્ણવ્યા છે. આ અને બીજા પદાર્થો અહીં વિસ્તારથી કહ્યા છે.*

*'સમવાય'ની પરિત્ત વાચના છે યાવત્ સમવાય અંગ-અર્થથી ચોથું અંગ છે. તેમાં એક અધ્યયન, એક શ્રુતસ્કંધ, એક ઉદ્દેશનકાળ, એક સમુદ્દેશનકાળ, ૧,૪૪,૦૦૦ કુલ પદો છે. તેમાં અક્ષરો સંખ્યાતા છે યાવત્ ચરણકરણની પ્રરૂપણા કરાય છે. તે આ સમયવાય છે.*

**● વિવેચન-૨૨૦ :-**

હવે આ 'સમવાય' શો છે ? સૂત્રમાં પ્રાકૃતત્વથી વકાર લોપથી સમવાય ને

બદલે સમાય છે તે યુક્ત છે. સમવાયને તે સમવાય અર્થાત્ સમ્યક્ પરિચ્છેદ [જાણવું], તેના હેતુરૂપ આ ગ્રંથ પણ 'સમવાય' છે. કહે છે – સમવાય વડે કે સમવાયમાં સ્વ સમય સૂચવાય છે આદિ સુગમ છે.

સમવાય વડે કે સમવાયમાં એક, બે, ત્રણ, ચાર આદિ ૧૦૦ સુધી કે કોટાકોટિ પર્યન્તના કેટલાંક પદાર્થો છે. એક એવો તે અર્થ તે એકાર્થ છે. એટલે કે કેટલાંક પદાર્થો, સર્વ પદાર્થો કહી ન શકાય તેથી કેટલાક જીવાદિ પદાર્થોની, એક અધિક જેમાં હોય તે એકોત્તરિકા કહેવાય છે. - x - પરિવૃદ્ધિ આ સમવાય વડે કહેવાય છે, એમ સંબંધ કરવો. તેમાં વૃદ્ધિ જે તે સંખ્યાની જાણવી. અહીં च શબ્દનો અન્યત્ર સંબંધ હોવાથી એકોત્તરિકા, અનેકોત્તરિકા એમ જાણવું. તેમાં ૧૦૦ સુધી એકોત્તરિકા વૃદ્ધિ, પછી અનેકોત્તરિકા વૃદ્ધિ છે.

તથા દ્વાદશાંગીરૂપ ગણિપિટકનું પર્યવનું પરિમાણ - અભિધેયાદિક તેના ધર્મની સંખ્યા જેમકે ''પરિત્તાત્રસ'' આદિ. પર્યવ શબ્દને બદલે પલ્લવ શબ્દ પ્રાકૃતથી છે. જેમ પર્યંકને બદલે પલ્યંક કહે છે તેમ. અથવા પલ્લવ એટલે અવયવ, તેનું પ્રમાણ સમ્યક્ રીતે પ્રતિપાદન કરાય છે. આ પૂર્વે કહેલા અર્થનો જ વિસ્તાર કરતા કહે છે –

સ્થાનક શતક એટલે એકથી આરંભીને ૧૦૦ સુધીની સંખ્યાના સ્થાનોનું અર્થાત્ તે સંખ્યા વડે વિશેષિત કરેલા જીવાદિ પદાર્થોનું પરિમાણ કહેવાય છે.

આચારાદિના ભેદ વડે બાર પ્રકારનો વિસ્તાર છે જેનો તે દ્વાદશવિધ વિસ્તારવાળું શ્રુતજ્ઞાન-જિનપ્રવચન, કેવું ? જગત્‌ના જીવને હિતકારક તથા ભગવાન-શ્રુતના અતિશયવાળું, સંક્ષેપથી સમાચાર એટલે દરેક સ્થાને અને દરેક અંગે વિવિધ પ્રકારને કહેનાર વ્યવહાર સંક્ષેપથી કહેવાય છે.

હવે આ સમાચાર કહ્યા પછી જે કહ્યું છે, તે કહેવાને માટે કહે છે – તે જ સમવાયમાં એમ સંબંધ જાણવો, જેના વિવિધ પ્રકારો છે તે નાનાવિધ પ્રકારવાળા, તે આ રીતે - એકેન્દ્રિયાદિ ભેદે પાંચ પ્રકારના જીવો છે, તે દરેક પણ પર્યાપ્ત, અપર્યાપ્તાદિ ભેદે નાનાવિધ છે. જીવ અને અજીવ વિસ્તારથી એટલે મોટા વચનની રચનાએ કરીને વર્ણવ્યા છે. તથા બીજા પણ ઘણા પ્રકારના વિશેષો એટલે જીવ-અજીવના ધર્મો વર્ણવ્યા છે, એમ સંબંધ કરવો. તે ધર્મોને જ લેશથી કહે છે–

તેમાં નિવાસ અને નિવાસવાળાનો અભેદ ઉપચાર હોવાથી નરક એટલે નારકી લેવા. પછી નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવસમૂહ સંબંધી આહારાદિ વર્ણવ્યા છે. તેમાં આહાર-ઓજાહારાદિ. તે આભોગ, અનાભોગથી થયેલ આહાર અનેક ભેદે છે.. ઉચ્છ્‌વાસ-અણુ, સમય આદિ કાળના ભેદથી અનેક પ્રકારવાળો.. લેશ્યા-કૃષ્ણલેશ્યાદિ છ ભેદે.. આવાસ સંખ્યા - જેમકે નરકાવાસ ૮૪-લાખ છે ઇત્યાદિ.. આયતપ્રમાણ - લંબાઈનું પ્રમાણ, તે પણ આવાસનું જ હોય છે, જેમકે સંખ્યાતા, અસંખ્યાતા યોજનની લંબાઈ, ઉપલક્ષણથી વિષ્કંભ, બાહલ્ય, પરિધિનું પ્રમાણ પણ અન્યત્ર જાણવું.



ઉપપાત - એક સમયે આટલા જીવોની કે આટલા કાળના આંતરે જીવોની ઉત્પત્તિ થવી તે.. ચ્યવન - એક સમયે આટલા જીવો મરે અથવા આટલા કાળે મરે તે.. અવગાહના - અંગુલના અસંખ્યેય ભાગાદિ જેટલું શરીરનું પ્રમાણ હોય તે, અવધિ-અંગુલનું અસંખ્યેય ભાગ ક્ષેત્ર જાણવું.

વેદના-શુભાશુભ સ્વભાવવાળી.. વિધાન-ભેદ, જેમકે સાત પ્રકારના નારકી જીવો છે આદિ.. ઉપયોગ - આભિનિબોધિકાદિ બાર પ્રકારે.. યોગ-૧૫ ભેદે.. ઈન્દ્રિયો-પાંચ, અથવા દ્રવ્યાદિ ભેદે વીશ, અથવા શ્રોત્રાદિના છિદ્રાદિની અપેક્ષાએ આઠ.. કષાય-ક્રોધાદિ. પછી આહાર, ઉચ્છ્‌વાસાદિનો દ્વન્દ્વ સમાસ કરવો ઇત્યાદિ - x -

વિવિધ પ્રકારે જીવોની યોનિ-સચિત્તાદિ જીવોનું ઉત્પત્તિસ્થાન તથા વિષ્કંભ, ઉત્સેધ, પરિધિનું પ્રમાણ. તેમાં વિષ્કંભ-વિસ્તાર, ઉત્સેધ-ઉંચાઈ, પરિરય-પરિધિ અને વિધિ એટલે ભેદો. જેમકે જંબૂદ્વીપીય, ધાતકી ખંડીય, પૌષ્કરાર્દ્ધિક એવા ભેદથી મેરુ પર્વત ત્રણ પ્રકારે છે. વિધિ વિશેષ એટલે જંબૂદ્વીપીય મેરુ લાખ યોજન ઉંચો છે, બાકીના મેરુ ૮૫,૦૦૦ યોજન ઉંચા છે. એ રીતે અન્ય પર્વતો વિશે પણ ભાવના કરવી.

તથા કુલકર, તીર્થંકર, ગણધર તથા સમસ્ત ભરતાધિપતિ - ચક્રવર્તીઓ, ચક્રધર-વાસુદેવ, હલધર-બળદેવ, તે સર્વેના વિધિ વિશેષો કહેવાય છે. તથા વર્ષ - ભરતાદિ ક્ષેત્રોનો નિર્ગમ - પૂર્વથી પછીનાનું આધિક્ય.

આ બધું ચોથા અંગ ''સમવાય''માં વર્ણવ્યું છે, એમ સંબંધ કરવો. હવે તેનો નિગમન કહે છે – આ પૂર્વોક્ત પદાર્થો તથા બીજા ઘનવાત, તનુવાત આદિ પદાર્થો આવા પ્રકારના આ સમવાયમાં વિસ્તારથી આશ્રય કરાય છે, અવિપરિત સ્વરૂપ અને ગુણોથી શોભિત આ પદાર્થો બુદ્ધિ વડે અંગીકાર કરાય છે અથવા ખોટી પ્રરૂપણા થકી સાચી પ્રરૂપણામાં સ્થાપન કરાય છે. - x -

● **સૂત્ર-૨૨૧ :-**

***તે વ્યાખ્યા [વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-ભગવતી] શું છે ? વ્યાખ્યા૦ માં સ્વસમય કહેવાય છે, પરસમય કહેવાય છે, સ્વસમય-પરસમય કહે છે. [એ રીતે] જીવ-અજીવ-જીવાજીવ કહેવાય છે. લોક-અલોક-લોકાલોક કહેવાય છે. વ્યાખ્યા૦ વડે વિવિધ દેવ, નરેન્દ્ર, રાજર્ષિઓના પૂછેલા વિવિધ સંશયો [અને તેના ઉત્તરો] કહેવાય છે. જિનેશ્વરે વિસ્તારથી કહેલા દ્રવ્ય-ગુણ-ક્ષેત્ર-કાળ-પર્યાય-પ્રદેશ-પરિમાણ-યથાસ્તિભાવ-અનુગમ-નિક્ષેપ-નય-પ્રમાણ-સુનિપુણ ઉપક્રમ વિવિધ પ્રકારે જેઓએ પ્રગટ દેખાડ્યો છે એવા, લોકાલોકને પ્રકાશનારા, મોટા સંસાર સમુદ્રને ઉતારવામાં સમર્થ, ઈન્દ્રોએ પૂજેલા, ભવ્યજનરૂપી પ્રજાના હૃદયને આનંદ આપનારા, તમોરજનો નાશ કરનારા, સુદૃષ્ટ દીપરૂપ ઈહા-મતિ-બુદ્ધિને વૃદ્ધિ કરનારા એવા અન્યૂન ૩૬,૦૦૦ વ્યાકરણોને પ્રકાશ-કરનારા ઘણાં પ્રકારના સૂત્ર-અર્થ તેના શિષ્યોના હિતને માટે ગુણમહાર્થ છે.***

***આ વ્યાખ્યા૦ ની પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો, સંખ્યાતી પ્રતિપત્તિઓ, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિઓ છે. તે આ વ્યાખ્યા [પ્રજ્ઞપ્તિ] અંગાર્થપણે પાંચમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, સાધિક ૧૦૦ અધ્યયનો છે, ૧૦,૦૦૦ ઉદ્દેશો, ૧૦,૦૦૦ સમુદ્દેશો, ૩૬,૦૦૦ વ્યાકરણો, ૮૪,૦૦૦ કુલ પદો કહ્યા છે.***

***તેમાં સંખ્યાતા અક્ષરો, અનંતાગમો, અનંત પર્યાયો છે, ત્રસો પરિત્ત અને અનંતા સ્થાવરો છે. તે સર્વે શાશ્વત છે, કૃત છે, નિબદ્ધ છે, નિકાચિત છે. આ સર્વે જિનપ્રજ્ઞપ્ત ભાવો કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે, તે ભણનારનો આત્મા તદ્રૂપ થાય છે, તે પ્રમાણે જ્ઞાતા, વિજ્ઞાતા થાય છે. આ પ્રમાણે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે. આ પ્રમાણે તે વિવાહ [વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ] છે.***

**● વિવેચન-૨૨૧ :-**

હવે આ વ્યાખ્યા [ભગવતી] શું છે ? જેમાં અર્થો વ્યાખ્યાન કરાય તે વ્યાખ્યા કહેવાય છે. - x - વ્યાખ્યા૦ વડે કે વ્યાખ્યામાં સ્વસમય કહેવાય છે, વગેરે નવ પદો ‘સૂયગડ’ના વર્ણન મુજબ જાણવા.

વિવિધ પ્રકારના દેવોએ, નરેન્દ્રોએ, રાજર્ષિઓએ. વિવિધ પ્રકારના સંશય કરનારાઓએ પૂછેલા એવા અને વિવિધ દેવ આદિએ પૂછેલા ૩૬,૦૦૦ વ્યાકરણો દેખાડી, શ્રુત-અર્થે વ્યાખ્યાન કરાય છે, એમ પૂર્વાપર વાક્યનો સંબંધ કરવો. તે વ્યાકરણો કેવા છે ? તે કહે છે—

ભગવંત મહાવીરે વિસ્તારથી કહેલા. વળી કેવા ? વિવિધ પ્રકારના દ્રવ્ય, ગુણ, ક્ષેત્ર, કાળ, પર્યવ, પ્રદેશ, પરિણામ, અવસ્થા, યથા અસ્તિભાવ, અનુગમ, નય, નિક્ષેપ, પ્રમાણ, સુનિપુણ ઉપક્રમ વડે પ્રગટ-પ્રદર્શિત જે વ્યાકરણ એવા. તેમાં દ્રવ્ય - ધર્માસ્તિકાયાદિ, ગુણ - જ્ઞાન, વર્ણ આદિ, ક્ષેત્ર - આકાશ, काल - સમયાદિ, પર્યવ - સ્વ, પર ભેદ ભિન્ન ધર્મો અથવા કાળે કરેલી નવી-જૂની આદિ અવસ્થારૂપ પર્યાય. પ્રદેશ - જેના બે ભાગ ન થાય તેવા અવયવો, પરિણામ - એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જવું તે, યથા - જે પ્રકારે અસ્તિભાવ - અસ્તિત્વ - સત્તા તે યથાસ્તિભાવ, અનુગમ - સંહિતાદિ વ્યાખ્યાન પ્રકારરૂપ અથવા ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમાદિ દ્વારોનો સમૂહ, નિક્ષેપ - નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ વડે વસ્તુનો ન્યાસ. नयप्रमाण - નય, નૈગમાદિ સાત અથવા દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક ભેદથી અથવા જ્ઞાનનય-ક્રિયાનયના ભેદથી અથવા નિશ્ચય અને વ્યવહારના ભેદથી છે. સાત કે બે છે.

પ્રમાણ - વસ્તુતત્ત્વનો પરિચ્છેદ, તે નય પ્રમાણ છે. સુનિપુણ - અતિ સૂક્ષ્મ અથવા સારી રીતે નિશ્ચિત ગુણવાળો ઉપક્રમ - આનુપૂર્વ્યાદિ. આ સર્વેનું વિવિધ પ્રકારપણું તેના ભેદો દેખાડવાથી જ કહ્યું છે. તથા કેવા પ્રકારના વ્યાકરણો ? તે કહે છે લોક અને અલોક પ્રકાશિત છે જેમાં એવા તથા વિસ્તારવાળા સંસાર સમુદ્રના તારવામાં સમર્થ એવા, તેથી જ ઈન્દ્રોએ પૂજેલા એટલે પૂછનાર તથા નિર્ણાયકની પૂજા



કરવાથી અથવા સારું કહેલું હોવાથી - શ્લાઘા કરેલ હોવાથી પૂજેલા તથા ભવ્ય પ્રાણીઓની જે પ્રજા-લોક તે ભવ્યજન પ્રજા અથવા ભવ્ય એવો જનપદ, તેમને હૃદય-ચિત્ત વડે અભિનંદિત - અનુમોદિત એવા. તમોરજસ્ એટલે અજ્ઞાન અને પાપનો જે નાશ કરે તે તમોરજોવિધ્વંસ કહેવાય. તે અને તેનું જ્ઞાન તે તમોરજોવિધ્વંસજ્ઞાન, તેનાથી સારી રીતે દૃષ્ટ-નિર્ણય કરેલા અને એ જ કારણે દીવારૂપ થયેલા, તેથી જ ઈહા-મતિ-બુદ્ધિને વધારનારા, તેમાં ईहा - વિતર્ક, अवाय - નિશ્ચય, बुद्धि - ઔત્પાતિકી આદિ ચાર ભેદે અથવા “તમોરજોવિધ્વંસનાનાં” એવું જુદું પદ પાઠાંતરે જાણવું અને “સુદૃષ્ટ દીપ ભૂતાનાં” એ પણ જુદું પણ જાણવું.

અન્યૂન એવા ૩૬,૦૦૦ પદો જેના છે તેવા. - x - x - वागरण - પ્રશ્ન પૂછ્યા પછી નિર્ણય કરનારા ગુરુ વડે ઉત્તરરૂપે જે કહેવાય તે વ્યાકરણ, તેને દેખાડવાથી-પ્રકાશવાથી - રચના કરવાથી અથવા તેને દેખાડનાર. કોણ ? તે કહે છે — શ્રુતના વિષયવાળા જે અર્થ તે શ્રુતાર્થ એટલે કહેવા લાયક અર્થ વિશેષો અથવા શ્રુત એટલે ગણધરે જિનેશ્વર પાસે સાંભળેલા જે અર્થો તે શ્રુતાર્થ કહેવાય છે. અથવા શ્રુત એટલે સૂત્ર અને નિર્યુક્તિ આદિ અર્થો તે શ્રુતાર્થ, તે ઘણા પ્રકારવાળા છે એમ વિગ્રહ કરવો અથવા શ્રુતાર્થોના ઘણાં પ્રકારો એમ વિગ્રહ કરવો.

તે વ્યાખ્યાન શા માટે કરાય છે ? શિષ્યોનું હિત - અનર્થનો નાશ અને અર્થની પ્રાપ્તિરૂપ જે હિત, તે રૂપ પ્રાર્થના કરવા લાયક હોઈ તેને માટે તે શ્રુતાર્થો કેવા છે - અર્થની પ્રાપ્તિ આદિ જે ગુણ તે જ હસ્ત છે એટલે પ્રધાન અવયવ છે જેમને તે ગુણહસ્ત અથવા ગુણરૂપી મહાર્થ.

શેષ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે — અહીં ‘શતક’ એ અધ્યયનની સંજ્ઞા છે. આ અંગમાં કુલ ૮૪,૦૦૦ પદો છે, અહીં સમવાયાંગ અપેક્ષાએ બમણી સંખ્યાનો આશ્રય ન કરવો અન્યથા ૨,૮૮,૦૦૦ પદો થાય.

**● સૂત્ર-૨૨૨ :-**

***તે “નાયાધમ્મકહા” શું છે ? “નાયાધમ્મકથા”માં જ્ઞાતાના નગરો, ઉદ્યાનો, ચૈત્ય, વનખંડો, રાજાઓ, માતાપિતા, સમવસરણો, ધર્માચાર્યો, ધર્મકથા, આલોક-પરલોકની ઋદ્ધિ વિશેષ, ભોગ પરિત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુતપરિગ્રહણ, તપોપધાન, દીક્ષા પર્યાય, સંલેખના, ભક્તપ્રત્યાખ્યાન, પાદોપગમન, દેવલોકગમન, સુકુલમાં જન્મ, પુનર્બોધિલાભ અને અંતક્રિયા. આ બાવીશ સ્થાનો કહેવાય છે યાવત્ નાયધમ્મકહામાં વિનય ક્રિયાને કરનારા જિનેશ્વરોના ઉત્તમ શાસનમાં પ્રવ્રજિત થયેલાં છતાં.***

***(૧) સંયમની પ્રતિજ્ઞા પાળવામાં જે ધૃતિ, મતિ, વ્યવસાય જોઈએ તેમાં દુર્બલ હોય, (૨) તપનિયમ-તપઉપધાનરૂપી રણસંગ્રામ અને દુર્ધર ભાર વડે ભગ્ન થયેલ, અતિ અશક્ત અને ભગ્નશરીરી હોય. (૩) ઘોર પરીષહથી પરાજિત તથા પરિષહોથી વશ કરવાને આરંભેલા અને મોક્ષમાર્ગે જતા રુંધેલા.***

*તેથી જ સિદ્ધાલયના માર્ગથી ભ્રષ્ટ થયેલ. (૪) તુચ્છ વિષય સુખમાં આશાવશ દોષથી મૂર્છિત હોય. (૫) ચારિત્ર, જ્ઞાન, દર્શનની વિરાધના કરનાર, વિવિધ પ્રકારે સાધુ ગુણો નિસ્સાર અને શૂન્ય હોય, [આવા સાધુઓનો] સંસારમાં અપાર દુઃખવાળા દુર્ગતિના ભવોની વિવિધ પરંપરાના વિસ્તારો કહેવાય છે.*

*પરિષહ, કષાયરૂપી સૈન્યને જિતનાર, ધૃતિના સ્વામી, સંયમમાં નિશ્ચે ઉત્સાહવાળા, આરાધિત જ્ઞાન-દર્શન-ચારિત્ર યોગ અને નિઃશલ્ય શુદ્ધ સિદ્ધાલય માર્ગાભિમુખ - - અનુપમ દેવભવનવિમાન સુખો ભોગવીને, દીર્ઘકાળ તે દિવ્ય, મહાર્હ ભોગો ભોગવી, ત્યાંથી કાળક્રમે ચ્યવી, જે રીતે ફરી સિદ્ધિમાર્ગને પામીને અંતક્રિયા થાય તે કહે છે.*

*તથા સંયમથી ચલિતને દેવ, મનુષ્ય સંબંધી ધૈર્યકરણ કારણ દૃષ્ટાંતો કે જે બોધ, અનુશાસન કરનાર, ગુણ-દોષ દેખાડનારા કહે છે. દૃષ્ટાંતો અને પ્રત્યયોવાળા વચનો સાંભળીને લૌકિક મુનિઓ જે રીતે જરા-મરણ નાશક જિનશાસનમાં સ્થિર થાય, તે કહે છે. સંયમને આરાધીને દેવલોક જઈને, ત્યાંથી પાછા આવીને જે રીતે શાશ્વત, શિવ, સર્વ દુઃખ-મોક્ષ કહેવાય છે. આ અને આવા બીજા અર્થો વિસ્તારથી કહ્યા.*

*નાયાધમ્મકહામાં પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો યાવત્ સંખ્યાતી સંગ્રહણી છે. તે અંગ-અર્થથી છટ્ઠુ અંગ છે. તેમાં બે શ્રુતસ્કંધો, ૧૯ અધ્યયનો છે, તે સંક્ષેપથી બે પ્રકારે છે. તે આ - ચરિત અને કલ્પિત. તેમાં ધર્મકથાના દશ વર્ગો છે. એક એક ધર્મકથામાં ૫૦૦-૫૦૦ આખ્યાયિકાઓ છે. એક એક આખ્યાયિકામાં ૫૦૦-૫૦૦ ઉપાખ્યાયિકાઓ છે. એક એક ઉપાખ્યાયિકામાં ૫૦૦-૫૦૦ આખ્યાયિકોપાખ્યાયિકા છે. એ રીતે કુલ ૩ાા કરોડ આખ્યાયિકાઓ છે એમ મેં કહ્યું છે. તેમાં ૨૯-ઉદ્દેશનકાળ, ૨૯-સમુદ્દેશનકાળ છે. સંખ્યાતા હજાર કુલપદો છે, સંખ્યાતા અક્ષરો છે યાવત્ ચરણકરણ પ્રરૂપણા કહી છે.*

*તે આ નાયાધમ્મકહા છે.*

● વિવેચન-૨૨૨ :-

હવે તે જ્ઞાતાધર્મ કથા કઈ છે ? જ્ઞાત એટલે ઉદાહરણ, તે જેમાં મુખ્ય છે તેવી ધર્મકથા તે જ્ઞાતાધર્મકથા - x - અથવા પહેલો શ્રુતસ્કંધ જ્ઞાત નામે હોવાથી જ્ઞાત અને બીજો શ્રુતસ્કંધ ધર્મકથા હોવાથી ધર્મકથા, પછી જ્ઞાતા અને ધર્મકથાથી જ્ઞાતાધર્મકથા થયું.

તેમાં પ્રથમ વ્યુત્પત્તિના અર્થને સૂત્રકાર દેખાડતા કહે છે — જ્ઞાતાના એટલે ઉદાહરણરૂપ કરેલા મેઘકુમારાદિના નગરાદિ કહેવાય છે. તેમાં નગરાદિ બાવીશ પદો સુગમ છે. વિશેષ એ - ઉદ્યાન - પત્ર, પુષ્પ, ફળ, છાયાવાળા વૃક્ષો વડે શોભિત એવું વન કે જેમાં વિવિધ વેશધારક અને મોટા માનવાળા ઘણાં લોકો ભોજનાર્થે આવે છે. ચૈત્ય - વ્યંતરાયન, વનખણ્ડ - અનેક જાતિના ઉત્તમ વૃક્ષો વડે શોભિત વન કહેવાય છે.

યાવત્ શબ્દથી બીજા પાંચ પદો જાણવા. તેના સૂત્રનો અવયવ આ પ્રમાણે છે



- તેમાં જ્ઞાતાધર્મ કથામાં - x - પ્રવ્રજિત થયેલા, ક્યાં ? - વિનય કરનારા, જિનેશ્વર સંબંધી અને બીજાના શાસનોની અપેક્ષાએ પ્રધાન પ્રવચનમાં. પાઠાંતરથી સાધુઓનો વિનયકર્તા શ્રેષ્ઠ જિનશાસનમાં એમ જાણવું. સંયમપ્રતિજ્ઞા એટલે સંયમનો જે સ્વીકાર તે દુઃખે કરીને પામી શકાય તેવો હોવાથી, કાયર મનુષ્યોને ક્ષોભક હોવાથી, ગંભીરત્વથી, પાતાળરૂપ, તેમાં જેમની ધૃતિ, મતિ, વ્યવસાય અતિ દુર્બલ છે એવા.

પાઠાંતરથી સંયમની પ્રતિજ્ઞાના પાલનમાં જે ધૃતિ, મતિ, વ્યવસાય - તેમાં દુર્બળ એવા. તેમાં ધૃતિ - ચિત્ત સ્વાસ્થ્ય, મતિ - બુદ્ધિ, વ્યવસાય - અનુષ્ઠાન ઉત્સાહ. [આવા દીક્ષિતો.] — તથા —

તપને વિશે નિયમ-અવશ્ય કરવાપણું તે તપોનિયમ એટલે નિયંત્રિત તપ, તપઉપધાન એટલે અનિયંત્રિત તપ એ જ શ્રુતોપચાર. તપનિયમ અને તપ ઉપધાનરૂપી રણ - કાયર જનોને ક્ષોભ પમાડનાર સંગ્રામ, શ્રમનું કારણ હોવાથી દુર્ધર એવો ભાર - દુઃખે વહી શકાય તેવો લોહાદિ ભાર. તેના વડે ભગ્ન, પરાંગ્મુખ થયેલા. નિઃસહ - અત્યંત અશક્ત તે જ નિઃસહક. નિસૃષ્ટ એટલે ભગ્ન અંગવાળા જે છે તે - ''તપોનિયમ તપ ઉપધાન રણ દુર્ધર ભર ભગ્નક નિઃસહક નિસૃષ્ટાઃ'' પાઠાંતરથી નિઃસહક નિવિષ્ટા - અત્યંત અશક્ત થઈ બેસી રહેલા, - x - x - [આવા દીક્ષિતો]

ઘોર પરીષહો વડે પરાજિત અને અસહ - અસમર્થ એવા થઈ પરીષહો વડે જ વશ કરવાને આરંભેલા અને મોક્ષમાર્ગમાં જતાં રૂંધેલા તે ''ઘોર પરીષહ પરાજિતાસહ પ્રારબ્ધરુદ્ધા'' છે. એ જ કારણ માટે જે જ્ઞાનાદિ સિદ્ધાલય માર્ગથી નિર્ગત એટલે પતિત થયેલા તે અને તે ઉપર કહેલા મળીને ''ઘોર પરીષહ પરાજિતા સહ પ્રારબ્ધરુદ્ધ સિદ્ધાલય-માર્ગનિર્ગતાનાં'' એવું થયું. પાઠાંતરથી ઘોરપરીષહ પરાજિતોને તથા એકી સાથે વિશિષ્ટ ગુણશ્રેણિ ઉપર ચડતા પરીષહો વડે અત્યંત રુંધાતા, સિદ્ધાલયના માર્ગથી પતિત થયેલા તે [એવા દીક્ષિતો]

સ્વરૂપથી જ તુચ્છ વિષયસુખોમાં મનોરથોના પરતંત્રતારૂપ નિર્ગુણપણાએ જેઓ મૂર્છિત થયેલા છે તે ''વિષયસુખતુચ્છાશાવશદોષમૂર્છિત'' છે. પાઠાંતરથી કોઈપણ અવસ્થામાં વિષયસુખને વિશે જે મહેચ્છા અને બીજી કોઈ અવસ્થામાં જે તુચ્છ આશા, તે બેના પારતંત્ર્ય દોષ વડે જેઓ મૂર્છિત થયા હોય તે [આવા દીક્ષિતો.]

જેઓએ ચારિત્ર, જ્ઞાન, દર્શનની વિરાધના કરી હોય તેઓ, તથા મૂલગુણ-ઉત્તરગુણરૂપ વિવિધ પ્રકારના સાધુગુણોમાં સારરહિત પલાલ જેવા તુચ્છ ધાન્ય જેવા, તથા તે જ સાધુગણથી શૂન્ય એટલે સર્વથા રહિત હોય તે. - x - ''વિરાધિત ચારિત્રજ્ઞાનદર્શન-યતિગુણ વિવિધ પ્રકાર નિઃસાર શૂન્યકાનાં'' એવું થાય.

[આવા સાધુઓ] સંસારમાં અનંત કલેશવાળા જે નારક, તિર્યંચ, કુમનુષ્ય, કુદેવરૂપ કુગતિમાં થતાં ભવના ગ્રહણો, તેમના જે વિવિધ પ્રકારની પરંપરાના વિસ્તારો તે ''સંસારાપાર દુઃખ દુર્ગતિ-ભવવિવિધ પરંપરાપ્રપંચા'' કહી.

તે આ અંગમાં કહેવાય છે - x -

ધીર, મહાસત્વી. કેવા ? જેઓએ પરીષહ અને કષાયરૂપી સૈન્યને જીત્યું હોય

તે, તથા ધૃતિ - મનની સ્વસ્થતાના સ્વામી તે ધૃતિ ધનિકો, સંયમમાં અવશ્ય થનારો ઉત્સાહ-પરાક્રમ જેમનો તે ''સંયમોત્સાહ નિશ્ચિત'' છે. - x - x - તેઓ ''જિત પરીષહકષાય સૈન્ય ધૃતિ ધનિક સંયમોત્સાહ નિશ્ચિતાનાં'' થયા.

જેઓએ જ્ઞાન-દર્શન-ચારિત્રના યોગો આરાધ્યા હોય તેઓ, તથા મિથ્યાદર્શનાદિ શલ્યરહિત અને અતિચાર રહિત એવો જે મુક્તિનો માર્ગ, તેની સન્મુખ જે થયેલા હોય તેઓ - x - x - ''આરાધિત જ્ઞાનદર્શન ચારિત્ર યોગ નિઃશલ્ય શુદ્ધ સિદ્ધાલય માર્ગઅભિમુખાનાં'' કહેવાય. તેમને શું થાય ? સુરભવન-દેવતાપણે ઉત્પન્ન થઈને અનુપમ વૈમાનિક સુખો મળે, તે જ્ઞાતાધર્મકથામાં કહેવાય છે. અહીં भवन શબ્દથી ભવનપતિના ભવનો કહ્યા નથી, કેમકે અવિરાધિત સંયમી સાધુનો આ પ્રસ્તાવ છે, તેઓ ભવનપતિમાં ઉત્પન્ન ન થાય. તથા ચિરકાળ સુધી મનોહર શબ્દાદિ ભોગો ભોગવીને, કેવા ભોગો ? દિવ્ય-સ્વર્ગમાં થયેલા, મહાર્હાન્ - આત્યંતિક પ્રશસ્તપણે પૂજવાલાયક એવા. પછી દેવલોકથી કાળક્રમે ચ્યવેલા તથા વળી લબ્ધ સિદ્ધિ માર્ગ-મનુષ્યગતિમાં જ્ઞાનાદિ મોક્ષમાર્ગને પામેલા છે. તેઓની જે પ્રકારે અંતક્રિયા-મોક્ષ થાય છે, તે પ્રકારે અહીં કહ્યું છે.

તથા ચલિત એટલે કોઈ કર્મવશથી પરીષહાદિમાં ધીરજ ન રહેતા સંયમ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયેલને દેવ અને મનુષ્ય સંબંધી જે ધીરપણું ઉત્પન્ન કરનારા કારણો-જ્ઞાતો, તે આ અંગમાં કહેવાય છે. અહીં ભાવાર્થ આ છે - જેમ આર્ય અષાઢને દેવે સ્થિર કર્યા અથવા મેઘકુમારને ભગવંતે, શૈલકાચાર્યને પંથક સાધુએ સ્થિર કર્યા, તેમ સ્થિર [ધીર] કરવાના કારણો આ અંગમાં કહેવાય છે.

તે કારણો કેવા છે ? बोधन - માર્ગભ્રષ્ટને માર્ગમાં સ્થાપવા, अनुशासन - દુષ્ટ સ્થિતિવાળાને સારી સ્થિતિનું સંપાદન કરવું. અથવા बोधन - આમંત્રણ, તે પૂર્વક અનુશાસન, તે બોધનાનુશાસન, સંયમની આરાધનામાં ગુણ છે અને અન્યમાં દોષ છે. એ પ્રમાણેના દર્શન-વાક્યો આ અંગમાં કહેવાય છે, એમ સંબંધ કરવો. તથા દૃષ્ટાંતોને-જ્ઞાતોને અને પ્રત્યયોને એટલે બોધિ કારણભૂત વાક્યોને સાંભળીને લૌકિક મુનિ શુકપરિવ્રાજક આદિ જે પ્રકારે જરા-મરણને નાશ કરનારા જિનેશ્વરના શાસનમાં સ્થિરતાને પામ્યા, તે પ્રકારે આ અંગમાં કહેવાય છે.

તેથી જ લૌકિક મુનિઓ અને સંયમથી ચલિત સાધુ જિનવચનને પામીને ફરીથી સંયમનું પાલન કરીને દેવલોકમાં જઈને પછી ત્યાંથી પાછા આવીને જે પ્રકારે સદાકાળ રહેનાર, બાધારહિત એવા સર્વ દુઃખના મોક્ષને એટલે નિર્વાણને પામે છે, તે સર્વે આ અંગમાં કહેવાય છે.

આ ઉપર કહ્યા તે અને બીજા પણ એવા લઈને, અહીં आदि શબ્દનો પ્રકાર 'અર્થ' હોવાથી એવા પ્રકારના અર્થો એટલે પદાર્થો વિસ્તાર વડે અને च શબ્દ છે તેથી કોઈ સ્થાને કોઈ પદાર્થો સંક્ષેપથી અહીં કહેવાય છે.

શેષ સૂત્ર સમાપ્તિ પર્યન્ત સુગમ છે. વિશેષ એ કે — પહેલાં શ્રુતસ્કંધમાં ૧૯-અધ્યયનો છે, બીજા શ્રુતસ્કંધમાં ૧૦-અધ્યયનો છે. તથા दस धम्मकहाणं वग्गा તેનો



ભાવાર્થ આ છે - અહીં ૧૯-જ્ઞાતાના અધ્યયનો છે. કેમકે દાર્ષ્ટાન્તિક અર્થને જણાવનાર રૂપ જે જ્ઞાત, તેમાં તેનું પ્રતિપાદન કરેલું છે, તે પહેલો શ્રુતસ્કંધ છે. બીજા શ્રુતસ્કંધમાં અહિંસા આદિ લક્ષણ ધર્મની કથા તે ધર્મકથા - આખ્યાનકો કહેલા છે. તેમાં દશ વર્ગો છે. વર્ગ એટલે સમૂહ. તેથી અર્થાધિકારના સમૂહરૂપ અધ્યયનો જ દશ વર્ગરૂપ જાણવા. તેમાં જ્ઞાતમાં પહેલા જે દશ અધ્યયનો છે તે જ્ઞાત જ કહેવાય છે. તેમાં આખ્યાયાદિનો સંભવ નથી. બાકીના નવ 'જ્ઞાત'માં પ્રત્યેકમાં ૫૪૦-૫૪૦ આખ્યાયિકા છે. તેમાં પણ એક એક આખ્યાયિકામાં ૫૦૦-૫૦૦ ઉપાખ્યાયિકા છે. તેમાં પણ એક-એક ઉપાખ્યાયિકામાં ૫૦૦-૫૦૦ આખ્યાયિકોપાખ્યાયિકા છે. એ પ્રમાણે બધાં મળીને કેટલા થાય ?

૧૨૧ કરોડ, ૫૦ લાખ. આ પ્રમાણે નવ અધ્યયન સંબંધી વિસ્તાર કહ્યા પછી અધિકૃત સૂત્રનો વિસ્તાર જાણવો. તે આ - ધર્મકથાના દશ વર્ગ છે. તેમાં એક એક ધર્મકથામાં ૫૦૦-૫૦૦ આખ્યાયિકા છે. પ્રત્યેક આખ્યાયિકામાં ૫૦૦-૫૦૦ ઉપાખ્યાયિકા છે, પ્રત્યેક ઉપાખ્યાયિકામાં ૫૦૦-૫૦૦ આખ્યાયિકોપાખ્યાયિકા છે. આ બધાંને એકઠા કરતા શું થાય ?

૧૨૫ કરોડ થાય. અહીં જે કારણ માટે સમલક્ષણવાળા છે, તે કારણ માટે નવ જ્ઞાતાના સંબંધવાળી એકસો સાડા એકવીશ કરોડ આખ્યાયિકાદિ કહી છે, તે મોટી રાશિમાંથી બાદ કરવી. તે બાદ કરતાં સાડા ત્રણ કરોડ કથાનકો જ થાય છે, તેથી મૂળ સૂત્રમાં કહ્યું છે - કહેલા પ્રકાર વડે सपुव्वावरेणं - ગુણાકાર, બાદબાકી કરતા આખ્યાયિકાઓ એટલે કે કથાનકો સાડા ત્રણ કરોડની સંખ્યામાં થાય છે.

આ પ્રમાણે ભગવંત મહાવીરે કહ્યું છે. તથા આ અંગમાં સંખ્યાતા હજાર પદો છે. એટલે કે ૫,૭૬,૦૦૦ કુલ પદો છે. અથવા સૂત્રાલાપકના કુલ પદોથી સંખ્યાતા હજાર જ પદો છે, એમ સર્વત્ર જાણવું.

● **સૂત્ર-૨૨૩ :-**

***તે ''ઉવાસગદસા'' કેવી છે ? ઉપાસકદશામાં ઉપાસકોના નગરો, ઉદ્યાનો, ચૈત્ય, વનખંડો, રાજાઓ, માતાપિતા, સમોસરણો, ધર્માચાર્ય, ધર્મકથા, આલૌકિક-પરલૌકિક ઋદ્ધિવિશેષ... ઉપાસકોના શીલવ્રત, વિરમણ, ગુણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ, એ સર્વેના અંગીકાર, શ્રુતનું ગ્રહણ, તપોપધાન, પ્રતિમા, ઉપસર્ગ, સંલેખના, ભક્તપ્રત્યાખ્યાન, પાદોપગમન, દેવલોકગમન, સુકુલમાં ઉત્પત્તિ, ફરી બોધિલાભ, અંતક્રિયા કહી છે.***

***ઉપાસકદશામાં ઉપાસકોની ઋદ્ધિ વિશેષ, પર્ષદા, વિસ્તૃત ધર્મશ્રવણ, બોધિલાભ, અભિગમ, સમ્યક્ત્વશુદ્ધતા, સ્થિરત્વ, મૂલગુણ-ઉત્તરગુણના અતિચાર, સ્થિતિવિશેષ, બહુ વિશેષ પ્રતિમા, અભિગ્રહ ગ્રહણ, તેનું પાલન, ઉપસર્ગો સહેવા, નિરુપસર્ગ, વિચિત્ર તપ, શીલવ્રત, ગુણ, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ, છેલ્લી મારણાંતિક સંલેખનાના સેવન વડે આત્માને યથાપ્રકારે***

*ભાવીને ઘણા ભોજનને છેદીને ઉત્તમ દેવલોકમાં ઉત્પન્ન થઈને જે પ્રકારે શ્રેષ્ઠ દેવોના ઉત્તમ વિમાનોમાં અનુપમ ઉત્તમ સુખને ક્રમ વડે ભોગવીને પછી આયુષ્યનો ક્ષય થતાં ચ્યવીને જે પ્રમાણે જિનમતમાં બોધિ પામીને ઉત્તમ સંયમ પામીને અજ્ઞાન અને પાપથી મુક્ત થઈ જે પ્રકારે અક્ષય અને સર્વ દુઃખ રહિત એવા મોક્ષને પામે છે. આ અને આવું બીજું અહીં કહેવાય છે.*

*ઉપાસકદશામાં પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગદ્વાર, યાવત્ સંખ્યાતી સંગ્રહણી છે. અંગ-અર્થપણાથી આ સાતમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ, દશ અધ્યયનો, દશ ઉદ્દેશનકાળ, દશ સમુદ્દેશન કાળ, કુલ સંખ્યાતા હજાર પદો, સંખ્યાતા અક્ષરો યાવત્ આ પ્રમાણે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે. તે આ ઉપાસક દશા છે.*

● વિવેચન-૨૨૩ :-

હવે તે ઉપાસકદશા કહી છે ? ઉપાસક એટલે શ્રાવકો, તેની ક્રિયા-કલાપને પ્રતિપાદન કરનાર દશા એટલે દશ અધ્યયન વડે જણાતી ઉપાસક દશા કહેવાય છે. કહ્યું છે કે — ઉપાસકદશામાં શ્રાવકોના નગરો યાવત્ *[મૂલાર્થ કહ્યા મુજબ]* ઋદ્ધિ વિશેષ, ઉપાસકોના શીલવ્રતાદિ - તેમાં શીલવ્રત - અણુવ્રત, વિરમણ - રાગાદિ વિરતિ, ગુણ - ગુણવ્રત, પ્રત્યાખ્યાન - નવકારશી આદિ, પૌષધ - આઠમ આદિ પર્વ દિનોમાં, ઉપવસન એટલે આહાર, શરીરસત્કારાદિ ત્યાગ તે પૌષધોપવાસ. આ સર્વેનો સ્વીકાર. - x - શ્રુતપરિગ્રહ અને તપ ઉપધાનનો અર્થ પ્રસિદ્ધ છે.

પ્રતિમા-શ્રાવકની ૧૧-પ્રતિમા અથવા કાયોત્સર્ગ, ઉપસર્ગ - દેવાદિકૃત્ ઉપદ્રવો, સંલેખના, ભોજન-પાનના પ્રત્યાખ્યાન, પાદપોપગમન, દેવલોકગમન, સારા કુળમાં ઉત્પત્તિ, ફરી બોધિલાભ, અંતક્રિયા, આ બધું આ અંગમાં કહેવાય છે. પૂર્વોક્તને વિશેષે કહે છે—

તેમાં ઋદ્ધિ વિશેષ - અનેક કોટિ સંખ્યાવાળા દ્રવ્યાદિ સંપત્તિ, પરિષદ-પરિવાર વિશેષ, જેમકે માતા, પિતા, પુત્ર આદિ આભ્યંતર પરિવાર અને દાસી, દાસ, મિત્રાદિ બાહ્ય પરિષદ્, ભ૦ મહાવીર પાસે વિસ્તારથી ધર્મશ્રવણ, તેનાથી બોધિલાભ, અભિગમ, સમ્યક્ત્વની શુદ્ધતા, સ્થિરપણું, મૂળગુણ-ઉત્તરગુણ એટલે અણુવ્રતાદિ, અતિચાર એટલે વ્રતનું જ વધ-બંધાદિ વડે ખંડન, સ્થિતિવિશેષ એટલે શ્રાવક પર્યાયનું કાળમાન, ઘણાં ભેદવાળી પ્રતિમા-સમ્યગ્દર્શનાદિ, અભિગ્રહગ્રહણ અને તેનું જ પાલન કરવું, ઉપસર્ગો સહન કરવા, ઉપસર્ગ અભાવ, વિવિધ તપ, શીલવ્રતાદિનો અર્થ ઉપર કહ્યો.

તથા અપશ્ચિમ-પાછલા કાળે થનારી. અહીં અકાર અમંગલ પરિહારાર્થે છે. મરણરૂપ અંતને વિશે થયેલ તે મારણાંતિકી. આત્મ - શરીરની અને જીવની સંલેખના એટલે તપ વડે અને રાગાદિજય વડે કૃશતા કરવી તે આત્મસંલેખના છે. - x - x - તેની ઝોષણા - સેવા, તે વડે આત્માને ભાવીને તથા અનશન વડે - નિર્ભોજનપણે - ભાત, પાણીનો વિચ્છેદ કરીને, મરીને ઉત્પન્ન થયા. — ક્યાં ? -

શ્રેષ્ઠ કલ્પમાં વિમાનોમાં તથા શ્રેષ્ઠ પુંડરીક જેવા ઉત્તમ દેવ વિમાનોમાં જે પ્રમાણે અનુપમ સુખોને અનુભવે છે, તે ઉત્તમ સુખોને અનુક્રમે ભોગવીને, આયુ ક્ષયે, ચ્યવીને જે રીતે જિનમતમાં બોધિને પામ્યા, ઉત્તમ સંયમ પામ્યા, તે પામીને અજ્ઞાન અને કર્મના પ્રવાહ વડે મુક્ત થઈ, જે પ્રકારે અક્ષય-પુનરાવૃત્તિરહિત સર્વ કર્મક્ષયને પામે છે, તે રીતે ઉપાસકદશામાં કહેવાય છે. આ અને બીજા અર્થ પૂર્વની જેમ જાણવા. વિશેષ એ કે - કુલ સંખ્યાતા એટલે કે ૧૧,૫૨,૦૦૦ પદો છે.



● સૂત્ર-૨૨૪ :-

*હવે તે અંતકૃદ્દશા કઈ છે ? અંતકૃદ્દશામાં અંત કરનારના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વર્ણો, રાજા, માતાપિતા, સમોસરણો, ધર્માચાર્ય, ધર્મકથા, આલૌકિક-પારલૌકિક ઋદ્ધિ વિશેષ, ભોગપરિત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુતગ્રહણ, તપ-ઉપધાન, બહુવિધ પ્રતિમા, ક્ષમા-આર્જવ-માર્દવ-શૌચ-સત્ય, ૧૭ ભેદે સંયમ, ઉત્તમ બ્રહ્મચર્ય, અકિંચનતા, તપ, ત્યાગ, સમિતિ, ગુપ્તિ તથા અપ્રમાદનો યોગ, ઉત્તમ સ્વાધ્યાય અને ધ્યાન એ બંનેના લક્ષણો, ઉત્તમ સંયમને પામેલા, પરીષહોને જીતનારાને ચાર પ્રકારના કર્મનો ક્ષય થતાં જે રીતે કેવલજ્ઞાનની પ્રાપ્તિ, જેટલો પર્યાય મુનિઓએ પાળ્યો, પાદપોપગમન કરેલ મુનિ જે જેટલા ભક્તોને છેદીને અંતકૃત્ અને અજ્ઞાન તથા કર્મ સમુહ રહિત થયા, તથા તે અનુત્તર સુખને પામ્યા. આ અને આવા અર્થોની વિસ્તારથી પ્રરૂપણા કરાઈ છે.*

*અંતકૃદ્દશામાં પરિત્તવાચના, સંખ્યાતા અનુયોગદ્વારો, યાવત્ સંખ્યાતી સંગ્રહણી છે, અંગાર્થપણે તે આઠમું અંગ છે. આ અંગમાં એક શ્રુતસ્કંધ છે, દશ અધ્યયનો છે, સાત વર્ગો છે, દશ ઉદ્દેશનકાળ છે, દશ સમુદ્દેશનકાળ છે, સંખ્યાતા હજાર પદો છે, સંખ્યાતા અક્ષરો છે, યાવત્ ચરણકરણ પ્રરૂપણા છે. તે આ અંતકૃદ્દશા.*

● વિવેચન-૨૨૪ :-

હવે તે અંતકૃત્દશા કઈ છે ? તેમાં અંત - વિનાશ, તે કર્મનો અથવા કર્મના ફળરૂપ સંસારનો જેમણે વિનાશ કર્યો છે, તે અંતકૃત્. તીર્થંકરાદિ કહેવાય છે [?] તેના પહેલા વર્ગમાં દશ અધ્યયનો છે, તે સંખ્યાથી અંતકૃત દશા કહેવાય છે. તે સુગમ છે. વિશેષ એ કે —

નગર આદિ ચૌદ પદો છટ્ઠા અંગમાં વર્ણવ્યા તે જ છે. તથા બાર ભિક્ષુપ્રતિમા એક માસિકી આદિ ઘણાં ભેદે છે. તથા ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય સહિત શૌચ. તેમાં શૌચ - પરદ્રવ્યનો અપહાર કરવાથી મલિનતા અભાવ, ૧૭-ભેદે સંયમ, મૈથુન વિરતિરૂપ ઉત્તમ બ્રહ્મચર્ય, અકિંચનપણું, તપ, ત્યાગ એટલે આગમોક્ત દાન, સમિતિ અને ગુપ્તિ તથા અપ્રમાદયોગ, ઉત્તમ એવા સ્વાધ્યાય અને ધ્યાનનું સ્વરૂપ.

તેમાં ''સ્વાધ્યાયથી પ્રશસ્ત ધ્યાન'' એ સ્વાધ્યાય લક્ષણ છે અને ''અંતર્મુહૂર્ત એક વસ્તુમાં ચિત્તનું સ્થાપન'' તે ધ્યાન છે. ઈત્યાદિ પદાર્થો આ અંગમાં વ્યાખ્યાન કરાય છે એમ સર્વત્ર જોડવું.

તથા ઉત્તમ સંયમ - સર્વવિરતિને પામેલા, પરીષહોને જિતનાર, ચાર પ્રકારના-ઘાતિકર્મ ક્ષય થતાં જે કેવળજ્ઞાનના લાભ, પર્યાય-પ્રવ્રજ્યા લક્ષણ, જેટલા વર્ષાદિ પ્રમાણવાળો પ્રવ્રજ્યારૂપ પર્યાય જે તપો વિશેષના આશ્રયાદિ પ્રકારે મુનિઓએ પાળેલ હોય, તથા પાદપોપગમન નામક અનશનને પામેલા જે મુનિ જે શત્રુંજય પર્વતાદિ સ્થાને જેટલા ભોજનને છેદીને, કેમકે અનશનવાળાને હંમેશા બે ભક્તનો વિચ્છેદ થાય છે. તેથી તેટલા ભક્તને છેદીને અજ્ઞાન અને કર્મના સમૂહથી મૂકાયેલા મુનિવર અંતકૃત્ થયા છે, તે રીતે સર્વે ક્ષેત્ર, કાલાદિ વિશેષિત મુનિઓ અનુત્તર-મોક્ષ સુખને પામ્યા છે, તે સર્વે આ અંગમાં કહેવાય છે, એમ અહીં સંબંધ કરવો.

આ અને બીજા પદાર્થો ઇત્યાદિ સૂત્રનો અર્થ પૂર્વવત્ કરવો. વિશેષ એ કે - અહીં જે દશ અધ્યયનો કહ્યાં તે પ્રથમવર્ગની અપેક્ષાએ જ ઘટી શકે છે. કેમકે નંદીમાં પણ તેમજ કહ્યું છે. વળી અહીં જે સાત વર્ગ કહ્યા તે પ્રથમ વર્ગને છોડીને અન્ય વર્ગની અપેક્ષાએ છે. કેમકે અહીં આઠ વર્ગો છે, ''નંદી''માં પણ તેમજ કહ્યું છે. તેની વૃત્તિ આમ છે. અહીં वग्ग - સમૂહ. તે અંતકૃતોનો અથવા અધ્યયનોનો જાણવો. તે સર્વે એક વર્ગમાં રહેલા એકી સાથે ઉદ્દેશાય છે. તેથી કહ્યું છે - આઠ ઉદ્દેશનના કાળ છે ઇત્યાદિ. અહીં મૂળ સૂત્રમાં ''દશ ઉદ્દેશન કાળ'' કહ્યા, તેનો અભિપ્રાય અમે જાણતા નથી. તથા કુલ સંખ્યાતા લાખ પદો છે, તે ૨૩,૪૦,૦૦૦ છે એમ જાણવું.

● **સૂત્ર-૨૨૫ :-**

***તે અનુત્તરોપપાતિકદશા કઈ છે ? અનુત્તરોપપાતિકદશામાં અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થનારના નગરો, ઉધાનો, ચૈત્યો, વનખંડો, રાજા, માતાપિતા, સમોસરણ, ધર્માચાર્ય, ધર્મકથા, અલોક-પરલોક સંબંધી ઋદ્ધિ વિશેષ, ભોગપરિત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુતગ્રહણ, તપ-ઉપધાન, પર્યાય, પ્રતિમા, સંલેખના, ભક્ત-પાન પ્રત્યાખ્યાન, પાદોપગમન, અનુત્તરમાં ઉપપાત, સુકુળમાં જન્મ, ફરી બોધિલાભ, અંતક્રિયાઓ [આ સર્વે] આ અંગમાં કહ્યું છે.***

***અનુત્તરોપપાતિકદશામાં તિર્થંકરના સમોસરણ કે જે પરમ મંગલપણાથી જગહિતકારી છે. તે ઘણાં પ્રકારે જિનેશ્વરના અતિશયો, જિનશિષ્યો કે જે સાધુઓના સમૂહમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન છે, સ્થિર યશવાળા છે, પરીષહ સમૂહરૂપ શત્રુના સૈન્યનું મર્દન કરનારા છે, તપ વડે દીપ્ત, ચારિત્ર-જ્ઞાન-સમ્યક્ત્વ વડે સારભૂત, વિવિધ પ્રકારના વિસ્તૃત પ્રશસ્ત ગુણ સહિત છે, અનગાર મહર્ષિ છે, તેવા ઉત્તમ, શ્રેષ્ઠ તપસ્વી, વિશિષ્ટ જ્ઞાનયોગથી યુક્ત અનગારના ગુણોનું અહીં વર્ણન છે.***

***તથા જેમ ભગવંત [શાસન] જગહિતકર છે, દેવ-અસુર-મનુષ્યોની જેવી ઋદ્ધિ વિશેષ છે, જિનેશ્વર સમીપે જે રીતે પર્ષદાનું પ્રગટ થવું છે, જે રીતે જિનવરની ઉપાસના કરે છે, જે રીતે લોકગુરુ દેવ-મનુષ્ય-અસુરગણને ધર્મ કહે છે, તે ભગવદ્-ભાષિત સાંભળી અવશિષ્ટ કર્મવાળા અને વિષયવિરક્ત મનુષ્યો ઘણાં પ્રકારે સંયમ અને તપરૂપી ઉદાર ધર્મને જે રીતે પામે છે, તથા જે રીતે ઘણાં વર્ષ સુધી તપ સંયમનું સેવન કરીને જ્ઞાન-દર્શન-ચારિત્રના યોગને આરાધનારા, સંબંધવાળા અને પૂજિત એવા જિનવચનને કહેનારા, જિનેશ્વરોને હૃદય વડે ધ્યાયીને, જેઓ જ્યાં જેટલા ભોજનને છેદીને અને ઉત્તમ સમાધિને પામીને ઉત્તમ ધ્યાનયોગ વડે યુક્ત થયેલા ઉત્તમ મુનિવરો, જે રીતે અનુત્તર કલ્પે ઉત્પન્ન થાય છે અને અનુત્તર વિષયસુખને પામે છે, ત્યાંથી ચ્યવીને અનુક્રમે સંયમી થઈને જે પ્રકારે અંતક્રિયાને કરશે. એ સર્વે આ અંગસૂત્રમાં કહેવાય છે. આ અને બીજા એવા પ્રકારના પદાર્થો વિસ્તારથી કહેવાય છે.***



***અનુત્તરોપપાતિક દશામાં પરિત્ત વાચના, સંખ્યાતા અનુયોગદ્વાર, સંખ્યાતી સંગ્રહણીઓ છે. તે અંગાર્થપણે નવમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ, દશ અધ્યયનો, ત્રણ વર્ગ, દશ ઉદ્દેશન કાળ, દશ સમુદ્દેશ કાળ, સંખ્યાતા લાખ પદો, સંખ્યાતા અક્ષરો, યાવત્ ચરણ કરણની પ્રરૂપણા કહેલી છે.***

***તે આ અનુત્તરોપપાતિક દશા છે.***

● **વિવેચન-૨૨૫ :-**

જેનાથી કોઈ ઉત્તર નથી તે અનુત્તર, તથા ઉપપાત એટલે જન્મ, સંસારમાં તેવા પ્રકારના અન્યનો અભાવ હોવાથી અનુત્તર એટલે પ્રધાન છે જન્મ જેનો તે જ અનુત્તરોપપાતિક કહેવાય. તેની વક્તવ્યતા સહિત જે દશ અધ્યયનોવાળી દશા તે ''અનુત્તરોપપાતિક દશા'' છે.

તેમાં અનુત્તરોપપાતિક - સાધુઓના નગરો આદિ ૨૨-પદો નાયાધમ્મકહાના વર્ણનમાં કહ્યા પ્રમાણે જાણવા. તેનો વિસ્તાર કરતાં કહે છે — અનુત્તરોપપાતિક દશામાં તીર્થંકરના સમવસરણો કહેવાય છે તે કેવા છે ? પરમ મંગલપણાથી જગહિતકારી, ઘણાં વિશેષ જિનવર અતિશયો, જેવા કે - નિર્મલ સુગંધી દેહ આદિ ૩૪-કે તેથી અધિક કહે છે. તથા ગણધર આદિ જિનશિષ્યો, કે જે - સાધુઓના સમૂહમાં શ્રેષ્ઠ ગંધહસ્તિ સમાન - ઉત્તમ શ્રમણો, સ્થિર યશવાળા, પરીષહ સૈન્ય રૂપી શત્રુસૈન્યનું મર્દન કરનારા, દાવાનળની જેમ દીપ્ત કે પાઠાંતરથી તપ વડે દીપ્ત એવા જે ચારિત્ર-જ્ઞાન-સમ્યક્ત્વ વડે સફળ અનેક પ્રકારના પ્રપંચવાળા, પ્રશસ્ત ક્ષમાદિ ગુણો સહિત, ક્યાંક ગુણધ્વજ એવો પાઠ છે, તથા અનગાર મહર્ષિના ગુણોની પ્રશંસા કરાય છે - x -

તે જિનશિષ્યો કેવા છે ? જાત્યાદિ વડે ઉત્તમ, શ્રેષ્ઠ તપસ્વી, વિશિષ્ટ જ્ઞાનયોગ યુક્ત, વળી - જે રીતે જગહિતકર જિનવરનું શાસન છે, દેવ-અસુર-મનુષ્યોની ઋદ્ધિ વિશેષ છે - જેવી કે - રત્નો વડે ઉજ્જ્વલ લક્ષયોજન વિમાન રચના, સામાનિકાદિ દેવ-દેવી કોટિ સમૂહ, મણિ સમૂહ વડે શોભિત લાંબા દંડ ઉપર ફરકતી નાની સેંકડો પતાકાઓથી શોભતા મહાધ્વજોનું આગળ ચાલવું, વિવિધ વાજિંત્ર-નાદ વડે આકાશના વિસ્તારને ભરી દેવો, પ્રતિકલ્પિત ગંધહસ્તિના સ્કંધ ઉપર ચડવું, ચતુરંગી સેનાનો

પરિવાર, છત્ર-ચામર-મહાધ્વજાદિ મહારાજાઓના ચિહ્નનું દેખાડવું. એ પ્રમાણે સંપત્તિ વિશેષ સમોસરણ ગમન પ્રવૃત્ત વૈમાનિક, જ્યોતિષી, ભવનપતિ, વ્યંતરોના અને રાજાદિ મનુષ્યોના હોય છે અથવા અનુત્તરોપપાતિક સાધુઓને પણ આવા પ્રકારે દેવાદિ સંબંધી ઋદ્ધિ વિશેષ હોય, તે સર્વે આ અંગમાં કહી છે.

પર્ષદા એટલે સાધુઓ, વૈમાનિક દેવી, સાધ્વી પૂર્વ દ્વારેથી પ્રવેશીને ભ૦ મહાવીર આદિને કહ્યા પ્રમાણે પર્ષદાનું આગમન થાય છે. ક્યાં ? જિનવરની સમીપે, તથા પાંચ પ્રકારના અભિગમાદિ વડે રાજા આદિ જિનવરની સેવા કરે છે, તે પ્રકારે આ અંગમાં કહેવાય છે.

તથા જે રીતે લોકગુરુ - જિનવર, દેવ-મનુષ્ય-અસુરગણને ધર્મ કહે છે, અને તે જિનભાષિતને સાંભળીને, પ્રાયઃ ક્ષીણ થયા છે કર્મ જેના એવા વિષયવિરક્ત મનુષ્યો, જે રીતે ઘણા પ્રકારના સંયમ અને તપરૂપી ઉદાર ધર્મને અંગીકાર કરે છે, તથા ઘણાં વર્ષો સુધી સંયમ, તપને સેવીને પછી જેણે જ્ઞાન-દર્શન-ચારિત્રના યોગ આરાધ્યા છે એવા આચારાદિ જિનવચન અનુગત અર્થાત્ આહટદોહટવાળું નહીં એવું પૂજિત અથવા અધિક ભાષિત-અધ્યાપનાદિ વડે કહ્યું છે જેઓએ એવા અથવા પાઠાંતરથી જિનવચન અનુગતિ વડે સારી રીતે કહ્યું છે, તે ''જિનવચનાનુગતિ સુભાષિત'' [તેવા મુનિઓ]

તથા જિનવરોને મન વડે પ્રાપ્ય એટલે ધ્યાન કરીને જેઓ જે સ્થાને જેટલા ભક્તપાનને છેદીને અને ઉત્તમ સમાધિ પામીને ધ્યાનયોગે સહિત એવા ઉત્તમ મુનિવરો જે રીતે અનુત્તર કલ્પમાં ઉત્પન્ન થયા, તે પ્રકારે આ અંગમાં કહેવાય છે એમ યોજવું તથા જે પ્રકારે તે અનુત્તર વિમાનમાં અનુત્તર સુખ પામે છે તે કહેવાય છે. તે અનુત્તર વિમાનથી અનુક્રમે ચ્યવીને સંયમ પામીને, તેઓ જે રીતે અંતક્રિયાને કરશે, તે પ્રકારે અનુત્તરોપપાતિક દશામાં કહેવાય છે. આ અને બીજા પદાર્થો ઇત્યાદિ પૂર્વવત્ જાણવું.

અહીં અધ્યયનોનો જે સમૂહ તે વર્ગ કહેવાય છે. વર્ગમાં દશ અધ્યયનો છે, દરેક વર્ગનો એકીસાથે જ ઉદ્દેશો થાય છે, તેથી ત્રણ જ ઉદ્દેશનકાળ છે. એ પ્રમાણે નંદીમાં કહ્યું છે. પણ અહીં સૂત્રમાં દશ ઉદ્દેશન કાળ દેખાય છે, તેનો અભિપ્રાય અમે જાણી શકતા નથી. *[અમે પણ અક્ષરશઃ અનુવાદ કર્યો છે, વૃત્તિકારશ્રીનો મત અમે પણ અમુક સ્થાને સમજી શક્યા નથી.]* સંખ્યાતા લાખ પદો એટલે ૪૬,૦૮,૦૦૦ છે.

● **સૂત્ર-૨૨૬ :-**

***તે પ્રશ્ન વ્યાકરણ શું છે ? પ્રશ્ન વ્યાકરણમાં ૧૦૮ પ્રશ્ન, ૧૦૮ અપ્રશ્ન, ૧૦૮ પ્રશ્નાપ્રશ્ન, વિદ્યાતિશયો, નાગ-સુવર્ણકુમારો સાથે દિવ્ય સંવાદો કહેવાય છે. પ્રશ્નવ્યાકરણદશામાં સ્વસમય-પરસમયને કહેનારા પ્રત્યેકબુદ્ધોએ વિવિધ અર્થવાળી ભાષા વડે કહેલ, અતિશય ગુણ, ઉપશમવાળા આચાર્યોએ વિસ્તારથી કહેલ તથા વીરમહર્ષિઓએ વિવિધ વિસ્તાર વડે કહેલી તથા જગતહિતકર, આદર્શ-અંગુષ્ઠ-બાહુ-ખડ્ગ-મણિ-વસ્ત્ર અને સૂર્યના સંબંધવાળી, વિવિધ***





***મહાપ્રશ્નવિદ્યા અને મન પ્રશ્નવિદ્યાની અધિષ્ઠાયિકા દેવતાઓના પ્રયોગના મુખ્યપણે ગુણોને પ્રકાશ કરનારી, સદ્ભુત અને બમણા પ્રભાવ વડે મનુષ્યના સમૂહની બુદ્ધિને વિસ્મય કરનારી, અત્યંત વીતી ગયેલા કાળ-સમયમાં થયેલ દમ અને શમવાળા ઉત્તમ તીર્થંકરની સ્થિતિનું સ્થાપન કરવાના કારણભૂત, દુઃખે જાણી શકાય, દુઃખે અવગાહી શકાય તથા અબુધજનને વિબોધ કરનાર એવા સર્વ સર્વજ્ઞ સંમત તત્ત્વની પ્રત્યક્ષ પ્રતીતિ કરાવનારી એવી પ્રશ્નવિદ્યાના જિનવરે કહેલા વિવિધ ગુણવાળા મહાપદાર્થો આ અંગમાં કહેવાય છે.***

***પ્રશ્ન વ્યાકરણમાં પરિત્તા વાચના, સંખ્યાતા અનુયોગદ્વાર યાવત્ સંખ્યાતી સંગ્રહણી છે. તે આ અંગાર્થપણે દશમું અંગ છે, તેમાં શ્રુતસ્કંધ એક, ૪૫-ઉદ્દેશનકાળ, ૪૫-સમુદ્દેશનકાળ, કુલ સંખ્યાતા લાખ પદો કહેલા છે. તેમાં સંખ્યાતા અક્ષરો, અનંતાગમા, યાવત્ ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે. તે આ પ્રશ્ન વ્યાકરણ છે.***

● **વિવેચન-૨૨૬ :-**

પ્રશ્નનો અર્થ પ્રસિદ્ધ છે. તેનું નિર્વચન - વ્યાકરણ, પ્રશ્નોના અને તેનાં વ્યાકરણોના યોગથી પ્રશ્નવ્યાકરણ કહે છે. તેમાં ૧૦૮ પ્રશ્નો છે. તેમાં અંગૂઠો, હાથ, પ્રશ્નાદિ જે મંત્રવિદ્યાઓ તે પ્રશ્ન કહેવાય છે. વળી જે વિદ્યા મંત્રવિધિ વડે જાપ કરવાથી પૂછ્યા વિના જ શુભાશુભ ફળને કહે છે, તે અપ્રશ્ન કહેવાય છે, તથા અંગૂઠો આદિ પ્રશ્નના હોવાપણાને અથવા ન હોવાપણાને આશ્રીને જે વિદ્યા શુભાશુભ ફળને કહી આપે તે પ્રશ્નાપ્રશ્ન કહેવાય છે. - તથા -

બીજા પણ વિદ્યાતિશયો જેવા કે સ્તંભ, સ્તોભ, વશીકરણ, દ્વેષકરણ, ઉચ્ચાટન વગેરે વિદ્યાઓ તથા ભવનપતિના નાગ, સુવર્ણ દેવોની સાથે ઉપલક્ષણથી યક્ષાદિ દેવોની સાથે સાધકપુરુષને દિવ્ય અને શુભાશુભ વિષયવાળા સંવાદ થાય તે સર્વે આ અંગમાં કહ્યું છે.

પ્રાયઃ આનો જ વિસ્તાર કરતા કહે છે - સ્વસમય પરસમયને કહેનારા કરકંડૂ આદિ જેવા પ્રત્યેક બુદ્ધોએ વિવિધાર્થા ગંભીર ભાષા વડે કહેલી, તેઓની, શું ? તે કહે છે – આદર્શ, અંગુષ્ઠ આદિ સંબંધી પ્રશ્નોના વિવિધ ગુણરૂપી મહા અર્થો પ્રશ્ન વ્યાકરણ દશામાં કહેવાય છે, તેમ યોજવું. તે પ્રશ્નવિદ્યા કેવી છે ? - આમર્ષોષધિ આદિ અતિશય, જ્ઞાનાદિ ગુણો અને સ્વપરના ભેદવાળો ઉપશમ જેને છે એવા આચાર્યોએ કહેલી, કેવી રીતે કહેલી ? તે કહે છે – વિસ્તારથી - મોટા આડંબરથી તથા સ્થિર મહર્ષિ કે વીર મહર્ષિ વડે વિવિધ વિસ્તાર વડે કહેલી. અહીં ચશબ્દ ત્રીજા કહેનાર મહર્ષિના ભેદના સમુચ્ચય માટે છે.

વળી કેવી પ્રશ્નવિદ્યા ? પુરુષાર્થમાં ઉપયોગી હોવાથી જગત્‌ને હિતકારક, કોના સંબંધી ? આદર્શ, અંગુષ્ઠ, બે હાથ, ખડ્ગ, મણિ, વસ્ત્ર અને સૂર્ય આ સર્વ છે આદિ જેને એટલે જે ભીંત, શંખ, ઘંટા આદિને, તે આદર્શાદિ સંબંધી. કેમકે પ્રશ્નવિદ્યા વડે આદર્શાદિનું સ્થાપન થાય છે તેથી. વળી તે પ્રશ્નવિદ્યા કેવી છે ? તે

કહે છે — વિવિધ મહાપ્રશ્નવિદ્યા - વાણી વડે જ પ્રશ્ન કરતા ઉત્તરને આપનારી હોય તે, મનઃપ્રશ્નવિદ્યા - મનથી પૂછેલા અર્થને જે ઉત્તર આપનારી હોય તે, આ બંનેના અધિષ્ઠાતા દેવતાના પ્રયોગની પ્રધાનતાથી વિવિધ અર્થનો સંવાદ કરનારા ગુણને લોકમાં પ્રકાશ કરનારી. - x - વળી તે કેવી છે ?

તાત્ત્વિક અને દ્વિગુણ તથા ઉપલક્ષણત્વથી લૌકિક પ્રશ્નવિદ્યાના પ્રભાવની અપેક્ષાથી બહુગુણ વડે કે પાઠાંતરથી વિવિધ ગુણવાળા પ્રભાવ વડે મનુષ્યોના સમૂહની બુદ્ધિને ચમત્કાર કરનારી. વળી - અત્યંત અતીત થયેલા કાળ સમયને વિશે અર્થાત્ અતિવ્યવહિત કાળે દમ અને શમ વડે પ્રધાન એવા અન્ય દર્શનોને શાસિત કરનારા તીર્થંકરોમાં ઉત્તમ એવા જિનેશ્વરનું સ્થાપન કરનારી. અતીતકાળમાં ૩૪-અતિશય સહિત, જ્ઞાનાદિ ગુણવાળા અને સમગ્ર શાસ્ત્રકર્તાના મસ્તકના મુગટ સમાન પુરુષ વિશેષ હતા. અન્યથા આવી પ્રશ્નવિદ્યાની ઉપપત્તિ ન થાય, એવું જે સ્થાપન કરવું, તેના કારણરૂપ એવી, વળી તેને જ વિશેષિત કરે છે—

દુરભિગમ - દુઃખે કરીને જાણી શકાય તેવું - સૂક્ષ્મ અર્થને લીધે ગંભીર અને દુરવગાહ - દુઃખેથી ભણી શકાય તેવું, સર્વે સર્વજ્ઞોને સંમત અથવા સર્વ એવું જે સર્વજ્ઞ સંમત - પ્રવચન તત્ત્વ, તે વળી અજ્ઞાનજનને બોધ કરનારું એટલે એકાંત હિતકારક તત્વને જ્ઞાન વડે સાક્ષાત્ જે પ્રત્યય કે — “આ જિનપ્રવચન સર્વાતિશયનિધાન છે અને અતીન્દ્રિય પદાર્થોને દેખાડવામાં વ્યભિચાર દોષરહિત છે.” એવી પ્રતિપત્તિ અથવા પ્રત્યક્ષ એવા જ આના વડે પદાર્થો જાણવામાં આવે છે માટે આ પ્રત્યક્ષ જેવું જ છે એવો જે પ્રત્યય, તેને જે કરવાના સ્વભાવવાળી તે પ્રત્યક્ષક પ્રત્યયકારણી કહી.

કોને પ્રત્યક્ષ કરનાર ? પ્રશ્નવિદ્યા તથા ઉપલક્ષણથી બીજી પણ વિદ્યા કે જે પ્રથમ ૧૦૮ કહી છે, તે સર્વે વિવિધ ગુણવાળા એટલે બહુવિધ પ્રભાવવાળા એવા જે મહાર્થો - શુભાશુભને સૂચવનારા પદાર્થો. કેવા ? જિનવરે કહેલા એવા, કહેવાય છે. શેષ સૂત્રનો અર્થ પૂર્વવત્. વિશેષ એ કે — જો કે અહીં દશ અધ્યયન હોવાથી દશ ઉદ્દેશન કાળ જ છે. તો પણ બીજી વાચનાની અપેક્ષાએ ૪૫-હશે એમ સંભવે છે. કુલ સંખ્યાતા લાખ પદો છે. એટલે ૯૨,૧૬,૦૦૦ પદો છે. *[દશ ઉદ્દેશનકાળ વર્તમાન અપેક્ષાએ છે અથવા મૂળ “પ્રશ્નવ્યાકરણ દસા” નામક સૂત્રથી હોય.]*

● સૂત્ર-૨૨૭ :-

*તે વિપાકશ્રુત શું છે ? વિપાકશ્રુતમાં સુકૃત અને દુષ્કૃત કર્મના ફળવિપાક કહેવાય છે. તે સંક્ષેપથી બે પ્રકારે છે — દુઃખવિપાક અને સુખવિપાક. તેમાં દશ દુઃખવિપાક અને દશ સુખવિપાક છે. તે દુઃખ વિપાક કેવા છે ? દુઃખવિપાકમાં દુઃખવિપાકી જીવોના નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, માતાપિતા, સમવસરણ, ધર્માચાર્ય, ધર્મકથા, નગર પ્રવેશ, સંસારનો વિસ્તાર અને દુઃખની પરંપરા કહેવાય છે. - x -*

*તે સુખ વિપાક કેવા છે ? સુખવિપાકમાં સુખવિપાકી જીવોના નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, માતાપિતા, સમવસરણ, ધર્માચાર્ય, ધર્મકથા,*



*આલોક-પરલોક સંબંધી વિશેષ પ્રકારની સમૃદ્ધિ, ભોગત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુતગ્રહણ, તપોપધાન, દીક્ષાપર્યાય, પ્રતિમાવહન, સંલેખના, ભક્તપચ્ચક્ખાણ, પાદપોપગમન, દેવલોકગમન, સુકુલમાં જન્મ, પુનઃબોધ પ્રાપ્તિ અને અંતક્રિયા એ સર્વે કહેવાય છે.*

*દુઃખવિપાકમાં પ્રાણાતિપાત, મૃષાવાદ, ચોરી, પરદારમૈથુન. પરિગ્રહસહિત તથા મહાતીવ્રકષાય, ઈન્દ્રિય, પ્રમાદ, પાપપ્રયોગ, અશુભ અધ્યવસાયથી સંચિત કરેલા અશુભ કર્મના અશુભ રસવાળા ફળવિપાક કહે છે — તે જીવોએ નરકગતિ અને તિર્યંચયોનિમાં બહુવિધ સેંકડો દુઃખોની પરંપરા વડે બાંધેલા અને મનુષ્યપણામાં આવેલા તે જીવોના શેષ પાપકર્મો વડે જે પ્રકારે પાપ-ફળનો વિપાક તે કહે છે. તે આ રીતે —*

*વધ, વૃષણછેદ, નાસિકા-કર્ણ-ઓષ્ઠ-અંગુષ્ઠ-હાથ-પગ અને નખનું છેદન, જિહ્વા છેદ, અંજન, ફાડેલ વાંસના અગ્નિ વડે બાળવું, હાથીના પગ નીચે મર્દન, ફાડવું, લટકાવવું, શૂળ-લતા-લાકડી-સોટીથી શરીરને ભાંગવું, ત્રપું-સીસું-તપાવેલ તેલ વડે અભિષેક કરવો, કુંભીમાં પકાવવું, કંપાવવું, સ્થિરબંધન કરવું, વેધ કરવો, ચામડી તોડવી, ઇત્યાદિ ભયંકર અને અનુપમ એવા દુઃખો કહ્યા છે. બહુવિધ દુઃખ પરંપરાથી બંધાયેલા જીવો પાપકર્મરૂપ વેલથી મૂકાતા નથી કેમકે કર્મ ફળ વેદ્યા વિના મોક્ષ નથી અથવા - x - તપ વડે કર્મ શોધન થઈ શકે છે.*

*સુખવિપાકમાં શીલ, સંયમ, નિયમ, ગુણ, તપમાં સુવિહિત સાધુ અનુકંપાવાળા ચિત્તપ્રયોગ તથા ત્રિકાલિકમતિથી વિશુદ્ધ એવા તથા પ્રયોગશુદ્ધ એવા ભાતપાણીને હિત-સુખ-કલ્યાણકારી તીવ્ર અધ્યવસાયવાળી અને સંશયરહિત બુદ્ધિવાળા, આદરયુક્ત ચિત્ત વડે જે રીતે બોધિલાભને ઉત્પન્ન કરે છે, તથા જે રીતે નર, નારક, તિર્યંચ, દેવગતિમાં ગમન કરવારૂપ મોટા આવર્ત્તવાળા અરતિ, ભય, વિષાદ, શોક અને મિથ્યાત્વરૂપી પર્વતો વડે સાંકડા, અજ્ઞાનરૂપી અંધકારવાળા, કાદવયુક્ત, દુસ્તર, જરા-મરણ-જન્મરૂપ ક્ષોભ પામ્યું છે ચક્રવાલ જેમાં એવા ૧૬-કષાયરૂપી અત્યંત પ્રચંડ શ્વાપદો છે જેમાં એવા આ અનાદિ અનંત સંસાર સમુદ્રને પરિમિત કરે છે.- તથા -*

*જે પ્રકારે દેવસમૂહના આયુષ્યને બાંધે છે, જે રીતે દેવના વિમાનના અનુપમ સુખોને ભોગવે છે અને કાલાંતરે ચ્યવીને આ જ મનુષ્યલોકમાં આવીને વિશેષ પ્રકારના આયુ, શરીર, વર્ણ, રૂપ, જાતિ, કુળ, જન્મ, આરોગ્ય, બુદ્ધિ અને મેધા તથા વિશેષ પ્રકારના મિત્રજન, સ્વજન, ધન, ધાન્યના વૈભવ તથા સમૃદ્ધિસારનો સમુદય, બહુવિધ કામભોગથી ઉત્પન્ન વિશેષ સુખો આ ઉત્તમ એવો સુખવિપાક છે.*

*તથા અનુક્રમે અશુભ અને શુભ કર્મના નિરંતર પરંપરાના સંબંધવાળા ઘણા પ્રકારના વિપાકો આ વિપાકશ્રુતમાં ભગવંત જિનવરે સંવેગ કારણાર્થે કહ્યા છે. આ તથા અન્ય પણ પદાર્થાદિ કહ્યા છે. આ પ્રમાણે ઘણા પ્રકારની પદાર્થની પ્રરૂપણા વિસ્તારથી કહેવાય છે.*

***આ વિપાક શ્રુતની પરિત્તા વાચના, સંખ્યાતા અનુયોગદ્વારો, યાવત્ સંખ્યાતી સંગ્રહણીઓ છે, તે અંગાર્થપણે અગ્યારમું અંગ છે. તેમાં ૨૦-અધ્યયનો, ૨૦-ઉદ્દેશનકાળ, ૨૦-સમુદ્દેશનકાળ, સંખ્યાતા લાખ પદો, સંખ્યાતા અક્ષરો, અનંતગમા, અનંતપર્યાયો યાવત્ ચરણ-કરણની પ્રરૂપણા કહેવાય છે. તે આ વિપાકશ્રુત છે.***

**● વિવેચન-૨૨૭ :-**

જે પકાવવું તે વિપાક-શુભાશુભ કર્મનો પરિણામ, તેને કહેનારું શ્રુત તે વિપાકશ્રુત.સૂત્ર સુગમ છે. વિશેષ એ કે — ફળરૂપ જે વિપાક તે ફળવિપાક. ભગવદ્ ગૌતમનો ભિક્ષાદિ અર્થે નગરમાં પ્રવેશ, આ જ વાતને વિસ્તારથી કહે છે - તેમાં -

પ્રાણાતિપાત, મૃષાવાદ, ચોરી કરવી, પરસ્ત્રીમૈથુન, સપરિગ્રહતા તે વડે સંચય કરેલા કર્મો એમ યોજવું. વળી મહાતીવ્ર કષાય, ઈન્દ્રિય, પ્રમાદ, પાપપ્રયોગ અને અશુભ અધ્યવસાય વડે સંચિત કરેલ પાપકર્મના પાપાનુભાગ એટલે અશુભ રસવાળા જે ફળવિપાક, તે અહીં કહેવાય છે એમ યોજવું. કોના વિપાકોદય કહેવાય છે ?

નરક અને તિર્યંચગતિમાં જે ઘણાં પ્રકારના સૈંકડો કષ્ટોની પરંપરાથી બંધાયેલા છે, તે જીવોના તથા મનુષ્યપણે આવેલા તે જીવોને જે પ્રકારે શેષ રહેલા પાપકર્મ વડે પાપવાળા ફળવિપાક એટલે અશુભ વિપાકોદય થાય છે, તે અહીં કહેવાય છે. - x - તે આ રીતે —

વધ - લાકડી વગેરે વડે તાડન, વૃષણવિનાશ - ખસી કરવી, તથા નાક-કાન-હોઠ-અંગુઠા-હાથ-પગ-નખનું છેદન, જિહ્વાનો છેદ, અંજન - તપાવેલા લોઢાની સળી વડે નેત્રમાં આંજવું અથવા ખાર, તેલ આદિ વડે શરીરને મસળવું તે. કટ - ફાડેલા વાંસ આદિના અગ્નિ વડે બાળવું તે અર્થાત્ કટ વડે વીંટેલાને બાધા ઉપજાવવી તે, હાથીના પગ નીચે દબાવવા, વિદારણ કરવું, વૃક્ષની શાખાદિએ લટકાવવું તે, શૂળ-લતા-લકુટ-યષ્ટિ વડે ગાત્રોને ભાંગવા, ત્રપુ-સીસા-કકડતા તેલ વડે સીંચવા, કુંભીમાં પકાવવા, શીત કાળે શીતળ જળ છાંટી શરીરમાં કંપારી ઉપજાવવી, ગાઢ રીતે મજબૂત બાંધવું, ભાલાદિ શસ્ત્રથી ભેદવું, વર્ધકર્તન - ચામડી ઉતરડવી, ભય ઉત્પન્ન કરનાર કરપ્રદીપન એટલે તેલથી સીંચેલાના બે હાથને વિશે અગ્નિ સળગાવવો તે.

પછી વધ, વૃષણ વિનાશથી લઈને પ્રતિભયકર-કરપ્રદીપન સુધીના સર્વે શબ્દોનો દ્વંદ્વસમાસ કરવો. તે સર્વે છે આદિ જે દુઃખોમાં એવા ભયંકર. કોણ ? દુઃખો. તે દુઃખો કેવા ? અનુપમ દુઃખવિપાકોને કહે છે એમ જાણવું. તથા આ પણ કહેવાય છે — દુઃખોની ઘણાં પ્રકારની પરંપરા વડે અનુબદ્ધ-નિરંતર આલિંગીત જીવો મૂકાતા નથી. અહીં જીવ શબ્દ અધ્યાહાર છે. કોના વડે મૂકાતા નથી ? તે કહે છે—

દુઃખરૂપ ફળને પ્રાપ્ત કરનારી પાપકર્મરૂપી વેલડી વડે. કેમ ? વેધા વિના-અનુભવ્યા વિના જીવોનો કર્મથકી વિયોગ ન થાય. શું સર્વથા અનુભવ્યા વિના મોક્ષ નથી જ ? ના, અનશનાદિ વડે પણ થાય. કઈ રીતે ? ધૃતિ - ચિત્ત સમાધાન, તે રૂપ અત્યંત બાંધી છે કેડ જેને વિશે, એવા તપ વડે કર્મનો વિનાશ થઈ શકે છે. વાવિ



શબ્દ 'સંભવ' અર્થમાં છે અર્થાત્ કર્મના મોક્ષનો બીજો કોઈ ઉપાય નથી.

ત્યારપછી સુખવિપાક - બીજા શ્રુતસ્કંધના અધ્યયનોમાં જે કહેવાય છે તે બતાવે છે - શીલ - બ્રહ્મચર્ય કે સમાધિ, સંયમ - પ્રાણાતિપાત વિરતિ, નિયમ - અભિગ્રહ વિશેષ, ગુણ - શેષ મૂલગુણ અને ઉત્તરગુણ, તપ - અનશન આદિ, આ સર્વેનું ઉપધાન - વિધાન જેઓમાં છે તે તથા આ શીલ આદિ યુક્ત સાધુઓમાં.

વળી તે સાધુ કેવા ? સારું વિહિત એટલે અનુષ્ઠાન છે જેમનું એવા સુવિહિત સાધુઓમાં, ભોજનાદિ આપીને જે પ્રકારે બોધિ લાભાદિને મેળવે છે, તે પ્રકારે આ સુખવિપાક કહેવાય છે. - x - અનુકંપા - દયા, છે મુખ્ય જેમાં એવો આશય, તેનો જે વ્યાપાર તે અનુકંપાશય પ્રયોગ, તેના વડે તથા ત્રણ કાળને વિશે જે મતિ - એટલે કે — "હું આપીશ" એમ વિચારતા સંતુષ્ટ થાય, આપતી વખતે પણ સંતુષ્ટ થાય અને આપ્યા પછી પણ સંતુષ્ટ થાય, તે ત્રૈકાલિક મતિ વડે જે વિશુદ્ધ હોય તે ત્રિકાલમતિ વિશુદ્ધ, એવા જે ભક્તપાન, તે અનુકંપાશય પ્રયોગ ત્રિકાલમતિવિશુદ્ધ ભક્તપાન. તેને આપીને એમ ક્રિયાયોગ છે. શા વડે આપીને ?

પ્રયતમન વડે - આદર સહિત ચિત્ત વડે, હિત - અનર્થનો નાશ કરનાર હોવાથી હિતકારક, સુખનું કારણ હોવાથી સુખ કે શુભ. કલ્યાણકારી હોવાથી નિઃશ્રેયસ અને તીવ્ર-પ્રકૃષ્ટ એવા પરિણામ-અધ્યવસાય છે જેના એવી સંશયરહિત બુદ્ધિ છે જેઓની તે. તેઓ વડે ભક્તાદિ આપીને.

તે ભક્તાદિ કેવા ? પ્રયોગમાં શુદ્ધ - દાતારના દાનવ્યાપારની અપેક્ષાએ સમગ્ર આશંસાદિ દોષરહિત અને ગ્રાહક-ગ્રહણ વ્યાપારાપેક્ષાથી ઉદ્ગમાદિ દોષથી રહિત. આવા ભક્તપાનાદિ આપવાથી શો લાભ ? તે કહે છે — જે પ્રકારે પરંપરાએ મોક્ષનું સાધન હોવાથી ભવ્ય પ્રાણીઓ બોધિલાભને પ્રાપ્ત કરે છે. - x - જે પ્રકારે સંસારસાગરને પરિત્ત કરે છે - લઘુ કરે છે. તે સંસારસાગર કેવો છે ? નર-નારક-તિર્યંચ-દેવગતિમાં જે જીવોનું પરિભ્રમણ, તે રૂપ વિસ્તીર્ણ, પરિવર્ત્ત - મત્સ્યાદિનો અનેક પ્રકારે સંસાર છે જેમાં એવો, તથા અરતિ, ભય, વિષાદ, શોક, મિથ્યાત્વરૂપી પર્વતો વડે સાંકડો એવો - x -

અહીં વિષાદ - માત્ર દિનતા, શોક - આક્રંદાદિ ચિહ્નવાળો. અજ્ઞાનરૂપી તમોઽન્ધકાર-મહાંધકાર જેમાં એવો, તથા ચિક્ખિલ્લ - કાદવ, સંસાર પક્ષે ચિકિખલ્લ એટલે વિષય, ધન, સ્વજનાદિમાં આસક્તિ, તેવા કાદવ વડે સુદુસ્તર એટલે દુઃખે કરીને પાર પમાય તેવો, તથા જરા, મરણ અને જન્મરૂપી મોટા મત્સ્ય, મગર આદિ અનેક જલતંતુના સમૂહરૂપ સંમર્દ વડે વલોવ્યું છે જળસમૂહ જેને વિશે એવો તથા ૧૬ કષાયો રૂપી શ્વાપદ-મગરાદિ અતિ રૌદ્ર જેમાં છે તેવો - x - અનાદિ અનંત - x - એવા આ પ્રત્યક્ષ દેખાતો સંસારરૂપી સમુદ્ર, તેને લઘુ કરે છે.

તથા જે પ્રકારે સાગરોપમાદિના પ્રકારે સાધુદાન વડે દેવસમૂહમાં જવાના આયુષ્યને બાંધે છે અને જે પ્રકારે અનુપમ એવા દેવવિમાનના સુખને અનુભવે છે અને કાલાંતરે ત્યાંથી ચ્યવીને અહીં જ આ તિર્છાલોકમાં મનુષ્યભવને પામેલા એવા

તેમના આયુ વિશિષ્ટ એટલે બીજા જીવોના આયુષ્ય થકી શુભત્વ અને દીર્ઘત્વ, એ રીતે શરીર વિશેષ એટલે સ્થિર સંઘયણપણું, વર્ણ વિશેષ એટલે અત્યંત ગૌરપણું, રૂપવિશેષ એટલે અતિ સુંદરતા, જાતિ વિશેષ - તે ઉત્તમ જાતિત્વ, કુળ વિશેષ તે ઉત્તમ કુળપણું, જન્મ વિશેષ તે - ઉત્તમ ક્ષેત્ર અને કાળ, આરોગ્ય પ્રકર્ષ તે નિરાબાધપણું, ઔત્પાત્તિકી આદિ બુદ્ધિ, તેની પ્રકૃષ્ટતા, મેધા એટલે અપૂર્વશ્રુત ગ્રહણ શક્તિનું પ્રકૃષ્ટત્વ - તથા -

મિત્રજન - સુહૃદવર્ગ, સ્વજન - પિતા, કાકા વગેરે. ધન, ધાન્યરૂપ જે વિભવ - લક્ષ્મી, તે ધનધાન્ય વિભવ તથા સમૃદ્ધિ - નગર, અંતઃપુર, કોશ, કોઠાર, સૈન્ય, વાહનરૂપ સંપત્તિ એવી સારભૂત વસ્તુનો સમૂહ. - x - તે મિત્રજન આદિ. પછી આ સર્વનો જે પ્રકર્ષ, તે કહે છે—

બહુવિધ કામભોગથી ઉત્પન્ન સુખ વિશેષો, જેઓનો શુભવિપાક ઉત્તમ છે એવા જીવોને વિશે - x - આ રીતે શુભ વિપાકાધ્યયનમાં કહેવા લાયક સાધુઓના આયુષ્યાદિ વિશેષો શુભવિપાક અધ્યયનમાં કહેવાય છે એમ જાણવું. હવે બંને શ્રુતસ્કંધમાં કહેવા લાયક પુન્ય-પાપવિપાકરૂપ કહીને તે બંનેને એક સાથે કહે છે—

અનુપરત - અવિચ્છિન્ન એવા જે પરંપરાએ સંબંધવાળા છે, કોણ ? વિપાકો, વિપાક કોનો ? અશુભ અને શુભ કર્મોના પહેલા અને બીજા શ્રુતસ્કંધમાં અનુક્રમે કહેલ બહુવિધ જે વિપાક, તે ૧૧-માં અંગ વિપાકશ્રુતમાં ભગવંત જિનેશ્વરે સંવેગના કારણરૂપ પદાર્થો તથા બીજા પણ આવા પદાર્થો કહેવાય છે, એમ પૂર્વના ક્રિયાપદ સાથે કે વચનના પરિણામથી ઉત્તરક્રિયા સાથે સંબંધ કરવો. આ રીતે બહુવિધ અર્થની પ્રરૂપણા વિસ્તારથી કહેવાય છે. શેષ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે સંખ્યાતા લાખ પદો છે, તે ૧,૨૪,૩૨,૦૦૦ કુલ પદ છે.

● સૂત્ર-૨૨૮ થી ૨૩૨ :-

*તે દૃષ્ટિવાદ શું છે ? દૃષ્ટિવાદમાં સર્વભાવની પ્રરૂપણા કહે છે. તે સંક્ષેપથી પાંચ ભેદે - પરિકર્મ, સૂત્ર, પૂર્વગત, અનુયોગ, ચૂલિકા.*

*તે પરિકર્મ શું છે ? પરિકર્મ સાત ભેદે કહ્યું છે — સિદ્ધશ્રેણિકા પરિકર્મ, મનુષ્યશ્રેણિકા પરિકર્મ, પૃષ્ટશ્રેણિકા પરિકર્મ, અવગાહનાશ્રેણિકા પરિકર્મ, ઉપસંપધશ્રેણિકા પરિકર્મ, વિપ્રજહશ્રેણિકા પરિકર્મ, ઉપસંપધશ્રેણિકા પરિકર્મ, વિપ્રજહશ્રેણિકા પરિકર્મ, ચ્યુતાચ્યુતશ્રેણિકા પરિકર્મ... તેમાં*

*(૧) સિદ્ધશ્રેણિકા પરિકર્મ શું છે ?*

*સિદ્ધશ્રેણિકા પરિકર્મ ચૌદ પ્રકારે છે — માતૃકા પદ, એકાર્થિક પદ, પાદોષ્ઠ પદ, આકાશ પદ, કેતુભૂત, રાશિબદ્ધ, એકગુણ, દ્વિગુણ, ત્રિગુણ, કેતુભૂત, પ્રતિગ્રહ, સંસારપ્રતિગ્રહ, નંદાવર્ત્ત, સિદ્ધબદ્ધ. તે સિદ્ધ શ્રેણિકા૦*

*તે (૨) મનુષ્ય શ્રેણિકા પરિકર્મ કયુ છે ? મનુષ્ય શ્રેણિકા પરિકર્મ ચૌદ પ્રકારે છે - માતૃકાપદથી યાવત્ નંદાવર્ત્ત, (૧૪) મનુષ્યબદ્ધ.*



*બાકીના પૃષ્ટશ્રેણિકા આદિ પરિકર્મો ૧૧-૧૧ ભેદે કહ્યા છે. - x -*

*આ પ્રમાણે સાત પરિકર્મો સ્વસમયના છે, સાત આજીવિક મત-અનુસારી છે, છ ચતુષ્કનય, સાત ત્રૈરાશિકના છે. આ પ્રમાણએ પૂર્વાપર સહિત સાતે પરિકર્મના ૮૩-ભેદ થાય છે, એમ મેં કહ્યું છે, તે આ પરિકર્મ.*

*તે સૂત્ર શું છે ? સૂત્રો ૮૮ છે, એમ મેં કહ્યું છે, તે આ - ઋજુસૂત્ર, પરિણતાપરિણત, બહુભંગિક, વિપ્રત્યયિક [વિનયચરિત], અનંતર, પરંપર, સમાન, સંજૂહ, ભિન્ન, યથાત્યાગ [નંદીસૂત્ર], સૌવસ્તિક, નંધાવર્ત્ત, બહુલ, પૃષ્ટાપૃષ્ટ, વ્યાવર્ત્ત, એવંભૂત, દ્વિકાવર્ત, વર્તમાનોત્પાદ, સમભિરૂઢ, સર્વતોભદ્ર, પ્રણામ [પ્રશ્વાસ], દ્વિપ્રતિગ્રહ. આ ૨૨-સૂત્રો છિન્નચ્છેદનયિક સ્વસમય સૂત્ર પરિપાટીએ છે, ૨૨-સૂત્રો અચ્છિન્નચ્છેદ નયસંબંધી આજીવિક સૂત્ર પરિપાટીએ છે, ૨૨-સૂત્રો ત્રિકનયિક ત્રૈરાશિક સૂત્ર પરિપાટીએ કહ્યાં, તથા ૨૨-સૂત્રો ચતુષ્કનયિક સ્વસમય સૂત્રની પરિપાટીએ કહ્યાં, આ પ્રમાણે પૂર્વાપરથી ૮૮ સૂત્રો થાય એમ મેં કહ્યું છે.*

*તે પૂર્વગત શું છે ? પૂર્વગત ૧૪-પ્રકારે છે, તે આ - ઉત્પાદ પૂર્વ, અગ્રેણીય, વીર્ય, અસ્તિનાસ્તિપ્રવાદ, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, વિદ્યાનુપ્રવાદ, અવંધ્ય, પ્રાણાયુ, ક્રિયાવિશાલ, લોકબિંદુસાર... તેમાં (૧) ઉત્પાદ પૂર્વમાં દશ વસ્તુ છે અને ચાર ચૂલિકા વસ્તુ છે... (૨) અગ્રેણીય પૂર્વમાં ૧૪ વસ્તુ અને ૧૨-ચૂલિકા વસ્તુ છે... (૩) વીર્યપ્રવાદ પૂર્વમાં ૮-વસ્તુ, ૮-ચૂલિકા વસ્તુ છે.*

*(૪) અસ્તિનાસ્તિ પ્રવાદ પૂર્વમાં ૧૮-વસ્તુ, ૧૦-ચૂલિકા વસ્તુ છે... (૫) જ્ઞાનપ્રવાદ પૂર્વમાં ૧૨-વસ્તુ. (૬) સત્યપ્રવાદ પૂર્વમાં બે વસ્તુ. (૭) આત્મપ્રવાદ પૂર્વમાં ૧૬-વસ્તુ છે.. (૮) કર્મપ્રવાદ પૂર્વમાં ૩૦-વસ્તુ છે.. (૯) પ્રત્યાખ્યાન પૂર્વમાં ૨૦-વસ્તુત છે.. (૧૦) વિદ્યાનુપ્રવાદ પૂર્વમાં ૧૫-વસ્તુ છે.. (૧૧) અવંધ્ય પૂર્વમાં ૧૨-વસ્તુ છે.. (૧૨) પ્રાણાયુ પૂર્વમાં ૧૩-વસ્તુ છે.. (૧૩) ક્રિયા વિશાલ પૂર્વમાં ૩૦-વસ્તુ છે.. (૧૪) લોકબિંદુસાર પૂર્વમાં ૨૫-વસ્તુ છે.*

*[૨૨૯] ૧૦, ૧૪, ૮, ૧૮, ૧૨, ૨, ૧૬, ૩૦, ૨૦, ૧૫... [૨૩૦] ૧૨, ૧૩, ૩૦, ૨૫ એ પ્રમાણે ચૌદ પૂર્વમાં "વસ્તુ"નો અનુક્રમ જાણવો.*

*[૨૩૧] પહેલા ચાર પૂર્વમાં ક્રમશઃ ૪, ૧૨, ૮, ૧૦ ચૂલિકા વસ્તુ છે.*

*[૨૩૨] હવે તે અનુયોગ શું છે ? અનુયોગ બે ભેદે - મૂલ પ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ... તે મૂલ પ્રથમાનુયોગ શું છે ? તેમાં અરહંત ભગવંતોના પૂર્વભવ, દેવલોકગમન, આયુ, ચ્યવન, જન્મ, અભિષેક, રાજ્યની શ્રેષ્ઠ લક્ષ્મી, શિબિકા, પ્રવ્રજ્યા, તપ, ભોજન, કેવલજ્ઞાનોત્પાદ, તીર્થપ્રવર્તન, સંઘયણ, સંસ્થાન, ઉંચાઈ, આયુ, વર્ણવિભાગ, શિષ્ય, ગણ, ગણધર, આર્યા, પ્રવર્તિની, ચતુર્વિધ સંઘનું પ્રમાણ, કેવલી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાનીઓનું પ્રમાણ, વાદી, અનુત્તરોપપાતિક, સિદ્ધ થયેલા, પાદોપગમન પામેલા જેઓ જે સ્થાને જેટલા ભત્તપાન છેદીને અંતકૃત્ થઈને ઉત્તમ મુનિવરો કર્મરજના સમૂહથી*

*મુક્ત થઈ અનુત્તર સિદ્ધિ માર્ગને પામ્યા, આ અને આવા બીજા ભાવો મૂલ પ્રથમાનુયોગમાં કહેલા છે, તે અહીં પ્રજ્ઞાપાય છે - પ્રરૂપાય છે.*

*તે ગંડિકાનુયોગ શું છે ? અનેક પ્રકારે કહ્યો છે - કુલકરગંડિકા, તીર્થંકરગંડિકા, ગણધરગંડિકા, ચક્રવર્તીગંડિકા, દશારગંડિકા, બલદેવગંડિકા, વાસુદેવગંડિકા, હરિવંશગંડિકા, ભદ્રબાહુગંડિકા, તપકર્મગંડિકા, ચિત્રાંતરગંડિકા, ઉત્સર્પિણીગંડિકા, અવસર્પિણીગંડિકા, દેવાદિ ચાર ગતિમાં ગમન વિવિધ પ્રકારે પર્યટન, તેનો અનુયોગ, તે ગંડિકાનુયોગ. તે અહીં કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે.*

*તે ચૂલિકા કઈ છે ? પહેલા ચાર પૂર્વોમાં ચૂલિકાઓ છે અને બાકીના પૂર્વમાં ચૂલિકાઓ નથી. આ તે ચૂલિકા કહી.*

*આ દૃષ્ટિવાદમાં પરિત્તા વાચના, સંખ્યાત અનુયોગદ્વારો, સંખ્યાતી પ્રતિપત્તિ, સંખ્યાતી નિર્યુક્તિ, સંખ્યાતા શ્લોક, સંખ્યાતી સંગ્રહણી છે. અંગાર્થપણે આ બારમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે. ચૌદ પૂર્વ છે, સંખ્યાતી વસ્તુ, સંખ્યાતી ચૂલાવસ્તુ, સંખ્યાતા પાહુડા, સંખ્યાતા પ્રાભૃતપ્રાભૃત, સંખ્યાતી પ્રાભૃતિકા, સંખ્યાતી પ્રાભૃતપ્રા-ભૃતિકા, સર્વે મળીને સંખ્યાતા લાખ પદો કહ્યા છે.*

*વળી સંખ્યાતા અક્ષરો, અનંતાગમા, અનંતા પર્યાયો, પરિત્ત ત્રસો, અનંતા સ્થાવરો છે. તે દ્રવ્યથી શાશ્વત અને પર્યાયથી કૃત્ છે. તથા જિનવરે કહેલા નિબદ્ધ અને નિકાચિત ભાવો આમાં કહેવાય છે, પ્રજ્ઞાપાય છે, પ્રરૂપાય છે, દેખાડાય છે, નિર્દેશાય છે, ઉપદેશાય છે, એ પ્રમાણે ભાવો જાણ્યા છે, વિશેષે જાણ્યા છે, એ રીતે ચરણકરણની પ્રરૂપણા કહેવાય છે. તે આ દૃષ્ટિવાદ કહ્યો. તે આ બાર અંગરૂપ ગણિપિટક કહ્યું.*

● વિવેચન-૨૨૮ થી ૨૩૨ :-

દૃષ્ટિ એટલે દર્શન, વદન-બોલવું તે. દૃષ્ટિને જે વાદ તે દૃષ્ટિવાદ અથવા દૃષ્ટિનો પાત જેમાં છે તે દૃષ્ટિવાત અર્થાત્ સર્વ નયની દૃષ્ટિ જ અહીં કહેવાય છે. દૃષ્ટિવાદ કે દૃષ્ટિપાત વડે સર્વ ભાવની પ્રરૂપણા કહેવાય છે. પ્રાયઃ આ સર્વે વિચ્છેદ પામ્યું છે, તો પણ જે કંઈ જોયું-જાણ્યું છે, તે કંઈક લખાય છે. તેમાં સૂત્રાદિ ગ્રહણ યોગ્યતા પ્રાપ્ત કરવામાં સમર્થ તે પરિકર્મ. તે પરિકર્મશ્રુત મૂળ ભેદે સાત પ્રકારે અને ઉત્તર ભેદે ૮૩-પ્રકારે છે. આ સર્વે મૂલોત્તરભેદ સહ વિચ્છેદ પામેલ છે.

આ સાત પરિકર્મમાં પહેલા છ સ્વસમય સંબંધી છે અને ગૌશલકે પ્રવતવિલ આજીવિક પાખંડી સિદ્ધાંતના મતે સાતે પરિકર્મ કહેલા છે. હવે પરિકર્મમાં નય વિચાર કરે છે. તેમાં નૈગમ બે પ્રકારે - સાંગ્રાહિક - અસાંગ્રાહિક. તેમાં સંગ્રહમાં પ્રવેશેલ તે સાંગ્રાહિક, વ્યવહારમાં પ્રવેશેલો તે અસાંગ્રાહિક. તેથી સંગ્રહ, વ્યવહાર, ઋજુ સૂત્ર, શબ્દાદિ મળીને એક જ એમ ચાર નય માનેલા છે. આ ચારે નય વડે સ્વસમય સંબંધી છ પરિકર્મ ચિંતવાય છે. તેથી મૂળસૂત્રમાં છ ચતુષ્કનયિક કહ્યું છે.

વળી તેઓ જ આજીવિક એટલે ત્રૈરાશિક કહ્યા છે. શાથી ? તે કહે છે — તેઓ સર્વ વસ્તુ ત્રણ સ્વરૂપવાળી ઈચ્છે છે. જેમકે જીવ, અજીવ, જીવાજીવ, લોક-અલોક-લોકાલોક, સત-અસત્-સદસત્ એ પ્રમાણે નય વિચારણામાં પણ તેઓ ત્રણ પ્રકારે નયને ઈચ્છે છે - દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, ઉભયાર્થિક. તેથી મૂળ સૂત્રમાં કહ્યું છે - સાત પરિકર્મને ત્રૈરાશિક પાખંડીઓ ત્રણ પ્રકારના નયથી ચિંતવે છે.



તે આ પરિકર્મ.

સૂત્ર-તેમાં સર્વ દ્રવ્ય, પર્યાય અને નય આદિ અર્થ સૂચવનાર હોવાથી સૂત્ર કહેવાય છે. તે સૂત્રો-૮૮ છે. તે સર્વે સૂત્ર અને અર્થથી વિચ્છેદ પામ્યા છે. તો પણ જોયા-જાણ્યા મુજબ કંઈક લખીએ છીએ—

આ ઋજુ આદિ ૨૨-સૂત્રો છે, તે જ વિભાગથી ૮૮-થાય છે. કેવી રીતે ? તે કહે છે — આ ૨૨ સૂત્રો છિન્નચ્છેદ નયને આશ્રીને સ્વસમયના સૂત્રની પરિપાટીએ કહ્યા છે. અહીં જે નય છિન્ન એવા સૂત્રને છેદ વડે ઈચ્છે છે, તે છિન્નચ્છેદ નય કહેવાય છે. જેમકે - ધમ્મો મંગલમુક્કિટ્ઠં ઇત્યાદિ શ્લોક સૂત્રથી અને અર્થથી પ્રત્યેક છેદે કરીને રહેલા છે, તે બીજા, ત્રીજા આદિ કોઈ શ્લોકની અપેક્ષા રાખતો નથી. એટલે દરેક શ્લોકને અંતે અર્થપૂર્ણ થાય છે.

આ ૨૨-સૂત્રો સ્વસમય સૂત્રની પરિપાટીએ રહેલા છે, તથા એ જ ૨૨-સૂત્રો અચ્છિન્નચ્છેદ નયવાળા આજીવિક સૂત્ર પરિપાટીએ છે. તેનો અર્થ આ રીતે — અહીં જે નય છેદ વડે અચ્છિન્ન સૂત્રને ઈચ્છે છે તે અચ્છિન્નચ્છેદ નય કહેવાય. જેમકે ધમ્મો મંગલમુક્કિટ્ઠં ઇત્યાદિ શ્લોક અર્થથી બીજા, ત્રીજા આદિ શ્લોકની અપેક્ષા કરનાર છે અને બીજો, ત્રીજો આદિ પહેલા શ્લોકની અપેક્ષા કરે છે. એમ અન્યોન્યાપેક્ષિત છે.

આ ૨૨-સૂત્રો આજીવિક અને ગોશાલકે પ્રવતવિલ પાખંડ સૂત્રની પરિપાટીએ કરીને અક્ષરરચનાના વિભાગ વડે રહેલા છે. તો પણ અર્થથી તો પરસ્પર અપેક્ષાવાળા છે જ.. અહીં જે ત્રિરાશિક કહ્યા તે આજીવિક જ કહેવાય છે. તથા इच्चेइयाइं આદિ સૂત્રમાં ચાર નયના અભિપ્રાયથી ચિંતવાય છે. एवमेव० આદિ - એ પ્રમાણે ૮૮ સૂત્ર થાય છે.

હવે તે પૂર્વગત શું છે ? તે કહે છે — જેથી તીર્થંકર તીર્થ પ્રવૃત્તિ સમયે ગણધરોને સર્વ સૂત્રોનો આધાર હોવાથી પ્રથમ પૂર્વગત સૂત્રનો અર્થ કહે છે તેથી કરીને તે "પૂર્વ" એવા નામે કહેલ છે. ગણધરો સૂત્ર રચના કરતા "આચાર" આદિ સૂત્ર અનુક્રમે રચે છે અને સ્થાપે છે. મતાંતરથી પૂર્વગત સૂત્રનો અર્થ પહેલા અરિહંતે કહ્યો અને ગણધરોએ પૂર્વગત શ્રુતને જ પહેલા રચેલ છે અને પછી 'આચાર' આદિ રચ્યા છે.

[શંકા] "આચાર" નિર્યુક્તિમાં કહ્યું છે — "બધામાં આચારાંગ પહેલું છે" તે કઈ રીતે ? - [સમાધાન] નિર્યુક્તિમાં સ્થાપનને આશ્રીને તેમ કહ્યું છે અને અહીં અક્ષરરચનાને આશ્રીને કહ્યું છે કે પૂર્વો પહેલા રચ્યા છે. - - હવે તે પૂર્વગત ચૌદ પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે —

(૧) ઉત્પાદપૂર્વ - તેમાં સર્વ દ્રવ્ય અને પર્યાયોના ઉત્પાદભાવને અંગીકાર

કરીને પ્રજ્ઞાપનાં કરી છે. તેના પદોનું પરિમાણ એક કરોડ છે.

(૨) અગ્રેણીય પૂર્વ - તેમાં સર્વ દ્રવ્યો, પર્યાયો તથા જીવવિશેષોનું અગ્ર-પરિમાણ વર્ણવાય છે, તેથી તે અગ્રેણીય કહેવાય છે. તેનું પદ પરિમાણ ૯૬-લાખ પદનું છે.

(૩) વીર્યપ્રવાદ પૂર્વ - તેમાં કર્મસહિત અને કર્મરહિત એવા જીવ અને અજીવનું વીર્ય કહેલું છે. તેનું ૭૦ લાખ પદનું પ્રમાણ છે.

(૪) અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વ - લોકમાં જે પદાર્થ જે પ્રકારે છે અથવા જે પ્રકારે નથી, અથવા સ્યાદ્વાદ અભિપ્રાયથી તે જ વસ્તુ છે અથવા નથી, એ પ્રમાણે જે કહે છે તે. ૬૦ લાખ પદનું પરિમાણ છે.

(૫) જ્ઞાનપ્રવાદ પૂર્વ - મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાનના ભેદની પ્રરૂપણા કરી છે. તેનું પદ પરિણામ ૯૯, ૯૯, ૯૯૯ પદો છે.

(૬) સત્યપ્રવાદ પૂર્વ - સત્ય એટલે સંયમ કે સત્ય વચન, તે ભેદ અને પ્રતિપક્ષ સહિત વર્ણવેલ છે. પરિમાણ ૧ કરોડ, ૬-પદ.

(૭) આત્મપ્રવાદ પૂર્વ-નયોને દેખાડવાપૂર્વક અનેક પ્રકારે આત્માનું વર્ણન કરેલ છે, તે. પદપરિમાણ ૨૬-કરોડ પદ છે.

(૮) કર્મપ્રવાદ પૂર્વ - જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મ-પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશાદિ ભેદો વડે અને બીજા ઉત્તરોત્તર ભેદો વડે વર્ણવાયેલ છે, તે કર્મપ્રવાદ. તેનું પરિમાણ ૧-કરોડ, ૮૦,૦૦૦ છે.

(૯) પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ - સર્વે પ્રત્યાખ્યાનનું સ્વરૂપ વર્ણન કરાયેલ છે. તેનું પરિમાણ ૮૪-લાખ પદ છે.

(૧૦) વિદ્યાનુપ્રવાદ પૂર્વ - વિદ્યાના અનેક અતિશયો વર્ણવ્યા છે. તેનું પરિમાણ એક કરોડ, દશ લાખ પદનું છે.

(૧૧) અવંધ્ય પૂર્વ - વંધ્ય એટલે નિષ્ફળ અને ન વંધ્ય તે અવંધ્ય એટલે સફળ. કેમકે તેમાં જ્ઞાન, તપ, સંયમ, યોગને શુભ ફળ વડે સ-ફળ વર્ણવાય છે અને પ્રમાદાદિ સર્વે અપ્રશસ્ત અશુભ ફળવાળા વર્ણવાય છે, તેનું પરિમાણ ૨૬-કરોડ પદ છે.

(૧૨) પ્રાણાયુ પૂર્વ - તેમાં આયુ અને પ્રાણનું વિધાન સર્વ ભેદ સહિત તથા બીજા પ્રાણોનું વર્ણન છે. પદ પરિમાણ ૧,૫૬,૦૦,૦૦૦.

(૧૩) ક્રિયાવિશાલ પૂર્વ - કાયિકી આદિ ક્રિયા ભેદ સહિતસંયમ ક્રિયા, છંદ ક્રિયા અને વિધાન વર્ણન. પરિમાણ ૯ કરોડ પદ છે.

(૧૪) લોક બિંદુસાર પૂર્વ - આ લોકમાં કે શ્રુતલોકમાં અક્ષરને માથે બિંદુની જેમ સારભૂત છે, તેથી સર્વ અક્ષરોના સન્નિપાત વડે પ્રતિષ્ઠિત હોવાથી લોકબિંદુસાર. તેનું પ્રમાણ સાડાબાર કરોડ પદ.

ઉત્પાદ પૂર્વ આદિ સુગમ છે. વિશેષ એ કે — નિયમિત અર્થનો અધિકાર જેમાં પ્રતિબદ્ધ હોય એવો અધ્યયનની જેવો જે ગ્રંથ તે વસ્તુ કહેવાય. ચૂડાના જેવી ચૂડા



એટલે કે અહીં દૃષ્ટિવાદમાં પરિકર્મ, સૂત્ર, પૂર્વગત અને અનુયોગ વડે કહેલા અને નહીં કહેલા અર્થનો સંગ્રહ કરનારી જે ગ્રંથ પદ્ધતિ તે ચૂડા છે - તે આ પૂર્વગત.

અનુરૂપ કે અનુકૂલ એવો જે યોગ તે અનુયોગ. એટલે અભિધેય સાથે સૂત્રનો અનુરૂપ સંબંધ. અનુયોગ બે પ્રકારે છે. તે આ - મૂલ પ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ.. અહીં ધર્મ રચવા થકી તીર્થંકરો જ મૂળ છે, તેમને સૌ પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિરૂપ પૂર્વભવાદિ વિષયવાળો જે અનુયોગ તે મૂલ પ્રથમાનુયોગ. તે સૂત્ર સુગમ છે.

એક સરખી વક્તવ્યતા અર્થવાળા અધિકારને અનુસરતી વાક્યની પદ્ધતિ તે ''ગંડિકા''. તેનો જે અનુયોગ - અર્થ કહેવાનો વિધિ તે ગંડિકાનુયોગ. તેમાં કુલકર ગંડિકામાં વિમનલવાહનાદિ કુલકરોના પૂર્વજન્માદિ કહેવાય છે. એ પ્રમાણે બાકીની ગંડિકામાં નામ પ્રમાણે અર્થ જાણવો. વિશેષ એ કે — સમુદ્રવિજયથી વસુદેવ પર્યન્ત દશ દશાર્હ જાણવા. ચિત્રા એટલે અનેક અર્થવાળી. અંતરે એટલે ઋષભ અને અજિતને આંતરે. ગંડિકા એટલે એકવક્તવ્યતા અર્થાધિકાર. પછી ચિત્ર એવી અંતરગંડિકા તે ચિત્રાંતરગંડિકા. અર્થાત્ ઋષભ, અજિત તીર્થંકરના આંતરામાં તેમના વંશજ રાજાઓને બીજી ગતિમાં ગમાનના અભાવે માત્ર મોક્ષગતિ અને અનુત્તરોપપાતિકતાને કહેનારી ચિત્રાંતર ગંડિકા છે. તે ગંડિકા-૧૪ લાખ રાજા નિરંતર સિદ્ધ થાય પછી એક રાજા સર્વાર્થસિદ્ધે જાય. એ પ્રમાણે એક એક સ્થાનમાં અસંખ્યાતા પુરુષ યુગ થાય છે. ઇત્યાદિ નંદીસૂત્રની ટીકાથી જાણી લેવા. - x -

શેષ સૂત્ર નિગમન પર્યન્ત સુગમ છે. વિશેષ એ કે - સંખ્યાતી એટલે ૨૨૫ વસ્તુ છે. સંખ્યાતી એટલે ૩૪-ચૂલિકા વસ્તુ છે.

હવે દ્વાદશાંગમાં વિરાધના નિષ્પન્ન ત્રૈકાલિક ફળ દર્શાવે છે—

● સૂત્ર-૨૩૩ :-

*આ દ્વાદશાંગ ગણિપિટકની આજ્ઞા વિરાધીને ભૂતકાળમાં અનંતા જીવોએ ચાતુરંત સંસારાટવીમાં પરિભ્રમણ કરેલ છે. આ દ્વાદશાંગ ગણિપિટકના આજ્ઞા વિરાધીને વર્તમાનકાળે ચાતુરંત સંસારાટવીમાં ભ્રમણ કરે છે. આ દ્વાદશાંગી ગણિપિટકની આજ્ઞા આરાધીને ભાવિ કાળમાં અનંતા જીવો ચાતુરંત સંસારાટવીમાં ભ્રમણ કરશે.*

*આ દ્વાદશાંગ ગણિપિટકની આજ્ઞા આરાધીને ભૂતકાળમાં અનંતા જીવોએ ચાતુરંત સંસારાટવીને ઓળંગી છે, એ રીતે વર્તમાનકાળ અને ભાવિકાળમાં પણ કહેવું... આ દ્વાદશાંગ ગણિપિટક કદાપિ નહતું એમ નથી, કદાપિ નથી એમ નહીં, કદાપિ નહીં હોય તેમ પણ નહીં. પરંતુ હતું, છે અને હશે... વળી તે અચલ, ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવસ્થિત અને નિત્ય છે. — જેમકે —*

*પાંચ અસ્તિકાય કદાપિ ન હતા એમ નહીં, કદાપિ નથી એમ નહીં અને કદાપિ નહીં હોય એમ પણ નહીં. પણ હતા - છે અને હશે. વળી તે અચલ, ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે, તેમજ દ્વાદશાંગ*

***ગણિપિટક ન હતું - નથી કે નહીં હોય એમ નથી પણ હતું - છે - હશે. વળી તે અચલ, ધ્રુવ યાવત્ નિત્ય છે.***

***આ દ્વાદશાંગ ગણિપિટકમાં અનંત ભાવો, અનંત અભાવો, અનંત હેતુઓ, અનંત અહેતુઓ, અનંત કારણો, અનંત અકારણો, અનંત જીવો, અનંત અજીવો, અનંત ભવસિદ્ધિઓ, અનંત અભવસિદ્ધિઓ, અનંત સિદ્ધો અને અનંત અસિદ્ધો કહેવાય છે, પ્રજ્ઞાપના કરાય છે, પ્રરૂપણા કરાય છે, દેખાડાય છે, નિદર્શન કરાય છે, ઉપદર્શન કરાય છે, એ રીતે દ્વાદશાંગ ગણિપિટક છે.***

**● વિવેચન-૨૩૩ :-**

આ દ્વાદશાંગ ગણિપિટકને ભૂતકાળમાં અનંતા જીવોએ આજ્ઞા વડે વિરાધીને ચાતુરંત સંસારકાંતારમાં પરિભ્રમણ કરેલ હતું. કેમકે આ દ્વાદશાંગ સૂત્ર, અર્થ અને ઉભય વડે ત્રણ પ્રકારે છે. તેથી આજ્ઞા વડે સૂત્ર-આજ્ઞા વડે અભિનિવેશથી પાઠાદિને અન્યથા કરવારૂપ ભૂતકાળમાં અનંતા જીવો ચાતુરંત સંસારાટવી - નારકી, તિર્યંચ, નર, અમર, રૂપ વિવિધ વૃક્ષોના સમૂહને લીધે દુસ્તર એવા ગાઢ ભવારણ્યમાં જમાલિની જેમ ભ્રમણ કરતા હતા, કદાગ્રહથી અન્યથા પ્રરૂપણારૂપ અર્થાજ્ઞા વડે ગોષ્ઠા માહિલાદિની જેમ તથા પંચાચારનું જ્ઞાન અને તે જ પ્રમાણે ક્રિયા કરવામાં ઉધત ગુરુની આજ્ઞાથી વિપરીત કરવારૂપ ઉભયાજ્ઞા વડે ગુરુના પ્રત્યનિકપણે વર્તતા દ્રવ્યલિંગને ધારણ કર્તા અનેક સાધુઓની જેમ સૂત્ર, અર્થ, ઉભયની વિરાધના કરીને કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાવાળું આગમોક્ત અનુષ્ઠાન તે રૂપી આજ્ઞાને વિરાધીને ભમ્યા.

इच्चेइयं આદિ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - પરિત્તા એટલે સંખ્યાતા જીવો. કેમકે વર્તમાનકાળે વિશિષ્ટ વિરાધક મનુષ્ય જીવો સંખ્યાતા જ હોય છે.. અનુપરાવર્તન એટલે ભ્રમણ કરે છે.

इच्चेइयं૦ આ સૂત્રનો અર્થ કહેવાઈ જ ગયો છે. વિશેષ એ કે - પર્યટન કરશે... इच्चेइयं૦ આદિ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - વ્યતિક્રમ કરતા હતા એટલે કે ચતુર્ગતિ સંસારને ઓળંગીને મુક્તિ પામ્યા હતા. એ જ પ્રમાણે વર્તમાનકાળે પણ, વિશેષ એ - વ્યતિક્રમ કરે છે. એ જ પ્રમાણે અનાગત કાળે પણ, વિશેષ એ કે - વ્યતિક્રમ કરશે એમ કહેવું.

જે આ અનિષ્ટ અને ઇષ્ટ ભેદવાળું ફળ કહ્યું, તે દ્વાદશાંગ નિત્ય સ્થાયી હોય તો જ બને. તેથી કહે છે - x - આ દ્વાદશાંગ ગણિપિટક અનાદિપણું હોવાથી કદાપિ ન હતું એમ નહીં, નિરંતર હોવાથી કદાપિ નથી એમ પણ નહીં, અંતરહિત હોવાથી નહીં હોય એમ પણ નહીં. ત્યારે તે કેવું છે ? સદા હતું, છે અને હશે. આ ગણિપિટકનું ત્રિકાલત્વ હોવાથી અચળ છે, અચલત્વથી મેરુ આદિની જેમ ધ્રુવ છે, ધ્રુવત્વથી પાંચ અસ્તિકાયને વિશે લોકની જેમ નિયત છે. નિયતત્વથી જ સમય અને આવલિકા આદિમાં જેમ કાળ કહેવાય છે, તેમ શાશ્વત છે —

— શાશ્વતત્વથી ગંગાનદીના અવિચ્છિન્ન વહેતા પ્રવાહ છતાં પદ્મદ્રહના જળની જેમ અક્ષય હોવાથી વાચનાદિ આપ્યા છતાં અક્ષય છે. અક્ષયત્વથી જ માનુષોત્તર



પર્વતની બહાર રહેલ સમુદ્રવત્ અવ્યય છે. અવ્યયત્વથી જ જંબૂદ્વીપાદિની જેમ પોતાના પ્રમાણમાં અવસ્થિત છે. અવસ્થિતત્વથી જ આકાશની જેમ નિત્ય છે.

હવે દૃષ્ટાંત અર્થે કહે છે — જેમ ધર્માસ્તિકાય આદિ પાંચે અસ્તિકાય કદાપિ ન હતા એમ નહીં, ઈત્યાદિ પૂર્વવત્ જાણવું. દાર્ષ્ટાન્તિક યોજના પાઠસિદ્ધ જ છે.

આ દ્વાદશાંગ ગણિપિટકમાં અનંતા ભાવો કહેવાય છે, તેમ યોજવું. તેમ भवन्ति - જે હોય તે ભાવ-જીવાદિ પદાર્થો, આ પદાર્થો જીવ અને પુદ્ગલનું અનંતપણું હોવાથી અનંત છે. તથા અનંત અભાવો કહેવાય છે, એટલે સર્વે પદાર્થો અન્યરૂપે કરીને અછતા હોવાથી જ અભાવો પણ અનંત છે, કેમકે દરેક વસ્તુતત્ત્વ સ્વપરની સત્તાનો ભાવ અને અભાવ એ બંનેને આધીન હોય છે. તે આ પ્રમાણે—

જીવો જે તે જીવાત્મા વડે ભાવરૂપે છે અને અજીવાત્મા વડે અભાવરૂપે છે. જો એમ ન હોય તો અજીવપણાની પ્રાપ્તિ થઈ જાય. અન્ય આચાર્યો તો - ધર્મની અપેક્ષાએ અનંતાભાવો અને અનંત અભાવો વસ્તુ વસ્તુ પ્રત્યે અસ્તિત્વ અને નાસ્તિત્વ વડે પ્રતિબદ્ધ છે. એમ વ્યાખ્યાન કરે છે. તથા અનંત હેતુઓ કહેવાય છે. તેમાં જાણવાને ઈચ્છેલા વિશિષ્ટ અર્થોને જે જણાવે - તે હેતુ કહેવાય છે. તે હેતુઓ વસ્તુના અનંત ધર્મો હોવાથી અને તેનાથી પ્રતિબદ્ધ એવા ધર્મ વડે વિશિષ્ટ વસ્તુને જણાવનાર હોવાથી અનંત છે. કેમકે હેતુ અને સૂત્ર અનંતગમા અને અનંત પર્યાય-વાળા છે.

કહેલા હેતુના પ્રતિપક્ષપણાથી અનંતા અહેતુ છે. તથા અનંતા કારણો છે, ઘટ બનાવવામાં માટીનો પિંડ કારણ છે, પટ બનાવવામાં તંતુ કારણ છે આદિ. તથા અનંતા અકારણો છે, કેમકે સર્વ કોઈપણ કારણ બીજા કાર્યનું કારણ ન થઈ શકે. જેમકે માટીનો પિંડ પટને બનાવી ન શકે. અનંતા જીવો છે, એ પ્રમાણે અજીવો દ્વ્યણુકાદિ અનંતા છે, તથા ભવસિદ્ધિક-ભવ્યો, સિદ્ધા-નિષ્ઠિતાર્થા અને બીજા-તે સંસારી જાણવા.

— x — x —

**● સૂત્ર-૨૩૪ થી ૨૪૪ :-**

***[૨૩૪] રાશિ બે કહી છે — જીવરાશિ અને અજીવરાશિ.. અજીવરાશિ બે ભેદે છે - રૂપી અજીવરાશિ. અરૂપી અજીવરાશિ... અરૂપી અજીવરાશિ દશ પ્રકારે છે - ધર્માસ્તિકાય યાવત્ અદ્ધાસમય. રૂપી અજીવરાશિ અનેક પ્રકારે છે યાવત્ તે અનુત્તરોપપાતિક કેટલા છે ? અનુત્તરોપપાતિક પાંચ પ્રકારે છે — વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધિક. તે આ અનુત્તરોપપાતિક કહ્યા.. તે આ સંસારી પંચેન્દ્રિય જીવરાશિ કહી.***

***નૈરયિક બે ભેદે છે — પર્યાપ્તા, અપર્યાપ્તા. એ જ પ્રમાણે દંડક કહેવો યાવત્ વૈમાનિક સુધી કહેવું. આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા ક્ષેત્રને ઓળંગીને કેટલા નરકાવાસા કહ્યા છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી ૧,૮૦,૦૦૦ યોજન છે. તેમાં ઉપરના ૧૦૦૦ યોજન ઓળંગીને અને નીચેના ૧૦૦૦ યોજન વર્જીને***

મધ્યમાં ૧,૭૮,૦૦૦ યોજનમાં, આ રત્નપ્રભા પૃથ્વીમાં નારકીના ૩૦ લાખ નરકાવાસો હોય છે, એમ મેં કહ્યું છે. તે નરકાવાસો અંદરના ભાગે વૃત્ત, બાહ્ય ચોરસ યાવત્ તે નરકો અશુભ છે અને તેમાં અશુભ વેદનાઓ છે. એ પ્રમાણે સાતે નરકોમાં જેમ ઘટે તેમ કહેવું.

[૨૩૫] સાતે નરક પૃથ્વીનું બાહલ્ય એક લાખ ઉપરાંત અનુક્રમે - (૧) ૮૦, (૨) ૩૨, (૩) ૨૮, (૪) ૨૦, (૫) ૧૮, (૬) ૧૬, (૭) ૮ હજાર યોજન છે.

[૨૩૬] નરકાવાસો સાતે નરકમાં અનુક્રમે આ પ્રમાણે — (૧) ૩૦, (૨) ૨૫, (૩) ૧૫, (૪) ૧૦, (૫) ૩ - લાખ, (૬) ૧ લાખમાં ૫ ન્યૂન, (૭) ૫ છે.

[૨૩૭] બીજી પૃથ્વીમાં, ત્રીજી પૃથ્વીમાં, ચોથી પૃથ્વીમાં, પાંચમી પૃથ્વીમાં, છટ્ઠી પૃથ્વીમાં, સાતમી પૃથ્વીમાં ઉક્ત નરકાવાસો કહેવા. સાતમી પૃથ્વીમાં પૃચ્છા. - હે ગૌતમ ! સાતમી પૃથ્વી ૧,૦૮,૦૦૦ યોજન બાહલ્યથી છે, તેમાં ઉપરથી - ૫૨,૫૦૦ યોજન અવગાહીને તથા નીચેના ૫૨,૫૦૦ યોજન વર્જીને મધ્યના ૩૦૦૦ યોજનમાં સાતમી પૃથ્વીના નારકીના અનુત્તર અને મહામોટા પાંચ નરકાવાસો કહ્યા છે. તે આ - કાળ, મહાકાળ, રોરુક, મહારોરુક, અપ્રતિષ્ઠાન. તે નરકો વૃત્ત અને ત્ર્યસ્ર છે. નીચે ક્ષુરપ્રના સંસ્થાને રહેલા છે. યાવત્ તે નરકો અશુભ છે, તેમાં અશુભ વેદનાઓ છે.

[૨૩૮] હે ભગવન્ ! અસુરકુમારના કેટલા આવાસો કહ્યા છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૧,૮૦,૦૦૦ યોજન બાહલ્યવાળી છે, તેના ઉપરના ભાગના ૧૦૦૦ યોજન અવગાહીને અને નીચે ૧૦૦૦ યોજન વર્જીને મધ્યે ૧,૭૮,૦૦૦ યોજન છે. તેમાં રત્નપ્રભા પૃથ્વીમાં ૬૪-લાખ અસુરકુમારના આવાસો છે. તે ભવનો બહારથી વૃત્ત છે, અંદર ચતુરસ્ર છે, નીચે પુષ્કરકર્ણિકા સંસ્થાને છે. જેનો અંતરાલ ખોદો છે એવા, વિસ્તીર્ણ અને ગંભીર ખાત અને પરિખા જેને છે એવા, તથા અટ્ટાલક, ચરિકા, ગોપુરદ્વાર, કમાડ, તોરણ, પ્રતિદ્વાર જેના દેશભાગમાં છે એવા, તથા યંત્ર, મુશલ, મુસુંઢી અને શતઘ્ની સહિત એવા, બીજાઓ વડે યુદ્ધ ન કરી શકાય એવા તથા ૪૮ કોઠા વડે રચેલ, ૪૮ ઉત્તમ વનમાળાવાળા, છાણથી લીંપેલા ભૂમિભાગવાળા, ભીંતો ઉપર ખડી ચોપડેલા, એવી પૃથ્વી અને ભીંતો વડે શોભતા, ઘણાં ગોશીર્ષ ચંદન અને રક્તચંદન વડે ભીંતો ઉપર પાંચે આંગળી સહિત થાપા મારેલા, તથા કાલાગરુ, શ્રેષ્ઠ કુંદુરુક્ક, તુરુષ્ક, બળતી ધુપના મઘમઘતા ગંધથી અત્યંત મનોહર, સુંદર શ્રેષ્ઠ ગંધવાળા, ગંધવાટિકા રૂપ થયેલા, વળી તે આવાસો સ્વચ્છ, કોમળ, સુંવાળા, ઘસેલા, મસળેલા તેથી રજરહિત, નિર્મળ, અંધકારરહિત, વિશુદ્ધ, કાંતિવાળા, કિરણોવાળા, ઉદ્યોતવાળા, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ આદિ - x - વર્ણવવા.

[૨૩૯] અસુરના ૬૪ લાખ, નાગના-૮૪ લાખ, સુવર્ણના ૭૨ લાખ, વાયુના ૯૬-લાખ... [૨૪૦] દ્વીપ-દિશા-ઉદધિ-વિદ્યુત્-સ્તનિત-અગ્નિકુમાર એ છ એ નિકાયમાં ૭૨-૭૨ લાખ ભવનો છે.



[૨૪૧] હે ભગવન્ ! પૃથ્વીકાયના આવાસ કેટલા છે ? હે ગૌતમ ! પૃથ્વીકાયના આવાસો અસંખ્ય છે.. એ જ પ્રમાણે યાવત્ મનુષ્ય સુધી કહેવું... હે ભગવન્ ! વાણવ્યંતર આવાસ કેટલા છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીનું રત્નમય કાંડ ૧૦૦૦ યોજન બાહલ્ય છે, તેના ઉપર ૧૦૦ યોજન અવગાહીને તથા નીચેના ૧૦૦ યોજન વર્જીને વચ્ચેના ૮૦૦ યોજન રહ્યા. તેમાં વાણવ્યંતર દેવોના તિર્છા અસંખ્યાતા લાખ ભૌમેય નગરાવાસ કહેલા છે. તે ભૌમેય નગરો બહારથી વર્તુળ, અંદર ચતુરસ્ર છે. એ જ પ્રમાણે જેમ ભવનવાસી દેવોના આવાસોનું વર્ણન કહ્યું તેમ જાણવું. વિશેષ એ - તે પતાકા માળાથી વ્યાપ્ત, અતિરમ્ય, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ છે.

હે ભગવન્ ! જ્યોતિષીઓના કેટલા વિમાનાવાસો છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમ રમણીય ભૂભાગથી ૭૯૦ યોજન ઉંચે જતાં, ત્યાં ૧૧૦ યોજનના બાહલ્યમાં તિર્છા જ્યોતિષ્વિષયમાં જ્યોતિષી દેવોના અસંખ્યાતા જ્યોતિષ્ક વિમાનાવાસો છે. તે જ્યોતિષ્ વિમાનાવાસો ચોતરફ અત્યંત પ્રસરેલ કાંતિ વડે ઉજ્વલ, વિવિધ મણિ, રત્નની રચનાથી આશ્ચર્યકારી, વાયુએ ઉડાડેલ વિજયસૂચક વૈજયંતી, પતાકા, છત્રાતિછત્રથી યુક્ત, અતિ ઉંચા, આકાશતલને સ્પર્શતા શિખરવાળા, રત્નમય જાળીવાળા, પાંજરામાંથી બહાર કાઢેલ હોય તેવા મણિ અને સુવર્ણના શિખરવાળા, વિકસ્વર શતપત્ર કમળ, તિલક અને રત્નમય અર્ધચંદ્ર વડે વિચિત્ર એવા, અંદર અને બહાર કોમળ, સુવર્ણ મય વાલુકાના પ્રતરવાળા, સુખસ્પર્શવાળા, સુંદર આકાર વાળાદિ છે.

હે ભગવન્ ! વૈમાનિક દેવોના આવાસ કેવા છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભાના બહુસમરમણીય ભૂભાગથી ઉંચે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારાઓને ઓળંગીને ઘણાં યોજન, ઘણાં સો યોજન, ઘણાં હજાર યોજન, ઘણાં લાખ યોજન, ઘણાં કરોડ યોજન, બહુ કોડાકોડિ યોજન, અસંખ્ય કોડાકોડી યોજન, ઉંચે ઉંચે દૂર જઈએ, ત્યાં વૈમાનિક દેવોના સૌધર્મ-ઈશાન-સનત્કુમાર-માહેન્દ્ર-બ્રહ્મ-લાંતક-શુક્ર-સહસ્રાર-આનત-પ્રાણત-આરણ-અચ્યુત દેવલોકમાં તથા નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં ૮૪,૯૭,૦૨૩ વિમાનો છે, એમ મેં કહ્યું છે.

તે વિમાનો સૂર્ય જેવી કાંતિવાળા, પ્રકાશ સમૂહરૂપ સૂર્યવર્ણી, અરજ, નીરજ, નિર્મલ, વિતિમિર, વિશુદ્ધ, સર્વરત્નમય, સ્વચ્છ, કોમળ, ધૃષ્ટ, મૃષ્ટ, નિષ્પંક, નિષ્કંટક કાંતિવાળા, પ્રભાસહ, શોભાસહ, સઉદ્યોત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

હે ભગવન્ ! સૌધર્મકલ્પમાં કેટલા વિમાનાવાસ છે ? હે ગૌતમ ! ૩૨-લાખ વિમાનો છે. એ જ પ્રમાણે - ઈશાનાદિ કલ્પોમાં અનુક્રમે ૨૮ લાખ, ૧૨ લાખ, ૮ લાખ, ૪ લાખ, ૫૦,૦૦૦, ૪૦,૦૦૦, ૬૦૦૦, આનત-પ્રાણતમાં-૪૦૦, આરણ-અચ્યુતમાં ૩૦૦ જાણવા.

[૨૪૨] ૩૨, ૨૮, ૧૨, ૮, ૪ - લાખ, ૫૦, ૪૦, સહસ્રારમાં ૬ હજાર.

*[૨૪૩] આનત-પ્રાણતમાં ૪૦૦, આરણ-અચ્યુતમાં ૩૦૦ એ રીતે છેલ્લા ચારકલ્પમાં ૭૦૦ વિમાનો છે. [૧૨ કલ્પમાં ૮૪,૯૬,૭૦૦ વિમાનો]*

*[૨૪૪] હેટ્ઠિમ ગ્રૈવેયક-ત્રિકમાં-૧૧૧, મધ્યમ ગ્રૈવેયક ત્રિકમાં, ૧૦૭, ઉપરિમ ગ્રૈવેયક ત્રિકમાં-૧૦૦, અનુત્તર વિમાનમાં-૫ વિમાનો છે.*

● **વિવેચન-૨૩૪ થી ૨૪૪ :-** *[વૃત્તિમાં અને અહીં ક્રમ ફેરફાર છે.]*

અહીં પ્રજ્ઞાપનાનું પહેલું પદ ''પ્રજ્ઞાપના'' નામે છે. તે સર્વ અક્ષરેઅક્ષર કહેવું. ક્યાં સુધી કહેવું ? કહે છે - जाव से किं तं ઇત્યાદિ સૂત્ર પર્યન્ત કહેવું. કેવલ આમાં અને પ્રજ્ઞાપના સૂત્રમાં આ ફેર છે - અહીં दुवे रासी पन्नत्ता એમ અભિલાપ છે, પ્રજ્ઞાપનામાં दुविहा पन्नवणा पन्नत्ता० સૂત્ર છે. સૂત્રમાં પ્રજ્ઞાપનાનું પદ અર્થથી લેશમાત્ર દેખાડે છે. અજીવરાશિ બે ભેદે - રૂપી અને અરૂપી. અરૂપી અજીવરાશિ દશ ભેદે - ધર્માસ્તિકાય, તેનો દેશ, તેનો પ્રદેશ, એ રીતે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય કહેતા નવ ભેદ, દશમું અધ્ધા સમય.

રૂપી અજીવરાશિ ચાર ભેદે - સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણું. તે દરેક વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાનના ભેદથી પાંચ-પાંચ પ્રકારે છે. તે દરેકના સંયોગોથી અનેક પ્રકારે થાય છે.

જીવરાશિ બે ભેદે છે - સંસારસમાપન્ન, અસંસારસમાપન્ન. તેમાં અસંસાર સમાપન્ન જીવો બે ભેદે - અનંતરસિદ્ધ, પરંપરસિદ્ધ. તેમાં અનંતર સિદ્ધ ૧૫-ભેદે અને પરંપર સિદ્ધ અનંત પ્રકારે છે.

સંસાર સમાપન્ન જીવો એકેન્દ્રિયાદિ ભેદે પાંચ પ્રકારે છે, તેમાં એકેન્દ્રિયો પૃથ્વી આદિ ભેદે પાંચ પ્રકારે છે. વળી તે પ્રત્યેક સૂક્ષ્મ, બાદર બે ભેદે છે. વળી તે પર્યાપ્ત, અપર્યાપ્ત બે ભેદે છે. એ રીતે બે-ત્રણ-ચાર ઈન્દ્રિયો જીવો પણ કહેવા. પંચેન્દ્રિયો નારકાદિ ચાર ભેદે છે.

તેમાં નારકી રત્નપ્રભાદિ પૃથ્વી ભેદથી સાત પ્રકારે છે.

પંચેન્દ્રિય તિર્યંચ જળ-સ્થળ-ખેચર ત્રણ ભેદે છે. તેમાં જળચર પાંચ ભેદે - મત્સ્ય, કચ્છપ, ગ્રાહ, મકર, સુંસુમાર. મત્સ્ય પણ શ્લક્ષ્ણ મત્સ્યાદિ ભેદે અનેક પ્રકારે છે. કચ્છપ બે ભેદે - અસ્થિ કચ્છપ, માંસકચ્છપ. ગ્રાહ - દિલિ, વેષ્ટક, મદ્‌ગુ, પુલક, સીમાકાર એ પાંચ ભેદે છે. મકર-મત્સ્ય વિશેષ, શુંડામકર અને કરિમકર એમ બે ભેદે, સુંસુમાર એક જ ભેદે છે.

સ્થલચર, ચતુષ્પદ અને પરિસર્પ બે ભેદે છે. ચતુષ્પદ-એક ખુરવાળા, બે ખુરવાળા, ગંડીપદ, સનખપદ ભેદથી ચાર પ્રકારે છે. તેઓ અનુક્રમે અશ્વ, ગાય, હાથી, સિંહાદિ છે. તથા પરિસર્પ બે ભેદે-ઉરપરિસર્પ, ભુજપરિસર્પ. તેમાં ઉરપરિસર્પના ચાર ભેદ-અહિ, અજગર, આશાલિક, મહોરગ. તેમાં 'અહિ' બે ભેદે-દર્વીકર, મુકુલી.

ખેચર, ચાર ભેદે - ચર્મપક્ષી, લોમપક્ષી, સમુદ્‌ગપક્ષી અને વિતતપક્ષી. તેમાં પહેલા બે વલ્ગુલી અને હંસાદિ ભેદે છે. બીજા બે બીજા દ્વીપોમાં છે. આ સર્વે પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો સંમૂર્છિમ અને ગર્ભજ બે ભેદે છે. તેમાં સંમૂર્છિમો નપુંસક જ છે. ગર્ભજ છે તે ત્રણે લિંગવાળા છે. ગર્ભજ મનુષ્યો ત્રણ ભેદે છે - કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અંતર્દ્વિપજ. તેમાં કર્મભૂમિજ બે ભેદે - આર્ય, મ્લેચ્છ.





— આર્યો બે ભેદે - ઋદ્ધિપ્રાપ્ત, ઋદ્ધિઅપ્રાપ્ત. તેમાં ઋદ્ધિવાળા તે અરહંત આદિ છે. ઋદ્ધિરહિત નવ ભેદે — ક્ષેત્ર, જાતિ, કુળ, કર્મ, શિલ્પ, ભાષા, જ્ઞાન, દર્શન, ચારિત્ર-આર્યો... દેવો ચાર ભેદે છે - ભવનપતિ આદિ. તેમાં અસુર, નાગ આદિ દશ ભેદે ભવનપતિ છે, પિશાચાદિ આઠ ભેદે વ્યંતરો છે, ચંદ્રાદિ પાંચ ભેદે જ્યોતિષ્ છે. કલ્પોપપન્ન - કલ્પાતીત બે ભેદે વૈમાનિક છે.

સૌધર્માદિ બાર ભેદે કલ્પોપપન્ન છે અને કલ્પાતીત બે ભેદે છે - ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક. તેમાં ગ્રૈવેયક નવ ભેદે છે અને અનુત્તરોપપાતિક પાંચ ભેદે છે, તે માટે સૂત્રમાં जाव अणुत्तर० કહ્યું.

હવે પૂર્વોક્ત જીવરાશિને જ દંડક ક્રમે બે ભેદે દેખાડતા કહે છે, આ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - નારકીનો એક, અસુરાદિના દશ, પૃથ્વી આદિના પાંચ, દ્વીન્દ્રિયાદિના ચાર, મનુષ્યનો એક, વ્યંતરનો એક, જ્યોતિષ્‌નો એક, વૈમાનિકનો એક દંડક છે.

હવે હમણાં જ જણાવેલ પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદવાળા નારક આદિના સ્થાનને જણાવવાને કહે છે — इमीसे णं આદિ અવગાહના સૂત્ર સુધી બધું સુગમ છે. વિશેષ એ કે —

ते णं निरया ઇત્યાદિ. અહીં જીવાભિગમ ચૂર્ણિ અનુસાર લખે છે - બે ભેદે નરકાવાસા છે - આવલિકાપ્રવિષ્ટ અને આવલિકાબાહ્ય. તેમાં જે આવલિકાપ્રવિષ્ટ છે તે આઠે દિશામાં હોય છે, અને તે વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર ક્રમથી જાણવા. તેના મધ્યે સીમંતક આદિ ઈન્દ્રકો હોય છે, તથા જે આવલિકા બાહ્ય છે, તે પુષ્પાવકીર્ણ દિશા અને વિદિશાના આંતરામાં હોય છે. તે સર્વે વિવિધ સંસ્થાને રહેલા છે. આ પ્રમાણે નરક સંસ્થાન વ્યવસ્થા જાણવી. તેમાં બહુલતાને આશ્રીને આમ કહેવાય છે—

— अंतोवट्ट० આદિ. આ વાત 'સૂયગડ'ના વૃત્તિકારે કહ્યું છે કે — સીમંતકાદિ નરકો બહુલતાને આશ્રીને અંદરથી વૃત્ત, બહારથી ચતુરસ્ર છે. નીચે ક્ષુરપ્ર સંસ્થાને રહેલા છે. આ સંસ્થાન પુષ્પાવકીર્ણને આશ્રીને કહ્યું છે, કેમકે તે પુષ્પાવકીર્ણ જ ઘણાં છે. પણ જે આવલિકામાં પ્રવેશ કરેલા છે, તે તો વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર સંસ્થાનવાળા જ છે. તેમાં અંદર પોલાણને આશ્રીને મધ્યે વર્તુળ કહ્યા છે અને બહાર કુડ્યની પરિધિને આશ્રીને ચતુરસ્ર કહ્યા છે. યાવત્ શબ્દથી જાણવું કે — નીચે ક્ષુરપ્ર સંસ્થાને રહેલા છે એટલે કે ભૂતલને આશ્રીને ક્ષુરપ્રના આકારે છે. કેમકે તેનું ભૂતલ ત્યાં ચાલનાર પ્રાણીના પગને છેદી નાંખે તેવું છે. અન્ય આચાર્યો કહે છે — તેની નીચેનો ભાગ ક્ષુરપ્ર જેવો છે એટલે આગળ જતાં પાતળો અને વિસ્તારવાળો છે તેથી ક્ષુરપ્ર કહ્યું.

તથા નિત્ય અંધકાર વડે રાત્રિ જેવા, તથા ગ્રહ-ચંદ્ર-સૂર્ય-નક્ષત્રરૂપી જ્યોતિષ્‌ની પ્રભારહિત તથા ભેદ, વસા, પૂય, રુધિર અને માંસના કાદવ ડે વારંવાર અત્યંત

લેપાયેલ તળિયું જેનું છે એવા, તથા અપવિત્ર કોહેલી ગંધવાળા હોવાથી અતિ દુર્ગન્ધી, કાળા અગ્નિના વર્ણ જેવી કાંતિવાળા, કઠોર સ્પર્શવાળા, દુઃસહ્ય નરકાસો છે. તેમાં નિત્ય એટલે સર્વદા અંધકારને કરનાર ઘણાં વાદળાના સમૂહ વડે આચ્છાદિત કરેલા ગગનમંડળવાળી અમાસની અર્ધ રાત્રિના અંધકાર જેવો અંધકાર જેમાં છે તે નિત્યાંધકાર તમસ કહેવાય છે અથવા નિત્યાંધકાર વડે - સાર્વકાલિક અંધકાર વડે જે રાત્રિ તે નિત્યાંધકાર તમાસ કહેવાય. અર્થાત્ જન્માંધને મેઘાંધકારવાળી અમાસની મધ્યરાત્રિ જેવી લાગે તેવા અંધકારવાળા નરક છે.

— કારણ ? - અવિધમાન છે ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્રરૂપ જ્યોતિષ્ક લક્ષણવાળા વિમાનોની અથવા જ્યોતિષ્ એટલે દીવાદિના અગ્નિની પ્રભા જેમાં એવા અથવા તો પથ - માર્ગ એમ અર્થ કરવો. તથા શરીરના અવયવો જે ભેદ, વસા, પૂય, રુધિર અને માંસ તેનો જે કાદવ તેનાથી લિપ્ત છે, અનુલેપન અને ઉપલેપન વડે જેનું ભૂમિતલ લિપ્ત છે તે — ''ભેદોવસાપૂયરુધિરમાંસ ચિખ્ખલલિપ્ત'' છે.

જો કે તે નરકવાસમાં નારકીઓને વૈક્રિય શરીર હોવાથી ઔદારિક પંચેન્દ્રિયના શરીરના અવયવરૂપ ભેદાદિ હોતા નથી. તો પણ ત્યાં તેવા જ આકારવાળા તે અવયવો કહેવાય છે. તથા તે નરકો અપવિત્ર વિશ્ર એટલે આમગંધવાળા-કોહેલી ગંધવાળા છે. તેથી જ અત્યંત દુર્ગન્ધી છે. તથા તે નરક - લોઢું આદિ ધમવાથી જે કાળો અગ્નિ થાય, તેના વર્ણની જેવી કાંતિ છે તે કૃષ્ણાગ્નિ વર્ણાભ કહેવાય છે, તે નરક કઠોર સ્પર્શવાળા છે, તેથી તેની વેદના દુરધિસહ્ય કહેવાય છે, તેથી કરીને જ નરકો અશુભ છે, તેમાં અશુભ વેદના છે.

આ પ્રમાણે સાતે નરકો કહેવા. અહીં પહેલી નરકને પણ સાથે ગણવાથી સાતે કહ્યું છે. જે પૃથ્વીનું બાહલ્ય અને નરકાવાસનું જે પરિણામ યોગ્ય હોય તે અન્ય સ્થાને કહ્યા પ્રમાણે પૃથ્વીને વિશે કહેવું, તે આ પ્રમાણે - બંને ગાથા કહેવી. *[સૂત્ર-૨૩૫,૨૩૬ના મૂલાર્થમાં નોંધ્યું છે.]*

- x - x - x - બીજી નરક પૃથ્વીનો આલાવો આ પ્રમાણે - શર્કરાપ્રભા પૃથ્વીમાં કેટલા ક્ષેત્રને ઓળંગીને કેટલા નરકાવાસા કહ્યા છે ? હે ગૌતમ ! આ શર્કરાપ્રભા પૃથ્વી ૧,૩૨,૦૦૦ યોજન છે, તેમાં ઉપરથી ૧૦૦૦ યોજન અવગાહીને તથા નીચેના ૧૦૦૦ યોજન વર્જીને ૧,૩૦,૦૦૦ યોજન રહ્યા. ત્યાં શર્કરાપ્રભા પૃથ્વીમાં ૨૫-લાખ નરકાવાસો કહ્યા છે. ગાથામાં કહ્યા મુજબ બીજા પણ પાંચ આલાવા કહેવા. - શેષ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - ગાથાએ કરીને એટલે ગાથાનુસારે એમ અર્થ કરવો. નરકાવાસા કહેવા. ઇત્યાદિ - x - x - હવે અસુરાદિનો આલાવો—

૦ અસુરકુમાર-સૂત્રનું વિવેચન *[વૃત્તિનો અનુવાદ]*

સૂત્ર સુગમ છે. વિશેષ આ - વિમાનો બહાર વર્તુળ-વૃત્તપ્રાકાર વૃત્ત નગર જેવા છે. અંદર સમચતુરસ્ર છે. કેમકે તેના અવકાશના સ્થાનો ચતુરસ્ર છે. નીચેનો ભાગ પુષ્કરકર્ણિકા એટલે કમલના મધ્ય ભાગના સંસ્થાને રહેલો છે. તથા ઉત્કીર્ણ એટલે પૃથ્વી ખોદીને કરેલ પાળરૂપ આંતરું. - x - એવા વિપુલ અને ગંભીર ખાત અને



પરિખાવાળા ભવનો છે. અહીં ઉપર અને નીચે સરખું હોય તે ''ખાત'' અને જે ઉપર વિશાળ અને નીચે સાંકડી હોય તે ''પરીખા''. તે બંને વચ્ચે પાળ બાંધેલી છે એવા, અટ્ટાલક એટલે પ્રાકારની ઉપર રહેલા આશ્રય વિશેષ, ચરિકા એટલે નગર અને પ્રાકારની વચ્ચે આઠ હાથ પહોળો માર્ગ. પાઠાંતરથી ચતુરક એટલે ગામમાં પ્રસિદ્ધ એવા સભા-વિશેષ. ગોપુરના દ્વાર અર્થાત્ નગરની પ્રતોલીઓ, કપાટ અને તોરણ પણ પ્રસિદ્ધ છે. પ્રતિદ્વાર એટલે અવાંતર દ્વાર, પછી અટ્ટાલકાદિ સર્વે શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરવો. —

— આ સર્વ જેના દેશરૂપ ભાગને વિશે છે એવા વિમાનો છે. અહીં દેશ અને ભાગ એ બંનેના ઘણાં અર્થો છે. તેથી આ બંનેનો પરસ્પર વિશેષણ વિશેષ્યભાવ જાણવો. जंत - પત્થર ફેંકવાનું યંત્ર, मुशल - સાંબેલુ, मुसुंढी - શસ્ત્ર વિશેષ, શતઘ્ની-સેંકડોનો ઘાત કરનાર મોટા કાષ્ઠ અને શિલાના થાંભલા, તેથી સહિત, परिवारिय - પરિકિલિત, કિલ્લાને કારણે પરસૈન્યો યુદ્ધ ન કરી શકે તે અયોધ્ય અથવા જેના પ્રત્યે પરસૈન્યના સુભટો નથી તે અયોધ્ય કહેવાય છે.

— ૪૮ પ્રકારના વિચિત્ર છંદ અને ગોપુર વડે રચેલા, અન્ય આચાર્યો કહે છે. अडयाल - શબ્દ પ્રશંસા અર્થવાચી છે. ૪૮ ભેદે પ્રશંસાને લાયક કરી છે વનમાલા - વનસ્પતિના પલ્લવોની માળા જેમાં એવા. लोइय - ભૂમિને જે છાણાદિથી લીંપવું, उल्लोइय - ભીંતની શ્રેણિને ખડી આદિથી જે ધોળવું, તે બંને વડે જાણે કે પૂજિત હોય તે.

— दर्दर - ઘણાં ગોશીર્ષ ચંદન અને રસ સહિત જે રક્તચંદન, તે બંને વડે જેની ભીંતો ઉપર પાંચે આગળી સહિત થાપા છે એવા, અથવા ગોશીર્ષ અને સરસ રક્તચંદનના દર્દર વડે - ચપેટા મારવા વડે અથવા દર્દર-પગથિયાની વીથીને વિશે પાંચે આંગળીઓના થાપા જેમાં દીધા છે, તે ગોશીર્ષ સરસરક્ત ચંદન દર્દર દત્તપંચાગુલિ.

— कालागुरु - કૃષ્ણાગરુ નામક ગંધ વિશેષ, प्रवर - પ્રધાન, कुंदुरुक्क- ચીડા, तुरुष्क - સિલ્હક, એ ગંધ વિશેષ જ છે, આ સર્વે બળતા એવા ગંધનો જે ધૂમાડો મઘમઘાય માન થતો હોય અર્થાત્ ઘણો સુગંધવાળો ધૂમાડો, તે વડે ઉત્કટ એવા અભિરામ. सुगंधि - સુરભી એવી જે પ્રધાન ગંધ, તેનો ગંધ છે જેના વિશે તે સુગંધિવરગંધિક. ગંધદ્રવ્યોની ગંધયુક્તિના શાસ્ત્રોક્ત રીતિથી બનાવેલ જે ગુટિકા. તેની જેવા તે ગંધવર્તિભૂત અર્થાત્ શ્રેષ્ઠ ગંધ ગુણવાળા.

अच्छ - આકાશ સ્ફટિક જેવા ઉજ્જ્વળ, सण्ह - સૂક્ષ્મ પરમાણુ સ્કંધથી બનાવેલ હોવાથી શ્લક્ષ્ણ એટલે બારીક તંતુથી બનાવેલા વસ્ત્ર જેવા સૂક્ષ્મ, लण्ह - શ્લક્ષ્ણ એટલે ઘુંટેલા વસ્ત્રની જેવા કોમળ, घट्ठ - કઠણ સરાણ ઉપર ઘસેલી પત્થરની પ્રતિમા જેમ, मट्ठ - કોમળ સરાણે ઘૃષ્ટ પ્રતિમાને શોધિત કે પ્રમાર્જનિકા વડે સાફ કરેલ.

नीरय - રજરહિત, निम्मल - કઠણ મળના અભાવે નિર્મલ, वितिमिर - અંધકાર રહિત, विसुद्ध - કલંકરહિત, ચંદ્રની જેમ કલંકવાળા નહીં, सप्पभ - પ્રભા

સહિત કે પ્રભાવ સહિત, પોતાની મેળે શોભે છે કે પ્રકાશે છે, તે સ્વપ્રભાણિ. કેમકે સમરીય - કિરણો સહિત છે તેથી જ સउज्जोय - ઉદ્યોત સહિત, બીજી વસ્તુને પ્રકાશ કરવા વડે જે વર્તે તે. પ્રાસાદીય - મનની પ્રસન્નતા કરનારા, દર્શનીય-જોવાલાયક, ચક્ષુ વડે જોતાં શ્રમ ન લાગે તેવા, અભિરૂપ-કમનીય, પ્રતિરૂપ જોનાર. જોનાર પ્રત્યે રમણીય લાગે તેવા. ઇત્યાદિ —

— જે રીતે અસુરકુમારાવાસના સૂત્રમાં તેનું પરિમાણ કહ્યું છે, તે પ્રમાણે નાગકુમારાદિ નિકાયના જે ભવનાદિનું પરિમાણ ઘટે છે, તે તેનું કહેવું. તેનું પરિમાણ ગાથાનુસાર કહેવું. *[જે સૂત્ર ૨૩૯, ૨૪૦ના મૂલ સૂત્રાર્થમાં કહેલું છે.]* જે રીતે અસુરકુમારના ભવનો વર્ણવ્યા, તે પ્રમાણે સર્વેને વર્ણવવા. જેમકે —

હે ભગવન્ ! નાગકુમારના આવાસો કેટલા લાખ છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીનું બાહલ્ય-૧,૮૦,૦૦૦ યોજન છે. તેના ઉપર-નીચેના એક-એક હજાર યોજન વર્જીને મધ્યે ૧,૭૮,૦૦૦ યોજનના પોલાણમાં નાગકુમારના ૮૪ લાખ આવાસો છે. તે ભવનો ઇત્યાદિ પૂર્વવત્ કહેવા. - x -

૦ केवइया णं भंते ! पुढवि० આદિ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે — મનુષ્યો સંખ્યાતા જ છે, કેમકે ગર્ભજ મનુષ્યો અસંખ્યાતા છે જ નહીં, તેથી તેના સંખ્યાતા જ આવાસો છે અને સંમૂર્છિમ મનુષ્યો અસંખ્યાતા છે, તેથી દરેક શરીરે આવાસથી અસંખ્યાત કહ્યા.

૦ केवइया णं भंते जोइसियाणं આદિ સુગમ છે. વિશેષ આ — અભ્યુદ્ગત એટલે ઉત્પન્ન થયેલ અને ઉત્સૃત-પ્રબળપણાથી સર્વ દિશામાં પ્રસરેલી જે પ્રભા એટલે દીપ્તિ, તે વડે શુક્લ એવા વિમાન આવાસો છે, તથા વિવિધ મણિ-ચંદ્રકાંતાદિ અને રત્નકર્કેતનાદિ, તેઓની રચના વિશેષ, તે વડે ચિત્રવંત કે આશ્ચર્યવંત તથા વાતોદ્ધૂત-વાયુ વડે કંપાવેલી વિજયને એટલે અભ્યુદયને સૂચવનારી વૈજયંતી પતાકાઓ અથવા વિજય એટલે વૈજયંતીની પાર્શ્વકર્ણિકા કહેવાય, તે જેમાં મુખ્ય છે એવી વૈજયંતી અને તેનાથી રહિત એવી પતાકા. છત્રાતિ છત્ર-ઉપરા ઉપર રહેલા છત્ર, તે વડે યુક્ત આવાસો, તે આવાસો તુંગ-અત્યંત ઉંચા છે, તેથી જ ગગનતલને ઉલ્લંઘન કરનાર જેના શિખર છે, એવા છે —

— તથા તેના જાળીયાના મધ્ય ભાગમાં રત્નો રહેલા છે, તે. - x - ભવનની ભીંતોમાં જાળીયાં હોય છે, તે લોકપ્રસિદ્ધ છે. તેની મધ્યે શોભાને માટે રત્નો મૂકેલા હોય એમ સંભવે જ છે, તથા તે આવાસો જાણે પાંજરામાંથી બહાર કાઢેલા હોય એવા લાગે છે, એટલે જેમ કોઈપણ વસ્તુ વાંસ આદિના કરેલા પ્રચ્છાદન વિશેષરૂપ પાંજરામાંથી બહાર કાઢી હોય, તો તે વસ્તુની કાંતિ લેશમાત્ર વિનાશ પામેલી ન હોવાથી અત્યંત શોભે છે, તેમ તે આવાસો શોભે છે.

— મણિ અને સુવર્ણ સંબંધી સ્તૂપિકા એટલે શિખર છે જેમના તેવા, દ્વારાદિમાં પ્રતિકૃતિપણે સ્થાપેલ જે વિકસ્વર શતપત્ર અને ભીંત આદિમાં રહેલા તિલક અને દ્વારના અગ્રભાગમાં રહેલ જે રત્નમય. અર્ધચંદ્ર, તે સર્વ વડે ચિત્રવિચિત્ર, તથા અંદર



અને બહાર કોમળ છે, તથા તપનીય એટલે સુવર્ણ વિશેષ તેમજ રેતીના પ્રસ્તટ છે. જેમાં એવા અથવા શ્લક્ષ્ણ શબ્દને વાલુકાનું વિશેષણ કરવાથી કોમળ સુવર્ણવાલુકાના પ્રસ્તટવાળા એમ વ્યાખ્યા કરવી.

— તથા જે આવાસો સુખે સ્પર્શવાળા કે શુભ સ્પર્શવાળા છે. તથા સશ્રીક-શોભા સહિત છે, રૂપ-આકાર જેના એવા અથવા શોભાવાળા રૂપ એટલે નરયુગલાદિ રૂપકો છે જેમાં તે સશ્રીક રૂપ, તેવા છે, તથા પ્રાસાદીય-દર્શનીય-અભિરૂપ-પ્રતિરૂપનો અર્થ પૂર્વવત્.

૦ केवइए આદિ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગની ઉપર તથા ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપ - x - x - આ સર્વને ઉલ્લંઘન કરીને તારારૂપ એટલે તારાઓ જ સમજવા. તથા ઘણા ઇત્યાદિ. શું ? તે કહે છે — દૂર અત્યંત ઓળંગીને ૮૪ લાખ વિમાનો હોય છે, એમ યોજવું. આવા પ્રકારવાળા અથવા જે કારણે આવા છે તે પ્રકારવાળા અથવા તે કારણે સર્વજ્ઞ ભગવંતે કહ્યા છે, તે વિમાનો - x - અર્ચિર્માલિ-સૂર્યની જેમ શોભે છે.

— તથા ભાસ - પ્રકાશનો જે રાશિ, તે ભાસરાશિ અર્થાત્ સૂર્ય, તેના વર્ણ જેવી આભા એટલે કાંતિ છે જેની તે ભાસરાશિવર્ણાભ. अरय - સ્વાભાવિક રજ રહિત હોવાથી અરજ, नीरय - આગંતુક રજરહિત હોવાથી નીરજ. निम्मल - કર્કશ મલના અભાવે નિર્મલ. ચોતરફથી દૂર કરવા લાયક અંધકારરહિત હોવાથી વિતિમિર તથા સ્વાભાવિક અંધાકાર રહિતતાથી કે સમગ્ર દોષ રહિતતાથી વિશુદ્ધ તથા સર્વ રત્નમય છે, પણ કાષ્ઠાદિ દલવાળા નથી.

— તથા આકાશ-સ્ફટિક જેવા સ્વચ્છ છે, સૂક્ષ્મ સ્કંધમય હોવાથી શ્લક્ષ્ણ છે, કઠણ સરાણ વડે પત્થરની પ્રતિમાની જેમ ઘસેલા છે, કોમળ સરાણ વડે પત્થર પ્રતિમાની જેમ મઠારેલા છે, કલંક રહિતતાથી કે કાદવ વિશેષના અભાવથી નિષ્પંક છે. નિષ્કંટક એટલે કવચરહિત, આવરણ રહિત, ઉપઘાત રહિત દીપ્તિ છે જેની તે નિષ્કંટકછાય છે. પ્રભાવાળા, સમરીચ-કિરણોવાળા, ઉદ્યોત સહિત એટલે બીજી વસ્તુને પ્રકાશ કરનારા. પ્રાસાદીય આદિ પૂર્વવત્.

૦ હે ભગવંત ! સૌધર્મકલ્પમાં કેટલા વિમાનો કહ્યા છે ? હે ગૌતમ ! ૩૨-લાખ વિમાનો છે. એ પ્રમાણે ઈશાનાદિ કલ્પમાં જાણવા. તે ગાથા વડે જાણવું. *[મૂળ સૂત્ર ક્રમ-૨૪૨ થી ૨૪૪નો અનુવાદ જોવો.]* પ્રત્યેક કલ્પમાં ભિન્ન પરિણામવાળા વિમાનાવાસો કહેવા, તેનું વર્ણન કહેવું. ते णं विमाणा થી पडिरूवा સુધી વર્ણન કહેવું. તેમાં વિશેષ એ કે — તેના આલાવાનો ભેદ આ પ્રમાણે કહેવો.

હે ભગવન્ ! ઈશાનકલ્પે કેટલા લાખ વિમાનાવાસો છે ? હે ગૌતમ ! ૨૮-લાખ વિમાનાવાસો છે, ઇત્યાદિ - x - તે વિમાનો યાવત્ પ્રતિરૂપ છે, આ સર્વે પૂર્વોક્ત ગાથાનુસાર અને પ્રજ્ઞાપના સૂત્રના બીજા પદને અનુસારે કહેવું. - - - હવે નારકાદિની સ્થિતિ કહે છે —

● સૂત્ર-૨૪૫ :-

*હે ભગવન્ ! નારકીઓની સ્થિતિ કેટલો કાળ છે ? હે ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ સ્થિતિ છે. હે ભગવન્ ! અપર્યાપ્તા નારકોની કેટલો કાળ સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. તથા પર્યાપ્તા નારકીઓની જઘન્યથી અંતર્મુહૂર્ત ન્યૂન ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન ૩૩-સાગરોપમ કહી છે... આ રત્નપ્રભા પૃથ્વી આદિમાં એમ જ કહેવું. - યાવત્ - વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દેવોની કેટલા કાળની સ્થિતિ છે ? હે ગૌતમ ! જઘન્યથી ૩૨-સાગરોપમ અને ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ કહી છે. સર્વાર્થસિદ્ધે અજઘન્યોત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ સ્થિતિ કહી છે.*

● વિવેચન-૨૪૫ :-

સૂત્ર સુગમ છે. વિશેષ આ - નારકાદિ પર્યાયથી જીવોને રહેવાનો કાળ. અપર્યાપ્ત - નારકીઓ લબ્ધિથી તો પર્યાપ્તા જ હોય છે પણ કરણ થકી ઉત્પત્તિકાળે અંતર્મુહૂર્ત સુધી અપર્યાપ્તા અને પછી પર્યાપ્તા હોય છે. તેથી તેઓની અપર્યાપ્તાપણાની સ્થિતિ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ એક અંતર્મુહૂર્તની જ હોય છે. પર્યાપ્તાની જે ઓઘે કહી છે, તે જ અંતર્મુહૂર્ત ઓછી જઘન્ય અને ઉત્કૃષ્ટથી હોય છે.

અહીં પર્યાપ્તા, અપર્યાપ્તાનો વિભાગ આ પ્રમાણે છે — નારકી, દેવો, ગર્ભજ, તિર્યંચ, ગર્ભજ મનુષ્ય જે અસંખ્યવર્ષાયુવાળા છે તે સર્વે ઉપપાત સમયે અપર્યાપ્તા જાણવા. બાકીના તિર્યંચો, મનુષ્યો લબ્ધિને પામીને ઉપપાત સમયે પર્યાપ્તા-અપર્યાપ્તા બે વિભાગ કરવા. એવું જિનવચન છે... સામાન્યથી નારકોની સ્થિતિ કહી.

હવે વિશેષથી સ્થિતિ કહેવાને આ પ્રમાણે જણાવે છે - इमीसे णं આદિ. સર્વ સ્થિતિનું પ્રકરણ ''પ્રજ્ઞાપના'' પ્રસિદ્ધ છે, તેથી તેનો અતિદેશ કરતા કહે છે — જેમ પ્રજ્ઞાપનામાં સામાન્ય પર્યાપ્તા અને અપર્યાપ્તાના લક્ષણવાળા ત્રણ ગમાએ કરીને નારકીઓની, વિશેષ પ્રકારના નારકીઓની અને તિર્યંચાદિની સ્થિતિ કહી છે, તેમ અહીં પણ કહેવી. ક્યાં સુધી કહેવી ? જાવ વિજયેત્યાદિ૦ એટલે કે અનુત્તર દેવોની ઔઘિક, અપર્યાપ્તક, પર્યાપ્તક સ્થિતિવાળા ત્રણ ગમા સુધી કહેવી. અતિદેશ કરેલા સૂત્રોનો અર્થ આ પ્રમાણે કહેવો—

હે ભગવન્ ! રત્નપ્રભા નારકીઓની કેટલી સ્થિતિ છે ? હે ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી એક સાગરોપમ.

હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના અપર્યાપ્તા નારકીઓની સ્થિતિ કેટલો કાળ છે ? હે ગૌતમ ! બંને પ્રકારે અંતર્મુહૂર્ત.

પર્યાપ્તાની જે સામાન્યથી કહી, તે જ અંતર્મુહૂર્ત ન્યૂન છે.

એ જ પ્રમાણે શેષ પૃથ્વીના નારકોની, પ્રત્યેકની, અસુરાદિ દશેની, પૃથ્વીકાયાદિની, તિર્યંચોની, ગર્ભજ અને સંમૂર્છિમ મનુષ્યોની આઠ પ્રકારના વ્યંતરોની, પાંચ પ્રકારના જ્યોતિષ્કોની, સૌધર્માદિ વૈમાનિકોની સ્થિતિ સંબંધી ત્રણ ગમા કહેવા.



ક્યાં સુધી ? જાવ વિજય૦ આદિ. અહીં વિજયાદિમાં જઘન્યથી ૩૨-સાગરોપમ સ્થિતિ કહી છે, તે જ પ્રમાણે ગંધહસ્તી આદિ ગ્રંથોમાં પણ દેખાય છે, પણ પન્નવણામાં ૩૨-સાગરોપમ કહ્યું છે, તે મતાંતર જાણવું.

અહીં પર્યાપ્તક અને અપર્યાપ્તકના બે ગમા સ્વયં જાણવા. એ રીતે સર્વાર્થસિદ્ધિ વિમાનના દેવોની સ્થિતિ પણ ત્રણ ગમા વડે કહેવી.

નારકાદિ જીવોની સ્થિતિ કહી. હવે શરીર અવગાહના કહે છે—

— x — x — x — x —

● સૂત્ર-૨૪૬ :-

*હે ભગવન્ ! ઔદારિક શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારે, તે આ - એકેન્દ્રિય ઔદારિક શરીર યાવત્ ગર્ભવ્યુત્ક્રાંતિક મનુષ્ય પંચેન્દ્રિયનું ઔદારિક શરીર... હે ભગવન્ ! ઔદારિક શરીરની કેટલી મોટી શરીર અવગાહના કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી સાધિક ૧૦૦૦ યોજન. એ જ પ્રમાણે જેમ અવગાહના કહી તેમ સંસ્થાન અને ઔદારિક પ્રમાણ કહેવું. એ પ્રમાણે યાવત્ મનુષ્ય શરીર અવગાહના ત્રણ ગાઉ છે.*

*હે ભગવન્ ! વૈક્રિય શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! બે પ્રકારે — એકેન્દ્રિય વૈક્રિયશરીર અને પંચેન્દ્રિય વૈક્રિય શરીર. એ પ્રમાણે યાવત્ સનત્કુમારથી આરંભી યાવત્ અનુત્તર ભવધારણીય શરીર યાવત્ તેઓના શરીરમાં એક એક રત્નીની હાનિ થાય છે.*

*હે ભગવન્ ! આહારક શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! એક જ આકારવાળું કહ્યું છે. તો શું મનુષ્ય આહારક શરીર કે અમનુષ્ય આહારક શરીર ? હે ગૌતમ ! મનુષ્ય આહારક શરીર છે, અમનુષ્યક નહીં. હે ભગવન્ ! જો મનુષ્ય આહારક શરીર છે, તો શું ગર્ભજ મનુષ્ય આહારક શરીર કે સંમૂર્છિમ મનુષ્ય આહારક શરીર ? હે ગૌતમ ! ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે, સંમૂર્છિમ નહીં.. જો ગર્ભજ છે તો તે શરીર કર્મભૂમિજ મનુષ્યનું છે કે અકર્મભૂમિજ૦ નું ? હે ગૌતમ કર્મભૂમિજનું છે, અકર્મભૂમિજનું નહીં.. જો કર્મભૂમિજ૦નું છે, તો સંખ્યાતા વર્ષાયુ૦ વાળાનું છે કે અસંખ્યાતા વર્ષાયુ૦ વાળાનું ? હે ગૌતમ સંખ્યાતા વર્ષાયુ૦ વાળાનું છે, અસંખ્યાત વર્ષાયુ૦ વાળાનું નહીં.. જો સંખ્યાત વર્ષાયુ૦વાળાનું છે, તો પર્યાપ્તા૦ નું કે અપર્યાપ્તા૦ નું ? હે ગૌતમ ! પર્યાપ્તા૦ નું છે. અપર્યાપ્તાનું નહીં.*

*હે ભગવન્ ! જો પર્યાપ્તાનું છે, તો તે શું સમ્યગ્ દૃષ્ટિનું છે ? મિથ્યાદૃષ્ટિનું છે ? કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિનું આહારક શરીર છે ? હે ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિને છે, મિથ્યાદૃષ્ટિ કે સમ્યગ્-મિથ્યા દૃષ્ટિને નહીં.. જો સમ્યગ્દૃષ્ટિને છે, તો સંયતને છે, અસંયતને છે કે સંયતાસંયતને છે ? હે ગૌતમ ! સંયતને છે, અસંયત કે સંયતાસંયતને નહીં.. જો સંયતને છે તો પ્રમત્ત સંયતને છે કે અપ્રમત્ત સંયતને ?*

*હે ગૌતમ ! પ્રમત્તસંયતને છે, અપ્રમત્તને નહીં. જો પ્રમત્ત સંયતને છે તો ઋદ્ધિ પ્રાપ્તને કે ઋદ્ધિ અપ્રાપ્તને ? હે ગૌતમ ! ઋદ્ધિ પ્રાપ્તને છે, ઋદ્ધિ અપ્રાપ્તને નહીં. એમ સંપૂર્ણ વચનો કહેવા.*

*તે આહારક શરીર સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત છે. તે આહારક શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી દેશઉણ એક હાથ, ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ એક હાથની.*

*હે ભગવન્ ! તૈજસ શરીર કેટલાં પ્રકારે છે ? હે ગૌતમ ! તૈજસ શરીર પાંચ પ્રકારે છે, તે આ – એકેન્દ્રિય તૈજસશરીર, બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિય તૈજસશરીર. એ પ્રમાણે યાવત્ હે ભગવન્ ! ગ્રૈવેયક દેવ મારણાંતિક સમુદ્ઘાત વડે હણાય, ત્યારે તેની શરીરની અવગાહના કેટલી મોટી કહી છે ? હે ગૌતમ ! વિષ્કંભ-બાહલ્યથી શરીર પ્રમાણ માત્ર જ છે અને આયામથી જઘન્યથી નીચે યાવત્ વિદ્યાધર શ્રેણિ અને ઉત્કૃષ્ટથી અધોલોક ગ્રામ સુધી, ઉપર સ્વવિમાન ધ્વજા સુધી, તિર્છી મનુષ્યક્ષેત્ર સુધી, એ રીતે યાવત્ અનુત્તરોપપાતિક દેવસુધી જાણવું - - - એ પ્રમાણે કાર્મણ શરીર સંબંધે કહેવું.*

● વિવેચન-૨૪૬ :-

સૂત્ર સુગમ છે. એકેન્દ્રિય ઔદારિક શરીર ઇત્યાદિમાં “યાવત્‌થી બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિય ઔદારિક શરીર, પૃથ્વી આદિ એકેન્દ્રિય અને જલચર આદિ પંચેન્દ્રિય ભેદથી પૂર્વે દર્શાવેલ જીવરાશિ ક્રમે કહેવા. ક્યાં સુધી ? ગર્ભ વ્યુત્કાંતિક ઇત્યાદિ સુધી... ઔદારિક આદિમાં ઉદાર એટલે તીર્થંકરાદિ શરીરને આશ્રીને અથવા उराल - વિસ્તારવાળું અર્થાત્ વિશાલ, વનસ્પતિ આદિનું શરીર ૧૦૦૦ યોજનથી કંઈક વધુ પ્રમાણવાળું છે તેને આશ્રીને અથવા उराल એટલે થોડા પ્રદેશ વડે ઉપચિત હોવા છતાં પ્રમાણ વડે મોટું હોવાથી ભેંડની જેમ અથવા માંસ, અસ્થિ, પરુથી બંધાયેલ જે શરીર તે સિદ્ધાંતપરિભાષાથી ઉરાલ કહેવાય. આવું ઉરાલ શરીર પ્રાકૃતત્વથી ઓરાલિય શરીર કહ્યું.

જેને વિશે અવગાહના કરાય તે અવગાહના એટલે આધારભૂત ક્ષેત્ર, શરીરની જે અવગાહના તે શરીરાવગાહના અથવા ઔદારિક શરીરવાળા જીવની જે ઔદારિક શરીરરૂપ અવગાહના તે હે ભગવન્ ! કેટલી મોટી છે ? તેમાં જઘન્યથી પૃથ્વી આદિની અપેક્ષાએ અંગુલના અસંખ્યેય ભાગ જેટલી અને ઉત્કૃષ્ટથી બાદર વનસ્પતિ અપેક્ષાએ સાધિક ૧૦૦૦ યોજન કહી છે.

जाव मणुस्स० ‘યાવત્’ શબ્દથી અવગાહના અને સંસ્થાન નામક “પ્રજ્ઞાપના”ના ૨૧માં પદમાં કહેલ સર્વ પાઠ અર્થથી જાણવો. તે આ પ્રમાણે – પ્રથમ એકેન્દ્રિય ઔદારિકનો પ્રશ્ન અને ઉત્તર કહ્યો છે તે જ જાણવો. તથા પૃથ્વી આદિ બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત, અપર્યાપ્ત એ ચારની અવગાહના જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી છે, બાદર પર્યાપ્ત વનસ્પતિની અવગાહના ઉત્કૃષ્ટથી સાધિક ૧૦૦૦ યોજન છે. બાકીનાની અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.



પર્યાપ્તા બે-ત્રણ-ચાર ઈન્દ્રિયની ઉત્કૃષ્ટથી અનુક્રમે ૧૨ યોજન, ૩ ગાઉ, ૪ ગાઉ છે. પંચેન્દ્રિય તિર્યંચમાં ગર્ભજ અને સંમૂર્છિમ એ બંને પર્યાપ્તા જળચરની ઉત્કૃષ્ટથી ૧૦૦૦ યોજન છે, સંમૂર્છિમ પર્યાપ્તા ચતુષ્પદ સ્થળચરની અવગાહના ગવ્યૂત પૃથક્ત્વ છે અને તે જ ગર્ભજ હોય તો તેની અવગાહના છ ગાઉ છે. ગર્ભજ ઉરપરિસર્પની ૧૦૦૦ યોજનની અને સંમૂર્છિમની યોજન પૃથક્ત્વ છે. ગર્ભજ ભુજ પરિસર્પની બેથી નવ ગાઉ સુધી છે. સંમૂર્છિમની બે થી નવ ધનુષ્યની છે. ગર્ભજ અને સંમૂર્છિમ ખેચરોની ધનુષ્ પૃથક્ત્વ તથા ગર્ભજ મનુષ્યોની ત્રણ ગાઉ છે. સંમૂર્છિમ મનુષ્યોની અવગાહના અંગુલનો અસંખ્યાત ભાગે છે. અંગુલનો અસંખ્યાત ભાગ સર્વત્ર જઘન્ય પદે અને અપર્યાપ્તપદે જાણવો.

कइविह० સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે – વિવિધ કે વિશેષ પ્રકારે જે ક્રિયા તે વિક્રિયા, તેને વિશે થયેલ તે વૈક્રિય છે અથવા વિવિધ કે વિશિષ્ટને જે કરે તે વૈકુર્વિક કહેવાય. તેમાં એકેન્દ્રિય વૈક્રિય શરીર વાયુકાયને હોય અને પંચેન્દ્રિય વૈક્રિય શરીર નારકાદિને હોય છે. एवं जाव ઇત્યાદિ અતિદેશથી - હે ભગવન્ ! જો એકેન્દ્રિયને વૈક્રિય શરીર હોય તો શું વાયુકાય એકેન્દ્રિયને હોય કે અવાયુકાય એકેન્દ્રિયને ? હે ગૌતમ ! વાયુકાય એકેન્દ્રિયને હોય અવાયુકાય એકેન્દ્રિયને નહીં, ઈત્યાદિ અભિલાપથી આ અર્થ જાણવો. - જો વાયુકાયને વૈક્રિય શરીર હોય તો સૂક્ષ્મ વાયુકાયને કે બાદર વાયુકાયને હોય ? હે ગૌતમ ! બાદરને જ હોય છે. જો બાદરને હોય તો પર્યાપ્તાને કે અપર્યાપ્તાને ? હે ગૌતમ ! પર્યાપ્તાને જ હોય. જો પંચેન્દ્રિયને હોય તો નારકીને, પંચેન્દ્રિય તિર્યંચને, મનુષ્યને કે દેવને હોય ? હે ગૌતમ ! તે ચારેને હોય.

– તેમાં સાતે નારકીના પર્યાપ્તા, અપર્યાપ્તા બંનેને હોય. હે ભગવન્ ! જો તિર્યંચને હોય તો સંમૂર્છિમને કે ગર્ભજને ? હે ગૌતમ ! ગર્ભજને જ હોય. તે ગર્ભજ પણ સંખ્યાતા વર્ષાયુ પર્યાપ્તાને જ હોય છે. તે પણ જલચરાદિ ત્રણે ભેદવાળાને હોય છે. તથા મનુષ્યમાં ગર્ભજને જ હોય છે, તે પણ કર્મભૂમિજને જ, તે પણ સંખ્યાતા વર્ષાયુ પર્યાપ્તાને જ હોય છે. દેવ એટલે ભવનવાસી આદિને હોય છે. તેમાં દશ પ્રકારના અસુરાદિ પર્યાપ્તા અને અપર્યાપ્તા બંનેને હોય. એ પ્રમાણે આઠે વ્યંતરને અને પાંચે જ્યોતિષ્કને હોય છે હે ભગવન્ ! જો વૈમાનિકને હોય તો કલ્પોપપન્નને હોય કે કલ્પાતીતને ? હે ગૌતમ ! તે બંનેને હોય - x -

હે ભગવન્ ! વૈક્રિયશરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. એમજ નારકીને જઘન્યથી ભવધારણીય શરીરની અંગુલના અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્ અવગાહના છે. આ અવગાહના સાતમી પૃથ્વીમાં જાણવી. છટ્ઠી આદિ પૃથ્વીમાં તો તે જ અવગાહના અર્ધ-અર્ધ હીન જાણવી. પણ ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના સાતેમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી ભવધારણીય શરીરથી બમણી જાણવી.

પંચેન્દ્રિય તિર્યંચોને ઉત્કૃષ્ટથી યોજન શત પૃથક્ત્વ જાણવી. મનુષ્યોને ઉત્કૃષ્ટથી

સાધિક એક લાખ યોજન હોય, દેવોને ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના એક લાખ યોજનની છે અને ભવધારણીય શરીરની અવગાહના ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સૌધર્મ અને ઈશાનના દેવોની સાત હાથ, સનત્કુમાર અને માહેન્દ્રની છ હાથ, બ્રહ્મ અને લાંતકમાં પાંચ હાથ, મહાશુક્ર અને સહસ્રારની ચાર હાથ, આનતાદિ ચારની ત્રણ હાથ, ગ્રૈવયકમાં બે હાથ અને અનુત્તર વિમાનમાં એક હાથની કહી છે - x -

દુવિહે પન્નત્તે એગિંદિય૦ ઇત્યાદિ પૂર્વોક્ત ક્રમે પ્રજ્ઞાપના સૂત્રમાં કહેલ વૈક્રિય અવગાહનાના પ્રમાણવાળું સૂત્ર કહેવું. ક્યાં સુધી ? યાવત્ સનત્કુમારથી આરંભીને ભવધારણીય વૈક્રિય શરીરની હાનિ જાણવી. ત્યાંથી પણ યાવત્ અનુત્તરદેવ સંબંધી ભવધારણીય શરીર છે ત્યાં સુધી એક એક રત્નિની હાનિ કરવી. ત્યાં સુધી કહેવું.

આહારક૦ આદિ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - પ્રથમ જે રીતે પરિપૂર્ણ આલાવો કહ્યો, તે જ પ્રમાણે પછી પણ કહેવો. તે આ રીતે — હે ભગવન્ ! જો મનુષ્યને આહારક શરીર કહ્યું છે, તો તે ગર્ભજ મનુષ્યને કે સંમૂર્છિમ મનુષ્યને હોય ? હે ગૌતમ ! ગર્ભજને હોય, સંમૂર્છિમને નહીં. જો ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય છે તો, ઇત્યાદિ સર્વ કહેવું યાવત્ જો પ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તક સંખ્યાતા વર્ષાયુવાળા કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય છે તો શું ઋદ્ધિપ્રાપ્ત૦ને હોય કે ઋદ્ધિ અપ્રાપ્ત૦ને હોય ? હે ગૌતમ ! ઋદ્ધિ પ્રાપ્ત૦ને હોય.

અહીં કહે છે કે કહેલા વચનો વિભાગ વડે સંપૂર્ણ ઉચ્ચારણ કરવા.

આહારય૦ હે ભગવન્ ! આહારક શરીરની અવગાહના કેટલી મોટી કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી કંઈક ન્યૂન રત્નિ, ઉત્કૃષ્ટથી પૂર્ણ રત્નિ. કેવી રીતે ? તથાવિધ પ્રયત્ન વિશેષ અને તથાવિધ આરંભક દ્રવ્ય વિશેષથી પ્રારંભે પણ તેટલું જ પ્રમાણ હોય છે. - x - x -

તેયાસરીર૦ અહીં યાવત્ શબ્દ છે. તેથી ''પ્રજ્ઞાપના''ના ૨૧-માં પદમાં કહેલ તૈજસશરીરની વક્તવ્યતા અહીં કહેવી. અર્થાત્ હે ભગવન્ ! એકેન્દ્રિયનું તૈજસ શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારે. તે આ પ્રમાણે - પૃથ્વીકાયથી વનસ્પતિકાય પર્યન્ત. એ પ્રમાણે જીવરાશિની પ્રરૂપણા અનુસાર સૂત્રની ભાવના કરવી. યાવત્ સર્વાર્થસિદ્ધિ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવરૂપ પંચેન્દ્રિયનું તૈજસ શરીર, હે ભગવન્ ! કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ ! વિવિધ સંસ્થાનવાળું. જે પૃથ્વી આદિ જીવનું જે ઔદારિક શરીર સંસ્થાન કહ્યું તે જ તૈજસ-કાર્મણનું જાણવું.

તથા મારણાંતિક સમુદ્ઘાત પ્રાપ્ત જીવના તૈજસ શરીરની અવગાહના કેટલી છે ? હે ગૌતમ ! વિષ્કંભ અને બાહલ્યથી શરીરપ્રમાણ જેટલી અને આયામ વડે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી ઉંચે અને નીચે લોકાંતથી લોકાંત સુધી જાણવી. કેમકે એકેન્દ્રિય જીવ અધોથી ઉર્ધ્વલોકાંતે ઉત્પન્ન થઈ શકે છે, તેને આશ્રીને આ જાણવું.

આ પ્રમાણે સર્વે એકેન્દ્રિય સંબંધે જાણવું. પણ બેઈન્દ્રિય જીવોની તો આયામ



વડે ઉત્કર્ષથી તિર્છાલોકથી તિર્છા લોકાંત સુધી જાણવી. કેમકે પ્રાયઃ તિર્છાલોકમાં બેઈન્દ્રિયાદિ તિર્યંચ હોય છે. નારકીના તૈજસ શરીરની અવગાહના જઘન્યથી ૧૦૦૦ યોજન છે. કેવી રીતે ? નરકમાંથી નીકળીને પાતાળકળશના ૧૦૦૦ યોજનના માનવાળા કુડ્યને ભેદીને તેમાં મત્સ્યપણે ઉત્પન્ન થાય તેને આશ્રીને તેટલી અવગાહના હોય છે અને ઉત્કૃષ્ટથી નીચે સાતમી પૃથ્વી સુધી હોય છે. આ પ્રમાણ સાતમી પૃથ્વીનો નારકી સમુદ્રાદિમાં મત્સ્યમાં ઉત્પન્ન થાય તેને આશ્રીને જાણવું. તિર્છું સ્વયંભૂરમણ સમુદ્ર સુધી, ઉંચે પંડકવનની વાવ સુધી જાણવું. કેમકે નારકીજીવ તે બંનેમાં ઉત્પન્ન થઈ શકે છે. પણ તેનાથી આગળ ઉત્પન્ન થતાં નથી.

મનુષ્યની લોકાંત સુધી જાણવી. ભવનપતિથી પહેલા બે કલ્પના દેવોની અંગુલના અસંખ્યાત ભાગ જેટલી છે. કેમકે તેઓ પોતાના સ્થાને જ પૃથ્વીકાયાદિપણે ઉત્પન્ન થઈ શકે છે. ઉત્કૃષ્ટથી ત્રીજી પૃથ્વી સુધી, તિર્છું સ્વયંભૂરમણના વેદિકાંત સુધી અને ઉંચે ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી સુધી જાણવી - x -

સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવોની તૈજસશરીર અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. પંડકવનાદિની વાવમાં સ્નાન માટે ઉતરતાં, મરણ પામીને ત્યાં જ મત્સ્યપણે ઉત્પન્ન થાય તેથી અથવા પૂર્વભવ સંબંધી મનુષ્યે ભોગવેલ સ્ત્રીને આલિંગન કરી, મરણ પામી તેના જ ગર્ભમાં ઉત્પન્ન થાય તો. ઉત્કૃષ્ટ થકી મહાપાતાળ કળશના બીજા વિભાગ સુધી - x - તિર્છું સ્વયંભૂરમણ સમુદ્ર સુધી, ઉંચે અચ્યુતકલ્ સુધી જાણવી. - x -

આનતથી અચ્યુતકલ્પના દેવોની જઘન્યથી અંગુલનો અસંખ્ય ભાગ - x - ઉત્કર્ષથી નીચે અધોલોક ગ્રામ, તિર્છું મનુષ્ય ક્ષેત્રમાં, ઉંચે અચ્યુતવિમાન સુધી તૈજસ શરીરાવગાહના જાણવી. - x - નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરોપપાતિક દેવોના તૈજસ શરીરની અવગાહના જઘન્યથી વિદ્યાધર શ્રેણી સુધી, ઉત્કૃષ્ટથી નીચે અધોલોકગ્રામ સુધી, તિર્છું મનુષ્ય ક્ષેત્ર, ઉંચે સ્વવિમાન સુધી.

કાર્મણશરીરની અવગાહના એમજ જાણવી. કેમકે તૈજસ અને કાર્મણ શરીરની અવગાહના સમાન જ હોય છે. - x -

પ્રાણીની અવગાહના કહી, હવે અવધિ ધર્મ કહે છે —

૦ અવધિજ્ઞાનના ભેદ, વિષય, સંસ્થાન, આભ્યંતર, બાહ્ય, દેશાવધિ, હાનિવૃદ્ધિ, પ્રતિપાતી, અપ્રતિપાતી આ સર્વે દ્વાર કહેવા.

૦ અવધિના ભેદ - અવધિ બે પ્રકારે - ભવપ્રત્યય, ક્ષાયોપશમિક, તેમાં દેવ, નારકીને ભવપ્રત્યય અને મનુષ્ય, તિર્યંચને ક્ષાયોપશમિક અવધિ હોય છે... ૦ અવધિનો વિષય - ચાર પ્રકારે છે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. દ્રવ્યથી જઘન્ય તેજસ્ અને ભાષા બંનેને અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા સુધીના દ્રવ્યોને જાણે. ઉત્કર્ષથી એક પરમાણુથી આરંભીને અનંત પરમાણુ સુધીના સર્વે રૂપી દ્રવ્યસમૂહને જાણે. ક્ષેત્રથી - જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કર્ષથી અલોકમાં લોકપ્રમાણવાળા અસંખ્ય ખંડોને જાણે. કાળથી - જઘન્યથી અનીત-અનાગત આવલિકાના અસંખ્યાતમાં

ભાગ જેટલા કાળને જાણે અને ઉત્કર્ષથી અસંખ્યાની અસંખ્યાતમાં ભાગ જેટલા કાળને જાણે અને ઉત્કર્ષથી અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણીને જાણે ભાવથી - જઘન્યથી દરેક દ્રવ્યના ચાર વર્ણાદિને અને ઉત્કર્ષથી એકૈક દ્રવ્યના અસંખ્ય વર્ણાદિને, સર્વ દ્રવ્યાપેક્ષાએ અનંત વર્ણાદિ જાણે.

૦ અવધિનું સંસ્થાન-નારકીનું અવધિ ત્રાપા આકારે, ભવનપતિનું પલ્યાકારે, વ્યંતરોનું પડહ આકારે, જ્યોતિષ્નું ઝાલર આકારે, કલ્પોપપન્ન દેવોને મૃદંગાકારે, ગ્રૈવેયક દેવોને પુષ્પોથી ભરેલી શગ ચડાવેલી ચંગેરીના આકારે, અનુત્તર દેવોને કન્યાના ચોલક આકારે એટલે લોકનાળીના આકારે, મનુષ્ય-તિર્યંચોને વિવિધાકારે હોય છે.

૦ આભ્યંતર - અવધિજ્ઞાન વડે પ્રકાશિત ક્ષેત્રની અંદર કયા જીવો હોય છે ? તે કહેવું. જેમકે નારકી, દેવ, તીર્થંકરો અવધિના ક્ષેત્રની અંદર હોય છે... ૦ બાહ્ય - અવધિ ક્ષેત્રની બહાર કયા જીવો હોય છે ? તેમાં શેષ જીવો બાહ્ય અને અભ્યંતર અવધિવાળા હોય છે.

૦ દેશાવધિ - અવધિ વડે પ્રકાશ્ય વસ્તુના એક દેશને પ્રકાશ કરનાર અવધિ, તેવું અવધિ કોને છે તે કહેવું. તેવા અવધિથી વિપરીત તે સર્વાવધિ કહેવાય છે. મનુષ્યોને બંને પ્રકારનું અવધિ હોય છે. બીજા સર્વેને દેશાવધિ એક જ હોય. સર્વાવધિ કેવલજ્ઞાન સમીપે જ થાય.

૦ અવધિની હાનિ અને વૃદ્ધિ કહેવી. - x - તિર્યંચ અને મનુષ્યને વર્ધમાન, હીયમાન બંને અવધિ હોય છે. નારકી-દેવને તો અવસ્થિત જ હોય છે. તેમાં અંગુલના અસંખ્યાતમાં ભાગાદિને પ્રથમ જોઈને પછી વધુ-વધુ જોવે તે વધતુ કહેવાય, વિપરીત તે ઘટતું કહેવાય.

૦ પ્રતિપાતિ અને અપ્રતિપાતિ અવધિ છે. ઉત્કર્ષથી સમગ્ર લોકને જાણે તેટલું હોય તે પ્રતિપાતિ હોઈ શકે છે, તેથી અધિક દેખે તે અપ્રતિપાતિ કહેવાય છે. તેમાં ભવપ્રત્યય અવધિ ભવ પૂરો થતાં સુધી ન પડે. ક્ષાયોપશમિક અવધિ બંને પ્રકારે હોય. - તે દેખાડે છે —

**● સૂત્ર-૨૪૭ થી ૨૫૧ :-**

***[૨૪૭] હે ભગવન્ ! અવધિજ્ઞાન કેટલા ભેદે છે ? હે ગૌતમ ! બે ભેદે - ભવપ્રત્યયિક, ક્ષાયોપશમિક. એ પ્રમાણે સર્વ ઓહિપદ કહેવું.***

***[૨૪૮] શીત, દ્રવ્ય, શરીરસંબંધી, સાતાવેદના, દુઃખ, આભ્યુપગમ, ઔપક્રમિક, નિદયા, અનિદયા [આટલા પ્રકારે વેદના છે.]***

***[૨૪૯] હે ભગવન્ ! નૈરયિકો શીતવેદના વેદે કે ઉષ્ણવેદના કે શીતોષ્ણ વેદના વેદે ? હે ગૌતમ ! નૈરયિકો૦ સર્વ વેદનાપદ કહેવું.***

***૦ હે ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ? હે ગૌતમ ! લેશ્યાઓ છ છે. તે આ — કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ્, પદ્મ, શુક્લ, લેશ્યાપદ કહેવું.***

***[૨૫૦] અનંતર આહાર, આહારની આભોગતા - અનાભોગતા, પુદ્ગલોને ન જાણે, અધ્યવસાન અને સમ્યક્ત્વ એટલા દ્વારો કહેવા.***



***[૨૫૧] હે ભગવન્ ! નૈરયિકો અનંતર આહારવાળા, ત્યારપછી શરીરની નિર્વૃત્તિ, પછી પર્યદાન, પછી પરિણામતા, પછી પરિચારણતા, પછી વિકુર્વણતા છે ? હે ગૌતમ ! હા, આ પ્રમાણે આહાર પદ કહેવું.***

**● વિવેચન-૨૪૭ થી ૨૫૧ :-**

[૨૪૭] कइविहे० આદિ. આ અવસરે પ્રજ્ઞાપનાનું પદ-૩૩ સંપૂર્ણ કહેવું. હમણાં જીવના પર્યાયરૂપ ક્ષાયોપશમિક ઉપયોગ વિશેષ કહ્યો. હવે વેદનાના સ્વરૂપવાળો તે જ ઔદયિક ઉપયોગ કહે છે —

[૨૪૮,૨૪૯] શીત૦ ઇત્યાદિ દ્વાર ગાથા છે. તેમાં च શબ્દથી નહીં કહેલાનો પણ સંગ્રહ કરવો. વેદના ત્રણ પ્રકારે — શીત, ઉષ્ણ, શીતોષ્ણ. તેમાં નારકો શીત અને ઉષ્ણ વેદના વેદે છે. શેષ જીવો ત્રણે વેદે છે.

દ્રવ્ય-ઉપલક્ષણથી દ્રવ્યાદિ ભેદે ચાર પ્રકારની વેદના લેવી. તેમાં પુદ્ગલ દ્રવ્યના સંબંધથી દ્રવ્ય વેદના, નરકાદિ ઉત્પત્તિ ક્ષેત્રના સંબંધથી ક્ષેત્ર વેદના, નારકાદિ આયુરૂપકાળના સંબંધથી થાય તે કાળ વેદના. વેદનીયકર્મના ઉદયથી તે ભાવ વેદના છે. નૈરયિકથી વૈમાનિકો પર્યન્ત જીવો ચારે પ્રકારની વેદના વેદે છે.

શારીર૦ - વેદના ૩-ભેદે-શારીરિક, માનસિક અને શરીર-માનસિક. તેમાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવો ત્રણે પ્રકારની વેદના વેદે છે. શેષ જીવો માત્ર શારીરિક વેદના વેદે છે.

શાતા૦ - વેદના ત્રણ પ્રકારે — શાતા, અશાતા, શાતાશાતા. સર્વે જીવો ત્રણે પ્રકારની વેદના વેદે છે... વેદના ૩-ભેદે-સુખ, દુઃખ, સુખદુઃખ. તેમાં સર્વે જીવો ત્રણે પ્રકારની વેદના વેદે છે.

અહીં સાત-અસાત, સુખ-દુઃખનો વિશેષ આ પ્રમાણે — ક્રમે કરીને ઉદયને પામેલા વેદનીયકર્મના પુદ્ગલોનો જે અનુભવ થવો તે સાત અસાત કહેવાય. બીજાએ ઉદિરાતા વેદનીયકર્મના પુદ્ગલોનો જે અનુભવ થવો તે સુખ-દુઃખ કહેવાય છે.

વેદના બે પ્રકારે - આભ્યુપગમિકી, ઔપક્રમિકી. તેમાં જીવો પહેલી વેદનાને પોતે જ સ્વીકારીને વેદે તે. જેમકે સાધુઓ કેશલોચ અને બ્રહ્મચર્યાદિથી વેદે છે. બીજી સ્વયમેવ ઉદયમાં આવેલા કે ઉદીરણા વડે ઉદયમાં લાવેલા વેદનીય કર્મોનો અનુભવ કરવો તે. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો બંને પ્રકારની વેદના વેદે છે. શેષ જીવો માત્ર ઔપક્રમિકી વેદનાને વેદે છે.

વેદના બે પ્રકારે - નિદયા એટલે જાણીને, અનિદયા એટલે અજાણપણે. તેમાં સંજ્ઞી જીવોને બંને પ્રકારે વેદના હોય છે અને અસંજ્ઞીને એકલી અનીદયા વેદના છે... આ દ્વારોના વિવરણ માટે नेरइयाणं સૂત્ર કહ્યું. અહીં પ્રજ્ઞાપનાનું ૩૫મું વેદના પદ કહેવું.

વેદના કહી. તે લેશ્યાવાળાને હોય, માટે લેશ્યાને કહે છે - कइणं भंते० આદિ. આ સ્થાને પ્રજ્ઞાપનાનું લેશ્યાપદ - x - કહેવું.

લેશ્યા કહી. લેશ્યાવાળા જીવો જ આહાર કરે છે, તેથી આહાર –

[૨૫૦,૨૫૧] अणंतरा० દ્વાર શ્લોક કહે છે. તેમાં અનંતર એટલે આહારના વિષયમાં વ્યવધાનરહિત અર્થાત્ અનંતરાહારવાળા જીવ કહેવા. તથા આહારની આભોગતા, મૂળમાં अपि च હોવાથી અનાભોગતા પણ કહેવી. તથા પુદ્‌ગલોને ન જાણે. અહીં एव શબ્દ લખ્યો છે. તેથી ન જુએ, એમ તેના ચાર ભંગ સૂચવ્યા છે, તથા અધ્યવસાય અને સમ્યકત્વ કહેવું. તેમાં પહેલા દ્વારનો અર્થ કહે છે.

अणंतराहार० ઉત્પત્તિના ક્ષેત્રની પ્રાપ્તિ થાય તે જ સમયે આહાર કરે છે ? પછી શરીરની નિર્વૃત્તિ કરે છે ? પછી શરીરની નિર્વૃત્તિ કરે છે ? પછી પર્યાપાન એટલે અંગ અને પ્રત્યંક વડે ચોતરફથી પાન કરે છે ? પછી પીધેલાની ઈન્દ્રિયાદિના વિભાગ વડે પરિણતિ કરે છે ? પછી શબ્દાદિ વિષયોનો ઉપભોગ કરે છે ? પછી વિકુર્વણા એટલે વિવિધરૂપો કરે છે ?

હે ગૌતમ ! હા, એમજ છે. એ પ્રમાણે સર્વે પંચેન્દ્રિયોનો આહાર વિષય કહેવો. વિશેષ એ કે – દેવોને પહેલી વિકુર્વણા પછી પરિચારણા હોય છે. બીજાને પહેલા પરિચારણા પછી વિકુર્વણા હોય છે. તથા એકેન્દ્રિયાદિના વિષયમાં એ જ પ્રમાણે પ્રશ્ન કરવો. તેના ઉત્તરમાં કહેવું. – જ્યાં વૈક્રિયનો સંભવ નથી ત્યાં વિકુર્વણાનો નિષેધ કહેવો. આ પ્રમાણે પહેલું આહાર પદ કહેવું.

જેમ અહીં પહેલા દ્વારના પ્રશ્ન કહ્યા, તે જ પ્રમાણે તેનો ઉત્તર અને બીજા દ્વારોને કહેવા પ્રજ્ઞાપનાનું ‘પરિચારણા’ નામે પદ-૩૪મું કહેવું. અહીં આહારનું પ્રધાનપણું હોવાથી આહારપદ કહ્યું. તેનો અર્થ આ પ્રમાણે - x - x - હે ભગવન્ !? નારકીઓનો આહાર આભોગથી થાય છે કે અનાભોગથી ? બંને પ્રકારે. એ રીતે સર્વે જીવોનો આહાર જાણવો. વિશેષ એ કે – એકેન્દ્રિયોનો આહાર અનાભોગથી જ નીપજેલો હોય છે. વળી - નારકીઓ જે પુદ્‌ગલોનો આહાર કરે છે, તે પુદ્‌ગલોને અવધિજ્ઞાન વડે પણ જાણી શકતા નથી. કેમકે તે નારકીઓને તે પુદ્‌ગલ સંબંધી અવધિનો અવિષય છે. તેમજ ચક્ષુ વડે જોઈ શકતા નથી. કેમકે નારકી લોમાહારવાળા છે.

એ જ પ્રમાણે અસુરકુમારથી તેઈન્દ્રિય પર્યન્ત જાણવું ચતુરિન્દ્રિયો ચક્ષુ છતાં મતિઅજ્ઞાની હોવાથી કવલાહારને જાણતા નથી પણ ચક્ષુ વડે જોઈ શકે છે. લોમાહારને જોતા કે જાણતા નથી. કેમકે તેમને લોમાહાર ચક્ષુનો અવિષય છે. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો કેટલાંક જાણે છે અને જુએ છે. કેમકે –

અવધિજ્ઞાનાદિ વડે યુક્ત એવા તે લોમાહાર, પ્રક્ષેપાહારને જાણે છે અને જુએ છે.. બીજા કેટલાક જાણે છે પણ જોતા નથી. એટલે લોમાહારને અને પ્રક્ષેપાહારને જાણે છે પણ ચક્ષુ વડે જોતા નથી.. કેટલાંક જાણે નહીં પણ જુએ ખરા, મતિ અજ્ઞાનીપણાથી જાણે નહીં, પણ ચક્ષુ વડે જુએ ખરા.. કેટલાક જાણે નહીં - જુએ પણ નહીં.

વ્યંતર અને જ્યોતિષ્ક દેવો નારકીની જેમ જાણવા. તથા વૈમાનિક દેવો તો જે સમ્યગ્‌દૃષ્ટિ હોય તે વિશિષ્ટ અવધિજ્ઞાનથી જાણે છે અને ચક્ષુ વિશિષ્ટથી જુએ છે. પણ જે મિથ્યાદૃષ્ટિ હોય તે જાણે પણ નહીં અને જુએ પણ નહીં, કેમકે તેને



પ્રત્યક્ષ અને પરોક્ષ જ્ઞાન અસ્પષ્ટ હોય છે, તેથી.

અધ્યવસાય, દ્વાર કહે છે – નારકી આદિને પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા અધ્યવસાયનાં સ્થાનો અસંખ્યાતા હોય છે.

‘સંમત’ દ્વાર-નારકીઓ સમ્યકત્વ-મિથ્યાત્વ કે મિશ્ર અભિગમવાળા છે ? ત્રણે પ્રકારના એ પ્રમાણે સર્વે જીવો કહેવા. વિશેષ એ કે – એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયો માત્ર મિથ્યાત્વાભિગમી હોય છે.

આહાર કહ્યો, તે આયુબંધવાળાને હોય માટે આયુબંધ –

**● સૂત્ર-૨૫૨ :-**

***હે ભગવન્ ! આયુષ્યબંધ કેટલા ભેદે કહ્યો છે ? હે ગૌતમ ! છ ભેદે, તે આ રીતે – જાતિનામ નિધત્તાયુ, ગતિનામ નિધત્તાયુ, સ્થિતિનામ નિધત્તાયુ, પ્રદેશ-અનુભાગ-અવગાહના નામ નિધત્તાયુ.***

***હે ભગવન્ ! નારકીઓને કેટલા ભેદે આયુબંધ કહ્યો છે ? હે ગૌતમ ! છ ભેદે. તે આ – જાતિ, ગતિ યાવત્ અવગાહના નામ નિધત્તાયુ. આ પ્રમાણે વૈમાનિક દેવો સુધી કહેવું.***

***હે ભગવન્ ! નરકગતિમાં નારકીને ઉપજવાનો વિરહકાળ કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટે ૧૨-મુહૂર્ત. એ પ્રમાણે તિર્યંચ, મનુષ્ય અને દેવગતિનો વિરહકાળ જાણવો.***

***હે ભગવન્ ! સિદ્ધિગતિમાં કેટલો વિરહકાળ છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ. એ પ્રમાણે સિદ્ધિગતિ વર્જીને ઉદ્વર્તના કાળનો વિરહ પણ કહેવો... હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીમાં ઉપજવાનો વિરહકાળ કેટલો છે ? એ રીતે ઉપપાત, ઉદ્વર્તના કહેવી.***

***હે ભગવન્ ! નૈરયિકો જાતિનામ નિધત્તાયુ કેટલા આકર્ષ વડે કરે છે ? હે ગૌતમ ! કોઈ એક આકર્ષ વડે, કોઈ બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત કે આઠ આકર્ષ વડે. પણ કદાપિ નવ આકર્ષ વડે જાતિનામ નિધત્તાયુ ન કરે. એ રીતે વૈમાનિક પર્યન્ત જાણવું.***

**● વિવેચન-૨૫૨ :-**

कइविहे० આદિ તેમાં આયુનો જે બંધનિષેક તે આયુબંધ. નિષેક એટલે ઘણા, હીન, હીનતર. એવા દળીયાને અનુભવને માટે રચવા તે. અહીં નિધત્ત પણ નિષેક જ કહેવાય છે. કેમકે જાતિનામ સાથે નિધત્ત એટલે નિષિક્ત અર્થાત્ અનુભવન માટે બહુ, અલ્પ, અલ્પતર એમ અનુક્રમે સ્થાપન કરેલ આયુ તે જાતિનામનિધત્તાયુ.

૦ શંકા-જાતિ વગેરે નામકર્મને આયુના વિશેષણ કેમ કર્યા ? [સમાધાન] આયુનું પ્રધાનત્વ જણાવવાને. કેમકે નારકાદિ આયુનો ઉદય થાય ત્યારે જ જાત્યાદિ નામકર્મનો ઉદય થાય છે અને આયુ જ નારકાદિ ભવનો ઉપગ્રાહક છે. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે –

હે ભગવન્ ! શું નારકીઓ જ નરકમાં ઉત્પન્ન થાય કે અનારકીઓ નરકમાં

ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! નારકીઓ જ નરકમાં ઉત્પન્ન થાય, અનારકી નહીં. અર્થાત્ નારકાયુષ્યના વેદવાના કાળના પ્રથમ સમયે જ આ નારકી છે એમ કહેવાય છે તે વખતે નારકાયુના સહચારી જાતિનામાદિ કર્મનો પણ ઉદય થાય.

ગતિનામનિધત્તાયુ - ગતિ એટલે નરકગતિ આદિ રૂપ જે નામકર્મ તેની સાથે નિધત્ત એટલે નિષિક્ત જે આયુ તે ગતિનામ નિધત્તાયુ તથા - - સ્થિતિ એટલે આયુષ્યના દળીયાનું તે ભાવે જે રહેવું તે. સ્થિતિ રૂપ જે પરિણામ-ધર્મ તે સ્થિતિનામ૦ છે.

તથા ગતિ, જાતિ આદિ કર્મ જે પ્રકૃતિ આદિ વડે ચાર પ્રકારનું છે, તેનો સ્થિતિરૂપ ભેદ તે સ્થિતિનામ. તે સ્થિતિનામની સાથે નિધત્ત જે આયુ તે સ્થિતિ નામ નિધત્તાયુ છે.

પ્રદેશ એટલે પરિમિત પ્રમાણવાળા આયુકર્મના દળીયા, તેનો જે પરિણામ એટલે તથાવિધ આત્માના પ્રદેશ સાથે સંબંધ તે પ્રદેશનામ અથવા જાતિ, ગતિ, અવગાહના રૂપ કર્મનું પ્રદેશરૂપ નામકર્મ તે પ્રદેશનામ, તેની સાથે નિધત્ત તે પ્રદેશનામ નિધત્તાયુ.

અનુભાગ-આયુકર્મના દળીયાનો જે તીવ્રાદિ ભેદવાળો રસ તે રૂપી કે તેનો પરિમાણ તે અનુભાગ નામ અથવા ગત્યાદિ નામકર્મના અનુભાગ બંધરૂપ ભેદ તે અનુભાગ નામ૦ - x -

જેને વિશે અવગાહે તે અવગાહના. ઔદારિકાદિ પાંચ ભેદે શરીર, તેના કારણરૂપ કર્મ તે પણ અવગાહના કહેવાય - x -

આયુબંધ કહ્યો. તેનો નારકાદિમાં ઉપપાત છે, તેનો વિરહ કાળ જણાવવા માટે કહે છે —

निरयगई णं સૂત્ર સુગમ છે. વિશેષ આ - રત્નપ્રભાદિ પૃથ્વીમાં જો કે ૨૪-મુહૂર્તાદિ વિરહકાળ છે. સાતે પૃથ્વીમાં ક્રમશઃ ૨૪-મુહૂર્ત, ૭-અહોરાત્ર, ૧૫-અહોરાત્ર, એકમાસ, બે માસ, ચાર માસ, છ માસ વિરહકાળ છે. તો પણ સામાન્ય નરકગતિ અપેક્ષાએ ૧૨-મુહૂર્ત કહ્યા. તે ગર્ભની અપેક્ષાએ કહ્યા છે. દેવગતિમાં સામાન્યથી જ કહ્યા છે. નારકાદિ ગતિમાં ઉદ્વર્તનાને આશ્રીને ૧૨-મુહૂર્ત વિરહકાળ કહ્યો, પણ સિદ્ધના જીવોને તો ઉદ્વર્તના હોતી જ નથી - x -

રત્નપ્રભા પૃથ્વીમાં ઉપપાતને આશ્રીને નારકીનો વિરહકાળ કેટલો છે ? એ પ્રમાણે ઉપપાતદંડક કહેવો તે આ - હે ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કર્ષથી ૨૪-મુહૂર્ત. આ પ્રમાણે શેષ આલાવા કહેવા. જેમકે - શર્કરાપ્રભામાં સાત રાત્રિદિવસ આદિ - x -

અસુરકુમારોનો વિરહકાળ ૨૪-મુહૂર્ત છે. એ પ્રમાણે ભવનપતિમાં સ્તનિતકુમાર સુધીનો વિરહકાળ જાણવો.

પૃથ્વીકાયિકને ઉપપાતનો વિરહકાળ નથી, એ રીતે શેષ એકેન્દ્રિયો માટે જાણવું. બેઈન્દ્રિયનો વિરહકાળ અંતર્મુહૂર્ત છે. એ રીતે ત્રણ-ચાર ઈન્દ્રિય, સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ યોનિનો વિરહકાળ જાણવો. ગર્ભજ તિર્યંચ, મનુષ્યનો વિરહકાળ





બાર મુહૂર્તનો છે. સંમૂર્છિમ મનુષ્યનો ૨૪-મુહૂર્ત ઉપપાત વિરહકાળ છે. વ્યંતર, જ્યોતિષનો ૨૪-મુહૂર્ત, સૌધર્મ-ઈશાનનો પણ તેમજ છે. સનત્કુમારનો નવ દિવસ ૨૦-મુહૂર્ત, માહેન્દ્રનો ૧૨ દિવસ અને ૧૦-મુહૂર્ત ઈત્યાદિ વૃત્તિ મુજબ જાણવું. [સરળ છે માટે અનુવાદ કર્યો નથી.] - - એ પ્રમાણે ઉદ્વર્તના દંડક કહેવો.

આ ઉપપાત અને ઉદ્વર્તના બંને આયુષ્યનો બંધ થાય ત્યારે જ હોય છે. તેથી આયુબંધને વિશે વિશેષ વિધિ પ્રરૂપણા કરતા કહે છે — नेरइया० આદિ સુગમ છે. વિશેષ આ - आकर्ष - કર્મ પુદ્ગલોનું ગ્રહણ. - x - જીવ આયુબંધના તીવ્ર અધ્યવસાય વડે એક જ વાર જાતિનામ નિધત્તાયુનો બંધ કરે છે, મંદ અધ્યવસાય વડે બે આકર્ષ કરે છે. મંદતર વડે ત્રણ આકર્ષ કરે છે એમ યાવત્ આઠ આકર્ષ કરે. પણ નવ આકર્ષ ન કરે.

એ જ પ્રમાણે ગતિનામ નિધત્તાયુ આદિ કહેવા. યાવત્ વૈમાનિક સુધી કહેવું. આ એક આદિ આકર્ષનો નિયમ આયુકર્મ બાંધતી વખતે જ બંધાતા જાત્યાદિ નામકર્મ માટે છે, પણ શેષ કાળ માટે નહીં. કેમકે આયુબંધની સમાપ્તિ પછી પણ કર્મોનો બંધ તો છે જ. ઇત્યાદિ - x -

જીવોનો આયુબંધ કહ્યો, હવે સંસ્થાનાદિ કહે છે—

● સૂત્ર-૨૫૩ :-

*હે ભગવન્ ! સંઘયણ કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે, તે આ — વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અને સેવાર્ત્તસંઘયણ... હે ભગવન્ ! નૈરયિક જીવો કેટલા સંઘયણવાળા છે ? હે ગૌતમ ! છમાંથી એક પણ નહીં, તેથી અસંઘયણી છે. તેમને અસ્થિ-સિરા-સ્નાયુ નથી. જે પુદ્ગલો અનિષ્ટ, અકાંત, અપ્રિય, અનાદેય, અશુભ, અમનોજ્ઞ, અમણામ, અમનાભિસમ છે. તે પુદ્ગલો તેમને અસંહનપણે પરિણમે છે.*

*અસુરકુમારને કેટલા સંઘયણ છે ? છ માંથી એકે નહીં. તેઓ અસંઘયણી છે. તેમને અસ્થિ-શિરા-સ્નાયુ નથી. ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, મનાભિરામ પુદ્ગલો તેમને અસંઘયણપણે પરિણમે છે, એ પ્રમાણે સ્તનિતકુમાર સુધીના બધાંને પણ કહેવા.*

*હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ કેટલા સંઘયણવાળા છે ? હે ગૌતમ ! સેવાર્ત્ત સંઘયણવાળા છે. એ પ્રમાણે સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યચયોનિક સુધી કહેવા. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચને છ એ સંઘયણ છે, સંમૂર્છિમ મનુષ્યો સેવાર્ત્ત સંઘયણી છે ગર્ભજ મનુષ્યો છ એ સંઘયણી છે. જેમ અસુરકુમારને કહ્યું તેમ વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવોને પણ કહેવું.*

*સંસ્થાન કેટલા ભેદે છે ? છ ભેદે - સમચતુરસ્ર, ન્યગ્રોધ પરિમંડલ, સાદિ, વામન, કુબ્જ, હુંડ. હે ભગવન્ ! નારકી જીવો કયાં સંસ્થાનવાળા છે ? હુંડ સંસ્થાનવાળા... અસુરકુમારો કયા સંસ્થાને છે ? સમચતુરસ્ર સંસ્થાને... એ*

*પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.*

*પૃથ્વીકાય મસૂર સંસ્થાનવાળા, અપ્કાય સ્તિબુક સંસ્થાનવાળા, તેઉકાય સૂચિ કલાપ સંસ્થાનવાળા, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ હુંડ સંસ્થાને છે, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ છ એ સંસ્થાનવાળા છે, સંમૂર્છિમ મનુષ્ય હુંડ સંસ્થાને છે, ગર્ભજ મનુષ્ય છ એ સંસ્થાનવાળા છે. અસુરકુમાર મુજબ વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક કહેવા.*

● વિવેચન-૨૫૩ :-

कइविहे णं० ત્રણ દંડક સુગમ છે. વિશેષ આ - સંહનન એટલે અસ્થિબંધ વિશેષ. બે બાજુ મર્કટબંધ જેવું હાડકું - 'નારાચ' છે. ऋषभ - પાટો, वज्र - ખીલી. વજ્રાદિ ત્રણે જેને છે તે વજર્ષભનારાચ સંઘયણ અર્થાત્ મર્કટ-પટ્ટ-કીલિકાની રચનાયુક્ત અસ્થિબંધ.

મર્કટ, પટ્ટથી બીજો, મર્કટયુક્ત ત્રીજો, એક બાજુ મર્કટ અને બીજી બાજુ કીલિકા તે ચોથો, બે અસ્થિબંધ મધ્યે માત્ર કીલિકા તે ચોથો, પાંચમો કીલિકા, છટ્ઠો કેવળ ચર્મ વડે જ હાડકાં નિકાચિત તે સેવાર્ત. સ્નેહપાનાદિથી નિત્ય સેવાથી સહિત તે સેવાર્ત.

ઉક્ત છ સંઘયણમાંથી કોઈપણનો અભાવ તે અસંઘયણી. તેમના શરીરમાં અસ્થિ-શિરા-સ્નાયુ છે જ નહીં. તેથી તેમને સંઘયણનો અભાવ છે. - x - નારકીઓ અતિ શીતાદિ વડે બાધા પામેલા છે. અસ્થિ સંચય અભાવે કંઈ શરીરને પીડા થતી નથી એમ નથી, કેમકે પુદ્‌ગલના સ્કંધવાળી પીડા તેમને ઘટી શકે છે. જે પુદ્‌ગલ अनिष्ट - અવલ્લભ, अकांत - અકમનીય, अप्रिय - દ્વેષ કરવા યોગ્ય, अशुभ - સ્વભાવથી અસુંદર, अमनोज्ञ - મનને ન ગમે તેવા, अमणाम - ચિંતવતા મનને અપ્રિય લાગે તેવા. આવા પુદ્‌ગલો નારકીને અસંઘયણપણે - અસ્થિસંચય રચના રહિત શરીરપણે પરિણમે.

कइविहे णं० તેમાં માન, ઉન્માન, પ્રમાણની ન્યૂનતા કે અધિક્તારહિત અંગોપાંગ જે શરીરમાં હોય તે સમચતુરસ્ર સંસ્થાન.. નાભિ ઉપરના સર્વે અવયવો ચતુરસ્ર હોય, પણ નીચેના અવયવો તેવા ન હોય તે ન્યગ્રોધ સંસ્થાન.. નાભિની નીચેના અવયવો ચતુરસ્ર હોય પણ ઉપરના અવયવો તેવા ન હોય તે સાદિ સંસ્થાન.

જેમાં ગ્રીવા, હાથ, પગ સમચતુરસ્ર હોય પણ વચ્ચે સંક્ષિપ્ત અને વિકારવાળો કોઠો હોય તે કુબ્જ સંસ્થાન.. તથા જેમાં કોઠો યથોક્ત લક્ષણ હોય, ગ્રીવાદિ અવયવ અને હાથ-પગ ચતુરસ્ર લક્ષણ રહિત હોય તે વામન સંસ્થાન.. જેમાં હાથ-પગ આદિ સર્વે અવયવો પ્રમાણવાળા ન હોય તે હુંડ સંસ્થાન કહેવાય છે.

● સૂત્ર-૨૫૪ થી ૩૮૩ :-

*[૨૫૪] હે ભગવન્ ! વેદ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે - સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ... હે ભંતે ! નૈરયિકો સ્ત્રીવેદી-પુરુષવેદી કે નપુંસકવેદી*



*છે ? ગૌતમ ! સ્ત્રી કે પુરુષ નહીં પણ નપુંસક વેદી છે. હે ભંતે ! અસુરકુમારો સ્ત્રી-પુરુષ કે નપુંસકવેદી છે ? ગૌતમ ! સ્ત્રી વેદી છે, પુરુષ વેદી છે, નપુંસકવેદી નથી. યાવત્ સ્તનિતકુમાર સુધી કહેવું. પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાય, બે-ત્રણ-ચાર ઈન્દ્રિયો, સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, સંમૂર્છિમ મનુષ્ય એ સર્વે નપુંસકવેદી છે. ગર્ભજ મનુષ્યો અને તિર્યંચો ત્રણ વેદવાળા છે. જેમ અસુરકુમારો કહ્યા તેમ વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો જાણવા.*

*[૨૫૫] તે કાળે તે સમયે કલ્પનું સમોસરણ કહેવું યાવત્ ગણધરો, શિષ્યસહિત અને શિષ્યરહિત સિદ્ધ થયા ત્યાં સુધી કહેવું.*

*જંબૂદ્વીપમાં ભરતમાં અતીત ઉત્સર્પિણીમાં ૭ કુલકર થયા.*

*[૨૫૬] મિત્રદામ, સુદામ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, વિમલઘોષ સુઘોષ મહાઘોષ.*

*[૨૫૭] જંબૂદ્વીપના ભરતમાં અતીત અવસર્પિણીમાં ૧૦ કુલકર થયા... - [૨૫૮] સ્વયંજલ, શતાયુ, અજિતસેન, અનંતસેન, કાર્યસેન, ભીમસેન, મહાભીમસેન, [૨૫૯] દૃઢરથ, દશરથ અને શતરથ... જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં સાત કુલકરો થયા. તે આ —*

*[૨૬૦] વિમલવાહન, ચક્ષુષ્માન્, યશોમાન, અભિચંદ્ર, પ્રસેનજિત અને નાભિ... - [૨૬૧] આ સાત કુલકરોને સાત ભાર્યા હતી... [૨૬૨] ચંદ્રયશા, ચંદ્રકાંતા, સુરૂપા, પ્રતિરૂપા, ચક્ષુષ્કાંતા, શ્રીકાંતા, મરુદેવી. આ પ્રમાણે ક્રમશઃ સાત કુલકરની પત્નીના નામ જાણવા.*

*[૨૬૩] આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ૨૪-તીર્થંકર પિતાઓ થયા. તે આ - - - [૨૬૪] નાભિ, જિતશત્રુ, જિતારિ, સંવર, મેઘ, ધર, પ્રતિષ્ઠ, મહાસેન, ... [૨૬૫] સુગ્રીવ, દૃઢરથ, વિષ્ણુ, વસુપૂજ્ય, કૃતવર્મા, સીહસેન, ભાનુ, વિશ્વસેન, ... [૨૬૬] સૂર, સુદર્શન, કુંભ, સુમિત્ર, વિજય, સમુદ્રવિજય, અશ્વસેન અને સિદ્ધાર્થ... [૨૬૭] ઉદિતોદિત કુલવંશવાળા, વિશુદ્ધવંશવાળા, ગુણયુક્ત એવા આ ચોવીશ તીર્થ પ્રવર્તક જિનેશ્વરોના પિતાના નામો છે.*

*[૨૬૮] જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ચોવીશ તિર્થંકર માતાઓ થયા, તે આ - - - [૨૬૯] મરુદેવી, વિજયા, સેના, સિદ્ધાર્થા, મંગલા, સુશીમા, પૃથ્વી, લક્ષ્મણા, રામા, નંદા, વિષ્ણુ, જયા, શ્યામા... [૨૭૦] સુયશા, સુવ્રતા, અચિરા, શ્રી, દેવી, પ્રભાવતી, પદ્માવતી, વપ્રા, શિવા, વામા, ત્રિશલા. આ જિનવરોની માતા થઈ.*

*[૨૭૧] જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ચોવીશ તીર્થંકરો થયા, તે આ — ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ, સુવિધિ પુષ્પદંત, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ, વર્ધમાન...*

*આ ૨૪ તીર્થંકરોના ૨૪ પૂર્વભવના નામ હતા તે આ —*

*[૨૭૨] વજનાભ, વિમલ, વિમલવાહન, ધર્મસિંહ, સુમિત્ર, ધર્મમિત્ર, - -*

- [૨૭૩] સુંદરબાહુ, દીર્ઘબાહુ, યુગબાહુ, લષ્ટબાહુ, દિન્ન, ઈન્દ્રદત્ત, સુંદર, માહેન્દ્ર -- - [૨૭૪] સિંહરથ, મેઘરથ, રૂપી, સુદર્શન, નંદન, સીહગિરી, - - - [૨૭૫] અદીનશત્રુ, શંખ, સુદર્શન અને નંદન.

[૨૭૬] આ ચોવીશ તીર્થંકરની ચોવીશ શિબિકાઓ હતી. તે આ - [૨૭૭] સુપ્રભા, સિદ્ધાર્થા, સુપ્રસિદ્ધા, વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા, - - - [૨૭૮] અરુણપ્રભા, ચંદ્રપ્રભા, સુરપ્રભા, અગ્નિસપ્રભા, વિમલા, પંચવર્ણા, સાગરદત્તા, નાગદત્તા - - - [૨૭૯] અભયકરા, નિર્વૃત્તિકરા, મનોરમા, મનોહરા, દેવકુરા, ઉત્તરકુરા, વિશાલા, ચંદ્રપ્રભા. - - - [૨૮૦] સર્વજગત્વત્સલ સર્વ જિનવરની આ શિબિકા સર્વઋતુક, શુભછાયાથી છે.

[૨૮૧] આ શિબિકાને પહેલા હર્ષથી રોમાંચિત મનુષ્યો ઉપાડે છે, પછી અસુરેન્દ્ર, સુરેન્દ્ર, નાગેન્દ્ર તે શિબિકાનું વહન કરે છે.

[૨૮૨] ચંચલ, ચપલકુંડલ ધારક પોતાની ઈચ્છાનુસાર વિકુર્વેલ આભૂષણ ધારી દેવગણ, સુર-અસુરવંદિત જિન શિબિકાને વહે છે.

[૨૮૩] આ શિબિકાને પૂર્વમાં વૈમાનિક, દક્ષિણે નાગકુમાર, પશ્ચિમે અસુરકુમાર અને ઉત્તરે ગરુડકુમાર દેવ વહન કરે છે.

[૨૮૪] ઋષભદેવ વિનીતાથી, અરિષ્ટનેમિ દ્વારાવતીથી, બાકીના તીર્થંકરો પોતપોતાની જન્મભૂમિથી દીક્ષા લેવા નીકળ્યા.

[૨૮૫] બધાં-૨૪-જિનવરો એક દૂષ્યથી દીક્ષાર્થે નીકળ્યા. કોઈ અન્યલિંગ, ગૃહિલિંગ કે કુલિંગે દીક્ષિત થયા નથી.

[૨૮૬] ભગવન્ મહાવીર એકલા, પાર્શ્વ, મલ્લી ૩૦૦-૩૦૦ સાથે, ભગવન્ વાસુપૂજ્ય ૬૦૦ પુરુષો સાથે દીક્ષા લેવાને નીકળ્યા.

[૨૮૭] ભગવન્ ઋષભ ૪૦૦૦ ઉગ્ર, ભોગ, રાજન્ય, ક્ષત્રિયો સાથે અને શેષ ૧૯-તીર્થંકરો એક એક હજાર પુરુષો સાથે નીકળેલા.

[૨૮૮] ભ૦ સુમતિ નિત્યભક્તથી, વાસુપૂજ્ય ચોથ ભક્તથી, પાર્શ્વ અને મલ્લી અષ્ટમભક્તથી અને બાકીના તીર્થંકર છઠ્ઠ ભક્તથી દીક્ષિત થયા.

[૨૮૯] આ ૨૪-તીર્થંકરોના ૨૪-પ્રથમ ભિક્ષાદાતાઓ થયા - [૨૯૦] શ્રેયાંસ, બ્રહ્મદત્ત, સુરેન્દ્રદત્ત, ઈન્દ્રદત્ત, પદ્મ, સોમદેવ, માહેન્દ્ર, સોમદત્ત - - - [૨૯૧] પુષ્ય, પુનર્વસુ, પૂર્ણનંદ, સુનંદ, જય, વિજય, ધર્મસિંહ, સુમિત્ર, વર્ગસિંહ - - - [૨૯૨] અપરાજિત, વિશ્વસેન, ઋષભસેન, દત્ત, વરદત્ત, ધનદત્ત, બહુલ આ ક્રમે ૨૪ પ્રથમ ભિક્ષાદાતા જાણવા.

[૨૯૩] આ બધાં વિશુદ્ધ લેશ્યાવાળા, જિનવરભક્તિથી અંજલિ પુટ કરીને તે કાળે, તે સમયે જિનવરેન્દ્રોને આહારથી પ્રતિલાભિત કર્યા... [૨૯૪] લોકનાથ ઋષભદેવને એક વર્ષ પછી ભિક્ષા પ્રાપ્ત થઈ. બાકી બધાં તીર્થંકરોને બીજે દિવસે પ્રથમ ભિક્ષા પ્રાપ્ત થઈ... [૨૯૫] લોકનાથ ઋષભને પ્રથમ ભિક્ષામાં ઈક્ષુરસ, બીજા બધાંને અમૃતરસ સમાન પરમાન્ન પ્રાપ્ત થયેલ... [૨૯૬] બધાં જિનવરોને જ્યાં



પ્રથમ ભિક્ષા પ્રાપ્ત થઈ ત્યાં શરીર પ્રમાણ ઉંચી વસુધારાની વૃષ્ટિ થઈ.

[૨૯૭] આ ૨૪-તીર્થંકરોને ૨૪-ચૈત્યવૃક્ષો હતા - - [૨૯૮] ન્યગ્રોધ, સપ્તપર્ણ, શાલ, પ્રિયાલ, પ્રિયંગુ, છત્રાહ, શીરિષ, નાગવૃક્ષ, સાલી, પ્રિયંગુ વૃક્ષ - - - [૨૯૯] તિંદુક, પાટલ, જંબૂ, અશ્વત્થ, દધિપર્ણ, નંદીવૃક્ષ, તિલક, આમ્રવૃક્ષ, અશોક, - - - [૩૦૦] ચંપક, બકુલ, વેત્રસ, ધાતકી, શાલ.

[૩૦૧] વર્ધમાનસ્વામીનું ચૈત્યવૃક્ષ ૩૨-ધનુષ્ ઉંચુ, નિત્યઋતુક, અશોક અને શાલવૃક્ષથી આચ્છન્ન હતું... [૩૦૨] ઋષભજિનનું ચૈત્યવૃક્ષ ત્રણ ગાઉ ઉંચુ હતું. બાકીનાને શરીરથી બારગણું ઉંચુ હતું. [૩૦૩] જિનવરોના આ બધાં ચૈત્યવૃક્ષ છત્ર, પતાકા, વેદિકા, તોરણથી યુક્ત તથા સુર, અસુર, ગરુડદેવોથી પૂજિત હતા.

[૩૦૪] આ ૨૪-તીર્થંકરોને ૨૪-પ્રથમ શિષ્ય હતા - - [૩૦૫] ઋષભસેન, સીહસેન, ચારુ, વજનાભ, ચમર, સુવ્રત, વિદર્ભ - - [૩૦૬] દત્ત, વરાહ, આનંદ, ગોસ્તુભ, સુધર્મ, મંદર, યશ, અરિષ્ટ, ચક્રરથ, સ્વયંભૂ, કુંભ, [૩૦૭] ઈન્દ્ર, કુંભ, શુભ, વરદત્ત, દત્ત, ઈન્દ્રભૂતિ. આ બધાં ઉત્તમ કુળવાળા, વિશુદ્ધ વંશજ, ગુણયુક્ત, તીર્થ પ્રવર્તકના પહેલા શિષ્ય હતા.

[૩૦૮] આ ૨૪-તીર્થંકરોના ૨૪-શિષ્યાઓ હતા - - [૩૦૯] બ્રાહ્મી, ફલ્ગુ, શ્યામા, અજિતા, કાશ્યપી, રતિ, સોમા, સુમના, વારુણી, સુલસા, ધારણી, ધરણી, ધરણિધરા, - - [૩૧૦] પદ્મા, શિવા, શુચિ, અંજુકા, ભાવિતાત્મા, બંધુમતી, પુષ્પવતી, અમિલા - - [૩૧૧] યક્ષિણી, પુષ્પચૂલા અને આર્યા ચંદના.. આ સર્વે ઉત્તમ કુલ, વિશુદ્ધ વંશજા, ગુણોથી યુક્ત હતા અને તીર્થ પ્રવર્તક જિનવરના પ્રથમ શિષ્યા થયા.

[૩૧૨] જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ૧૨-ચક્રવર્તી પિતાઓ થયા - - [૩૧૩] ઋષભ, સુમિત્ર, વિજય, સમુદ્રવિજય, અશ્વસેન, વિશ્વસેન, શૂરસેન, કાર્તવીર્ય, - - [૩૧૪] પદ્મોત્તર, મહાહરિ, વિજય, બ્રહ્મ. - [૩૧૫] જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં બાર ચક્રવર્તી-માતાઓ થયા. - સુમંગલા, યશસ્વતી, ભદ્રા, સહદેવી, અચિરા, શ્રી, દેવી, તારા, જ્વાલા, મેરા, વપ્રા અને ચુલ્લણી. - - [૩૧૬] જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં બાર ચક્રવર્તી થયા - - [૩૧૭] ભરત, સગર, મઘવા, સનત્કુમાર, શાંતિ, કુંથુ, અર, સુભૂમ, મહાપદ્મ, હરિષેણ, જય અને બ્રહ્મદત્ત - - [૩૧૯] આ બાર ચક્રવર્તીને બાર સ્ત્રીરત્નો હતા. - - [૩૨૦] સુભદ્રા, ભદ્રા, સુનંદા, જયા, વિજયા, કૃષ્ણશ્રી, સૂર્યશ્રી, પદ્મશ્રી, વસુંધરા, દેવી, લક્ષ્મીમતી અને કુરુમતી.

[૩૨૧] જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં વાસુદેવ અને બલદેવ નવ-નવ થયા તેમના પિતાના નામો - - [૩૨૨] પ્રજાપતિ, બ્રહ્મ, સોમ, રુદ્ર, શિવ, મહાશિવ, અગ્નિસિંહ, દશરથ, વસુદેવ. - - [૩૨૩] જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં નવ વાસુદેવોની નવ માતાઓ થઈ, તે આ છે—

*[૩૨૪] મૃગાવતી, ઉમા, પૃથ્વી, સીતા, અમૃતા, લક્ષ્મીમતી, શેષમતી, કેકયી, દેવકી. - - [૩૨૫] જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં નવ બલદેવની નવ માતાઓ હતી - - [૩૨૬] ભદ્રા, સુભદ્રા, સુપ્રભા, સુદર્શના, વિજયા, વૈજયંતી, જયંતિ, અપરાજિતા અને રોહિણી.*

*[૩૨૭] જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં નવ દશાર મંડલો થયા. તેઓ ઉત્તમ પુરુષ, મધ્યમ પુરુષ, પ્રધાન પુરુષ, ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી, કાંત, સૌમ્ય, સુભગ, પ્રિયદર્શન, સુરૂપ, સુખશીલ, સુખાભિગમ, સર્વજન નયનને પ્રિય, ઓઘબલી, અતિબલી, મહાબલી, અનિહત, અપરાજિત, શત્રુમર્દના, સહસ્રશત્રુમાન મથનક, સાનુક્રોશ, અમત્સરી, અચપલ, અચંડ, મિત-મંજુલ-પલાવ-હસિત, ગંભીર-મધુર-પ્રતિપૂર્ણ-સત્યવચની, અભ્યુપગતવત્સલ શરણ્યા, લક્ષણ-વ્યંજન-ગુણયુક્ત, માન-ઉન્માનન-પ્રતિપૂર્ણ-સુજાત-સર્વાંગ સુંદર, શશિ-સૌમ્યાકાર-કાંત-પ્રિયદર્શન, અમર્ષણ, પ્રચંડ-દંડ-પ્રભારી, ગંભીર દર્શનીય, તાલધ્વજા-ગરુડ ધ્વજાવાળા, મોટા ધનુષ્યને ખેંચનારા, દુર્ધર, ધનુર્ધર, ધીરપુરુષ, યુદ્ધકીર્તિપુરુષ, વિપુલકુલ સમુદ્ભવા, મોટા રત્નને ચૂર્ણ કરનારા, અર્ધભરતસ્વામી,*

*સૌમ્ય, રાજકુલવંશતિલક, અજિત, અજિતરથવાળા, હલ-મુશલ-કનકને ધરનારા, શંખ-ચક્ર-ગદા-શક્તિ-નંદકધારી, પ્રવર-ઉજ્વળ, શુકલાંત-વિમલ ગોસ્તુભ મુકુટધારી, કુંડલ ઉદ્યોતિત મુખવાળા, પુંડરીકનયના, એકાવલિ કંઠલચ્છિત વત્સા, શ્રીવત્સ લાંછના, શ્રેષ્ઠયશા, સર્વઋતુ સંબંધી સુગંધી પુષ્પોથી બનેલ લાંબી શોભતી મનોહર વિકસ્વર વિચિત્રવર્ણા ઉત્તમ એવી વનમાલાને વક્ષઃસ્થળમાં સ્થાપેલ એવા, ૧૦૮ લક્ષણો વડે પ્રશસ્ત અને મનોહર અંગોપાંગ રચિત, મદોન્મત ગજેન્દ્ર જેવી વિલાસી ગતિવાળા, શરદ નવ સ્તનિત મધુર ગંભીર ક્રૌંચ નિર્ઘોષ દુંદુભી સ્વરા, કટિસૂત્ર તથા નીલ અને પીત કૌશેય વસ્ત્રવાળા, પ્રવર દીપ્ત તેજવાળા, નરસીંહ, નરપતિ, નરેન્દ્ર, નરવૃષભ, મરુત્વૃષભસમાન, અધિક રાજતેજ લક્ષ્મીથી દિપ્ત માન, નીલ-પીત વસ્ત્રવાળા બબ્બે રામ-કેસવ ભાઈઓ હતા. તે આ પ્રમાણે—*

*[૩૨૮] ત્રિપૃષ્ઠ યાવત્ કૃષ્ણ, અચલ યાવત્ રામ.*

*[૩૨૯] આ નવ બલદેવ-વાસુદેવના પૂર્વભવના નવ નામો હતા, તે આ - - [૩૩૦] વિશ્વભૂતિ, પર્વતક, ધનદત્ત, સમુદ્રદત્ત, ઋષિપાલ, પ્રિયમિત્ર, લલિતમિત્ર, પુનર્વસુ, ગંગદત્ત. - - [૩૩૧] વાસુદેવોના આ પૂર્વભવા નામો હતા, હવે બલદેવના નામો ક્રમશઃ કહીશ - - [૩૩૨] વિશ્વનંદી, સુબંધુ, સાગરદત્ત, અશોક, લલિત, વારાહ, ધર્મસેન, અપરાજિત, રાજલલિત. - - [૩૩૩] આ નવ બલદેવ, વાસુદેવના પૂર્વભવના નવ ધર્માચાર્યો હતા, તે આ - [૩૩૪] સંભૂતિ, સુભદ્ર, સુદર્શન, શ્રેયાંસ, કૃષ્ણ, ગંગદત્ત, સાગર, સમુદ્ર, દ્રુમસેન - - [૩૩૫] આ કીર્તિપુરુષ વાસુદેવના પૂર્વભવના ધર્માચાર્યો હતા. તેઓએ પૂર્વભવે નિયાણા કરેલા હતા - - [૩૩૬] આ નવ વાસુદેવોની નવ નિયાણાભૂમિઓ હતી. તે આ - - [૩૩૭]*



*મથુરા યાવત્ હસ્તિનાપુર. - - [૩૩૮] આ નવ વાસુદેવોના નવ નિદાન કારણો હતા - - [૩૩૯] ગાય, યૂપ યાવત્ માતા.*

*[૩૪૦] આ નવ વાસુદેવોના નવ પ્રતિશત્રુઓ હતા, તે આ પ્રમાણે - - [૩૪૧] અશ્વગ્રીવ યાવત્ જરાસંઘ. - - [૩૪૨] આ પ્રતિ શત્રુઓ યાવત્ સ્વચક્રથી હણાયા. - - [૩૪૩] એક વાસુદેવ સાતમીમાં, પાંચ છટ્ઠીમાં, એક પાંચમીમાં, એક ચોથીમાં, કૃષ્ણ ત્રીજી નરકમાં ગયા.*

*[૩૪૪] સર્વે રામ-બલદેવ નિયાણા રહિત હોય છે.સર્વે કેશવ-વાસુદેવ નિયાણાયુક્ત હોય છે. સર્વે રામ ઉર્ધ્વગામી, કેશવ અધોગામી છે.*

*[૩૪૫] આઠ બલદેવો મોક્ષગામી થયા, રામ બ્રહ્મલોક કલ્પે ગયા. તે આગામી કાળે એક ભવ કરીને સિદ્ધ થશે.*

*[૩૪૬] જંબૂદ્વીપના ઐરવત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ૨૪-તીર્થંકરો થયા, તે આ - [૩૪૭] ચંદ્રાનન, સુચંદ્ર, અગ્નિસેન, નંદિષેણ, ઋષિદિન્ન, વવહારી, શ્યામચંદ્ર. - - [૩૪૮] યુક્તિસેન, અજિતસેન, શિવસેન, દેવશર્મા, નિક્ષિપ્ત શસ્ત્ર, - - [૩૪૯] અસંજ્વલ, જિનવૃષભ, અનંતક, ઉપશાંત, ગુપ્તિસેન, - - [૩૫૦] અતિપાર્શ્વ, સુપાર્શ્વ, મરુદેવ, શ્યામકોષ્ઠ. [૩૫૧] અગ્નિસેન, અગ્નિપુત્ર, વારિષેણ. તે સર્વેને હું વાંદુ છું.*

*[૩૫૨] જંબૂદ્વીપમાં આવતી ઉત્સર્પિણીમાં ભરતક્ષેત્રમાં સાત કુલકરો થશે, તે આ - [૩૫૩] મિતવાહન, સુભૂમ, સુપ્રભ, સ્વયંપ્રભ, દત્ત, સૂક્ષ્મ અને સુબંધુ. - - [૩૫૪] જંબૂદ્વીપમાં આવતી ઉત્સર્પિણીમાં ઐરવત ક્ષેત્રમાં દશ કુલકરો થશે, તે આ - વિમલવાહન, સીમંકર, સીમંધર, ક્ષેમંકર, ક્ષેમંધર, દૃઢધનુ, દશધનુ, શતધનુ, પ્રતિશ્રુતિ, સુમતિ.*

*જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં ૨૪-તીર્થંકરો થશે, તે આ - [૩૫૫] મહાપદ્મ, સૂર્યદેવ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, સર્વાનુભૂતિ, દેવશ્રુત, - - [૩૫૬] ઉદય, પેઢાલપુત્ર, પોટ્ટિલ, શતકીર્તિ, મુનિસુવ્રત, સર્વભાવવિદ્. - - [૩૫૭] નિષ્કષાય, અમમ, નિષ્પુલાક, નિર્મમ, ચિત્રગુપ્ત, સમાધિ - - [૩૫૮] સંવર, અનિવૃત્તિ, વિજય, વિમલ, દેવોવપાત, અનંત વિજય. - - [૩૫૯] આ ૨૪-જિન આગામી કાલે ભરત ક્ષેત્રમાં ધર્મતીર્થના ઉપદેશક થશે.*

*[૩૬૦] આ ૨૪-તીર્થંકરોના પૂર્વભવના ૨૪-નામો કહ્યા છે, તે આ - - [૩૬૧] શ્રેણિક, સુપાર્શ્વ, ઉદય, પોટ્ટિલ અણગાર, દૃઢાયુ, કાર્તિક, શંખ, નંદ, સુનંદ, શતક, - - [૩૬૨] દેવકી, સત્યકિ, વાસુદેવ, બલદેવ, રોહિણી, સુલસા, રેવતી, - - [૩૬૩] સચાલી, ભયાલી, કૃષ્ણ દ્વૈપાયન, નારદ, - - [૩૬૪] અંબડ, દારુમૃત, સ્વાતિબુદ્ધ - x -*

*[૩૬૫] આ ૨૪-તીર્થંકરોના ૨૪-પિતાઓ થશે, ૨૪-માતા થશે, ૨૪-પ્રથમ શિષ્યો થશે, ૨૪-પ્રથમ શિષ્યા થશે, ૨૪-પ્રથમ ભિક્ષાદાયક થશે અને ૨૪-ચૈત્યવૃક્ષો થશે.*

*૦ આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં ૧૨-ચક્રવર્તીઓ થશે, તે આ - [૩૬૬] ભરત, દીર્ઘદંત, ગૂઢદંત, શુદ્ધદંત, શ્રીપુત્ર, શ્રીભૂતિ, શ્રી સોમ - [૩૬૭] પદ્મ, મહાપદ્મ, વિમલવાહન, વિપુલવાહન, વરિષ્ટ. [૩૬૮] આ બારેના માતા, પિતા, સ્ત્રીરત્નો થશે.*

*૦ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં નવ બલદેવ, નવ વાસુદેવના નવ પિતા થશે. નવ વાસુદેવ માતા થશે, નવ બલદેવ માતા થશે. નવ દશારમંડલો થશે, [પૂર્વોક્ત વર્ણન જાણવું.] નવ બલદેવોના નામ - - [૩૬૯] નંદ, નંદમિત્ર, દીર્ઘબાહુ, મહાબાહુ, અતિબલ, મહાબલ, બલભદ્ર, - - [૩૭૦] દ્વિપૃષ્ઠ, ત્રિપૃષ્ઠ.. નવ બલદેવના નામો-જયંત, વિજય, ભદ્ર, સુપ્રભ, સુદર્શન, આનંદ, નંદન, પદ્મ, સંકર્ષણ.*

*[૩૭૧] આ નવ બલદેવ, વાસુદેવના પૂર્વભવના નામ હશે, નવ ધર્માચાર્યો, નવ નિદાન ભૂમિ, નવ નિદાન કારણો અને નવ પ્રતિશત્રુ થશે, તે આ - - [૩૭૨] તિલક, લોહજંઘ, વજજંઘ, કેસરી, પ્રહલાદ, અપરાજિત, ભીમ, મહાભીમ, સુગ્રીવ. - - [૩૭૩] આ પ્રતિશત્રુઓ કીર્તિપુરુષ વાસુદેવની સાથે યુદ્ધ કરશે અને સ્વ ચક્ર વડે જ હણાશે.*

*[૩૭૪] જંબૂદ્વીપમાં ઐરવત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં ૨૪-તીર્થંકરો થશે, તે આ - - [૩૭૫] સુમંગલ, સિદ્ધાર્થ, નિર્વાણ, મહાયશ, ધર્મધ્વજ, - - [૩૭૬] શ્રીચંદ્ર, પુષ્પકેતુ, મહાચંદ્ર, શ્રુતસાગર, - - [૩૭૭] સિદ્ધાર્થ, પૂર્ણઘોષ, મહાઘોષ સત્યસેન, - - [૩૭૮] સૂરસેન, મહાસેન, સર્વાનંદ, - - [૩૭૯] સુપાર્શ્વ, સુવ્રત, સુકોશલ, અનંત વિજય. - - [૩૮૦] વિમલ, ઉત્તર, મહાબલ, દેવાનંદ. - - [૩૮૧] આ આ કહેલા ચોવીશ તીર્થંકર આગામી કાલે ઐરવતમાં ધર્મને પ્રકાસશે.*

*[૩૮૨] બાર ચક્રવર્તી, બાર ચક્રવર્તી પિતા, બાર ચક્રવર્તી માતા, બાર સ્ત્રીરત્નો થશે... નવ બલદેવ-વાસુદેવ પિતા થશે, નવ વાસુદેવ માતા થશે, નવ બલદેવ માતા થશે, નવ દશારમંડલ થશે ઇત્યાદિ - x - x - સર્વે પૂર્વવત્ જાણવું. - - આ પ્રમાણે જેમ ભરતક્ષેત્ર સંબંધે કહ્યું, તેમ ઐરવતમાં પણ આવતી ઉત્સર્પિણીમાં કહેવું. એ પ્રમાણે આગામી કાળને આશ્રીને બંને ક્ષેત્રમાં કહેવું.*

*[૩૮૩] આ રીતે આ શાસ્ત્ર કહેવાય છે. તે આ પ્રમાણે - કુલકરવંશ, તિર્થંકરવંશ, ચક્રવર્તીવંશ, ગણધરવંશ, ઋષિવંશ, યતિવંશ, મુનિવંશ... તથા શ્રુત, શ્રુતાંગ, શ્રુતસમાસ, શ્રુતસ્કંધ, સમવાય, સંખ્યા, સમસ્ત અંગ કહ્યું, સમસ્ત અધ્યયન કહ્યું - ત્તિબેમિ.*

**● વિવેચન-૨૫૪ થી ૩૮૩ :-**

*[મુદ્રિત વૃત્તિમાં સાથે જ વૃત્તિ આપી છે, અમે તેનો સારભૂત અર્થ અહીં નોંધેલો છે. કેટલાંક સૂત્રોની વૃત્તિ છે, કેટલાંકની નથી.]*

● कइविहे वेदे० તેમાં સ્ત્રીવેદ તે પુંસ્કામિતા, પુરુષવેદ તે સ્ત્રીકામિતા, નપુંસક



વેદ તે સ્ત્રીપુંસ્કામિતા. - - આ પૂર્વે કહેલા સર્વે પદાર્થો સમવસરણસ્થિત ભગવંતે કહ્યા, માટે સમવસરણ કથન —

● तेणं कालेणं० - x - x - સામાન્યથી દુઃષમા સુષમા નામે ચોથા આરામાં, તે સમયે એટલે જે સમયે ભગવંત વિચરતા હતા તે. અહીં કલ્પભાષ્યના ક્રમે સમવસરણ વક્તવ્યતા કહેવી. તે આવશ્યકમાં કહેલી છે, તેનાથી જુદી નથી. વાચનાંતરે પર્યુષણા કલ્પોક્ત ક્રમે જાણવી. તે ગણધર પર્યન્ત કહેવી. તેમાં ગણધર એટલે સુધર્મા નામે પાંચમાં ગણધર, सापत्य - શિષ્ય, પ્રશિષ્યાદિ સંતતિ સહિત અને બાકીના ગણધરો શિષ્ય-પ્રશિષ્યાદિ સંતતિ રહિત સિદ્ધ થયા ઇત્યાદિ - x -

૦ આ સમવસરણ નાયક કુલકરવંશમાં ઉત્પન્ન થયેલા અને મહાપુરુષ હતા તેથી કુલકર અને મહાપુરુષની વક્તવ્યતા કહે છે —

૦ जंबूद्दीवे० ઇત્યાદિ સુગમ છે. વિશેષ આ - વિમલવાહન, ચક્ષુષ્મત્, યશોમાન્, અભિચંદ્ર, પ્રસેનજિત્, મરુદેવ, નાભિ. - તથા - ચંદ્રયશા, ચંદ્રકાંતા, સુરૂપા, પ્રતિરૂપા, ચક્ષુષ્કાંતા, શ્રીકાંતા, મરુદેવી.

૦ પછી ૨૪ તીર્થંકર-પિતા, ૨૪ તીર્થંકર માતાના નામો છે.

૦ શિબિકા - શરદાદિ સર્વ ઋતુમાં સુખ આપનારી છાયા વડે એટલે આતપના અભાવરૂપ પ્રભા વડે યુક્ત હોય છે. આ શિબિકાઓ જેના પર જિનવર આરૂઢ થયા હોય તે શિબિકા, જેમના રુંવાડા ઉભા થયા છે એવા મનુષ્યો વહન કરે છે. स्वच्छंदेन - સ્વરુચિથી વિકુર્વિત आभरणानि - મુગટાદિ. गरुल - ગરુડધ્વજવાળા સુવર્ણકુમારો.

૦ दुसेण - ઇન્દ્રે સમર્પિત એવા એક વસ્ત્રયુક્ત, પણ ઉપધિ રૂપથી યુક્ત નહીં, તે રીતે દીક્ષા લેવા નીકળ્યા.

૦ न चान्यलिङ्गे - સ્થવિરકલ્પાદિ અર્થાત્ તીર્થંકર લિંગે જ નીકળ્યા... कुलिङ्ग - શાક્યાદિલિંગે નહીં.

૦ ભગવંત સુમતિ નિત્યભોજનથી - તપરહિત નીકળ્યા.

૦ सरीरमेत्तीओ - પુરુષ પ્રમાણ.

૦ चेइयरुक्ख - બદ્ધપીઠ વૃક્ષ કે જેની નીચે તીર્થંકરને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું તે ચૈત્યવૃક્ષ.

૦ निच्चोउगो - નિત્ય એટલે સર્વદા, ઋતુ એટલે પુષ્પાદિ કાળ છે જેને તે નિત્યઋતુક.

૦ असोगो - 'અશોક' નામે સમવસરણભૂમિ મધ્યે હોય છે.

૦ अवच्छन्न० - આ વચનથી અશોકવૃક્ષની ઉપર શાલવૃક્ષ પણ ક્યારેક હોય છે, માટે કહ્યું.

૦ ત્રણ ગાઉ - ઋષભસ્વામીથી બાર ગુણ ઉંચુ એમ અર્થ છે.

૦ सवेइय - વેદિકાયુક્ત, આ અશોકવૃક્ષ સમવસરણ સંબંધી સંભવે છે.

૦ दशार - વાસુદેવોનું મંડલ, બલદેવ-વાસુદેવ બબ્બે લક્ષણોનો સમુદાય તે દશારમંડલ, તેથી જ બબ્બે રામ-કેશવ આગળ કહેલ છે. વળી બલદેવ, વાસુદેવ

દશાર મંડલની બહાર ન હોવા છતાં ''દશાર મંડલાનિ'' એમ પ્રથમ કહીને પણ દશારમંડલમાં પ્રગટ રૂપ એવા તેમના વિશેષણો આપવા માટે એમ કહે છે – तद्यथा બલદેવ, વાસુદેવના સ્વરૂપને જણાવવા માટે કહ્યા છે.

કોઈ આચાર્ય દશારમંડલનો અર્થ આ પ્રમાણે કરે છે – દશાર એટલે વાસુદેવના કુળમાં થયેલી પ્રજાના મંડન-શોભાવનારા. ઉત્તમ પુરુષો-તીર્થંકરાદિ ૫૪-ઉત્તમ પુરુષો મધ્યે વર્તતા હોવાથી ઉત્તમ, મધ્યમ પુરુષ એટલે તીર્થંકરાદિના બલ આદિની અપેક્ષાએ મધ્યે વર્તનાર હોવાથી, પ્રધાનપુરુષો એટલે તે કાળના પુરુષો મધ્યે શૌર્યાદિ વડે મુખ્ય. ओजस्वी - મનથી બળવાન, तेजस्वी - दीप्त શરીરત્વ, वर्चस्वी - શારીર બલથી યુક્ત, यशस्वी - પ્રસિદ્ધિ પ્રાપ્ત. छायंसि - છાયાવાન્, कांत - કાંતિયુક્ત હોવાથી કાંત, સૌમ્ય - અરૌદ્ર આકાર હોવાથી સુમગ - લોકોને વલ્લભ હોવાથી.

ચક્ષુને પ્રિયરૂપવાળા હોવાથી પ્રિયદર્શન, સમચતુરસ્ર સંસ્થાન હોવાથી સુરૂપ, સુખકારક હોવાથી સુખશીલ, જેમનો સ્વભાવ શુભ અથવા સુખકારક હોય છે તે શુભશીલ કે સુખશીલ કહેવાય છે અને શુભશીલ હોવાથી સુખે કરીને સેવી શકાય છે તે સુખાભિગમ્ય કહેવાય છે, સર્વ લોકના નેત્રોને કાંત એટલે અભિલાષ કરવા લાયક જે હોય તે સર્વ જનનયન કાંત કહેવાય છે.

ઓઘબલ-વ્યવચ્છેદરહિત બલવાનપણું હોવાથી પ્રવાહ બલવાળા, અતિબલ - શેષ સર્વે જનોના બલને ઉલ્લંઘન કરનારા હોવાથી અતિબલવાન્, મહાબલ એટલે પ્રશસ્તબલવાળા, અનિહત એટલે નિરુપક્રમ આયુષ્ય હોવાથી કે મોટા યુદ્ધમાં પણ પૃથ્વી પર તેમને પાડનાર કોઈ નહીં હોવાથી કોઈના વડે ન હણાયેલ, પોતે જ શત્રુઓનો પરાજય કરનાર હોવાથી અપરાજિત-પરાજય ન પામેલ.

શત્રુના શરીર અને સૈન્યની કદર્થના કરનારા હોવાથી - શત્રુનું મર્દન કરનારા, શત્રુના ઈચ્છિત કાર્યને વિખેરી નાંખનાર હોવાથી હજારો શત્રુના માનનું મર્દન કરનારા, સાનુક્રોશ એટલે નમેલાને વિશે દ્રોહ નહીં કરનારા, અમત્સર એટલે બીજાના લેશ પણ ગુણને ગ્રહણ કરનારા હોવાથી મત્સર રહિત. અચપલ એટલે મન, વચન, કાયાની સ્થિરતા હોવાથી ચપળતા રહિત, અચંડ એટલે કારણ વિના પ્રબળ કોપરહિત હોવાથી પ્રચંડતા રહિત, જેનું વચન અને હાસ્ય બંને કોમળ અને પરિમિત હોય તે મિતમંજુલપ્રલાપ હસિત.

ગંભીર એટલે રોષ, તોષ, શોકાદિ વિકારને ન દેખાડનાર અથવા મેઘના શબ્દ જેવું ગંભીર. મધુર એટલે કર્ણને સુખ આપનારું, પ્રતિપૂર્ણ - અર્થની પ્રતીતિ ઉત્પન્ન કરનારું અને સત્ય એવું જેમનું વચન છે એવા, - x - શરણે આવેલાનું રક્ષણ કરનારા, શરણ્ય-રક્ષણ કરવામાં શ્રેષ્ઠ હોવાથી શરણ કરવાલાયક, લક્ષણ એટલે માન આદિ અથવા વજ, સ્વસ્તિક, ચક્રાદિ ચિહ્નો, વ્યંજન એટલે તલ, મસાદિ. ગુણો એટલે મોટી ઋદ્ધિની પ્રાપ્તિ આદિ. લક્ષણ અને વ્યંજનના ગુણે કરીને સહિત એવા - x - x - x - ઇત્યાદિ.

માન, ઉન્માન, પ્રમાણથી પરિપૂર્ણ એટલે ન્યૂનતારહિત અને ગર્ભાધાનથી



આરંભીને પાલન-પોષણ વિધિ વડે સુજાત તથા સર્વાંગ સુંદર એટલેસમગ્ર અવયવની પ્રધાનતાવાળું શરીર છે જેમનું એવા. ચંદ્રની જેમ સૌમ્ય આકારવાળું અર્થાત્ રૌદ્ર કે બીભત્સ નહીં. કાંત એટલે દીપ્તિવાળું, પ્રિય એટલે લોકોને પ્રમોદ ઉત્પન્ન કરનારું છે દર્શન એટલે રૂપ જેનું એવા.

અમરિસણ એટલે કામ કરવામાં આળસ રહિત અથવા અમર્ષણ એટલે અપરાધ છતાં પણ ક્ષમા કરનારા, પ્રકાંડ એટલે ઉત્કટ છે દંડ પ્રકાર એટલે આજ્ઞા વિશેષ કે નીતિનો ભેદ વિશેષ જેમને એવા અથવા દુઃસાધ્ય કાર્યને સાધનાર હોવાથી પ્રચંડ છે દંડ પ્રચાર એટલે સૈન્યનો પ્રચાર જેમને એવા તથા ગંભીર દર્શનીય - x -

તાલ કે તલ નામના વૃક્ષ છે ધ્વજ જેમને તે તાલધ્વજ બલદેવ હોય છે અને ઉદ્વિદ્ધ એટલે ઉંચો ગરુડના ચિહ્નવાળો કેતુધ્વજ છે જેમનો તે ઉદ્વિદ્ધગરુડકેતુ વાસુદેવ હોય છે. પછી તાલધ્વજ વાળા અને ઉદ્વિદ્ધગરુડ કેતુવાળા તાલધ્વજો દ્વિદ્ધગરુડ કેતુ એવા, મોટા બળવાન્ હોવાથી મોટા ધનુષ્‌ને ખેંચનારા, મહાસત્વરૂપ જળના આશ્રયરૂપ હોવાથી સમુદ્ર જેવા તે મહાસત્વસાગર એવા.

તેઓ જ્યારે રણાંગણમાં પ્રહાર કરે છે, ત્યારે કોઈપણ ધનુર્ધારી તેમને ધારણ કરી શકનાર ન હોવાથી દુર્ધર એવા, ધનુર્ધર એટલે જેમનું શસ્ત્ર ધનુષ્ છે એવા, ધીરપુરુષોને વિશે જ તેઓ પુરુષ એટલે પરાક્રમી છે, પણ કાયરને વિશે પરાક્રમી નથી તેથી ધીરપુરુષ એવા, યુદ્ધમાં પ્રાપ્ત થયેલી કીર્તિ તે જ મુખ્ય છે એવા પુરુષ, યુદ્ધ કીર્તિપુરુષ કહેવાય છે. વિપુલ કુલોત્પન્નનો અર્થ પ્રસિદ્ધ છે.

મહાબલવાન્‌પણાએ કરીને મહારત્નને એટલે વજરત્નને અંગુષ્ઠ અને તર્જની આંગળી વડે ચૂર્ણ કરનાર તે મહારત્ન વિઘટક છે. કેમકે વજરત્નને એરણ પર મૂકી હથોડા વડે ટીપે તો પણ ભેદાતુ નથી. તેવા વજરત્નને ભેદે છે, માટે દુર્ભેદ છે અથવા સંગ્રામ કરવાની ઈચ્છાવાળા મહાસૈન્યની સાગરવ્યૂહ, શકટવ્યૂહ આદિ પ્રકારથી જે મોટી રચના તેને તરી જવાના રંગના રસિકપણાથી અને મહાબળવાન્‌પણાએ કરીને જેઓ વિઘટન કરે તે મહારચના વિઘટક છે. પાઠાંતરથી મોટા રણ સંગ્રામને વિખેરી નાંખનારા તેમ જાણવું.

અર્ધ ભરતક્ષેત્રનો સ્વામી, સૌમ્ય એટલે રોગરહિત, રાજકુળમાં તિલક સમાન, કોઈથી ન જીતાય એવા, અજિત રથવાળા, હલ અને મુશલનો અર્થ પ્રસિદ્ધ છે. આ બે હથિયાર રૂપે જેના હાથમાં છે એવા બલદેવ અને જેના હાથમાં કણક એટલે બાણ છે એવા શાર્ઙ્ગ ધનુષ્‌વાળા વાસુદેવ હોય છે. પાંચજન્ય શંખ, સુદર્શન ચક્ર, કૌમુદકી નામે ગદા, શક્તિ એટલે ત્રિશૂળ વિશેષ, નંદક નામે ખડ્ગ, આ સર્વેને જે ધારણ કરે તે શંખ ચક્ર ગદા શક્તિનંદકધર વાસુદેવ છે.

મોટો પ્રભાવવાળો હોવાથી પ્રવર, શ્વેત કે સ્વચ્છ હોવાથી ઉજ્જ્વલ, કાંતિવાળા હોવાથી શુક્લાંત કે પાઠાંતરથી સારું પરિકર્મ કરેલ હોવાથી સુકૃત તથા મલરહિત હોવાથી નિર્મળ એવા કૌસ્તુભ નામના મણિને અને કિરીટ એટલે મુગટને જેઓ ધારણ કરે છે તેવા, કુંડલ વડે દેદીપ્યમાન છે મુખ જેના એવા, કમલ જેવા નેત્રવાળા,

કંઠમાં એકાવલિ આભૂષણને ધારણ કરનારા, શ્રીવત્સનામે સત્પુરુષને સૂચવનાર લાંછન છે જેમને તે શ્રીવત્સલાંછન એવા, સર્વત્ર વિખ્યાત હોવાથી શ્રેષ્ઠ યશવાળા, સર્વઋતુમાં સંભવતા અને સુગંધી એવા જે પુષ્પો તે વડે સારી રીતે રચેલી જે પ્રલંબ એટલે પગ સુધી પહોંચે તેવી લાંબી, શોભાયમાન, કાંત-મનોહર, વિકસ્વર, ચિત્ર-પાંચ વર્ણની અને પ્રધાન એવી માળા રચી છે, એટલે સ્થાપના કરી છે અથવા રતિદા એટલે સુખ કરનારી છે વક્ષસ્થળમાં જેમના તે.

સ્પષ્ટતયા છૂટા છૂટા દેખાતા જે ૧૦૮ ચક્રાદિ લક્ષણો તેને કરીને પ્રશસ્ત એટલે માંગલિક અને સુંદર એટલે મનોહર સ્થાપન કરાયેલ છે મસ્તક અને આંગળી આદિ અંગોપાંગ જેમના તે. - તથા - મદોન્મત, શ્રેષ્ઠ હાથીનો જે લલિત-મનોહર, વિક્રમ-સંચાર તેના જેવી વિલાસવાળી છે ગતિ જેમની તે એવા. શરદઋતુમાં થયેલ એવો અને નવું સ્તનિત જે નિર્ઘોષને વિશે છે એવો તથા મધુર અને ગંભીર એવો જે ક્રૌંચ પક્ષીનો નિર્ઘોષ એટલે નાદ તેની જેવો તથા દુંદુભિના-સ્વર જેવો છે નાદ જેમનો તે એવા. શરદઋતુમાં ક્રૌંચ પક્ષી મત્ત અને મધુર સ્વરવાળા હોય છે, તેથી શરદનું ગ્રહણ કર્યુ છે. વારંવાર શબ્દની પ્રવૃત્તિથી તેનો ભંગ થાય ત્યારે તેમની અમનો હરતા થઈ જાય છે માટે નવસ્તનિત શબ્દ લીધો. સ્વરૂપ દેખાડવાને મધુર અને ગંભીર શબ્દ લીધા.

કટીસૂત્ર એટલે આભરણ વિશેષ, તે જેમાં પ્રધાન છે એવા બલદેવને નીલરંગના અને વાસુદેવના પીતરંગના કૌશેય વસ્ત્રો છે જેમને તે કટી સૂત્ર નીલપીત કૌશેયવાસ એવા, શ્રેષ્ઠ પ્રભાવ અને શ્રેષ્ઠ કાંતિપણાએ કરીને શ્રેષ્ઠ અને દેદીપ્યમાન તેજવાળા, વિક્રમના યોગથી નરસિંહ, મનુષ્યોના નાયક હોવાથી નરપતિ, પરમ ઐશ્વર્યનો યોગ હોવાથી નરેન્દ્ર, ઉઠાવેલા કાર્યના ભારનો નિર્વાહ કરનાર હોવાથી નરને વિશે વૃષભ સમાન, મરુદ્‌વૃષભ જેવા એટલે દેવરાજની ઉપમાવાળા, રાજ તેજની લક્ષ્મીએ કરીને બીજા રાજાઓથી અત્યંત દેદીપ્યમાન તથા નીલ અને પીત વસ્ત્રવાળા. - x - x -

આ રીતે નવ વાસુદેવ અને નવ બલદેવ જાણવા.

૦ તિવિટ્ઠે અને અયલે બંને ગાથા દ્વારા નવ વાસુદેવ અને નવ બલદેવોના નામો જણાવેલા છે.

૦ કિત્તીપુરિસાણ એટલે કીર્તિપ્રધાન પુરુષો.

૦ નવ વાસુદેવની નિદાન ભૂમિઓ — મથુરા, કનકવસ્તુ, શ્રાવસ્તિ, પોતનપુર, રાજગૃહ, કાકંદી, કૌશાંબી, મિથિલાપુરી, હસ્તિનાપુર.

૦ નવ વાસુદેવના નિદાનના કારણો — ગાય, યૂપ, સંગ્રામ, સ્ત્રી પરાભવ, રંગ, ભાર્યાનુરાગ, ગોષ્ઠી, પરની ઋદ્ધિ, માતા પરાભવ.

૦ નવ પ્રતિવાસુદેવના નામો — અશ્વગ્રીવ, તારક, મેરક, મધુકૈતભ, નિશુંભ, બલિ, પ્રભરાજ, રાવણ અને જરાસંઘ.

૦ આગમિસ્સેણ૦ ભાવિમાં આવનારા કાળથી, આગમેસ્સાણં એવા પાઠાંતરથી આગામી - ભવિષ્યમાં સિદ્ધ થશે.



૦ જંબૂદ્વીપમાં આ અવસર્પિણીમાં ૨૪-તીર્થંકરો થયા, તેને સ્તુતિદ્વાર વડે કહે છે. તેમાં નામ ફેરફાર બતાવે છે —

(૧) ચંદ્રાનન, (૨) સુચંદ્ર, (૩) અગ્નિસેન, (૪) નંદીસેન - અન્ય ગ્રંથમાં આત્મસેન એવું નામ છે. (૫) ઋષિદિન્ન, (૬) વવહારી/વ્રતધારી, (૭) શ્યામચંદ્રને હું વાંદુ છું.

(૮) યુક્તિસેન-અન્ય સ્થાને દીર્ઘબાહુ કે દીર્ઘસેન એવા પણ નામ દેખાય છે, (૯) અજિતસેન - અન્ય સ્થાને શતાયુ એવું નામ છે, (૧૦) શિવસેન - કોઈ સ્થાને સત્યસેન કે સત્યકિ પણ કહેવાય છે. (૧૧) બુદ્ધ-તત્ત્વને જાણનાર દેવશર્મા-બીજું નામ દેવસેન, (૧૨) નિક્ષિપ્તશસ્ત્ર - બીજું નામ શ્રેયાંસ, તેમને હું સદા નમું છું.

(૧૩) અસંજ્વલ, (૧૪) જિનવૃષભ - બીજું નામ સ્વયંજલ છે. (૧૫) અમિત-કેવળજ્ઞાનવાળા અનંતક - બીજું નામ સિંહસેન, (૧૬) ધૂત રજવાળા - જેણે કર્મરજનો નાશ કર્યો છે એવા ઉપશાંત નામના જિનેશ્વર. (૧૭) ગુપ્તિસેન. આ સર્વેને હું વાંદુ છું.

(૧૮) અતિપાર્શ્વ, (૧૯) સુપાર્શ્વ, (૨૦) દેવેશ્વરોએ વાંદેલા મરુદેવ, (૨૧) મોક્ષને પામેલા, દુઃખનો ક્ષય કરનાર અને શ્યામ કોષ્ઠવાળા ધર નામના જિનેશ્વર. એ સર્વેને હું વાંદુ છું.

(૨૨) રાગને જિતનાર અગ્નિસેન-બીજું નામ મહાસેન છે. (૨૩) ક્ષીણ રાગવાળા અગ્નિપુત્ર, (૨૪) રાગદ્વેષનો નાશ કરનાર અને સિદ્ધિમાં ગયેલા એવા વારિષેણ. આ સર્વેને હું વાંદુ છું.

અન્ય સ્થાને આ નામોની આનુપૂર્વી અન્યથા પ્રકારે જોવાય છે.

૦ મહાપદ્મથી આરંભી અનંતવિજય સુધી ૨૪-નામો જાણવા.

૦ એ પ્રમાણે આ સર્વ સૂત્ર ગ્રંથની સમાપ્તિ સુધી સુગમ જાણવું. વિશેષ એ કે — બલદેવ આદિથી આવેલ આ સૂત્ર એટલે કે દેવલોકાદિથી ચ્યવેલા એવા રામની જે પ્રકારે મનુષ્યમાં ઉત્પત્તિ અને સિદ્ધિ થઈ વગેરે સર્વે કહેવું. એ જ પ્રમાણે ભરત અને ઐરવત ક્ષેત્રમાં થનારા વાસુદેવાદિ કહેવા.

આ રીતે અનેક પ્રકારના પદાર્થો દેખાડીને હવે અધિકાર કરેલા ગ્રંથના યથાર્થ નામોને દેખાડવા કહે છે —

૦ આ અધિકાર કરેલ શાસ્ત્ર, કહેવાના આ પ્રકાર વડે અહીં કહેવાય છે. તે આ પ્રમાણે — કુલકર વંશનું એટલે કુલકરોના પ્રવાહનું કહેવાપણું હોવાથી કુલકર વંશ કહેવાય છે. અહીં સર્વત્ર इति શબ્દ ઉપદર્શનને માટે છે. 'च' શબ્દ સમુચ્ચય અર્થને વિશે છે. એ જ પ્રમાણે જેમ દેશથી કુલકરવંશનું પ્રતિપાદન કરેલ હોવાથી કુલકરવંશ એમ કહેવાય છે, તેમ દેશથી તીર્થંકર વંશનું પ્રતિપાદન કરેલ હોવાથી તીર્થંકરવંશ એમ કહેવાય છે. એ જ પ્રમાણે તે તે વંશનું પ્રતિપાદન કરેલું હોવાથી ચક્રવર્તીવંશ, દશારવંશ, ગણધરવંશ, ગણધર સિવાયના જે શેષ જિન શિષ્યો તે ઋષિ કહેવાય છે, તેના વંશ કહેલા હોવાથી ઋષિવંશ એમ કહેવાય છે કારણ કે—

અહીં તેનું પ્રતિપાદન સમવસરણના અધિકારથી ઋષિવંશ સુધી પર્યુષણા કલ્પ કહેવામાં આવ્યો છે, તેથી કરીને જ યતિવંશ અને મુનિવંશ પણ આ કહેવાય છે. કેમકે યતિ અને મુનિ એ બંને શબ્દો ઋષિના જ પર્યાય છે. તથા આ શ્રુત પણ કહેવાય છે. કેમકે આ શ્રુત ત્રણ કાળના અર્થનો બોધ કરવામાં સમર્થ છે.

તથા શ્રુતાંગ પણ કહેવાય છે, એટલે કે પ્રવચન પુરુષનું અંગ અવયવ છે તેથી. તથા શ્રુતસમાસ એટલે સમગ્ર સૂત્રાર્થોને અહીં સંક્ષેપથી કહ્યો છે, તેથી શ્રુતનો સંક્ષેપ એમ કહેવાય છે. તથા શ્રુતના સમુદાયરૂપ હોવાથી આ શ્રુતસ્કંધ એમ કહેવાય છે.

समाए - સમવાય એમ કહેવાય છે એટલે કે સમગ્ર જીવાદિ પદાર્થો અભિધેયપણાએ કરીને અહીં મળેલા હોવાથી આ સમવાય કહેવાય છે. તથા એક આદિ સંખ્યાના પ્રધાનપણાથી આમાં પદાર્થોનું પ્રતિપાદન કર્યુ છે, તેથી સંખ્યા એમ પણ કહેવાય છે.

તથા ભગવંતે સમગ્ર આ અંગ કહ્યું છે, પણ આચારાંગાદિની જેમ બે શ્રુતસ્કંધ આદિ ખંડ - વિભાગો વડે આ કહ્યું નથી, તેથી આ સમસ્તાંગ એમ કહેવાય છે. તથા આ સમગ્ર અધ્યયન એમ કહ્યું છે, પણ આમાં શસ્ત્રપરિજ્ઞાદિની જેમ ઉદ્દેશ વગેરે ખંડ-વિભાગ નથી.

इति શબ્દ સમાપ્તિના અર્થમાં છે. ब्रवीमि - હું કહું છું એમ સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને કહ્યું. શ્રીમન્ વર્ધમાનસ્વામી પાસે જે અવધારેલ હતું તે કહ્યું. આ કહેવાથી અર્થ જાણવામાં ગુરુની પરંપરા જણાવી. એમ થવાથી ગ્રંથમાં શિષ્યની ગૌરવબુદ્ધિ ઉપજાવી કહેવાય છે અને ગુરુ માટે પોતાનું બહુમાન દેખાડ્યું અને ઉદ્ધતપણું દૂર કર્યું. - x - આ જ મુમુક્ષુનો માર્ગ છે.

**પ્રકીર્ણ સમવાયનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



૦ પ્રશસ્તિ — વૃત્તિકાર રચિત પ્રશસ્તિ છે. જે નવ ગાથા દ્વારા વૃત્તિકારે નોંધી છે. તેનો સારાંશ આ પ્રમાણે છે —

ભ૦ મહાવીર, ભ૦ પાર્શ્વ, સરસ્વતી દેવી, ઉત્તમ કવિસભા, શ્રીસંઘ, પ્રગટ ગુણવાળા ગુરુને, સહાયક સર્વેને નમસ્કાર થાઓ.

આ ગ્રંથનું મૂળ પ્રમાણ ૧,૪૪,૦૦૦ પદોનું હતું, કાલાદિ દોષે તે ઘણો નાનો થઈ ગયો છે. તેનું વ્યાખ્યાન કરેલ છે. સર્વજ્ઞવચન હોવાથી આ સૂત્રમાં કંઈપણ વિરોધ નથી. આ વ્યાખ્યાન [વૃત્તિ] મેં ઉત્તમ કવિઓના વચનને આશ્રીને કરેલ છે.

આ સમવાયાંગની ટીકા વિક્રમ સંવત-૧૧૨૦માં અણહિલ પાટક નગરે મેં [અભયદેવસૂરિએ] રચી છે. અક્ષર ગણનાથી સૂત્ર શ્લોક પ્રમાણ-૧૬૬૭ અને વૃત્તિ શ્લોક પ્રમાણ-૩૫૭૫ છે. બંને મળીને ૫૨૪૨ શ્લોક પ્રમાણ છે.

**સમવાય, અંગસૂત્ર-૪, આગમસૂત્ર-૪નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

— x — x —

## 卐 ભાગ-૮-મો સમાપ્ત 卐

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |